વ્હાલી દીકરીઓના વ્હાલ અને વેદનાના પત્રો

MITUL GROUP · PP SAVANI GROUP · SNEH GRUP

પી. પી. સવાણી ગ્રુપ
આયોજિત

# 'દીકરી દીલનો દીવો'



# દર્દથી ભીંજાયેલાં દિલોની ધરતી ઉપર...

# 'દીકરી દીલનો દીવો'

આજના સમાજમાં કોઈપણ પિતાને દીકરીનાં લગ્નની ચિંતા સતાવતી હોય છે.પોતાની વહાલી દીકરીનાં લગ્ન યોગ્ય વ્યકિત સાથે અને યોગ્ય પરિવારમાં થાય તે તેની દિલની તમન્ના હોય છે. દીકરીને હંમેશા વિશ્વાસ હોય છે કે મારા પપ્પા હંમેશા મારા હિતનું ધ્યાન રાખશે જ, અને એટલે જ તે લગ્ન બાબતે પિતાની વાતને સમર્થન કરે છે પરંતુ... જ્યારે આવી પ્રેમાળ છત્રછાયા કોઇ દીકરી ગુમાવે ત્યારે તે કેટલી એકલતા અને અસલામતી મહેસૂસ કરતી હોય છે તે તો ફક્ત એ જ દીકરી સમજી શકે, જેના માથે આવું આભ ફાટયું હોય, અને આવા કપરા સમયે કોઈપણ પ્રેમાળ હાથ દીકરીના માથા પર મુકાય કે જેમાં પિતાની હૂંફ હોય, અને હું તારી સાથે છું ની ભાવના હોય ત્યારે ભગવાનમાં વિશ્વાસ અતુટ બને છે, એટલે જ ભગવાને મને દીકરી નથી આપી પણ ભગવાનની ઈચ્છા હતી કે હું અનેક દીકરીઓના પિતા બનું.....

આવો જ પ્રેમાળ હાથ અમારા ગ્રૂપ દ્વારા ૨૩૬ દીકરીઓના માથે મુક્યો અને દર્દથી ભીંજાયેલાં દીલો ઉપર ઉદ્દભવ્યો 'દીકરી દીલનો દીવો' નામનો અનોખો પ્રસંગ જે તા. ૨૫/૧૨/૨૦૧૬ના રવિવારના રોજ અબ્રામા રોડ, સુરત ખાતે યોજાવામાં આવ્યો. કોઈપણ જાતના ભેદભાવ વગર પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૩૬ દીકરીઓનો લગ્ન સમારંભ આજે યોજાવામાં આવ્યો છે જે પૈકી ૫ દીકરીઓ મુસ્લિમ સમાજની અને એક દીકરી ખ્રિસ્તી સમાજની છે તેમના પણ તેમની પરંપરા મુજબ લગ્ન કરાવવામાં આવ્યા આ પ્રસંગે પ.પૂ. સાધ્વી શ્રી ૠતંભરાજી (દીદીમા) અને દેશના વીર શહીદ જવાનોના પરિવારોની વિશેષ ઉપસ્થિતિમાં લગ્નની મેડીએ પગલા પાડતી દીકરીઓની મહેંદીથી શરૂ કરી વિદાય સુધીની વિધિમાં ખડેપગે હાજર રહી એક આદર્શ પિતાની ભૂમિકા નિભાવી સમાજની સાચી સેવાનું ઉદાહરણ પુરૂ પાડવાનો મારો હળવો પ્રયાસ છે.

વહાલી દીકરીઓએ લખેલા પત્રોના પુસ્તકની શરૂઆત મારી દીકરી નીલમ, પૂજા ભુમિ, અને ક્રિષ્નાએ મળીને પહેલી પુસ્તક 'સંબંધ ભવોભવના-૨૦૧૩'માં ભેટ સ્વરૂપે મને અર્પણ કર્યું હતું, ત્યારબાદ નાની એવી આ ભેટ સમાજ માટે ખુબ જ મોટી પ્રેરણારૂપ સાર્થક થઈ જેથી હવે પછી દર વર્ષે દીકરીઓના આ પ્રેમ અને વેંદનાઓના મને લખાયેલા પત્રો થકી સમાજમાં એક દીકરી પ્રત્યેની અગવણનાને દુર કરવાના હેતુથી દર વર્ષે આ સંવેદનાસભર

પુસ્તક મારી દીકરીઓ થકી પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે જેની પાછળ કોઈ પ્રસિદ્ધિનો કોઈ હેતું નથી પરંતુ આ પુસ્તક વાંચી કમ સે કમએક વ્યકિતના હૃદયમાં દીકરી પ્રત્યેની સહાનુભૂતિ પ્રગટ થશે તો મારી દીકરીઓએ ઉઠાવેલી આ પુસ્તક પાછળની જહેમત સાર્થક થશે.

ઘણા મિત્રો મને પુછે છે કે મહેશભાઈ આટલી દીકરીઓનાં લગ્ન કરાવ્યા બાદની દરેક જવાબદારીઓ તમે કઈ રીતે નિભાવો છો, ત્યારે મારો જવાબ હતો કે અમે આ મારી ૧૩૦૦ દીકરીઓ અને જમાઈઓને આમારો પરિવાર સમજીએ છીએ અને તેઓ પણ પરિવારની જેમ રાત-દિવસ જોયા વગર પિતાનું છત્ર ગુમાવનાર દીકરીઓનાં લગ્ન કરાવવાં, શોપિંગ કરાવવું તેમજ દરેક જવાબદારી નિભાવવા માટે હરહંમેશ ખડેપગે રહે છે, દીકરીઓનું પુસ્તક, કંકોત્રી બનાવવી જેવાં કાર્યોની પાછળ મારી દીકરીઓનો જ ફાળો છે. આજે આ કાર્યની શરૂઆત કરી ત્યારે મારી દીકા પૂજા, નીલમ, ભુમિ અને ક્રિષ્ના દરેક તેમની બહેનોની જવાબદારી નિભાવવામાં મારી સાથે રહી છે પરંતુ આજે તેના લગ્ન થઈ ગયા છે અને તેમના લગ્નજીવનમાં નવા ઘરને ખુશબૂદાર બનાવી રાખવામાં વ્યસ્ત થઈ ગઈ છે ત્યાર બાદ દર વર્ષે આવી રહેલી દીકરીઓ આ કાર્યને તેમની જુની મોટી બહેનોની પ્રેરણાથી આગળ વધારતી રહે છે આ વર્ષે ઘરેણા ખરીદી અને આ પુસ્તક બનાવવા માટે વિશ્વાદીકા, કાજલદીકા, ભકિતદીકાએ ખૂબ જ જહેમત ઉઠાવી તેમની નવી બહેનોના પત્રોને આપની સમક્ષ રજૂ કર્યા છે, તેમજ મિતાલીદીકા, અંકિતાદીકા, શ્રધ્ધાદીકા, મિતલદીકા, સોનલદીકા, હિનાદીકા, સૈફાલીદીકા મળીને તેમની નવી બહેનોને શોપિંગ- બ્યુટીપાર્લર- મહેંદીની જવાબદારી નિભાવી રહી છે. આમ મારા આ પરિવાર લાગણી તથા સંવેદનાના તાંતણે વિસ્તરતું રહે છે.

દરેક દીકરીઓ દીલથી મને પપ્પા સમજે છે તો મારી પણ ફરજ બને છે કે મારે સગા પિતાથી વિશેષ સાર્થક થવું, બધી દીકરીઓ ઘરે અમે અવાર નવાર જતા હોઈએ છીએ. જેથી દીકરીઓની માતાઓએ તેમની દીકરીઓની જવાબદારી બાબતે હળવાશ અનુભવી શકે અને સાસરીએ ગયા પછી પણ દીકરીઓના ઘરે અવાર નવાર ખબર-અંતર પૂછતા અવશ્ય જતા હોઈએ છીએ, જેથી દીકરીઓને અવું ન થાય કે મારા પિયરીયા માંથી કોઈ આવતું નથી. દીકરીઓના લગ્ન પ્રસંગે કોઈ કચાસ ન રહે તે માટે મારો ૧૩૦૦થી વધુ દીકરી-કુમારો સાથેનો પરીવાર ખુબ જ જીણવટ પુર્વક ખ્યાલ રાખવામાં આવે છે.

આ વાંચીને જો તમોને એકાદ પિતા ગુમાવનાર એકાદ દીકરીઓના લગ્ન કરાવવાની ઈચ્છા થાય તો મારું જીવન ભાગયશાળી સમજીશ અને જો ઓવી કોઈ દીકરીઓના જીવનમાં કઈ શારૂ થતું હોય અને તેના જ પરિવારના જ સભ્ય તેને કોઈ રોક-ટોક કર્યા વિના ઈર્ષા વગર તેને પ્રત્સાહન પણ આપે તો પણ મારૂ આ પુસ્તક સાર્થક ગણાશે.

આ પુસ્તક એ એવા લાગણીસભર પત્રોનો સંગ્રહ છે, જે દીકરી દીલનો દીવો અંતર્ગત લગ્નગ્રંથિથી જોડાઈ પ્રભુતામા પગલા પાડનાર દીકરીઓએ દિલરૂપી કલમ અને સંવેદનાની સહીથી મને પત્રો લખ્યા છે. આપ આ પત્રો દિલથી વાંચશો તો તમને શબ્દ નહીં, પરંતુ સંવેદનાઓનો અનુભવ થશે.

**- મહેશ સવાણી**

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | બજાણીયા બીના ભુપતભાઈ | |
| ૨. | લાડવા નીપા ગોરધનભાઈ | |
| ૩. | શેલડીયા ધર્મિષ્ઠા હરજીભાઈ | |
| ૪. | રાણા રેખા રમણભાઈ | |
| ૫. | પ્રજાપતિ અંકિતા જયંતિભાઈ | |
| ૬. | પ્રજાપતિ ટવિંકલ જયંતિભાઈ | |
| ૭. | રાણા કલ્પના રાજેશભાઈ | |
| ૮. | મસરાણી રોશની હર્ષદભાઈ | |
| ૯. | પટેલ તન્વી નગીનભાઈ | |
| ૧૦. | પરમાર ટવીંકલ સંજયભાઈ | |
| ૧૧. | શિગાંળા ધમિષ્ઠા સુરેશભાઈ | |
| ૧૨. | દિવ્યા કૌશિકકુમાર ચૌહાણ | |
| ૧૩. | રાણા માનસી ચેતનકુમાર | |
| ૧૪. | વસોયા અંજલી નિલેશકુમાર | |
| ૧૫. | કાકડીયા કુંજન દિલીપભાઈ | |
| ૧૬. | રાણા પારૂલ ઉત્તમભાઈ | |
| ૧૭. | સરવૈયા મમતા અલ્પેશકુમાર | |
| ૧૮. | પ્રજાપતિ હીના રાજુભાઈ | |
| ૧૯. | રાણા પ્રિયા નિમેષકુમાર | |
| ૨૦. | પરસાણા મોનિકા અંકુરકુમાર | |
| ૨૧. | હિના રાજુભાઈ કામ્બડ | |
| ૨૨. | ખીમાલી જ્યોત્સના ધનજીભાઈ | |
| ૨૩. | બાલધા હિરલ બચુભાઈ | |

## અનુક્રમણિકા


૨૪. ગોહિલ સોનલ ચીમનભાઈ

૨૫. નારિયા ગીતાબેન માવજીભાઈ

૨૬. સાવલીયા મિતલ તુલસીભાઈ

૨૭. ઉષા કિશોરભાઈ અકબરી

૨૮. સોનાવાલા જ્યોતિ ઠાકોરભાઈ

૨૯. જૈમિની યોગેશકુમાર તોરાવાલા

૩૦. રાઠોડ આશા ભાવેશકુમાર

૩૧. ગામિત દક્ષા ધર્માભાઈ

૩૨. વેસરા કાજલ પ્રફુલભાઈ

૩૩. વેગડ કાજલ ગોપાલકુમાર

૩૪. બારૈયા વનિતા અરવિંદકુમાર

૩૫. સોલંકી મનીષા ભરતભાઈ

૩૬. મકવાણા રંજન કનુભાઈ

૩૭. શેખ સુમૈયાબાનુ

૩૮. શેખ નીલોફરબાનુ

૩૯. મકવાણા કાજલ જગદીશભાઈ

૪૦. પાનસુરિયા હર્ષા નાથાભાઈ

૪૧. શિરોયા ભારતી ગૌરવકુમાર

૪૨. સોલંકી પુજા ચીમનભાઈ

૪૩. ગોહિલ રીના અમુતભાઈ

૪૪. ચોવટીયા સેજલ રમેશભાઈ

૪૫. ગાયકવાડ કરિશ્મા ધનરાજભાઈ

૪૬. ડાવરા ભાવના ભરતભાઈ

૪૭. પરમાર તુપ્તી ધીરૂભાઈ

## અનુક્રમણિકા


૪૮. મારૂ અસ્મિતા વલ્લભભાઈ

૪૯. ડોબરિયા રીના મીલનકુમાર

૫૦. રાદડિયા મનીષા અંકુરકુમાર

૫૧. ડાંખરા કૈલાસ સંદીપકુમાર

૫૨. મહેતા ભાવના મનસુખભાઈ

૫૩. નારોલા અંકિતા દીપકભાઈ

૫૪. ડોબરીયા મોનિકા ધનજીભાઈ

૫૫. રાદડિયા કોકિલા રવજીભાઈ

૫૬. પોકીયા નયના કાળુભાઈ

૫૭. ચૌહાણ માયા રણછોડભાઈ

૫૮. ભોજાણી દર્શના બિપિનકુમાર

૫૯. કળથીયા પારૂલ બેચરભાઈ

૬૦. રાણા જયા ચેતનકુમાર

૬૧. ધાનાણી નેહા મધુભાઈ

૬૨. સોલંકી ક્રિષ્ના મનીષભાઈ

૬૩. કાંચા રિશ્વા નવિનભાઈ

૬૪. કણકોટીયા સેજલ નાગજીભાઈ

૬૫. કણકોટીયા રવિના નાગજીભાઈ

૬૬. કાતરિયા કાજલ બચુભાઈ

૬૭. પદમાણી પ્રિયંકા કાનજીભાઈ

૬૮. સોલંકી ભુમિકા મનસુખભાઈ

૬૯. પટેલ ભુમિકા પ્રવીણભાઈ

૭૦. શેખ શબનમબાનુ

૭૧. રાઠોડ ગુંજન જગદીશભાઈ

## અનુક્રમણિકા

૭૨. રાણા અમિતા નવિનચંદ્ર
૭૩. હિના શાંતિભાઈ સાંગાણી
૭૪. રાખોલીયા હિના કાળુભાઈ
૭૫. પરમાર હિરલ કિશોરભાઈ
૭૬. રાદડિયા કિરણ હિંમતભાઈ
૭૭. આહિર સોનલ ભગવાનભાઈ
૭૮. ચૌધરી અંબિકા
૭૯. ભટ્ટી જલ્પા લાલજીભાઈ
૮૦. જાધવ જલ્પા મહેશરાવ
૮૧. માંગુકિયા રીંકલ જયસુખકુમાર
૮૨. નીલમ બાબુભાઈ વાસાણી
૮૩. ઢોલરીયા ડિમ્પલ દીપકકુમાર
૮૪. મિરા પ્રવીણકુમાર વાગડિયા
૮૫. કોમલ સાગરકુમાર ચૌહાણ
૮૬. પુનમ આકાશકુમાર નાકરાણી
૮૭. ધડુક કૃપાલી ચંદ્રેશકુમાર
૮૮. અમરેલીયા નિરાલી ચંદ્રકાંતભાઈ
૮૯. શેખ તોહીદા
૯૦. નાયકા અમિતા અશોકભાઈ
૯૧. કોરી મનીષા શંભુભાઈ
૯૨. પટેલ કિન્નરી ચંદ્રસિંગભાઈ
૯૩. પટેલ દિપીકા બાબુભાઈ
૯૪. દેવગણીયા જિજ્ઞાસા બાબુભાઈ

# બજાણીયા બીના ભૂપતભાઈ

જન્મતારીખ:- ૦૭/૦૭/૧૯૯૪
પિતાની પુણ્યતિથી:- ૧૫/૦૨/૨૦૧૧



Dear papa,

હું જ્યારે પહેલીવાર મહેશ પપ્પાને મિટિંગમાં મળી ત્યારે ફાધર્સ ડે હતો. મને એવું લાગ્યું કે મને મારા રિયલ પપ્પા પાછા મળ્યા.

જય રામાપીર કહેતા હું મારી વાતની શરૂઆત કરું છું. મારું નામ બજાણીયા બીના ભૂપતભાઇ છે. અમે ઘરમાં ચાર સભ્યો છીએ. અને શાંતિથી જીવન ચાલતું હતું એવા માં મારા પપ્પાનું નાનું અને સામાન્ય ઓપરેશન કરાવવાનું હતું. ઓપરેશન થયા પછી અમને એમ હતું કે ધીમે ધીમે સારું થઈ જશે. પણ ભાગ્યનું કરવું ઓપરેશનની ખામીને કારણે તેમની તબિયત દિવસેને દિવસે વધારે ખરાબ થતી ગઈ. સુરતમાં જ ઘણી હોસ્પિટલમાં બતાવ્યું તો તેમણે વડલી ગામ બતાવવાની સલાહ આપી અને ત્યાં અમને જાણવા મળ્યું કે મારા પપ્પાને પ્રોસ્ટેટનું કેન્સર છે. નાનું એવું ઓપરેશન કેન્સર જેવી ભયંકર બીમારીમાં ફેરવાય ગયું. ત્યારે હું કેન્સર જેવી ભયંકર બીમારીને સમજી સકતી ન હતી. પણ પપ્પાની હાલત જોતાં બધુ સમજાયું અને ઘરની આર્થિક પરિસ્થિતિ બગડવા માંડી.

પિતા એટલે આપના ઘરનું છત્ર. પણ આપના ઘરનું મુખી પથારી વશ હોય તો ઘર કેમ ચાલે? અમારા ઘરની પરિસ્થિતિ ધીમે ધીમે આજુબાજુવાળાને પણ ખબર પડવા માંડી કોઈ લોકો ઘરે આવે ત્યારે કરિયાણું લઈને આવે, કોઈ ૩ સભ્યો ભેગા થઈને રૂમનું ભાડું ભરતા ને આ રીતે જેને ખબર પડે તે લોકો અમારી ઘણી મદદ કરતાં. અને આ જોઈને હું અને મારા મમ્મી રડતાં કે આટલી બધી ખરાબ પરિસ્થિતિ ક્યારેય વિચારી ન હતી.અને બીજા ૭-૮ વ્યક્તિઓ મારા પપ્પાના હોસ્પિટલનો ખર્ચો ઊપાડતાં. અને પછી તો છેલ્લે મારા પપ્પાને ૬ ડોઝ અપાવવાના હતા પણ પૈસાની તંગીને કારણે અમે ૩ જ ડોઝ અપાવી શક્યા. મારા પપ્પા જ્યારે અમદાવાદ ડોઝ અપાવીને આવે ત્યારે કહેતા કે બેટા



તારાં લગ્ન જોવાં છે અને તારું કન્યાદાન કરવું છે. એટલે આ બધુ સહન કરું છું બાકી પણ મારા પપ્પાની આ આશા પૂરી ન થઈ. અને એ ૨૦૧૧ની સાલમાં અમને મૂકીને જતાં રહ્યા તેમની આશા અધૂરી રહી ગઈ. ઘરની પરિસ્થિતિ ખરાબ હોવાને લીધે હું અને મારો ભાઈ આગળ ભણી ન શક્યા પણ મારા મમ્મીએ ક્યારેય મારા પપ્પાની ખોટ નથી પડવા દીધી.

પણ જ્યારે મારું જલ દીધું ત્યાર પછી અમારી ઘરે સાડી આપવા આવતા પટેલના એક ભાઈને આ વાતની ખબર પડી ત્યારે એમને અમને પી.પી. સવાણીમાં મેરેજનું ફોર્મ ભરવાની સલાહ આપી અને પછી અમે લોકોએ પી.પી. સવાણીમાં ફોર્મ ભર્યું.

હું જ્યારે પહેલીવાર મહેશ પપ્પાને મળી ત્યારે મને એવું લાગ્યું કે મને મારા રિયલ પપ્પા પાછા મળ્યા. અને મારા પપ્પા મહેશ પપ્પાના રૂપમાં મારુ કન્યાદાન કરવા આવ્યા છે. આ રીતના ભવ્ય લગ્નનો વિચાર પણ મે ક્યારેય નહોતો કર્યો. અને મારા મમ્મીને બહુ જ ટેન્શન હતું કે કેવી રીતે લગ્ન કરીશું? શું થશે? પણ જ્યારે મહેશ પપ્પાને મિટિંગમાં મળ્યા અને એમને કીધું કે તમારી દીકરીનું ટેન્શન ન લ્યો. અને હવે એની ચિંતા મને આપી દો. ત્યારે મારી મમ્મીની આંખમાં આસું આવી ગયા. અને મારી મમ્મીની ચિંતા દૂર થઈ.

અને મહેશ પપ્પા મળ્યા પછી અવાર-નવાર પ્રોગ્રામ કરે ત્યારે અમને મળવા બોલાવે ત્યારે અમારી સાથે એકદમ શાંતિથી અને સરળતાથી વાત કરે છે. એમના વિશે કહેવા માટે મારી પાસે શબ્દ પણ ઓછા પડે છે હું એવું ઈચ્છું છું કે મહેશ પપ્પાને લાંબુ અને તંદુરસ્ત સ્વાસ્થ્ય મળે અને આવી જ રીતે મારા જેવી બાપ વગરની દીકરીઓની મદદ કરે. બિઝનેસમેન ઘણા બધા છે પણ આટલું બધુ દાન કરવું એ બહુ મોટી વાત છે.

પણ આ સંબંધો લોહીના નહીં પરંતુ લાગણીના છે. આ વાત સાથે હું મારો પત્ર પૂરો કરું છું.

**જય રામાપીર......**
**લિ.**
**તમારી દીકરી**
**બીના**





## લાડવા નીપા ગોરધનભાઈ

જન્મતારીખ:- ૧૦/૦૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથી:- ૧૭/૬/૨૦૧૩

**Dear papa,**

ક્યારેક તો હું ભગવાનને કહેતી હતી કે તમે કેમ મારા પપ્પાને લઈ લીધા મને પપ્પા જોઈયે છે. ત્યાં ભગવાને મારી વાત સાંભળી લીધી.

**જય રામાપીર,**

મારી જેવી કેટલીય દીકરીઓને પિતાનો પ્રેમ આપનાર, દીકરીઓના પ્રસંગ સાચવીને નિ:સ્વાર્થ જવાબદારી સ્વીકારનાર સમાજના આવા કેટલાય કાર્ય કરનાર સગા પિતાની ગરજ સારનાર આવા વીર સપૂતને અને તમારા વ્યકતિત્વને મારા કોટિ કોટિ પ્રણામ.

દુનિયામાં બધા જ લોકો ખુશ નથી હોતા. મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મે ૧૨ માં ધોરણની પરીક્ષા પાસ કરી હતી અને મારી મોટી બહેનના લગ્ન કર્યાને પછી ૨૫ દિવસ પછી મારા પપ્પાનું અવસાન થયું અમે ૩ બહેનો અને એક ભાઈ છીએ. અમારા ઘરમાં મારા પપ્પાનું અવસાન થયું અને મારી મોટી બહેનના લગ્ન કર્યા આ બધું થોડાક જ દિવસોના અંતરમાં જ થવાથી મારી સાથે સુખ ને દુખ બને પ્રસંગો સાથે બન્યા હતા અને મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મારા ભાઈ અને બહેન મારાથી નાના હોવાથી ઘરની બધી જ જવાબદારી મારી પર આવી ગઈ હતી. અમારા ઘરના મોભી મારા પપ્પા અમને છોડી ને સ્વર્ગની સફરે ચાલ્યા ગયા. એ દિવસો અમારા માટે ઘણા દુખદાયી હતા જ્યારે મારી બહેનપણી તેમના પપ્પાના વખાણ મારી સામે કરતી હોય ત્યારે મને મારા પપ્પાની બહુ જ યાદ આવતી જ્યારે કોઈ પણ તહેવાર હોય કે પ્રસંગ હોય ત્યારે મને એમની ખૂબ જ યાદ આવતી અને મારી આંખમાંથી આંસુ વહી જતાં.

પરંતુ જ્યારથી મહેશ પપ્પા મારા જીવનમાં આવ્યા ત્યારથી મારુ જીવન બદલાઈ ગયું છે. જીવનમાં નવા રંગો ઉમેરાયા છે. સગા બાપથી પણ વિશેષ ધ્યાન

મહેશપપ્પા એ મારા લગ્ન માટે રાખ્યું છે. માત્ર લગ્ન સુધી જ નહીં પરંતુ લગ્ન પછીની પણ તમામ જવાબદારી મહેશ પપ્પાએ માથે લીધી છે. તેનાથી વિશેષ મારે કઈ જ જોઈતું નથી. મારા પપ્પાની ખોટ તમે પૂરી કરી છે અને મારી મમ્મીની બધી જ ચિંતા દૂર થઈ છે. એના થી વધારે ખુશી મારા માટે કોઈ જ નથી. તમે ન હોત તો મારા જેવી કેટલીય દીકરીઓના જીવનમાં ખુશીના રંગો ન ભરાત. હું ભગવાનને એવી પ્રાર્થના કરું છું કે આ જન્મે નહીં પરંતુ જન્મો જન્મ મને તમારા જેવા પપ્પાની છત્ર છાયા મળે. તમને મળતા પહેલા મને અને મારા મમ્મીને મારા લગ્ન માટેનું જે ટેન્શન હતું તે દૂર થઈ ગયું છે અને અમે એકદમ રિલેક્સ ફિલ કરીયે છીએ.ભગવાને જાણે કે મારા પપ્પાને ફરીથી ધરતી પર અમારા માટે મોકલી આપ્યા છે.તમને મેળવીને હું ખૂબ જ ખુશ છું પપ્પા..............

**મારા પપ્પાને ખૂબ જ વહાલ...,**

**લિ.**
**તમારી દીકરી**
**નીપા**





# શેલડિયા ધર્મિષ્ઠા હરજીભાઈ

જન્મતારીખ:- ૨૦/૦૫/૧૯૯૨
પિતાની પુણ્યતિથી:- ૨૬/૧૧/૨૦૦૯

**Dear papa**
**Jay ramapir**

૨૬/૧૧/૨૦૦૯ એ મારી જિંદગીની કદી ન ભૂલી શકાય એવી તારીખ છે. કારણ કે એ દિવસે મારા પપ્પા મને, ભાઈને અને મમ્મીને મૂકીને જતાં રહ્યા. અમારો હસતો ખેલતો પરિવાર અચાનક એક જ ઝટકામાં દુ:ખમાં ફરી ગયો. મને એ દિવસ આંખો બંધ કરું તો પણ યાદ આવે છે. મને વિચાર આવે કે ભગવાને એવો નિયમ કેમ બનાવ્યો કે જેને વધારે પ્રેમ કરી એ જ આપણાથી દૂર થાય. મારા પાપા હંમેશાં મને “દીકરો” કહીને બોલાવતા. પણ તેના ગયા પછી એ શબ્દ જાણે મારી જિંદગીમાંથી જતો જ રહ્યો. પપ્પાના ગયા પછી કેટલી બધી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. પરંતુ અમે હિંમત ન હારીને તેમનો સામનો કર્યો. કુટુંબમાં પણ ઘણા લોકો હેરાન પરેશાન કરતાં પણ અમે ક્યારેય હાર્યા નહીં.

મારી સગાઈ થઈ પછી ભાઈ ની સગાઈ કરવામાં ઘરના ને કુટુંબના લોકો એ ખૂબ જ અવળાય કરી પણ હું ને ભાઈ ન ડગ્યા.

પછી મારી મુલાકાત મહેશપપ્પા સાથે થઈ. હું પપ્પાને ક્યારેય મળી ન હતી. મે મારા મેરેજનું ફોર્મ ભર્યું હતું.

તા. ૨૦/૫/૨૦૧૬ના દિવસે કાજલદીદીનો ફોન આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થયું અને એ જ દિવસે મારો બર્થ ડે હતો ને હું એટલી ખુશ થઈ કે જણાવી ન શકું. બસ મને મારા પપ્પા મળી ગયા ને તે પણ મારા બર્થ ડે ના દિવસે. મને થયું કે મારો ફરીથી જન્મ થયો.

તે પછી ફાધર્સ ડે ના દિવસે પપ્પાને મળવાનો ફોન આવ્યો. હું મમ્મીને ભાઈ મળવા ગયા પપ્પાને પણ ઓફિસમાં પગ મુક્તા જ મારૂ મન ભારે થઈ ગયું બસ ખુદ ને રોકી જ ન શકી ને રડાય જ ગયું કે મને ફરીથી મારા પપ્પા મળી ગયા.

મહેશપપ્પા એટલા સારા છે કે કદાચ દુનિયામાં કોઈ પણ વ્યક્તિ તેમની તુલના ન કરી શકે. બસ પપ્પાને જોઈ લઉ એટલે મનને શાંતિ થઈ જાય. મહેશ



પપ્પા જેવુ કાર્ય દુનિયામાં કોઈ ન કરી શકે. તે મારા જેવી દીકરીના પપ્પા થઈ અમારી પ્રત્યેક જવાબદારી સારી રીતે નિભાવે છે. પપ્પા મારી લાઈફમાં રિયલ હીરો છે.

હું તો સમાજને એટલું જ કહેવા માંગુ છું કે જે ફૂલ નહીં તો ફૂલની પાંખડી તમે કોઈને પણ મદદરૂપ થાવ તો તમારું જીવન નિષ્ફળ નહીં જાય. આ સમાજમાં ઘણા બધા એવા પરિવાર છે જેને એક સમયનું ભોજન મળવું મુશ્કેલ છે. તેમણે મદદ કરી શકાય. ખોટા દેખાવ માં પૈસા ન વેડફાય. યોગ્ય જગ્યાએ ખર્ચ કરીને તેનું મૂલ્ય સમજાય.

I really love you so much papa...

**તમારી દિકા**
**ધર્મિષ્ઠા**





## રાણા રેખા રમણભાઈ

જન્મતારીખ:- ૩૧/૧૦/૧૯૮૯
પિતાની પુણ્યતિથી:- ૨૩/૦૪/૧૯૯૬

અમારા પિતાનું નામ રમણભાઈ વીજુભાઈ રાણા છે. તેઓ લાઈટિંગનું કામ કરતા હતા અને તેઓને ટીબીનો રોગ થયો હતો જેને કારણે તેઓનું અવસાન થતું અને મારી માતાનું નામ ઊર્મિલાબેન રમણભાઈ રાણા જેઓને લાંબે ગાળેથી હદયના વાલ્વની બીમારી હતી. તેઓની સારવાર કરાવી પણ અમે બચાવી ન શક્યા અને તેમનું અવસાન થયું. અમે બે ભાઈ-બહેન મારી દાદી સાથે રહીને નોકરી કરી અમારું જીવન ગુજારીએ છીએ.

મારા મમ્મી અને પપ્પા અમારું જે રીતે ધ્યાન રાખતા એ જ રીતે તમે અમારું ધ્યાન રાખો છો પપ્પા. મારા માતા પિતાના અવસાન પછી હવે તમે જ અમારા માતા પિતા સમાન છો.

**અમારા કુટુંબમાં કાકા-કાકી, દાદી અને અમે બે ભાઈ બહેન છીએ.**

**લિ.**
**રેખા રાણા**

# પ્રજાપતિ અંકિતા જયંતીભાઈ

જન્મતારીખઃ- ૨૧/૦૮/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૨૩/૧૨/૨૦૦૫



**ડિયર પપ્પા,**

**ઓહો.....**

પપ્પા તમારા માટે મારી પાસે લખવા કોઈ શબ્દ જ નથી. ક્યા શબ્દથી તમારું હું સંબોધન કરું એ જ નથી સમજાતું અને શું લખું પપ્પા????

મારા પપ્પા ૨૪/૧૫/૨૦૧૫ની છેલ્લી મુલાકાત હતી. ત્યારે હું ૯ ધોરણમાં ભણતી હતી. મારા પપ્પાને મને ભણાવવાની બહુ લાગણી હતી. પણ મે તો સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે આવું થશે. મારા પપ્પાને કેન્સરની બીમારી છે. આવી પરિસ્થિતિમાં મારા ભાઈ બહેન નાના હતા. ત્યારબાદ મને મહેશ પપ્પા મળ્યા જ્યારથી તમે મારી લાઈફમાં આવ્યા ત્યારે લાઈફ ચેન્જ થઈ મને એમ લાગ્યું કે મારા પપ્પા મારી પાસે જ છે. મહેશ પપ્પા અમને દીકરીની જેમ રાખે છે. અને દીકરી માને પણ છે. મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. મારા મહેશ પપ્પાએ મને મારા પપ્પાની કમી મહેસૂસ નથી થવા દીધી. બધી જ ફરજ પૂરી રીતે નિભાવી છે. અને આગળ નિભાવશે પણ આખી દુનિયામાં શોધવા જઈશું તો પણ આવા પપ્પા નહીં મળે. મારા પપ્પા શિવનું રૂપ છે. I love you papa

મારા મહેશ પપ્પાએ લગ્નની ખરીદી પણ અમારી પસંદની કરી. જે જોઈયે એ બધુ અપાવ્યું. અને કરિયાવર પણ મહેશ પપ્પાએ ખૂબ જ આપ્યો છે.

કદાચ મારા પપ્પા પણ આજે હાજર રહ્યા હોય તો એ પણ આટલું કરી ન શકે. તમારા જેવા કાર્યો કરવા ભગવાન મને પણ એવી શક્તિ આપે, હીમત આપે, હદયપૂર્વક પ્રાર્થના કરી શકું કોઈ પણ કામ હોય તો જરૂર જણાવજો.

Thank you so much Papa

**લિ.**
**તમારી લાડકી**
**અંકિતા**



# પ્રજાપતી ટ્વિંકલ જયંતીભાઈ

જન્મતારીખ:- ૨૦/૦૭/૧૯૯૬
પિતાની પુણ્યતિથી:- ૨૩/૧૨/૨૦૦૫



Dear papa,
**જય રામાપીર,**

**મારા પપ્પા વિષે હું શું કહું? જેટલું પણ કહું એટલું ઓછું છે.**

મારા પપ્પા ગુજરી ગયા એના ૧૧ વર્ષ થયા ત્યારે હું નાની હતી. પાંચમા ધોરણમાં ભણતી હતી. મારા પપ્પાને કેન્સર હતું અને મારા ભાઈ બહેન પણ નાના હતા. અમે બધાએ વિચાર્યું પણ ન હતું કે મારા પપ્પાને આવું થશે. બધી છોકરી જ્યારે એના પપ્પાને યાદ કરે ત્યારે મને પણ મારા પપ્પાની ખૂબ જ યાદ આવતી જ્યારે વાર તહેવાર કોઈ પ્રસંગ આવે ત્યારે મને પપ્પાની યાદ આવી જતી. પપ્પાના ગુજરી ગયા બાદ મારા મમ્મીએ બીજા બધાના ઘરના કામ કરીને અમને મોટા કર્યા. પણ હજુ મારા પપ્પા જીવે છે મારા મહેશપપ્પા.

મહેશ પપ્પાએ મને મારા પપ્પાની કમી ક્યારેય મહેસુસ નથી થવા દીધી. મહેશપપ્પા એ અમને જે જોઈતું હતું એ બધુ જ અપાવ્યું. મારા મહેશ પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. જ્યારથી મહેશપપ્પા મારી લાઈફમાં આવ્યા છે ત્યારથી હું ખૂબ જ ખુશ છું અને મારા મહેશ પપ્પા ખુશ રાખશે એવો મને પૂરેપૂરો વિશ્વાસ છે. મારા મહેશ પપ્પા મને પણ બધી દીકરીઓની સમાન રાખે છે. અને એક સરખો પ્રેમ કરે છે. દરેક પપ્પાને દીકરી ખૂબ જ વહાલી હોય છે એમ હું પણ મારા મહેશ પપ્પાને ખૂબ જ વહાલી છું.

I Love You Papa
I Miss You Papa
પપ્પા તમે મારા માટે જે કઈ પણ કર્યું છે
તેની માટે હું જિંદગી ભર તમારી આભારી રહીશ.

**તમારી દિકા**
**ટ્વિંકલ**



## રાણા કલ્પના રાજેશભાઈ

જન્મતારીખ:- ૧૮/૧૦/૧૯૯૨
પિતાની પુણ્યતિથી:- ૨૧/૦૬/૧૯૯૯



**પ્રિય પપ્પા,**

પપ્પા શબ્દ અઢી અક્ષરનો પણ મારા માટે ખૂબ અઘરો થઈ ગયો. જ્યારે હું ૧૦ વર્ષ ની હતી અને મારા પપ્પા અમને મૂકીને એટલા દૂર ચાલ્યા ગયા કે જ્યાંથી કદી પાછા ન આવી શક્યા. તે સમયે મારી સાથે સાથે મારી મમ્મી ઉપર મારાથી મોટા ભાઈ અને મારાથી નાની બહેન ને સાચવવાની, ભણાવવાની જવાબદારી આવી પડી. મારી મમ્મીએ ખૂબ જ મહેનત કરીને અમને ભણાવ્યા મોટા કર્યા. નાના હતા ત્યારે ઘણી વાર બીજી કોઈ છોકરીઓ જ્યારે તેમના પપ્પા સાથે ફરવા જતી ત્યારે અમે મમ્મીને કહેતા કે કદાચ અમારા પપ્પા હોત તો અમને પણ ફરવા લઈ જાતે ત્યારે મારા મમ્મી રડી પડતાં. એવા કેટલાક પ્રસંગ હશે ત્યારે અમને અમારા પપ્પા ખૂબ યાદ આવતા. એવું કેટલીય વાર બન્યુ હશે જ્યારે મારી મમ્મી પણ તેમને યાદ કરીને રડતાં પરંતુ અમારી સામે હંમેશાં હસીને રહેતા. આટલું બધું થવા છતાં પણ મારી મમ્મીએ કોઈ દિવસ પપ્પાની કમી થવા દીધી નથી. તે માટે હું મારી મમ્મીની ખૂબ આભારી રહીશ સમય વિતતો ગયો. થોડા સમય પછી ઘરમાં નાનો ધંધો કરીને અમે ત્રણેય ભાઈ બહેન મમ્મીને મદદ કરતાં અને એમથી ગુજરાન ચલાવતા. પરંતુ આવક એટલી ન હતી કે કોઈ મોટો ખર્ચ કરી શકાય. મારી ઉંમર થતાં મારી સગાઈ નક્કી થઈ પરંતુ મારા સાસરે પણ મારા સસરા હયાત ન હોવાથી અહી પણ હું કોઈને પપ્પા કહી શક્તિ ન હતી. કદાચ ભગવાને મારા નસીબમાં પપ્પાનું સુખ જ લખવું નહીં હશે તેમ માની લીધું હતું.

થોડા સમય પછી જ્યારે મારા લગ્નની વાત ચાલી રહી હતી ત્યારે મારા મમ્મીના મિત્ર એ અમને પી.પી.સવાણી પરિવાર દ્વારા થતાં સમૂહ લગ્ન વિષે વાત કરી. તેથી અમે આ સમૂહ લગ્નમાં ભાગ લેવા માટે ફોર્મ મેળવવા વેસું ઓફિસે ગયા. પરંતુ તે સમયે અમને ફોર્મ ન મળ્યું અમે નિરાશ થઈ ગયા. પરંતુ તે જ સમયે સામે અમને મહેશ



પપ્પા મળ્યા. મહેશ પપ્પાએ અમને તેમની ઓફિસમાં બોલાવ્યા અને ખૂબ જ શાંતિથી અમારી વાત સાંભળી અને ખાત્રિ આપી કે મારા લગ્ન સમૂહ લગ્નમાં થાય. તે માટે મારૂ નામ વેઈટિંગ લિસ્ટ માં લખ્યું હતું. ૧૦ દિવસ પછી મારા પર ફોન આવ્યો હતો કે મારૂ ફોર્મ સમૂહ લગ્ન માટે સ્વીકારી લીધું છે. ત્યારબાદ પ્રથમ વખત મિટિંગમાં પપ્પાને ફરીથી મળવાનું થયું. પપ્પાને મળીને ખૂબ જ આનંદ થયો. લાગ્યું જાણે ફરીથી મને મારા પપ્પા મળ્યા. જીવનનો એક ખૂણો જે કાયમ ખાલી રહી જશે તે દીવા સ્વરૂપે મહેશ પપ્પાના આવવાથી પ્રકાશથી ભરાઈ ગયો. પપ્પા દ્વારા કરાવવામાં આવેલી લગ્નની ખરીદીમાં મને મારી પસંદનો સેટ, પાનેતર, સાડીઓ વગેરે ખરીદવાનો મોકો મળ્યો. અને એ બધુ મને ખૂબ જ પસંદ આવ્યું તે બદલ તમારો ખૂબ જ આભાર પપ્પા....

આજે હું ખૂબ જ ગર્વથી બધાને કહું છું કે આ બધુ મારા મહેશ પપ્પાએ મને અપાવ્યું છે. મને લાગતું ન હતું કે મારા લગ્ન આટલી સારી રીતે થશે. પરંતુ આ બધુ ફક્ત ને ફક્ત તમારા લીધે જ શક્ય બન્યું છે. મહેશ પપ્પા.....

મહેશ પપ્પા તમારો મેસેજ રોજ સવારે, સાંજે મળે છે જેથી મને લાગે છે કે ખરેખર મારી પણ ફિકર કરવા માટે મારા પપ્પા છે. હું તમારો આભાર કઈ રીતે વ્યક્ત કરું. મારા જીવનમાં પપ્પા શબ્દ ફરીથી લાવવા માટે thank you so much papa...

**જય રામાપીર....**
**જય સાઈનાથ ....**
**તમારી દિકા**
**કલ્પના**



## મસરાણી રોશની હર્ષદભાઈ

જન્મતારીખઃ- ૧૭/૦૪/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૧૨/૦૫/૨૦૧૩



Dear Papa

પપ્પા તમારા માટે શું લખું તે સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું એ પણ સમજાતું નથી.

બધા લોકો એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી. પરંતુ ભગવાને મને કુદરતના આ નિયમ વિરુધ્ધ જઈને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પા આપ્યા.

હું એક મધ્યમ પરિવારમાંથી છું. મારા પિતા સ્વ. હર્ષદભાઈ શાંતિલાલ મસરાણીનું તા.૧૨/૫/૨૦૧૩માં અવસાન થતાં ઘરની બધી જવાબદારી મારી અને મમ્મી પર આવી ગઈ. કારણ કે ઘરમાં હું મોટી હતી. મેં અભ્યાસ છોડીને મમ્મીને ઘરમાં સિલાય કામમાં મદદ કરવા લાગી. કારણ કે પપ્પાના જવાથી ઘરમાં ખૂબ જ તકલીફો ભોગવવી પડતી હતી. નાના બે ભાઈ બહેન ઘરમાં ભણતા હતા. એની જવાબદારી, ભાડાનું મકાન હતું એની જવાબદારી, માંદગી ઘરમાં આવે એની જવાબદારી, નાનો ભાઈ છે તે મંદબુધ્ધિનો છે તેની જવાબદારી.. આ બધી જવાબદારીઓના લીધે મારૂ ભણતર અધૂરૂ રહી ગયું અને મારી મમ્મીને એક છોકરો જેમ કમાવીને આપે એમ મદદ કરી.

હું મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને મહેસુસ કરું છું. તમે મારી લાઈફમાં આવ્યા પછી મારા લગ્નની જવાબદારી તમારા માથે લઈ મારા પપ્પાની ખોટ પૂરી કરી અને મારા મમ્મીને માથેથી એક ટેન્શન ઓછું કર્યું. પપ્પાના ગયા પછી મમ્મીને નાના ભાઈ બહેનને ભણાવવાનું ટેન્શન હતું અને મારા લગ્નનું ટેન્શન હતું કે કઈ રીતે આ બધું થશે પણ પછી અમને સ્કૂલમાંથી ખબર પડી કે તમે નિરાધાર બાળકોની ફી ની સહાય કરો છો એટલે મારા ભાઈ બહેનને ફી ની સહાય મળી. મારી મમ્મીને ભાઈ બહેનને



ભણાવવાનું ટેન્શન ઓછું થઈ ગયું. પછી લગ્નની ચિંતા હતી એ પણ તમારી મુલાકાત થઈ અને મારા લગ્નનું ટેન્શન ઓછું થઈ ગયું.

Thank you so much papa...

તમે એક ભગવાનના રૂપમાં અમને મળ્યા લોકો કહે છે કે ભગવાન દેખાતા નથી ખાલી મંદિરમાં જ મૂર્તિની પુજા થાય છે. પણ અમે તો સાક્ષાત ભગવાનને જોયા છે. ભગવાનના રૂપમાં તમે અમને મળ્યા અને અમારા માથે હાથ મૂક્યો.

તો પણ હજી મારા ભાઈ બહેનની ચિંતા છે કે મારા જવા પછી મમ્મીએ લોકોનું કઈ રીતે પૂરું પડશે. નાની બહેન ૧૨ સાયન્સ કરે છે. એનું સ્વપ્ન ડોક્ટર બનવાનું છે. તો એની ચિંતા મમ્મીને છે કે એને કઈ રીતે ભણાવશે પણ મને વિશ્વાસ છે કે ભગવાન એનો પણ કઈ રસ્તો કાઢશે અને એનું સ્વપ્ન પૂરું કરશે.

હવે હું ગર્વથી બધાને કહું છું કે મારે પપ્પા છે મને છોડીને ચાલ્યા ગયેલા પપ્પા પાછા મોકલી આપ્યા. પપ્પા તમે અને અમે ખૂબ જ ભાગ્યશાળી છીએ કે તમને આટલી બધી દીકરીઓ મળી અને અમારા જેવી પપ્પા વગરની દીકરીઓને તમારા જેવા પપ્પા મળ્યા. તમારા માટે જેટલું લખું એટલું ઓછું છે. તમારા વિશે લખતા લખતા પેનમાં શાહી ઓછી થઈ જશે પણ શબ્દ ઓછા નહીં થાય.

**I love you papa & I Miss you...**
**તમારી વહાલી દીકરી**
**રોશની**



# પટેલ તન્વી નગીનભાઈ

જન્મતારીખઃ- ૨૩/૧૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૨૮/૧૧/૨૦૧૧



પરમ પૂજનીય પપ્પા,

જય સ્વામીનારાયણ. પપ્પા તમે આ જે કાર્ય કરી રહ્યા છો તે હું શબ્દોમાં તો વર્ણવી શકું તેમ નથી પરંતુ મારી લાગણીને હું અહી વ્યક્ત કરવાનો પ્રયત્ન કરું છું.

મારા પરિવારમાં અમે કુલ ૬ સભ્ય હતા. મમ્મી પપ્પા તથા અમે કુલ ત્રણ બહેનો અને એક નાનો ભાઈ. એમાં બે બહેનોના લગ્ન થઈ ગયા.અને પછી થોડા સમય બાદ તા:૨૮/૧૧/૨૦૧૧ ના રોજ પપ્પા પણ અક્ષરધામમાં જતાં રહ્યા. પછી અમે ઘરમાં કુલ ૩ સભ્ય રહ્યા. હું અને મારો નાનો ભાઈ. હવે ઘરની બધી જ જવાબદારી મારી પર આવી ગઈ.

મમ્મી ઘરે દોરા કટિંગનું કામ કરીને ઘરનું ગુજરાન ચલાવતા હતા. ત્યારે મનોમન વિચાર આવતો કે હવે મારા લગ્ન કઈ રીતે થશે. ત્યારે અચાનક એક દિવસ અમને ખબર પડી કે આપના સુરતમાં કોઈ એવા વ્યક્તિ છે જે બાપ વગરની દીકરીનું કન્યાદાન કરે છે.

પછી અમારી સોસાયટીમાં રહેતા ભાવેશભાઈ દ્વારા તમારો સંપર્ક થયો અને મારી સમસ્યાનો જાણે અંત આવી ગયો.

સમાજમાં ઘણા લોકો દાન કરે છે અને ઘણા સમૂહ લગ્ન કરાવે છે. પરંતુ આવા લગ્ન અને આયોજન મે ક્યારેય જોયું નથી. અને એથી વિશેષ તમારા સૌનો આવકાર અને પ્રેમ મે ક્યાય નથી જોયો.

**બસ તમારી વ્હાલી**
**તનુ**





## પરમાર ટ્વીંકલ સંજયભાઈ

જન્મતારીખઃ- ૨૬/૦૭/૧૯૯૮

પિતાની પુણ્યતિથી :- ---

Dear papa
My Mahesh papa
I am alone without papa…
I love you papa…

મહેશ પપ્પા જ્યારથી અમારી લાઈફમાંથી મારા પપ્પા જતા રહ્યા હતા. ત્યારથી માંડીને અત્યારે ૧૧ વર્ષ પછી અમારી જિંદગીમાં ફરી પાછા રંગો આવવા લાગ્યા છે.

પપ્પા અમારી લાઈફમા તમારા આવવાથી ખૂબ જ અવનવા પરિવર્તનો જોવા મળ્યા છે.

મહેશ પપ્પા તમે અમને (મને) દીકરી તરીકે રાખો છો. અને પપ્પા અત્યારના સમય માં જો કોઈનો સગો બાપ હોય તો પણ તે પોતાની દીકરી માટે આટલું નહીં કરતો હોય એટલુ તમે અમારા માટે કરો છો.

પપ્પા જ્યારે મારી સગાઈ થઈ હતી ત્યારે મને ડર હતો કે મારા મમ્મી મારા લગ્ન કેવી રીતે કરશે. પરંતુ પપ્પા તમે આવ્યા પછી અમારા ઘરમાં ખૂબ જ ખુશીઓ આવી ગઈ છે.

અને પપ્પા હવે મને જરાક પણ કોઈનાથી ડર નથી કારણ મારી સાથે હવે મારા મહેશપપ્પા છે.

મહેશ પપ્પા.......

તમારા માટે મારી પાસે કહેવા માટે લખવા માટે શબ્દો ઓછા પડે છે. કારણ કે તમે આખી દુનિયામાં બેસ્ટ પપ્પા છો.

કોઈ બાપ પોતાની દીકરી હશે તો પણ તેને આટલો વહાલ નહીં આપતા હોય, પરંતુ પપ્પા તમે અમને ખૂબ જ હેપી રાખો છો.

પપ્પા તમે મને લગ્નમાં જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુ, કપડાં, વાસણ, ઘરેણાં, ઈલેક્ટ્રોનિક, હેન્ડલૂમ આવી વસ્તુઓ અપાવી છે. એ પણ અમને ગમતી....

બીજી વાત એ કે પપ્પા લગ્ન પછી અમારા આરોગ્યની સારવાર માટે પણ તમે મને આરોગ્ય કાર્ડ કઢાવી આપ્યું છે. પપ્પા હું ખૂબ જ લાગણી વ્યક્ત કરું છું. ખૂબ જ ખુશ છું. મને મારા મહેશ પપ્પા મળ્યા છે.



હું ભગવાનને પ્રાર્થના કરું છું કે મને આવતા સાતે-સાત જન્મમાં મહેશ પપ્પા મળે. આ પત્ર લખતી વખતે હું મારા મહેશ પપ્પા મારી સાથે હોય એવી લાગણી વ્યક્ત કરું છું.

નથી જરૂર હવે પૈસાની
નથી જરૂર હવે બંગલાની
નથી જરૂર હવે શ્વાસની
નથી જરૂર હવે ભગવાનની
જરૂર છે માત્ર મારા મહેશ પપ્પાની ....
મહેશ પપ્પા ....
કભી ઝગડા કભી મસ્તી
કભી આંસુ કભી હંસી
છોટા સા પલ, છોટી છોટી ખુશી
એક પપ્પા કી પ્યારી પરિ
ઓર પાપા બસ ઈસી ક નામ દોસ્તી
મહેશ પપ્પા thank you
I Love you
I miss you
And papa you are my sweet
papa and you are my one and only papa
I am alone without my papa

પપ્પા, તમારા પ્રતાપે મારી લાઈફમાં ખૂબ જ ખુશી છવાઈ ગઈ છે.

ક્યારેક મને વિચાર આવે છે કે હું ખૂબ જ નસીબવાળી છું મને મહેશ પપ્પા મળ્યા.

Papa thank you so much

તમે મારા માટે ખૂબ જ સારું કર્યું. અને મને આશા છે કે તમે મને ભવિષ્યમાં પણ મારી સાથે જ રહેશો.

papa....મેરે papa.
મહેશ પપ્પા...મેરે papa.
Dear papa.
પાપા કી પરિ હું મે.....
ઓ.....હો....ઓ...હો....
પાપા કી પરિ હું મે.....

**From**
**તમારી લાડકી**
**Twinkle**





# શિંગાળા ધર્મિષ્ઠા સુરેશભાઈ

જન્મતારીખઃ- ૨૯-૦૩-૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૨૭-૧૦-૨૦૦૭

હું ખંભાબીડાની વાતની છું. અમારા પરિવારમાં હું એકલી જ છું. મારી માતા મને જન્મ આપીને જ ચાલ્યા ગયા હતા અને  મારા પપ્પાએ જ મને મોટી કરી છે અને કુદરતને એ પણ ગમ્યું નહિ. અને મારા પિતાજીની બંને કિડની ખરાબ થઇ ગઈ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા અને ઓપરેશન કરાવ્યું અને તે ઓપેરેશન સફળ ન થયું અને તે અમારાથી ખુબ દૂર ચાલ્યા ગયા અને મારી પર જાણે માથે આભ તૂટી પડ્યું હોઈ તેવું  લાગ્યું. અને મારી બધી જવાબદારી મારા દાદીમાં ઉપર આવી ગઈ. તેમણે મારી સંભાળ રાખી. મારા દાદીમા ખેતરે જઈને કાળી મજૂરી કરીને મારી સંભાળ રાખતા અને અમને અમારા સગા સમ્બ્ધીએ કહ્યું કે ત્યાં મહેશભાઈને મળો હું તેમણે મળી અને મને મારા પિતા મળી ગયા.

**ભગવાન મારી ઉમર મારા પપ્પાને આપે બસ.**

**I miss you papa**
**તમારી વહાલી દિકા,**
**ધર્મિષ્ઠા**



## ચૌહાણ દિવ્યા કૌશિકકુમાર

જન્મતારીખઃ- ૨૮/૦૭/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૯/૯/૧૯૯૭



**મારા પ્રિય આદરણીય શ્રી મહેશપપ્પા,**
**જય રામાપીર ...**
**જય સ્વામીનારાયણ ...**

અહીં હું મારા બાળપણની થોડી વાત કરું. અમારું મૂળ ગામ ડેડકડી તા. સાવરકુંડલા જિલ્લો અમરેલી છે. મારા પપ્પા અને મારા મોટા પપ્પાએ બંને ભાઈઓ અને મારા દાદા દાદી એમ પરિવારના બધા સાથે જ રહેતા હતા. અચાનક મારા પપ્પાને ઝેરી મેલેરિયાની અસર થઈ અને તેમણે રાજકોટ ખાતેની હરિલાલ જેચંદ દોશી હોસ્પીટલમાં તા. ૧/૯/૧૯૯૭ના દિવસે દાખલ કરાયા હતા. તેમની સારવાર પાછળ અંદાજે ૮૦ હજાર જેટલો ખર્ચ કરાયો. તેમ છતાં ભગવાનની મરજી ન હોય અને નવમા દિવસે તા. ૯/૯/૧૯૯૭ના દિવસે મારા પપ્પા અક્ષરનિવાસી થયા છે. મારા પપ્પા અક્ષરનીવાસી થયા તે મને સાંભરતું નથી કારણ કે ત્યારે હું ત્રણ વર્ષની જ હતી અને મારો નાનો ભાઈ ૯ મહિનાનો જ હતો. મારા પપ્પાના અવસાન બાદ મારા મમ્મીની અહી રહેવાની ઈચ્છા ન હતી તેમણે પિયર ચાલ્યા જવું હતું. તેથી મારા મોટા પપ્પાએ ગામના પંચસભ્યોને બોલાવીને મિટિંગ કરી. અમને ભાઈ બહેનને પાંચ વર્ષ બાદ તેમના પિયરથી તેડી આવવાનું લખાણ કર્યું. ત્યારબાદ મારા મમ્મી અમને ભાઈ બહેનને લઈ અમારા મામાના ગામ પીઠવડી ગયા ત્યાં પાંચ વર્ષ સુધી રહ્યા અને પાંચ વર્ષ પૂરા થતાં મારા દાદા અમારા ડેડકડી ગામના સરપંચ સભ્યો સાથે લઈને અમને ડેડકડી પાછા તેડી ગયા. ત્યારબાદ મમ્મીએ બીજા મેરેજ કરી લીધા. આમ, અમે નાનપણમાં જ પિતૃ છત્રછાયા ગુમાવી અને પિતાનો પૂરતો સ્નેહ મળ્યો ન હતો.

અમે ભાઈ બહેન અમારા દાદા દાદી સાથે ડેડકડીમાં રહેતા હતા. અમારી આર્થિક સ્થિતિ મધ્યમ હતી. અમારે ગામમાં જમીન ન હોવાથી અને અન્ય કોઈ કમાણી નું સાધન ન હતું. તેથી મારા મોટા પપ્પા પરિવાર સાથે સુરતમાં રહેવા આવી ગયા હતા. અને મારા દાદા ગામમાં ફલોરમિલ ચલાવીને ગુજરાન ચલાવતા. દાદા-દાદીના વૃધ્ધાવસ્થાના લીધે અવાર-નવાર તબિયત સારી રહેતી ન હોવાથી મોટા પપ્પાએ અમને ચારેયને સુરત તેડાવી લીધા. હાલમાં અમે સુરતમાં રહીએ છીએ. મોટા પપ્પાના પરિવારમાં

ત્રણ દીકરા અને એક દીકરી છે. મોટા પપ્પા સ્વભાવે ખૂબ જ સારા છે. અને મારે જોઈતી વસ્તુમાં ક્યારેય નથી પડી અને અમારી બધી જ રીતે સંભાળ રાખે છે અને જરૂરિયાતો પૂરી કરે છે.

અમારી આર્થિક સ્થિતિ નબળી હોવાથી મે નવ ધોરણ સુધી અભ્યાસ કર્યો ત્યારબાદ હું સિલાય મશીન પર કામ કરતી અને મારો નાનો ભાઈ ડિપ્લોમા ઈલેક્ટ્રિકલ એન્જીનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કરી થોડા મહિના અગાઉ જ નોકરી પર લાગ્યો છે. મારા મોટા પપ્પાને મારા લગ્નના ખર્ચની ચિંતા રહ્યા કરતી. પણ એવામાં અમને જાણવા મળ્યું કે પી.પી.સવાણી વાળા મહેશભાઇ સવાણી પિતાવિહોણી દીકરીઓને દત્તક લઈ તેમના કરિયાવરથી માંડી કન્યાદાન સુધીની તેમજ આજીવન તમામ નાની-મોટી સઘળી જવાબદારી ઉપાડે છે અને પોતાની દીકરી માનીને સુખ દુખમાં સાથ આપે છે ત્યારબાદ અમે લગ્ન માટેનું ફોર્મ લઈને ભરી લીધું. અને મારા મોટા પપ્પા પરથી મારા લગ્નની ચિંતાઓ હળવી થઈ ગઈ અને મને મહેશ પપ્પાના રૂપમાં મારા પપ્પા પાછા મળી ગયા.

ખરેખર, મહેશપપ્પાનું દિલ દરિયા જવું વિશાળ અને અમૃતના સાગર જેવો સ્નેહ છે, મારી પાસે લાગણી વ્યક્ત કરવા શબ્દો પણ નથી જડતા. મહેશપપ્પા જેવા વિરલ પપ્પાની જરૂર દુનિયામાં છે. આપને ભગવાન વધારે આયુષ્ય આપે અને હંમેશાં આવાં સત્કાર્યો કરતા રહો એવી જ ભગવાનના ચરણોમાં મારી પ્રાર્થના છે.

Thank you so much Papa
I Miss you so much papa
તમારી વહાલી દીકરી
**દિવ્યા**



## રાણા માનસી ચેતનકુમાર

જન્મતારીખઃ- ૨૪/૦૮/૧૯૯૮

પિતાની પુણ્યતિથીઃ- ૧૨/૦૧/૨૦૦૬



**પ્રિય પાપા...સાદર પ્રણામ**

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે તમે બધા મજામાં હશો અને હું પણ મજામાં છું. આજે હું મારા દિલની વાત કહેવા માંગું છું.

મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. મને ફરવાનો બહુ શોખ હતો. મારા પપ્પા મને દર રવિવારે ફરવા લઈ જતાં. હું અને મારી ફેમિલી બહુ જ ખુશ હતી. અમે ત્રણ બહેન અને એક ભાઈ આ રીતે સુખીથી રહેતા હતા. જ્યારે હું નાની હતી ત્યારે અમે બધા સાથે બેસેલા હતા ત્યારે મારા પપ્પાને હાથ અને પગનો દુખાવો અને ગભરામણ થતી હતી. ત્યારે અમે તેમણે દવાખાને લઈ ગયા. પછી તેમણે જણાવવામાં આવ્યું કે તેમને દાખલ કરવા પડશે. અને ડોક્ટરે અમને કીધું કે કમળાનો રિપોર્ટ કરવો પડશે. પછી અમે રિપોર્ટ કરાવ્યો, ડોક્ટરે અમને કીધું કે એમને કમળાની અસર છે. ડોક્ટરે પપ્પાને પરેજી પાળવા કીધું હતું. પણ પપ્પા એ પરેજી પાળી નહીં અને એના કારણે તેમણે કમળો વધી ગયો અને લોહીની વોમિટ થઈ. પછી ડોક્ટરે ફરીથી રિપોર્ટ કરાવવાનું કહ્યું. અમે રિપોર્ટ કરાવ્યો ત્યારે જણાવ્યુ કે તેમણે કમળાની કમળી થઈ ગઈ છે. અમારી પરિસ્થિતિ ખરાબ હતી. અને અમારી પાસે પૈસા ઓછા હતા. તેથી અમે થોડા દિવસોમાં એમની રજા લઈ લીધી. પછી 15 દિવસ થયા ત્યારે અમે બધા સૂતા હતા ત્યારે ફરી પપ્પાને અચાનક ગભરામણ થઈ અને ફરી લોહીની વોમિટ થઈ. અને ત્યારબાદ અમે દવાખાને લઈ ગયા. અને ડોક્ટરે અમને જણાવ્યું કે તેમનું અવસાન થઈ ગયું છે. ત્યારે મારી મમ્મીની હિમ્મત સાવ તૂટી ગઈ અને એમને બધાએ સમજાવ્યું કે તું તૂટી જશે તો તારી ત્રણ દીકરીઓનું શું થશે? મારી મમ્મી જરીકામ કરતી હતી. તેમાથી પણ અમારું ઘર નહીં ચાલતું હતું. ત્યારે મારી મમ્મી એ મારી મોટી બહેનને 5 ધોરણ માથી ઉઠાવી લીધી અને પછી જરીકામ માં લગાવી દીધી. અને તેમાથી અમે અમારું ઘર ચલાવતા હતા. એવી રીતે મારી મમ્મી એ મને 10 ધોરણ સુધી ભણાવીને પછી ઉઠાડી દીધી. મારી મમ્મી એ મને કહ્યું કે તું પણ હવે બહાર નોકરી કર. થોડા સમય પછી હું પણ નોકરી



પર જવા લાગી અને મારી નાની બહેન અને નાનો ભાઈ ભણે છે.

પછી મોટી બહેનની સગાઈ કરવાની વાતચીત થઈ અને મારી મોટી બહેનની સગાઈ થઈ. ત્યારબાદ તેના લગ્ન મંદિરમાં કરાવ્યા. થોડા સમય પછી મારી સગાઈ થઈ અને લગ્ન થવાના હતા. પણ મારી મમ્મી પાસે પૈસાની સગવડ હતી નહીં. એક કાકી એ મારી બધી વાત સાંભળી અને કહ્યું કે મહેશભાઇ સવાણી પાસે જા. અને ત્યાં જ તારા લગ્ન કરાવશે.

ઇ.સ. 2016માં મારો સંપર્ક શ્રી મહેશભાઈ સવાણી સાથે થયો. જેમને હું પપ્પા કહીને સંબોધૂ છું. તેમના સંપર્ક પછી મારા જીવનનો અંધકાર જાણે દૂર થઈ ગયો. મારા જીવનમાં ખૂબ જ પરીવર્તન આવ્યું. તેમણે મારી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડી. મારા જીવનમાં લગ્નનું સુખ પણ પપ્પા તરફથી મળ્યું છે. હું મારા જીવનમાં ક્યારેય અનુભવી શકત નહીં. તદુપરાંત પપ્પા તરીકે તેમણે મારૂ કન્યાદાન પણ કર્યું. પપ્પા તરફથી મને ખૂબ જ સહકાર મળ્યો છે. અને તેમના માટે હું મારા હદય થી એક પપ્પા તરીકેની લાગણી અનુભવું છું. હું ભગવાન પાસે હંમેશા પ્રાર્થના કરું છું કે તેમના આશીર્વાદ કાયમ માટે અમારા પર બની રહે. પપ્પા એ મારૂ પાલન એક દીકરી તરીકે કર્યું છે. તેથી હું મારા અંત: કરણથી તેમણે આશીર્વાદ આપું છું.

**"હે ભગવાન તમારી અદાલતમા, મારી અનામત રાખજો,**
**હું રહું કે ન રહું મારા, મમ્મી-પપ્પાને સલામત રાખજો."**

I Love You Papa...

ભૂલચૂક હોય તો માફ કરજો. અને તમે હંમેશાં ખુશ રહો.

તમારી દિકા

**માનસી**



# વસોયા અંજલિ નીલેશકુમાર

જન્મતારીખઃ- ૨૪/૦૧/૧૯૯૧

પિતાની પુણ્યતિથી :-



**My papa is best in the world. Love you papa...**

**Dear papa,**

તમારી દીકરી તમને સાચા મનથી આજ પત્ર લખી રહી છે. "પપ્પા" શબ્દ બહુ જ મોટો છે એને નિભાવવો ખૂબ જ મુશ્કેલ છે. કેમ કે દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા છે. જે પોતે કષ્ટ વેઠીને પણ દીકરીને મુશ્કેલી માંથી બહાર કાઢે છે.

જોકે મારા પપ્પા સાવ અલગ જ હતા. અમને પપ્પાનો પ્રેમ કોઈ દી મળ્યો જ ન હતો. અમે બે બહેનો અને એક ભાઈ હતા. પણ શાયદ ભગવાનને શું મંજૂર હતું. કે ભાઈ છોડીને જતો રહ્યો. શાયદ અમારા નસીબમાં ભાઈ ન હતો, તે પાંચ વર્ષનો હતો અને તેને વીજળીનો કરંટ લાગ્યો અને તે અમને છોડીને જતો રહ્યો. અમારા જીવનમાં અંધકાર છવાઈ ગયો. અમારા નસીબમાં શાયદ ભાઈનું સુખ ન હતું અને ત્રીજી બહેન આવી. તે મારા પપ્પા, દાદી અને બંને કાકાને પસંદ ન આવ્યું.

મારા દાદી અને બંને કાકા તો પહેલેથી જ નાની નાની બાબતથી મારા મમ્મી-પપ્પા વચ્ચે ઝઘડો કરતા. અને મારા મમ્મી સાચા હોય તો પણ કોઈ દી મારા પપ્પા તેની સાઈડ ન લેતા. તે મારા કાકા અને દાદીની સાઈડ લેતા. મારા મમ્મીને તે બાબતથી બહુ જ દુખ લાગતું. તે જોઈને અમને પણ ખૂબ જ દુખ થાય. મારા પપ્પાએ અમને પણ કોઈ દી પ્રેમ નહતો આપ્યો. અને મમ્મી પપ્પાનો ઝગડો થતો ત્યારે અમે ઝઘડો શાંત કરવા વચ્ચે પડીએ તો પપ્પા અમને પણ મારી લેતા. મારા દાદી અને કાકા કહે તેમ જ કરતાં. અમને કોઈ દિવસ દાદી અને કાકાનું સુખ પણ નથી મળ્યું. તે અમને દુખી જોઈને રાજી થતાં.

ધંધા બાબતથી પણ મારા પપ્પા એમ જ કરતાં. કામે જવું હોય તો જાય નકર નો જાય. ધંધો હોય છતાય ઘરે બેઠા હોય. અમે બંને બહેનો ભણી-ગણીને ઊઠીને જરીકામ કરતાં. ઘણા ટાઈમ સુધી જરીકામ કર્યું અને ઘર ચલાવ્યું. એકવાર કોઈ નાની બાબત થી મમ્મી પપ્પા વચ્ચે ઝઘડો થયો અને મમ્મીથી ન સહેવાયું. તેને મારા મામાને બોલાવ્યા. મારા મામા એ સમાધાન થઈ જાય તે માટે ઘણી કોશિશ કરી પણ સમાધાન કરવા રાજી ન હતા. પછી મારા મમ્મી અને અમે ત્રણ બહેનો મુંબઈ ચાલ્યા ગયા. મારા નાના-નાની પાસે.

મુંબઈ અમે 6 મહિના રહ્યા. ત્યાં અમે બંને બહેનો ઈમિટેશનનું કામ કરવા જતાં.

મારા મામાએ પણ સુરત મારા પપ્પાને ઘણું સમજાવ્યા સમાધાન વિશે પણ તે માન્યા જ નહીં. 6 માહિનામાં અમને કોઈ દિવસ મળવા મુંબઈ પણ ન આવ્યા. સમાધાન ન થતાં મારી મમ્મી એ છૂટાછેડાનો ફેંસલો કર્યો. મારા મમ્મીને એ વાત નું દુખ થયું કે તેને મારું તો કાંઇ નહીં પણ તેની દિકરિયું પર પણ પ્રેમ નથી. તેણે દીકરિયું પર પણ પ્રેમ નથી. તેણે દીકરિયું સામે પણ ન જોયું. ૬ મહિના પછી અમે સુરત આવતા રહ્યા. અને મારા મમ્મી-પપ્પા બંનેની મરજી પ્રમાણે છૂટાછેડા થયા. અમે એક પૈસો લીધા વગર છૂટા થઈ ગયા.

અમારા જીવનમાં જાણે આભ જ તૂટી પડ્યું. પણ મારા મમ્મી અને અમે હિમ્મત ન હારી. અમારે ભાડાનું મકાન હતું. પછી અમે બંને બહેનોએ જરીનું કામ પાછું ચાલુ કર્યું. અને મારા મમ્મી ઘરે ડાયમંડ ચોંટાડવાનું લાવીને અમે ઘર ચલાવતા. મારી નાની બહેનને ભણાવી અને મકાનનું ભાડું ભરવું. અમારી માથે ટેન્શન આવી ગયું. અમારે મિલકતમાં પણ કઈ ન હતું. એકવાર અમે મહેશપપ્પા વિશે સાંભળ્યુ. તેના વિશે સાંભળીને એમ થયું કે તે દરેક વ્યક્તિ કરતાં અલગ જ છે. તેમના વિચાર દરેકથી અલગ છે. કારણ કે આજના યુગમાં લોકો દીકરીને સપના ભારા સમાન ગણતાં હોય છે પણ મહેશ પપ્પાએ તો એવી કેટલીયે દીકરીઓને પોતાની જાણી પ્રેમ આપ્યો છે. અમારો મહેશ પપ્પા સાથે સંપર્ક થયો અને જ્યારે પહેલીવાર દિકા કહીને બોલાવી ત્યારે હું ખૂબ જ ખુશ થઈ. આનંદ થયો. હું મારી જાતને ધન્ય માનું છું કે મને મહેશ પપ્પા જેવા પપ્પા મળ્યા. પપ્પા ગરીબ, અનાથ બાળક ને આર્થિક રીતે ખૂબ સહાય કરે છે. તે સમાજ માટે પણ ઘણું કરે છે. આવી વ્યક્તિઓ દુનિયામાં ખૂબ જ ઓછી જોવા મળે છે.

લગ્નની ખરીદીમાં ગયા તો નવાઈ જેવુ જ લાગ્યું. જેમ એક પિતા દીકરી માટે લગ્નની ખરીદી કરાવે, મનગમતી વસ્તુ ખરીદવાનું કહે તેવી ઈચ્છા મહેશપપ્પાએ પૂરી કરી. હું ભાગ્યશાળી છું. એક પપ્પા અમને છોડીને જતાં રહ્યા તો અમને અમારા મહેશપપ્પા મળી ગયા. મારા પપ્પા નથી છતાં કરિયાવર સાથે લઈને જઇશ. કદાચ મારા પપ્પા હોત તો પણ હું આટલો કરિયાવર ન લઈ જાત. હું ગોડ ને એવી પ્રાર્થના કરું છું કે દરેક જન્મમાં મને મહેશપપ્પા ની દીકરી બનાવે. હવે મારો પરિવાર એકલો નથી. મારા પરિવારમાં મહેશપપ્પા પણ છે. મહેશપપ્પા અમારા જીવનમાં આવ્યા એટલે હું ભગવાનનો ખૂબ જ આભાર માનું છું.

I am Proud of you papa....I love you papa
Thank you so much papa
લિ. તમારી લાડકી દિકા **અંજલિ**



# કાકડિયા કુંજન દિલીપભાઇ

જન્મતારીખઃ- ૧૦/૦૩/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ----



**પ્રિય પપ્પા,**

તમારા માટે શું લખવું એ મને સમજાતું નથી, દુનિયામાં ઘણાય શબ્દો છે પણ એ બધાય શબ્દો ભેગા કરીને પણ તમે જે અમારે માટે કરો છો એનું વર્ણન હું ના કરી શકું. તમારા માટે લખતા- લખતા શબ્દો પણ ખૂટી જાય છે.

હું મારા જીવન વિષે તમને કઈક કહેવા માગું છું. હું નાની હતી ત્યારથી જ અમે બધી બહેનો એ દુખનો સામનો કર્યો છે. મારા પપ્પાનો સ્વભાવ પહેલેથી જ સારો ન હતો. તે મારા મમ્મી અને અમને બે બહેનોને બહુ જ દુખ આપતા. અમે પપ્પાના પ્રેમ માટે બંને બહેનો ખૂબ જ આતુર હતી પણ અમને પપ્પાનો પ્રેમ કદી મળ્યો ન હતો. અમારી બે બહેનો પછી ભગવાને એક ભાઈ આપ્યો. અમે બે બહેનો ખૂબ ખુશ હતી કે ચાલો આપણને એક ભાઈનો પ્રેમ મળ્યો. પણ શાયદ અમારી કિસ્મતમાં એ પ્રેમ પણ ના લખ્યો હતો. મારો ભાઈ ૫ વર્ષનો હતો ત્યારે તેને વીજળીનો કરંટ લાગતાં એ અમને છોડીને જતો રહ્યો. પછી તો અમારા જીવનમાં અંધકાર છવાય ગયો. જાણે કે કોઈ આભ તૂટી પડ્યું હોય. પણ અમારા નસીબમાં જ દુખ હોય તો પછી શું અને ત્રીજી પણ બહેન જ આવી. પછી અમને એમ થયું કે ચાલો હવે ત્રણેય બહેનો ગમે એમ કરીને દુખનો સામનો કરીશું.

પણ મારા પપ્પાનો ત્રાસ દિવસેને દિવસે વધતો ગયો. એ કઈ કામ પણ કરતાં ન હતા અને અમે બે બહેનો બહાર કામે જઈને ઘર ચલાવતી. ભાડાનું મકાન અને બહેનના ભણવાના ખર્ચા એ બધુ મારા મમ્મી અને અમે બે બહેનો ચલાવતાં.

પછી એટલું કામ કરતાં પણ અમને કોઈ દિવસ પપ્પા એ દીકરી કે દિકા એવું કીધું ન હતું. અમે જાણે એના માટે કઈ હતા જ નહીં. પછી તો એનો ગુસ્સો અને એનો માર સહન ન થતાં. મારા મમ્મી અને અમે એનાથી છૂટા પડી ગયા. પપ્પા અમને છોડવા તૈયાર થઈ ગયા. મારા મમ્મી અને પપ્પાના છૂટાછેડા થઈ ગયા.

પછી તો અમે ત્રણ બહેનો અને મારા મમ્મી અમે ચાર રહેવા લાગ્યા. મારા મમ્મી ઘરે ટાંકવાનું લાવીને અને અમે બાર કામે જઈને ઘરનો ખર્ચ પૂરો પાડતા.

પછી હવે અમે બે બહેનો ઉમરલાયક થઈ એટલે અમારી સગાઈ થઈ ગઈ અને હવે અમારા લગ્નનું ટેન્શન મારા મમ્મી પર આવી ગયું. નહીં કોઈનો સાથ, ન કોઈનો સપોર્ટ મારા મમ્મી નિરાશ થઈ ગઈ.

પછી એકવાર અમને અમારા એક ઓળખીતા એ કીધું કે પી.પી. સવાણીમાં બાપ વગરની દુખી દીકરીઓને મહેશ પપ્પા લગ્ન કરાવે છે. ત્યારે અમારી ખુશીનો પાર ન રહ્યો. અમે ફોર્મ ભર્યું અને અમારું ફોર્મ સિલેક્ટ થઈ ગયું. પછી મહેશા પપ્પા સાથે અમારી પહેલી મીટિંગ થઈ ત્યારે પપ્પાને જોતાં જ એમ થયું કે જે પ્રેમ અમને અત્યાર સુધી પપ્પાનો નથી મળ્યો એ મહેશા પપ્પા તરફથી અમને જરૂર મળશે. પછી પેલી મિટિંગમાં મહેશા પપ્પા એ અમને દિકા કહીને બોલાવ્યા અને અમારી બેય બહેનો ખુશીનો પર ન રહ્યો. પપ્પા એ અમારી મમ્મીને પણ સાંત્વના આપી કે આજથી તમારી દીકરીઓ મારી છે. એનું બધું ટેન્શન હવે મારૂ છે. ત્યારથી મારા મમ્મી નો બધો ભાર હળવો થઈ ગયો અને અમારે પપ્પાની કમી પૂરી થઈ.

મહેશ પપ્પા જાણે કે ભગવાન બનીને આવ્યા અમારી માટે ધરતી પર મહેશપપ્પા માટે હું શું લખું હું તો માંગું છું કે મને જન્મોજનમ તમારા જેવા જ પપ્પા મળે અને દુનિયામાં મારા પપ્પાને બધા જ સુખ મળે અને આમ જ અમારી જેવી દીકરીઓના દુ:ખ દૂર કરે.

મારા મહેશ પપ્પા વિશે હું બે લાઇન લખવા માંગું છું.

Dear Papa

**ફુલ કી શુરુઆત કલી સે હોતી હે,**
**જિંદગી કી શુરુઆત પ્યાર સે હોતી હે**
**પ્યાર કી શૂરુઆત અપનોં સે હોતી હે,**
**ઔર અપનોં કી શુરુઆત મેરે મહેશપપ્પા સે હોતી હે.**

I love you papa...,
I miss you papa...,

**તમારી વહાલી દિકા**
**કુંજન**



## રાણા પારૂલ ઉત્તમભાઈ

જન્મતારીખઃ- ૦૯//૦૪/૧૯૯૮
પિતાની પુણ્યતિથીઃ- ૦૩/૦૯/૨૦૦૮



**જય રામાપીર**

હું રાણા પારૂલ ઉત્તમભાઈ મહેશપપ્પાને હદય થી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માંગુ છું અને હદયથી મહેશ પપ્પાનો આભાર વ્યક્ત કરું છું.

**Dear Papa**

પપ્પા, બધા લોકો એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા ફરતા નથી પરંતુ ભગવાને મને કુદરતના નિયમોની વિરુદ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશપપ્પામાં મારા પપ્પાને મહેસૂસ કરું છું. પપ્પા તમે મારી લાઈફમાં આવીને મને ખુબ જ ખુશીઓ આપી છે. દિલથી આભાર વ્યક્ત કરું છું.

Thanks a lot dear papa for coming in my life.

દુનિયામાં બધા જ લોકો ખુશ નથી હોતા. બધા લોકોને સુખ અને દુખનો સામનો કરવો જ પડે છે. આવામાં મારો પણ સમાવેશ થાય છે. મારે પણ ઘણા બધા દુઃખનો સામનો કરવો પડ્યો હતો.

મારા પપ્પાનું અવસાન થયા ને આજે દસ વર્ષ થયાં છે. ત્યારે હું નાની હતી. મારા પપ્પા બીમાર હતા. અચાનક જ તેમનું ઘરમાં જ અવસાન થઈ ગયું હતું. અમે પાંચ દીદી છીએ તેમાથી મારા પપ્પા એ એક દીદીને પરણાવી હતી. એમાંથી પણ દીદી જરીકામ કરી મને ૯ ધોરણ ભણાવી પછી એ લોકોના પણ મેરેજ થઈ ગયા પછી એ લોકો પણ સાસરે ચાલી ગઈ. અમારા ઘરમાં કોઈ કમાવાવાળું નથી પછી મારી મમ્મીને ડાયાબિટીસની બીમારી આવી ગઈ પછી અમે કરીયે શું? પછી મેં પણ ૯ ધોરણનો અભ્યાસ કરીને ઉઠી ગઈ અને મે પણ નોકરી કરવા લાગી ગઈ. નોકરી કરીને ઘર ચલાવે, ભાડું ભરીએ છે. પછી ધીરે ધીરે મારા પણ મેરેજની વાત થઈ. મે મારી મમ્મીને કહ્યું કે આપની પાસે કોઈ નથી કેવી રીતે તું મારા મેરેજ કરશે? એટલામાં મારા પિતાજી જ્યાં નોકરી કરતાં હતા ત્યાંનાં શેઠ એ અમને કહ્યું કે પી.પી. સવાણીમાં તારે લગ્ન કરવા છે. અમે લોકો ફોર્મ

લેવા પણ ગયા પણ અમને ફોર્મ ન મળ્યું. પછી અમે નામ લખ્યું એટલામાં ઓફિસથી ફોન આવ્યો કે દીદી ઓફિસે આવીને તમારું લગ્નનું ફોર્મ લઈ જાઓ. પછી અમે ફોર્મ લેવા ગયા પછી અમને લાગ્યું કે મહેશભાઇ સવાણી કેવા હશે તેને હું ક્યારે મળીશ?

પપ્પાવાળી છત્રછાયા:

ઓફિસે જતાં જ ઓફિસમાં પગ મૂકતાં જ પપ્પાએ એમ કીધું કે આવ દિકા... આ શબ્દ સાંભળ્યો ન હતો ખૂબ ખૂબ ખુશ થઈ ત્યાં હું અને મમ્મી પણ મારી સાથે જ હતા. 'દિકા' કીધું મને ખૂબ જ ગમ્યું. પપ્પા એ એમ કીધું કે તું મારી દિકાને હું તારા પપ્પા હોં. પપ્પા આટલા વર્ષો પછી મને પપ્પા બોલવાની તમન્ના હતી. બધાને પપ્પા હોય બધી છોકરીઓ પોતાની બધી જ વાત કરે મારે કોને કહેવી? હું હવે મારા પપ્પાને બધી જ દિલની વાત શેર કરું છું.

પછી થોડી મમ્મીએ મને શિખામણ આપેલી કે આ ઘરને છોડીને જા એટલે સસરાનું ઘર પોતાનું જ માનજે.

પારકાને પોતાના બનાવજે, સાસુ સસરાને માતા પિતા માનજે, નણંદને બહેનની જેમ રાખજે જેઠને મોટા ભાઈ સમાન રાખજે. આ ઘરના તુલસીનો ક્યારો છો તેમજ એ ઘરનો તુલસીનો ક્યારોને દીવો બનીને રહેજે દીકરી....

સંતોની વાણીનું બરાબર રીતે આ સવાણી પરિવાર પાલન કરી રહ્યો છે. જે આ હકીકત છે. એક સારો માણસ જે આખા સમાજના વાતાવરણને શરૂ કરી છે એની મહેશભાઇ વલ્લભભાઈ સવાણી પરિવાર આવા ઉમરા અને શ્રેષ્ઠ પરિવારને મારા શત શત પ્રણામ....

જય રામાપીર....

Thank you papa

**તમારી દિકા**
**પારૂલ રાણા**



## સરવૈયા મમતા અલ્પેશકુમાર

જન્મતારીખઃ- ૧૯/૦૭/૧૯૯૦
પિતાની પુણ્યતિથીઃ- ૧૨/૦૩/૨૦૧૬



જય રામાપીર પપ્પા

I Love You papa

કેમ છો? પપ્પા. હું મજામાં છું. આશા કરું છું કે તમે પણ મજામાં હશો. મારૂ નામ આંબલીયા મમતા દેવરાજભાઈ છે. હું સામાન્ય પરિવારમાંથી આવું છું. અમે ચાર બહેનો અને એક ભાઈ છે. મારી ત્રણ બહેનો અને ભાઈના મેરેજ થઈ ગયા છે. હું બધાથી નાની છું. આમ તો વધારે બહેનો હોવાથી અમારા ઘરની પરિસ્થિતી પહેલે થી જ સાધારણ હતી. અને પપ્પાને બી.પી.ની બીમારી હોવાથી પપ્પા તો બીમાર રહેતા. કઈ કામ પણ ન કરી સકતા માટે પહેલેથી જ અમે બધી બહેનો કામ કરતી જ હતી એવામાં એક દિવસ મારા પપ્પાને 'પેરાલિસિસ'નો એટેક આવ્યો અને પપ્પાનું અડધું શરીર ખોટું થઇ ગયું. અમે ખૂબ દવા કરવી તો જરાક ફરક પડ્યો પણ પપ્પાને મગજ માં અસર રહી અને પગમાં પણ ખરાબી આવી ગઈ. અને પપ્પા સાવ પથારીવશ થઈ ગયા. ત્યારે મારી ત્રણ બહેનો સાસરે હતી હું એક જ ઘરે હતી. મે પપ્પાની ત્રણ વર્ષ સેવા કરી. એવામાં મારી સગાઈની વાતચીત ચાલતી હતી. અને મને ખૂબ દુખ થતું કે મારા પપ્પાની સેવા કોણ કરશે પછી? એ વિચારે હું ખૂબ જ રડતી. અને એક દિવસ અલ્પેશ મને જોવા આવ્યા. અને મારી સગાઈ ફિક્સ થઈ ગઈ. રવિવાર તા. ૬/૩/૨૦૧૬ ને દિવસે મારી ચાંદલા વિધિ કર્યા અને હું શું કહું પપ્પા....

બીજા રવિવારે તા. ૧૩/૩/૨૦૧૬ ને પપ્પાનું અવસાન થયું. એ દીવસે હું ખૂબ જ રડતી કે મારા ભાગ્યમાં મારા પપ્પા આશીર્વાદ નહીં હોય કે શું?

પપ્પા મને ખૂબ જ દુખ થતું એ વિચારી કે મારા લગ્નમાં મારા પપ્પાના આશીર્વાદ નહીં હોય. પરંતુ ભગવાને મારી ઈચ્છા જાણી અને મહેશ પપ્પા મળ્યા. મે તો વિચાર્યું જ ન હોતું કે આજના જમાનામાં મહેશ પપ્પા જેવા માણસો છે. જે બધી જ દીકરીને ખૂબ જ વહાલ થી તેની જવાબદારી લઈ આખી જિંદગી ધ્યાન રાખે છે. મારી મુલાકાત મહેશપપ્પા સાથે પહેલી વાર મિટિંગમાં થઈ ત્યારે મને થતું કે આટલા મોટા માણસની સામે હું કેમ બોલીશ, હું શું કહીશ? પરંતુ મહેશ પપ્પાને જોઈને મને મારા પપ્પા જ

દેખાણા અને મારી બધી જ બીક ચાલી ગઈ.

સાચે જ મહેશપપ્પાને મળીને મને ખૂબ જ આનંદ થયો. મને મારા પપ્પા પાછા મળી ગયા હોય એવો અનુભવ થયો. મહેશપપ્પા I Love you પછી અમે શોપિંગ માટે ગયા ત્યાં અમે બધી દીદી મળી આવી રીતે અમને પપ્પાની સાથે મહેશપપ્પાએ દીદી પણ મળી જે અમારું ખૂબ જ ધ્યાન રાખે છે.

મને ખૂબ જ આનંદ છે અને હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મારા મેરેજ મહેશ પપ્પાના આશીર્વાદથી થઈ રહ્યા છે. હું ભગવાનને એટલું જ કહીશ કે મારી જેવી બધી જ પપ્પા વગરની દીકરીને મહેશ પપ્પા મળે.

Thank you god
Thank you Papa
I love you papa
Jay ramapir papa
તમારી લાડકી દિકા
મમતા



## પ્રજાપતિ હિના રાજુભાઇ

જન્મતારીખઃ- ૩૧/૧૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૦૨/૦૨/૨૦૧૬



**માય સ્વીટ પાપા... જય રામાપીર...**

પપ્પા,

તમારા વિશે ક્યાં શબ્દમાં લખું એ સમજાતું નથી. પપ્પા હું મધ્યમ વર્ગની દીકરી છું. મારા કુટુંબમાં હું, મારા મમ્મી અને મારો નાનો ભાઈ છે. મારા પપ્પાનું અવસાન એક્સિડેંટમાં થયું હતું. મારા ઘરમાં હું અને મારા પપ્પા નોકરી કરતાં હતા. મારા પપ્પાને મૃત્યુ પછી આખા ઘરની જવાબદારી મારી પર આવી ગઈ. મારી સગાઈને એક વર્ષ થઈ ગયું અને મારા પપ્પાની મૃત્યુ પછી મારા લગ્નની જવાબદારી મારી પર આવી ગઈ. મારો નાનો ભાઈ ત્રણ મહિનાથી નોકરી પર જય છે, તે મારા લગ્ન કઈ રીતે કરાવી શકે? હું જ્યાં નોકરી કરું છું ત્યાંથી મને પી.પી. સવાણીના સમૂહ લગ્નની જાણકારી મળી અને હું પી.પી.સવાણી હોસ્પિટલે જઈને ઓફિસનું એડ્રેસ લઈ આવી અને ઓફિસ આવીને ફોર્મ ભરી ગઈ.

જ્યારે હું પહેલીવાર તમને મળી ત્યારે લાગ્યું કે જાણે મને મારા પપ્પા મળી ગયા અને તમે દિકા કહ્યું અને કહ્યું કે આજથી તારી બધી જવાબદારી મારી છે. હવે તમારે કઈ પણ ટેન્શન લેવાની જરૂર નથી ત્યારે મને લાગ્યું કે મને મારા પપ્પા મળી ગયા. બધા એવું કહે છે કે ભગવાન પાસે ગયેલી વ્યક્તિ પછી ફરતી નથી પણ મને મહેશ પપ્પાના સ્વરૂપમાં ભગવાને મારા પપ્પા આપ્યા. તમે તમારી બધી જ લાડકી દીકાની સાથે છો તમે આટલી બધી દીકરીની સારસંભાળ પૂછો છો. તમારા વિશે તો હું ઘણું લખવા માગું છું પણ જેટલું લખું એટલું ઓછું છે.

પપ્પા, તમે કેટલી દીકાનું ધ્યાન રાખો છો. તમે રોજ સવાર સાંજ મેસેજ મોકલો છો. તમે જેવુ કામ કરો છો એ કોઈ કરી ન શકે. તમે આવા ને આવા કામ સદા કરતા રહો અને તમે ખૂબ જ ખુશ રહો. જય રામાપીરનો હાથ સદા તમારા માથા પર રહે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું. પપ્પા કઈ પણ લખવામાં ભૂલ થઈ ગઈ હોય તો તમારી વહાલી દીકાને માફ કરી દેજો..............................Thank you papa. I love you papa.

લિ. તમારી વહાલી દીકરી
**હીના**



## પ્રિયા નિમેષકુમાર રાણા

જન્મતારીખઃ- ૧૮/૦૬/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૦૪/૦૯/૨૦૧૩

**Dear papa**
**જય રામાપીર**

**આજે તમારી દીકરી તમને મનથી લાગણીમય પત્ર લખી રહી છે.**

મારા પપ્પાનું અવસાન તા. ૪/૯/૨૦૧૩ના રોજ થયું હતું ત્યારે હું ૧૮ વર્ષની હતી. તેમણે કેન્સરની બીમારી હતી. તે ક્ષણે તો મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું. અમે બે બહેનો અને એક ભાઈ છીએ. બહેનના લગ્ન થઈ ગયા છે. હું મારા પપ્પાની સૌથી નાની અને લાડકી દીકરી હતી. મારા પપ્પાના સ્વર્ગવાસ પછી મોટા ભાઈએ ઘરની બધી જ જવાબદારી લીધી અને મારા મમ્મી ઘરકામ કરતાં હતા.

અમે પહેલી વાર તા.૨૩/૦૬/૨૦૧૬ના રોજ પપ્પાને મિટિંગમાં મળ્યા ત્યારે હું એમને જય રામાપીર કહીને પગે લાગેલી. એ સમયે મહેશપપ્પાએ મારા માથા પર હાથ મૂકીને વ્હાલથી જય રામાપીર કહેલું અને મારી મમ્મીને કહ્યું કે આજથી આ મારી દિકા છે. તમારે કશી ચિંતા કરવાની નથી. આની બધી જ જવાબદારી મારી. એ સમયે પપ્પાના આ શબ્દો મને ખૂબ જ ગમ્યા હતા. પપ્પા તમે મારા જીવનમાં પપ્પાની કમી પૂરી કરી તેના માટે હું ખૂબ જ ખુશ છું., ભગવાનને બસ એક જ પ્રાર્થના કરું છું કે મારા પપ્પાને ભગવાન સદાય હસતા રાખે.

**"ભગવાન કઈક છીનવી લે છે,**
**તો તેના કરતાં બે ગણું આપી દે છે."**

ભગવાન આ સૃષ્ટિમાં બધી જ જગ્યાએ નથી પહોંચી શકતા એટલે મહેશ પપ્પા જેવા વ્યક્તિને તેમનો પડછાયો બનાવીને આ ધરતી પર મોકલે છે, જેનાથી અમારા જેવી પપ્પા વગરની છત્રછાયા ગુમાવનાર દીકરીઓને છાયા મળી રહે. આજે કેટલીયે દીકરીઓના પપ્પા થઈને સમાજમાં અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. મહેશ પપ્પા વિશે લખવા બેસીએ તો પેન જ અટકતી નથી. હું ભગવાન ને એક જ પ્રાર્થના કરું છું કે મને જો મનુષ્ય અવતાર મળે તો તમે મને મહેશપપ્પા જેવા વ્યક્તિના ઘરે જન્મ આપજો.

જ્યારે હું તા. ૭/૭/૨૦૧૬ના દિવસે મારા લગ્નની ખરીદી કરવા ગયેલી



ત્યારે મારી બહેનો મિત્તલ દીદી, સોનલ દીદી અને અંકિતા દીદીએ લગાતાર મારી સાથે રહીને ખૂબ સરસ અને સારી રીતે ફરજ અદા કરી હતી.

બસ પપ્પા મને બીજું કઈ જોઈતું નથી. બસ, હું તમારો પ્રેમ ઈચ્છું છું. પપ્પા તમે મારી જોડે રોજ રહેતા નથી પણ મારા દિલમાં રહો છો. આંખો ખોલતાં પહેલાં તમારા ગુડ મોર્નિંગ ના અને આંખો બંધ કરતાં પહેલા ગુડ નાઈટના મેસેજ મળે. હું કેટલી ભાગ્યશાળી છું કે મને આટલો પ્રેમ કરવાવાળા પપ્પા મળ્યા...લવ યૂ પપ્પા...

મહેશ પપ્પાએ મારા લગ્નની બધી જ જવાબદારી ઉઠાવી ત્યારે મે મારા માટે જે સ્વપ્ન જોયા હતા તે સ્વપ્ન પૂરા કરવા માટે મહેશ પપ્પા આવ્યા. આજે મને એવું લાગે છે કે મારા પપ્પા મારી સાથે જ છે. મહેશ પપ્પા એટલે ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ અનુરાગ.

જય રામાપીર<br>
I love you papa

Thank you Papa<br>
Love you so much My Sweet papa..<br>
લિ.<br>
લાડકી દીકરી<br>
**પ્રિયા**





## પરસાણા મોનિકા અંકુરકુમાર

જન્મતારીખ:- ૨૦/૦૭/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૧૩/૩/૧૯૯૮

Dear papa,

જે પિતા પોતાની દીકરીને જીવનમાં ખુશ રાખે તે પપ્પાના જીવનમાં દુ:ખનું કોઈ સ્થાન નથી. પપ્પા હું તમને એક વાત કહેવા માંગુ છું મારી લાઇફમાં મહેશ પપ્પા તમે આવ્યા પહેલાની થોડી વાત કહેવા માંગુ છું. મને આશા છે કે તમે જરૂરથી વાંચશો.

મારૂ નામ મોનિકા છે. અમે ૫ બહેનો અને ૧ ભાઈ છે. હું બધાથી નાની છું. અમારી પરિસ્થિતી ખૂબ જ સારી હતી. પરંતુ પપ્પા અચાનક બહુ જ બીમાર પડી ગયા અને દવાખાનું બહુ જ આવ્યું પછી જે કઈ ધંધો હતો તે બંધ થઈ ગયો અને દવાખાનું સતત એક વર્ષ ચાલુ રહ્યું તે પછી પપ્પાનું અવસાન થઈ ગયું. તે પછી તો અમે ખૂબ જ નિરાશ થઈ ગયા. અને ભાઈ પણ નાનો હતો અને અમારે જમીન પણ નથી પણ મારા મમ્મી અને મોટી બહેને મહેનત મજૂરી કરીને ઘર ચલાવતા હતા. અમે ઢસા ગામના રહેવાસી છીએ. પછી થોડાક વર્ષો પછી સુરત આવતા રહ્યા. હું અહીં મશીન ચલાવું છું અને મારો ભાઈ હીરા ઘસે છે. અને અમે અમારું ગુજરાન ચલાવીએ છીએ. અને હવે તો મહેશ પપ્પા તમે અમને મળી ગયા તો હવે એવું લાગે છે કે મને ઘણા વર્ષો પછી પપ્પા મળી ગયા. મને મારા લગ્ન આવી રીતે થશે તેવી આશા પણ ન હતી. હું બહુ  જ ખુશ છું. બારબીજના ધણી તમને સદા આવું કાર્ય કરવાની શક્તિ આપે.

I Miss you Maheshpappa
તમારી વહાલી દીકરી
**મોનિકા**



# હિના રાજુભાઇ કામ્બડ

જન્મતારીખઃ- ૭/૦૫/૧૯૯૮
પિતાની પુણ્યતિથીઃ- ૨૪/૦૬/૨૦૧૫



પપ્પા,

તમારા માટે જેટલું લખું એટલું ઓછું પડે છતાં તમારી દીકરી તમને સાચી લાગણી થી પત્ર લખે છે.

સૌ પહેલા તો મારા પરિવાર વિશે વાત કરું. અમે ચાર બહેનો છીએ. અને બધામાં હું મોટી છું. અમારા ઘરની આર્થિક પરિસ્થિતી પહેલેથી જ નબળી હતી કેમ કે પપ્પાથી કઈ વધારે કામ થતું નહીં એટલે જ્યારથી સમજતી થઈ ત્યારથી જ ઘરની જવાબદારી ધીમે ધીમે મારા પર આવતી ગઈ. મમ્મી બીજાના ઘરકામ કરવા જતાં તેની સાથે હું પણ જવા લાગી. પણ એનાથી કઈ ચાલે એમ ન હતું. એટલે સાતમું ધોરણ પૂરું કરી હીરાની ઓફિસમાં જવા લાગી. એવામાં એક દિવસ પપ્પા ચાલતા ચાલતા પડી ગયા અને માથામાં વાગતાં હેમરેજ થયું અને અમે સાવ નોધારા થઈ ગયા. પછી તો ઘરની બધી જ જવાબદારી મારી પર આવી ગઈ અને જેમ તેમ કરીને ઘરનું ગાડું ચાલતું.

પછી મારી સગાઈ અજય સાથે થઈ અને પછી લગ્નનું ક્યારે ગોઠવવું એવી વાતચીત ચાલતી હતી તો મારા સસરા એ અમને પી.પી. સવાણી ગ્રુપમાં જોડાવાની સલાહ આપી. તેમણે ખબર હતી કે પી.પી.સવાણી ગ્રૂપ દ્વારા સમૂહ લગ્નનું આયોજન થાય છે. એવી રીતે પી.પી. સવાણી ગ્રૂપમાં જોડાયા. અને મારે પહેલીવાર ૨૫/૦૬/૨૦૧૬ના દિવસે પહેલી મિટિંગમાં સુરત આવવાનું થયું ત્યારે પહેલી વાર મહેશ પપ્પાને મળી અને તેમણે મને 'દિકા' કહીને બોલાવી. ત્યારે હું એટલી ખુશ થઈ ગઈ કે મને મારા પપ્પા મળી ગયા. બસ ત્યાર પછી તો રોજ સવાર સાંજ મહેશ પપ્પાના ગુડ મોર્નિંગ અને ગુડ નાઈટના મેસેજ આવવા લાગ્યા. એક બાપ પોતાની સગી દીકરીને પણ ન સાચવે એ રીતે મહેશ પપ્પાએ મને મારા લગ્નના દાગીના અને કપડાંની ખરીદી કરાવી. ત્યારે તો એમ જ લાગ્યું કે જાણે મહેશ પપ્પાના સ્વરૂપમાં જાણે કોઈ ભગવાનનો જ અવતાર હોય.

મારી સાથે એક અદભુત ઘટના એ બની કે જે દિવસે મારા પપ્પાની પુણ્યતિથી હતી તે જ દિવસે હું મહેશ પપ્પાને મળવા માટે ભાવનગરથી સુરત આવવા નીકળી હતી. ભગવાન પણ આપે ત્યારે કેવી રીતે આપે છે. બરાબર એક વર્ષે ભગવાને મને મહેશ પપ્પાના સ્વરૂપે મારા પપ્પા પાછા આપી દીધા.

મને એ વાતનો ગર્વ થાય છે કે મહેશ પપ્પા જેવા પપ્પા મને મળ્યા અને હું એટલી ખુશ છું કે મારાં લગ્ન આટલા ધામધૂમથી થશે. ખરેખર, મહેશ પપ્પાનો સ્વભાવ પણ ખૂબ જ પ્રેમાળ અને લાગણીશીલ છે. ક્યારેય એવું નથી લાગ્યું કે મહેશ પપ્પાએ આ ખોટું કર્યું. મહેશ પપ્પાના દરેક નિર્ણય બરાબર જ હોય.

મહેશ પપ્પાએ મારા માટે જે કઈ કર્યું એટલું કોઈ ના કરી શકે એના બદલામાં હું કઈ આપી તો ના શકું પણ ભગવાનને રોજ એટલી પ્રાર્થના તો જરૂર કરીશ કે મહેશ પપ્પા આ જે કાર્ય કરે છે તેના માટે ભગવાન તેમને શક્તિ આપે અને પપ્પા મારા જેવી દીકરીઓના પપ્પા બનીને એમના કન્યાદાન કરે. ભગવાન મહેશ પપ્પાને ખૂબ લાંબુ આયુષ્ય આપે.

બસ, વધારે તો શું લખું કેમ કે એક દીકરી તેના પપ્પા પ્રત્યેની ભાવના અને લાગણીઓને લખીને કહેવા માટે આ પત્ર ખૂબ જ ટૂંકો પડે.

છેલ્લે એક વાત તો જરૂર કહીશ કે ખરેખર, નસીબદાર હોય તેને જ આવા પપ્પા મળે. મહેશપપ્પા એ આ વાત સાબિત કરી દીધી કે “દીકરી એ બાપ માટે દિલનો દીવો” જ કહેવાય.....

હું તમને રોજ યાદ કરું છું પપ્પા....
તમારી વહાલી દીકરી
**હિના**



## ખીમાણી જ્યોત્સના ધનજીભાઇ

જન્મતારીખ:- ૧૧/૦૪/૧૯૮૭
પિતાની પુણ્યતિથી:- ૦૧/૦૪/૧૯૯૫



**જય રામાપીર પપ્પા....**

કહેવાય છે કે દીકરી કુળનું ગૌરવ છે કારણ કે દીકરી ૨ કુળને તારવે છે. સૌ પ્રથમ અમારા પરિવારમાં અમે ૭ સભ્યો છીએ. ૫ બહેન અને ૧ ભાઈ અને મમ્મી સાથે રહીએ છીએ. મારા પપ્પાનું અવસાન ૦૧/૦૪/૧૯૯૫ ના રોજ થયું. હું ૭ વર્ષની હતી અને મારો ભાઈ ૨ વર્ષનો હતો. પપ્પાના અવસાન પછી મારી મોટી બહેન હીરા ઘસતી હતી અને અમે બધા ભણતા હતા. ત્યાર બાદ મોટી બહેન ના લગ્ન થઈ ગયા. પછી મારા મમ્મી અમને મજૂરી કરીને ભણાવતા એમ અમારું ગુજરાન ચાલતું હતું. હું ૧૦ ભણીને મમ્મીને ખેતીમાં મદદ કરવા લાગી. સમય જતાં મે સિલાય કામ સિખ્યું અને મમ્મીને થોડી મદદ થઈ એમ કરતાં બધી બહેન ના લગ્ન થઈ ગયા. ૨ બહેનોના લગ્ન જેતપુરમાં સમૂહ લગ્નનું આયોજન થયું હતું ત્યાં કરાવ્યા. ભાઈ નાનો હોવાથી કામ કરે એમ કોઈ ન હતું. હું સિલાય કામ કરતી પછી ભાઈ બી.કોમ. પાસ થયા પછી થોડું કામ કરવા લાગ્યો. એટલે મારા લગ્નનું નક્કી કર્યું અને મારા મમ્મી એ મારૂ સાસરું સારું ગોત્યું અને અચાનક અમને ખબર પડી કે સુરતમાં મહેશભાઇ સવાણી લગ્નનું આયોજન કરે છે. આ વાત અમને ગીતા સોજીત્રા કે જેમના લગ્ન મહેશપપ્પા એ કર્યા હતા અને અમે તેની મુલાકાત લીધી.

આ રીતે પપ્પા તમારી સાથે મુલાકાત થઈ. ૨૫/૬/૨૦૧૬ એ પપ્પા તમને મળ્યા પછી એવું લાગ્યું કે તમે અમારી જિંદગીમાં ભગવાન બનીને આવ્યા. પપ્પા એકવાર મળ્યા તો પણ એવું લાગે છે કે આપનો બહુ પહેલા નો સંબંધ છે. કદાચ મારા પપ્પા હોત તો પણ તમારા જેટલી શોપિંગ ન કરાવી શક્ય હોત. પપ્પા જેમ whatsup માં અમારી સાથે ખુલા દિલથી વાત કરો છો અને સવારે ગુડ મોર્નિંગ અને સાંજે ગુડ નાઇટના મેસેજ મોકલો છો એ અમારા માટે સૌભાગ્યની વાત છે. કે તમારી સાથે આટલા ક્લોઝ રહીએ છીએ આટલી બધી દીદીઓનો સાથ અને પ્રેમ મળશે. ખાસ કરીને પપ્પા દિકા શબ્દ

સાંભળીને જે આનંદ અને ખુશી થાય છે તે વર્ણવી શકાય એમ નથી હવે બધાને ગર્વથી કહીશ કે મારે પણ પપ્પા છે....**મહેશપપ્પા છે...**

કહેવાય છે કે લોહીના સંબંધ કરતાં લાગણીના સંબંધ ઊંચા હોય છે આવો જ સંબંધ પપ્પા અને દિકાનો છે અને આવો જ સંબંધ રહે એવું જ ભગવાન પાસે માગું છું.

Thank you papa....love you so much...

**લિ.**
**તમારી વહાલી દીકરી**
**જ્યોત્સના**



## બાલધા હીરલ મગનભાઈ

જન્મતારીખઃ- ૨૨/૦૮/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૧૩/૦૪/૨૦૦૬



**Dear papa,**

**પપ્પા તમારા વિશે તો જેટલું કહું એટલું ઓછું કહેવાય ???**

તમારા જેવા આદર્શપિતા મળ્યા છે આજે મારા જેવી કેટલીય છોકરીઓના એક પિતા સમાન છો. ભગવાને અમારા માટે એક પિતાનું વાત્સલ્ય આપ્યું છે. દરેક દીકરીને પોતાના પપ્પા પ્રત્યે ખૂબ માન અને ગર્વ છે. પપ્પા હોય એટલે ચિંતા જ ન હોય. મારા પપ્પા બધુ જ સાંભળી લેશે.

મારા પપ્પાનું અવસાન થયું પછી મારા પપ્પાની આશ તમે પૂરી કરી. પિતા સમાન પ્રેમ જોયો છે તમારી આંખો દીકરીઓ પ્રત્યે આંસુ જોયા, અને દીકરીઓ માટેની લાગણી જોઈ છે અને પોતાની જ દીકરી સમાન પ્રેમ જોયો છે. ભગવાને તો તમને દીકરીઓના પિતા સમાન મોકલ્યા છે. પિતાને પોતાની દીકરીઓ ઘણી વહાલી હોય છે. તે પિતાની ઘણી લાડકી હોય છે.મને હવે એમ નથી લાગતું કે મારે પપ્પા નથી કેમ કે મને મહેશપપ્પા જેવા પિતા મળ્યા છે.

ભગવાનને હું પ્રાથના કરું છું કે પપ્પા હજારો દીકરીઓના પિતા બને એવી તાકાત ભગવાન તમને આપે. પપ્પાને દરેક દીકરીઓની દુઆઓથી પ્રેમની લાગણી એમની આંખોમાં જોવા મળે છે. મહેશ પપ્પાને હું ઓળખતી પણ ન હતી. મારા મમ્મીને મારા લગ્નની બહુ જ ચિંતા હતી. લગ્ન કેવી રીતે કરીશું? પછી મારી એક બહેનપણી સુરત રહે છે. તેને અમને મહેશ પપ્પા વિશે વાત કરી અને અમે મહેશ પપ્પાને મળ્યા. મહેશ પપ્પા સાથે અમારી મુલાકાત થઈ ત્યારે મહેશ પપ્પાની આંખોમાં દીકરીઓ પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો. પછી એમ થયું કે મહેશ પપ્પા જેવા પિતા હોય એને ચિંતા કરવાની જરૂર ન પડે. પપ્પા સવાર સાંજ મને યાદ કરે છે. પપ્પા રોજ એમની દીકરીઓને સવાર સાંજ મેસેજ મોકલે છે. હું ખૂબ જ ખુશ છું કે મને પપ્પાનો પ્રેમ મળ્યો. મહેશ પપ્પા તમે મારા પપ્પા બની ગયા છો એટલે હું કોઈ દિવસ પપ્પાને નહીં ભૂલું પપ્પાને જ્યારે પણ જરૂર પડશે. ત્યારે અમે બધી દીકરીઓ સાથ આપીશું.



I love you so much papa ...My best papa

લિ. તમારી દીકરી... **હીરલ બાળધા**



## ગોહિલ સોનલ ચીમનભાઈ

જન્મતારીખ:- ૧૯/૦૬/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૦૧/૦૪/૨૦૧૦

### "જય રામાપીર" પપ્પા...

આજે હું મારી લાઈફની વાત તમને કહું છું. પપ્પા... અમે ત્રણ બહેનો અને એક ભાઈ છે. મારો ભાઈ નાનો છે. મારા પપ્પાનો સ્વભાવ ખૂબ જ સારો હતો. તે અમારી ત્રણ બહેનો સાથે ખૂબ જ સારો વ્યવહાર રાખતા. પપ્પા અમારી બધી જ જરૂરિયાતો પૂરી કરતાં હતા. મારા પપ્પા ઘરે આવે ત્યારે અમારા માટે કઈ ને કઈ લઈને આવતા હતા. પણ એક દિવસ એવો આવ્યો કે અમારી ખુશહાલભરી જિંદગીમાં દુ:ખનો પહાડ તૂટી પડ્યો. મારા પપ્પાનું અવસાન થયું. અમારી જિંદગીમાં અંધારૂ છવાય ગયું. અમને કઈ જ ખબર પડતી ન હતી. અમે સાવ એકલા થઈ ગયા હતા. અમારી લાઈફમાં પપ્પા સિવાય કોઈનો આધાર ન હતો. પછી અમારી બધી જ જવાબદારી મમ્મી ઉપર આવી ગઈ. પછી ધીમે ધીમે મમ્મીએ નોકરી પર જવાનું ચાલુ કર્યું. પછી અમારી લાઈફ પછી ધીરે ધીરે સેટ થવા લાગી. પણ કુદરતને એ પણ મંજૂર ન હતું. અને એક દિવસે અચાનક મમ્મીનું પણ અવસાન થયું. તે દિવસ અમારી માટે ખૂબ જ ભયાનક હતો. શું કરવું?, શું ન કરવું? તેની અમને કઈ જ ખબર ન હતી. અને માં-બાપ વગરનું ઘર અમને સૂકા રણ જેવુ લાગતું. મમ્મી પપ્પાને યાદ કરીને અમે આખો દિવસ રડતાં હતા. મને કઈ જ ખબર પડતી ન હતી. મમ્મીના અવસાન પછી મને મારી જવાબદારી સમજાઇ કે જિંદગી શું છે? પછી મેં જોબ ચાલુ કરી અને મારી મોટી બહેન અને જીજાજી અમારા ઘરે રહેવા લાગ્યા. પછી અમારું ઘર અને અમારી બધી જ જવાબદારી, જરૂરિયાત મારા જીજાજી પૂરી કરતાં હતા. નોકરી પર જતી ત્યારે મમ્મી પપ્પા ખૂબ જ યાદ આવતા. જ્યારે પણ કોઈ મોટી વસ્તુ મારે લેવી હોય ત્યારે પપ્પા ખૂબ જ યાદ આવતા. પછી મારા મેરેજની વાત આવી અને મે ધીમે ધીમે છોકરા જોવાનું ચાલુ કર્યું. પછી મને સુરતથી નિતિન જોવા માટે આવ્યા અને મે હા પાડી. અમારી સગાઈ થઈ પછી નિતિનના મમ્મી-પપ્પા એક દિવસ અમારા ઘરે આવ્યા. તે દિવસે તેમણે અમને મહેશ પપ્પા વિશે બધી જ વાત કહી. પછી અમે પહેલી મિટિંગમાં મહેશ પપ્પાને જોયા. તેમની સાથે રૂબરૂ મુલાકાત થઈ. મહેશ પપ્પા ખૂબ જ સારા છે. તે ખૂબ જ સારું કામ કરે છે. તેમણે હું ભગવાનનું બીજું સ્વરૂપ માનું છું. હું



ભગવાન પાસે એવી પ્રાર્થના કરું છું કે મહેશપપ્પા હંમેશા ખુશ રહે. મહેશ પપ્પાએ મારા મેરેજનાં બધાં જ સપનાં પૂરાં કર્યા અને નિતિન પણ તમને ખૂબ જ ચાહે છે.

બસ...મહેશ પપ્પા હું દિલથી એટલું જ કહીશ કે મહેશ પપ્પા તમે સાથે છો તો મારે અને નિતિનને જીવનમાં શાની જરૂર? બસ હવે આટલું જ કહીશ કે પપ્પા તમે ખૂબ જ સારા છો.

Love you papa...

**લિ.**
**તમારી દિકા**
**સોનલ ગોહિલ**

**"જય રામાપીર"**





# નારિયા ગીતાબેન માવજીભાઇ

જન્મતારીખઃ- ૧૨/૦૬/૧૯૮૯
પિતાની પુણ્યતિથીઃ- ૨૬/૧૦/૨૦૧૦

**પ્રિય પપ્પા,**
**સાદર પ્રણામ**
**સપ્રેમ નમસ્કાર**

"હું જ્યારે મારી આંખોમાં ખુશીના આંસુ જોઉ છું કે તમારા ચહેરા પર મારા માટે અલગ જ સ્નેહ જોઉ છું ત્યારે હું ગર્વ અનુભવું છું."

મારા મનનો ભાર હળવો કરવા માટે તમને પત્રમાં જણાવી રહી છું. મારા પપ્પાને વાલ્વની તકલીફ હતી. તેમણે વધુ સારવારની જરૂર હતી. તે માટે તેમણે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. અને ત્યાં તેમના વાલ્વનું ઓપરેશન કરાવ્યું. ત્યારબાદ ૫ વર્ષ અમારી સાથે રહ્યા. પણ કઈ કામ કરી શકતા નહીં. તે પછી છેલ્લે તેમણે ડેન્ગ્યુ તાવ આવ્યો અને એક દિવસની બીમારી બાદ મારા પપ્પાનું અવસાન થયું. ત્યારે હું ૧૮ વર્ષની હતી.

અમારા ઘરમાં મારા મમ્મી અને અમે ત્રણ બહેનો અને એક ભાઈ એમ પાંચ સભ્યો હતા. અમરા ઘર પર જાણે આભ તૂટી પડ્યું હોય એવું દુખ આવી પડ્યું પરંતુ અમે હિમંત ન હારી. અમારે કામધંધામાં ફક્ત ખેતી પર જ આધાર રાખવાનો હતો. મારા પપ્પાની ૧૭ વીઘા જમીન અને બીજાની ભાગમાં રાખીને બધા જ ખેતીકામમાં વળગી ગયા.

આ સમયમાં અમને મહેશ પપ્પાનો સંપર્ક થયોને મારી મમ્મી-ભાઈની બધી જ ચિંતા હળવી થઈ ગઈ. લાગ્યું કે જાણે નવું જીવન મળ્યું પપ્પાના અવસાન પછી કોઈ દિવસ પપ્પા બોલવાની જીભ ઊપડતી ન હોતી. સમાજમાં ઘણા માણસો જોયા. લોકો "બેટી બચાવો" ના નારા કરે છે. પણ જ્યારે એક બેટીની મદદ કરવાનો વારો આવે છે તો લોકો પીછેહઠ કરે છે. પરંતુ મહેશપપ્પા તો બેટીની આંગળી પકડે છે તેના જીવનની ઢાલ બને છે. આટલા ઉદાર દિલના માણસ પહેલી વાર જોયા. એમનો આભાર કઈ રીતે માનવો તે સમજાતું નથી. શબ્દ ઘણા છે પરંતુ પત્રમાં સમાતા નથી. બસ હું આટલું જ કહેવા જ માગું છું.

"દીકરો મા-બાપને સ્વર્ગમાં લઈ જાય પણ સ્વર્ગને ઘરે લઈ આવે એનું નામ દીકરી."

**થેન્ક્સ પપ્પા ફોર કમ બેક....**
**તમારી વહાલી દીકરી**
**ગીતા**



## સાવલિયા મિત્તલ તુલસીભાઈ

જન્મતારીખઃ- ૧૧/૦૬/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૩૦/૦૬/૨૦૦૪



Dear papa

આજે તમારી દીકરી તમને લાગણીમય પત્ર લખી રહી છે. તમારા પ્રત્યેની મારી ભાવનાઓને અને વ્હાલ ને શબ્દમાં ઉતારવા માટે આ કાગળ ઘણો જ નાનો છે. ખરેખર પપ્પા શબ્દ એ જ બહુ મોટો શબ્દ છે. જેને નિભાવવો અને સમજવો બહુ જ મુશ્કેલ છે. કારણકે એક દીકરી માટે એના પિતા જ તેની દુનિયા હોય છે.

તમે મારા જીવનમાં મારા એક ફ્રેન્ડ બનીને આવ્યા છો. જેને હું મારા જીવનની દરેક વાત કોઈ પણ વિચાર કે સંકોચ વગર જણાવી શકું છું. પપ્પા તમે હંમેશાં તમારા કામમાથી સમય કાઢીને મને સમય આપ્યો. તમારા કામ પહેલા તમે તમારી દીકરીઓને મહત્વ આપ્યું છે એ માટે થેન્ક્સ પપ્પા...

હું જ્યારે ત્રીજા ધોરણમાં ભણતી હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું અને મારા પરિવાર નું જીવન અંધકારમય બની ગયું અને મારું ઘર દુખમાં સરી પડ્યું. તે સમયે મારી નાની બહેન ફક્ત ૬ મહિના ની જ હતી. ઘરમાં કમાનાર વ્યક્તિ હવે કોઈ ન હતું. તો પણ મારા મમ્મી એ મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવતા. ઘરમાં અમે ૮ બહેન અને એક મારા મમ્મી એમ ૯ જણા હતા. જ્યારે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે એકેય બહેનના લગ્ન પણ નહોતા થયા. જ્યારે હું હોસ્ટેલમાં ભણતી હતી ત્યારે બધી છોકરીના પપ્પા તેમને મળવા આવતા ત્યારે મને ખૂબ અફસોસ થતો અને હું એકાંતમાં રડી પણ લેતી હતી. પણ અત્યારે મહેશપપ્પા મળ્યા ત્યારથી એમ થાય છે કે ભગવાને મને પાછા મારા પપ્પા આપ્યા. આમ મારા પપ્પાને પણ ભુલાવી દેનારા એવા મહેશપપ્પા માટે હું દિલથી લાગણી વ્યક્ત કરું છું. મારા શબ્દોની ભૂલ ને માફ કરજો પપ્પા. પણ દિલથી કહું છું કે I love you papa.

From
Your dear dika
**Mital**



# ઉષા કિશોરભાઇ અકબરી

જન્મતારીખ:- ૦૫/૦૧/૧૯૯૩
પિતાની પુણ્યતિથી:- ૦૫/૦૯/૨૦૧૫



**હું અકબરી ઉષા હદયથી આ પત્ર લખું છું અને મારી લાગણીઓને વ્યક્ત કરું છું.**

અમારા ઘરમાં અમે ત્રણ સભ્યો છીએ. હું,મારા મમ્મી અને નાનો ભાઈ. મારા પપ્પાનું ૨૦૧૫માં આઠમના દિવસે જ અવસાન થયું. તે દિવસે જ હું લગ્ન ની ખરીદી માટે અમદાવાદ જવાની હતી. અને પપ્પાનું અવસાન થયું ત્યારે હું અમરેલી ગઈ હતી. આઠમનું પર્વ હોવાથી બધા એમ જ કહેતા કે તારા પપ્પાને ભગવાન પોતે આવીને જ લઈ ગયા છે તેથી તમારે દુ:ખી ન થવું જોઈએ અને પપ્પાનું અવસાન થયું હોવાથી મારા લગ્નએ વર્ષે બંધ રહ્યા.

પછીના વર્ષે એટલે કે ૨૦૧૬ માં લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યારે અમે ઘરે જ લગ્ન કરવાના હતા. પછી દિવાળી પર બધા ઘરે બેસવા આવતા ત્યારે એમને મહેશપપ્પાની અને આ રીતે લગ્ન થાય છે તેવી વાતો કરી અને તેમાં જોડવાનું કહ્યું. અમને તો મહેશપપ્પાની જાણ પણ ન હતી. પછી મે અને મારા મમ્મી એ આ લગ્ન માં જોડાવાનું નક્કી કર્યું. બધાને વાત કરી કે અમારે આ લગ્ન માં જોડાવું છે તો બધાએ સંમતિ આપી.

ત્યાર પછી મહેશપપ્પા મળ્યા ત્યારે એમ થયું કે ખરેખર મારા પપ્પા મને પાછા મળી ગયા. એમણે જેવા લગ્ન કરવાનું વિચાર્યું છે અને જેવા લગ્ન એ બધી દીકરીઓના કરે છે તેવા લગ્ન દુનિયાનું કોઈ ન કરી શકે. એક દીકરીના લગ્ન કરવા હોય તો પણ કોઈ મહેશપપ્પા જેવા લગ્ન ન કરી શકે.

મહેશ પપ્પા મળ્યા પછી લગ્નનો જે બોજ હતો તે સાવ માથા પરથી ઊતરી ગયો.

Thanks a lot dear papa for coming in my life.

પપ્પા તમારે એટલી બધી દીકરીઓ હોવા છતાં પણ તમે બધાને સરખો પ્રેમ આપો છો. કોઈને ભૂલતા નથી. તમારા જેવા પપ્પા તો નસીબવાળાને જ મળે. તેથી હું તમારો ખૂબ જ આભાર માનું છું કે તમે મને તમારી દીકરી સ્વરૂપે સ્વીકારી.

**I love you papa**
**From,**
**Your dika**
**Usha**



## સોનાવાલા જ્યોતિ ઠાકોરભાઈ

જન્મતારીખઃ- ૨૫/૦૬/૧૯૮૬
પિતાની પુણ્યતિથીઃ-૧૭/૦૯/૨૦૧૨



**પ્રિય પપ્પા,**

**સવિનય સાથે પપ્પાને જણાવવાનું કે અમારો પરિવાર તમારુ આજીવન આભારી રહ્યું છે.**

હું જ્યોતિ આનંદની લાગણી અનુભવી રહી છું તે ફક્ત તમારા કારણે જ. કારણકે જ્યારથી મે મારા પિતાજીની છત્રછાયા ગુમાવી ત્યારથી મને અને મારી મમ્મી ને અતિ ચિંતા રહેતી હતી- લગ્ન બાબતે અને કન્યાદાન બાબતે કે હવે મારૂ વડીલ ગણાય તે હવે કોણ? કેમ કે અમારી ખૂબ જ ગરીબ પરિસ્થિતિ હતી અને ઘરમાં કોઈ વડીલ ગણાય તેવું ન હતું. મારી મમ્મીના આંસુ સુકતા ન હતા. તે ખૂબ જ મારી ચિંતામાં રહેતા હતા.

પણ જાણે મારા પિતાજીએ મારૂ દુખ જોયું હોય તેમ મારૂ કન્યાદાન કરવા તમને મોકલ્યા હોય તેમ તમે અમને મળ્યા. મારા જીવનનું મોટામાં મોટું કાર્ય મને પરણાવવાની અને મારૂ કન્યાદાન કરવાની જવાબદારી તમે ઉપાડી લીધી એ બદલ અમે સૌ પરિવાર તમારો અને તમારા પરિવારનો આભાર માનીએ એટલું ઓછું છે. તમે ઘણાના કન્યાદાન કરી અતિ પુણ્ય મેળવો છો. અમારી જવાબદારી ઉપાડી એ બદલ મારા પિતાજી તરફથી ઘણા આશીર્વાદ લાગશે. તમે પણ મારા પિતાજીનું કર્તવ્ય બજાવો છો એ બદલ અમે ખૂબ જ હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ. જેનું શબ્દમાં વર્ણન થઈ શકે એમ નથી.

તમે જ્યારે મને કન્યાદાન કરીને વિદાય આપશો ત્યારે તમારામાં મને મારા પિતાજીના દર્શન થશે.

લિ.
તમારી દિકા
**જ્યોતિ**





# જૈમિની યોગેશકુમાર તોરાવાલા

જન્મતારીખ:-૧૨/૦૨/૧૯૯૧

પિતાની પુણ્યતિથી:- ૨૭/૧૧/૨૦૧૫

## Dear papa

**પપ્પા તમારા વિષે જે કઈ પણ કહું તે ઓછું કહેવાય. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વહાલને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળ ઘણો જ નાનો છે.**

ખરેખર તો પપ્પા શબ્દ મોટો છે. કારણ કે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પણ તેના પપ્પા માટે નાની જ હોય છે.

મારા પપ્પા મને ખૂબ જ વહાલા હતા. મારા પપ્પાને કરોડરજ્જૂની હાડકાંનો પ્રોબ્લેમ હતો. જેનાથી તેમણે ચાલવાની તકલીફ વધી ગઈ હતી. જેના કારણે પૈસાની સગવડ વધારે ન હોવા છતાં અમે સારા ડોક્ટર ને બતાવવાનું વિચાર્યું. ત્યારબાદ વડોદરામાં ડો. વિરલ મહેતાને બતાવ્યું અને ડોક્ટરે અમને તાત્કાલિક ઓપરેશન કરાવવાનું કહ્યું, નહીં તો તેમણે પેરાલિસિસ થઈ જશે એવું કહ્યું જેથી અમે ગમે તેમ સગવડ કરીને પપ્પાનું ઓપરેશન કરાવવાનું નક્કી કર્યું. ઓપરેશન કરાવ્યા બાદ પપ્પાને ૨૨ દિવસ સારું હતું. ત્યારબાદ તા. ૨૭/૧૧/૨૦૧૫ શુક્રવારના રોજ પપ્પાને અચાનક એટેક આવતા તેમનું મૃત્યુ થયું. પપ્પાના મારવાથી અમારું કોઈ છત્ર જતું રહ્યું હોય એવું અમને લાગ્યું.

પપ્પા ના અવસાન બાદ અમારા ઘરની પરિસ્થિતિ બદલાઈ ગઈ. થોડા મહિના બાદ ઘરના બધા વડીલોએ મારા લગ્ન માટેની વાત શરૂ કરી. મારા માટે સારો છોકરો જોવાનું નક્કી કર્યું. આ લગ્નની વાત દરમિયાન મારી માસીની છોકરી છાયાબેન તરફથી આ પી.પી. સવાણી વિષેની માહિતી મળી જેમાં મહેશપપ્પા જે પપ્પા વિનાની દીકરીઓની પપ્પા તરીકે ફરજ બજાવે છે. આ સમય દરમિયાન જ મારી સગાઈ નક્કી થઈ ગઈ. અમે આ પી.પી. સવાણી માં ફોર્મ ભર્યું. મારૂ ફોર્મ તેમાં સિલેક્ટ થયું. અને અમે મહેશપપ્પાને મળ્યા ત્યારે અમને ઘણો આનંદ થયો. આ પી.પી. સવાણી ગ્રુપમાં મારૂ સિલેક્શન થયું તેના માટે હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું.

પપ્પાએ અમને મેરેજ માટે ખૂબ જ સારી રીતે શોપિંગ કરાવી અને બધી દીદીઓએ પણ અમને શોપિંગ કરાવવામાં મદદ કરી જે રીતે અમે ઘરે પણ શોપિંગ ન કરી શકીએ. એવી શોપિંગ મહેશપપ્પાએ અમને કરાવી. પપ્પા અમને રોજ ગુડ મોર્નિંગ અને ગુડ નાઈટ ના મેસેજ પણ મોકલે છે.



હું મહેશ પપ્પાને જ્યારથી મળી છું ત્યારથી ખૂબ જ ખુશી અનુભવું છું. પપ્પા વિષે જે કઈ પણ કહું તે ઓછું કહેવાય. આજના સમયમાં કોઈની પણ પાસે કોઈના માટે સમય નથી. જ્યારે મહેશપપ્પા પોતાના બધા જ કામમાથી અમારા માટે સમય કાઢે એ ખૂબ જ મોટી વાત છે.

હું રામાપીર ભગવાનને એવી પ્રાર્થના કરું છું કે મહેશ પપ્પાનું આયુષ્ય ખૂબ જ વધારે જેથી મારી જેમ પિતા વિનાની દીકરીને મહેશપપ્પા જેવા પિતા મળે.

લી.
આપની વહાલી દીકરી
**જૈમિની**





## રાઠોડ આશા ભાવેશકુમાર

જન્મતારીખ:- ૧૪/૧૧/૧૯૮૬
પિતાની પુણ્યતિથી:- ૦૭/૦૮/૧૯૮૮

**જય રામાપીર,**
તમે કેમ છો પપ્પા?
મને આશા છે કે સકુશળ અને ખુશ હશો.


જે પપ્પા પોતાની દીકરીને જીવનમાં ખુશ રાખે તે પપ્પાના જીવનમાં દુ:ખનું તો સ્થાન જ નથી. પપ્પા હવે હું મારી લાઈફમાં તમે આવ્યા તે પહેલાની વાતો તમને કહેવા માંગુ છું. અને મને વિશ્વાસ છે કે તમે જરૂર ધ્યાનથી વાંચશો.......

મારૂ નામ આશા છે અમે બે ભાઈ બહેન છીએ. અમે રણપરડાના રહેવાસી છીએ. આમ તો બધા શાંતિથી જીવન જીવતા હતા. હું બે વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું આ દિવસ મારી જિંદગીનો સૌથી ખરાબ દિવસ હતો. હવે મારા પપ્પા મારી સાથે નથી. જ્યારે કોઈ છોકરી ફ્રેન્ડ પોતાના પપ્પા વિશે વાત કરે ત્યારે મને મારા પપ્પાની બહુ યાદ આવે છે અને દુખ થાય છે. જ્યારે કોઈ તહેવાર કે પ્રસંગ હોય ત્યારે તો પપ્પાની બહુ યાદ આવી જતી અને આંખમાંથી આંસુ સરી પડતાં.

મારા મમ્મી મજૂરી કરીને ઘર ચલાવતા હતા. થોડા સમય પછી મારા ભાઈને હીરા ઘસવાના કામે લગાવી દીધો. થોડાં વર્ષો પછી મારા ભાઈની સગાઈ નક્કી કરી. પણ લગ્ન કરી શકીએ તેવી અમારી પરિસ્થિતિ ન હતી. મારો ભાઈ જે કારખાને હીરા ઘસતો હતો ત્યાંના શેઠ ભરતભાઈ દીયોરાએ રૂપિયા આપ્યા અને અમે મારા ભાઈના લગ્ન કર્યા.

અને થોડો સમય જતાં મારી સગાઈ નક્કી કરી. અને વાત લગ્ન સુધી આવી ગઈ પણ લગ્ન કરી શકીએ એવી અમારી સ્થિતિ ન હતી. અમારા ગામના પ્રવીણભાઈ સવાણીએ વાત કરી કે મહેશભાઇ સવાણી દીકરીઓના પાલક પિતા બનીને તેમના લગ્ન કરાવી આપે છે. ત્યારે મનમાં એક આશા થઈ કે કોઈ તો છે જે મને સહકાર આપે છે.

પપ્પા સાથે પહેલી મુલાકાત ગામમાં જ તેમના ફાર્મ પર થઈ. તેમણે જ્યારે બેટા કહીને મારા માથા પર હાથ મૂક્યો ત્યારે મને ખૂબ ખુશી થઈ. અને



મને પૂછ્યું કેમ છે?”દિકા”? આ શબ્દ સાંભળ્યા પછી મને ખૂબ ખુશી થઈ.

હવે મારા લગ્ન પણ ત્યાં નક્કી થયા છે. રોજે સવારે અને સાંજે એક મેસેજ આવે છે. અને ફોન પણ આવે છે. હું ખૂબ ખુશ છું. મારા પપ્પા worldના best papa છે.

I love you papa<br>
God bless you papa<br>
I am proud of you papa<br>
Jay ramapeer papa



## ગામિત દક્ષા ધર્માભાઈ

જન્મતારીખઃ- ૦૩/૧૧/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૨૫/૦૫/૨૦૦૪

**માનનીય મહેશ પપ્પા,**
**સાદર પ્રણામ**
**જય ઈસુ ખ્રિસ્ત**

હું મારા પપ્પા અને આખા પરિવારમાં બહુ લાડકી હતી. મારા પપ્પા મારી ઈચ્છાઓ પૂરી કરતા હતા. મારા ભાઈનું અચાનક અવસાન થતાં અમને ખૂબ જ દુખ થયું. થોડા સમય માં મારા પિતાનું અવસાન થતાં સંપૂર્ણ જવાબદારી મારા મમ્મી પર આવી ગઈ હતી. મારી મમ્મી લોકોના ઘરે જઈને ઘરકામ કરીને મને ધોરણ ૫ થી ૧૨ સુધી અભ્યાસ કરાવ્યો. આગળ અભ્યાસ કરવાની ઈચ્છા હતી પણ પૂરતા પૈસા ન હોવાથી ભણી ન શકી.

**હું પર્વતો તરફ મારી આંખો ઊંચી કરીશ**
**મને ક્યાથી સહાય મળે?**

ધોરણ ૧૨ પાસ કર્યા પછી મેં નર્સિંગનો કોર્સ કર્યો હતો. અત્યારે હું સુરતના ભટાર રોડ પર આવેલી શ્રી ગુરુનાનક ચેરિટેબલ ટ્રસ્ટ હોસ્પિટલમાં નર્સની નોકરી કરું છું. હોસ્પિટલમાં નોકરી કરતી શીતલબેન મહેશભાઈ રાઠોડ દ્વારા મને પી.પી.સવાણી ગ્રુપના લગ્ન વિશે જાણવા મળ્યું હતું. કારણ કે તેમના લગ્ન તમે જ કરાવ્યા હતા. હું પી.પી. સવાણી ગ્રુપ દ્વારા કરવામાં આવેલ લગ્નમાં જોડાઈને ખુબ જ આનંદ અનુભવું છું. જેમ ડૂબતાં માણસને તણખલાનો સહારો મળે તેમ તમે મારા અંધકારમય જીવનમાં સૂરજના સોનેરી કિરણનું તેજ લાવીને મારા જીવનને ધન્ય કરી દીધું છે. મારામાં જીવન જીવવાની મજા કઈક અલગ લાવી દીધી. તમારા આચાર-વિચાર અને સેવાભાવી સ્વભાવમાથી મને પણ ઘણું શીખવા મળ્યું છે. જેમ કે કોઈ પણ નાત-જાતના ભેદભાવ વગર નિરાધાર દીકરીને તમે પોતાની દીકરી ગણો છો. પૈસા તો ઘણા પાસે છે અને આવશે પણ અમારા જેવી નિરાધાર દીકરીઓ પાછળ ખર્ચ કરવા માટે તમારા જેવો ઉદાર જીવ હોવો જોઈએ. જેમ કે આપની કહેવત માં છે : " કંજૂસનું ધન કાંકરા બરાબર હોય છે". તમે તો ખૂબ જ સદુપયોગ કરો છો. ઘણી સંસ્થાઓ

ચલાવો છો. તમારું નામ ખૂબ જ રોશન થયું છે. અમારા બધાના અંતરથી ખૂબ નામના અને ધન મળતું રહે જેથી અમારા જેવી બીજી દીકરીઓને તમારો સહારો મળતો રહે. હું ખૂબ જ ભાગ્યશાળી છું કે તમારા જેવા પ્રેમાળ પપ્પા મને મળ્યા. લાખ લાખ અને કોટિ કોટિ વંદન મહેશપપ્પા...

Thank you &
I love you papa
તમારી વહાલી દીકરી
**દક્ષા**



## વેસરા કાજલ પ્રફુલભાઈ

જન્મતારીખઃ- ૧૨/૦૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૨૬/૦૬/૨૦૧૨

## Dear papa..

મારું મૂળ ગામ ભાયાવદર, તાલુકો ઉપલેટા અને જિલ્લો રાજકોટની વતની છું. અમે ભાયાવાદરમાં રહીએ છીએ. મારા પિતાજીનું અવસાન થયું ત્યારે હું અઢાર વર્ષની હતી. મારા પિતાનું અવસાન કિડની ખરાબ હોવાને લીધે જૂનાગઢની હોસ્પિટલમાં થયું હતું. તે દિવસે પરિવારમાં પણ જાણે આકાશ તૂટી પડ્યું હતું. અને અમારી આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હતી. પિતા વગરની જિંદગી શું કહેવાય એ અમને માતા પિતાના અવસાન પછી ખબર પડી. અમારા પરિવારમાં અમે ૪ વ્યક્તિ છીએ- હું મારા બે ભાઈ અને દાદી.

મારા પિતાના અવસાન બાદ મારી સગાઈ નક્કી કરી અને મને સારું ઘર મળ્યું. અને એ પરિવારમાં હું જેની શોધ કરતી હતી તેવા પિતા સમાન સસરા મળ્યા જેને હું મારા પિતા જ માનું છું. અને તેમના માં મારા પિતાજીની છાયા જોઉ છું મારા ઘરમાં બધાને જ મારા લગ્નની ચિંતા રહેતી હતી એટલામાં અમને પિતાની છત્રછાયા મળી. એટલે કે અમને વાત મળી કે દીકરીના પિતા ન હોય તેમના લગ્ન કરાવી આપે છે અને એ નામ હતું મહેશભાઇ સવાણી. જે પિતા વગરની દીકરીના લગ્ન કરાવી આપે છે અને તેમની બધી જ જવાબદારી લે છે.

હું ખૂબ જ નસીબદાર છું કે મને તમે મળ્યા. મારા બંને પપ્પા પાસેથી હું ઘણું બધુ શીખી છું. મારા બંને પપ્પાને કારણે આજે હું સાસરિયામાં સારી જિંદગી જીવી શકું છું. મહેશપપ્પા હું તમારો ક્યાં શબ્દમાં આભાર માનું? તમારા માટે એવો કોઈ શબ્દ નથી કે જેનાથી હું તમારો આભાર માની શકું. તમારો પ્રેમ ક્યારેય નહીં ભૂલું. હું આ જન્મમાં તો નહીં પરંતુ આવતા જન્મમાં પણ તમારું ઋણ કદી ન ચૂકવી શકું.

પપ્પા તમે બધી જ મુશ્કેલીઓ માથી નીકળતા શીખવ્યું...,
જીવનમાં હાર ન માનીને આગળ વધતાં શીખવ્યું...,
આજ હો કલ જૈસા



કલ હો ગુલાબ જૈસા
મહેક હો તાજ જૈસા
ઔર જિંદગી કે હર જન્મ મેં પાપા હો તો આપ જૈસા

**મારા પ્રિય પપ્પા...**

**લિ.**

**કાજલ**





## વેગડ કાજલ ગોપાલકુમાર

જન્મતારીખઃ- ૧૪/૦૪/૧૯૯૭
પિતાની પુણ્યતિથીઃ- ૨૭/૦૮/૨૦૧૪

### Love you papa

**" સૂર્ય ને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ મારે પણ મારા પપ્પા વિના નથી ચાલતું...."**

જય ખેતલીયા આપા સાથે જણાવવાનું કે 'માં' વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો છે પરંતુ એક પિતા વિશે કઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર ,બેસ્ટ કવિઓ કે લેખકો પણ પાછા પડી જાય છે. કેમ કે પિતા વિશે તો એક દીકરી જ લખી શકે.' પિતાનો લેખ કાગળમાં નહીં, દિલમાં હોય છે એ પણ એક દીકરીના દિલમાં...

દુનિયામાં વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોય તો હું માનું છું કે તે દીકરી અને પિતાનો છે. મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. હું મારા પપ્પાની લાડકી હતી.

મારા પપ્પાનું અવસાન તા.-૨૭/૦૮/૨૦૧૪ના રોજ થયું હતું. પાલિતાણા ગામમાં મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૧૭ વર્ષની હતી. મારા પપ્પા મર્ડરના કારણે સ્વર્ગવાસી બન્યા. મારા પપ્પા દેશમાં એકલા રહેતા અને હું મારી મોટી બહેન અને નાનો ભાઈ ત્રણેય મમ્મી સાથે સુરત રહેતા. કારણકે મારા પપ્પા દારૂ પિતા અને મારા મમ્મીને બહાર કામે ન જવા દેતા. અમે ત્રણેય ભાઈ બહેન અભ્યાસ કરતાં હતા. તેમાં મારા મમ્મી અમારા ત્રણેયનો સ્કૂલનો ખર્ચ કાઢે કે ઘરનો. એટલા માટે મારા મમ્મી અમને સુરત લઈ આવ્યા ત્યારે હું ૧૫ વર્ષની હતી.

મારા પપ્પા મને ખૂબ જ વહાલા છે. મારા પપ્પાની ઈચ્છા હતી કે મારે મારી દીકરીના લગ્ન ઘરે કરવા છે. પણ મારા પપ્પાની ઈચ્છા મહેશપપ્પા તમે પૂરી કરી દીધી. થેન્ક્સ પપ્પા..

આજે મારા પપ્પા ખૂબ જ ખુશ હશે. પપ્પા વિશે જેટલું લખીએ એટલું ઓછું છે... મારા વ્હાલા પપ્પા.... I miss you

**" જેમ સુરજ વિના દિ નકામો**
**તેમ પપ્પા વિનાની જિંદગી નકામી..."**



મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે.

જય સ્વામીનારાયણ...હવે જ્યારે મહેશપપ્પા તમે મને મારા ઘરે મળવા આવો ત્યારે મને એમ લાગસે કે મને મારા પપ્પા મને મળવા આવ્યા છે.

**Love you papa...**

**જય ખેતલીયા આપા**

**જય રામાપીર**

**લિ.**

**તમારી વહાલી દિકા**

**કાજલ**



# બારૈયા વનિતા અરવિંદકુમાર

જન્મતારીખઃ- ૧૮/૧૨/૧૯૯૪

પિતાની પુણ્યતિથીઃ- ૧૩/૦૨/૧૯૯૮

**My papa is best in the world...**
**love you papa.**

જય રામાપીર પપ્પા,

આજે મારે પણ પપ્પા વિશે કઈક જણાવવું છે. હું તો વિચારું છું કે દુનિયામાં પપ્પા વિશે કઈ કહેવાની જરૂર ન પડે, એ તો સૌ જાણતા જ હોય છે. 'માં' વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો છે પરંતુ એક પિતા વિશે કઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ કે લેખકો પણ પાછા પડી જાય છે. કેમ કે પિતા વિશે તો એક દીકરી જ લખી શકે.' પિતાનો લેખ કાગળમાં નહીં, દિલમાં હોય છે એ પણ એક દીકરીના દિલમાં... દીકરી માટે તેના પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે.

અમે અમારા ઘરમાં ત્રણ વ્યક્તિ છીએ. હું જ્યારે ૨ વર્ષની હતી ત્યારે મારો નાનો ભાઈ પાંચ મહિનાનો હતો અને આવા સમયમાં મારા પપ્પા અમારો સાથ છોડીને મૃત્યુ પામેલા. અને આ સમય અમારા માટે ખુબ જ દુઃખદ હતો અને આવા સમયમાં મારા મામાએ અમને રહેવા માટે ઘર આપેલું. તેમાં અમે ૭ વર્ષ રહ્યા. આટલો સમય ત્યાં વિતાવ્યા પછી આવી રીતે અમે ગારીયાધાર ગામમાં ભાડેથી રહેવા લાગ્યા. ત્યાર પછી અમારી બધી જ જવાબદારી મારી મમ્મી ઉપર હતી. મમ્મીએ ખૂબ જ દુખમાં રહીને અમને મોટા કરેલા અને જ્યારે મારા લગ્નનો સમય આવેલો ત્યારે મારા કાકાજીએ જણાવ્યુ કે મહેશભાઇ સવાણી પપ્પા વિનાની દીકરીના લગ્ન કરાવે છે અને એ પણ પોતાની દીકરી માનીને... જેથી અમને ખૂબ જ આનંદ થયો અને અમે અમારા ઘરે વાત કરી. મારા કાકાજીને મળીને તમારો સંપર્ક કરેલો. ત્યાર પછી તમારે ત્યાં લગ્ન વિશે મિટિંગ રાખેલીને ત્યાં અમે આવેલા. ત્યાંથી અમે આ સમૂહ લગ્નમાં જોડાવાનું નક્કી કરેલું.



જય રામાપીર પપ્પા અમારા જીવનમાં ભગવાન બનીને આવ્યા છે. તમારામાં અમને સાચા પિતાના દર્શન થયા છે. પપ્પા જ્યારે મને દિકા કહીને બોલાવે છે ત્યારે મને ખૂબ જ આનંદ થાય છે.

મહેશપપ્પા હું તમારો ક્યાં શબ્દમાં આભાર માનું? મારી પાસે એવો કોઈ શબ્દ નથી કે હું એ શબ્દોમાં તમારો આભાર માનું. હું તમારો પ્રેમ ક્યારેય નહીં ભૂલું. હું આ જન્મમાં તો નહીં પણ આવતા જન્મ માં પણ તમારુ ઋણ નહીં ચૂકવી શકું. આવા પપ્પા મને ક્યારેય નહીં મળે એવું વિચાર્યું હતું પણ ભગવાને મારી ઈચ્છા પૂરી કરી.

I miss you papa...

પપ્પા તમને મળવાથી અમારા હૈયાની હામ પૂરી થઈ હોય એવું લાગે... Thank you papa...

લિ.
તમારી દિકા
**વનિતા**





# સોલંકી મનીષા ભરતભાઇ

જન્મતારીખઃ- ૧૫/૧૨/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૨૫/૦૬/૨૦૧૩

## Dear papa
**પિતાના વાત્સલ્યને ઝંખતી**
**એક દીકરી મનીષાના પ્રણામ.**

જય રામાપીર.

દુનિયામાં વાત્સલ્યપૂર્ણ સંબંધ હોય તો તે છે દીકરી અને પિતાનો. મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. અમે ત્રણ બહેનો છીએ. મારા પપ્પા એ અમને ત્રણ માથી એક પણ બહેનને ક્યારેય ઓછું નથી આવવા દીધું. મારા પપ્પા ગરીબ હતા છતાં પણ અમને ભણાવી-ગણાવીને મોટા કર્યા અને અમને જોઈતી દરેક વસ્તુ લાવી આપતા પરંતુ ભગવાનને અમારા પ્રત્યેનું આ વાત્સલ્ય પસંદ નહિ હોય. મારા પપ્પા તા. ૨૫/૦૬/૨૦૧૩ના દિવસે મૃત્યુ પામ્યા હતા. ત્યારે અમે ત્રણ બહેનો ખૂબ જ રડી હતી. બધા લોકો અમને ખૂબ જ દયા અને લાચારી ની નજરે જોતાં હતા. પણ મને વિશ્વાસ હતો કે મારા પપ્પા કોઈ સ્વરૂપે મારી પાસે આવશે. અમને અમારા કાકા-કુટુંબે પણ તરછોડી દીધા હતા. મારા મમ્મી અમને ચાર ભાઈ બહેનને લઈને ભાવનગર આવ્યા હતા ત્યાં મારા મમ્મી એ અમારી માટે ખૂબ મહેનત કરી. મારો ભાઈ નાનો છે. એને ભણાવે છે. પણ મારા મમ્મી એ ક્યારેય હિમ્મત નથી હારી. એ હંમેશાં ખુશમાં રહે છે. અને અમને પણ ખુશમાં રાખે છે. મારા પિતા દુનિયાના બેસ્ટ પિતા હતા. જેને આજે ભગવાને અમારી પાસેથી છીનવી લીધા.

Thanks god

પણ આજે હું ખૂબ જ ખુશ છું કેમ કે ભગવાને મને મારા પપ્પા પાછા મેળવી આપ્યા. મને ભગવાન ઉપર વિશ્વાસ હતો કે મારા પપ્પા મને મળી જશે અને આજે મને મારા મહેશ પપ્પા મળી ગયા. ત્યારથી મને દુનિયાના બધા સુખ મળી ગયા છે. એ અમને ખૂબ જ ખુશ રાખે છે. અમને સારી સારી શોપિંગ કરાવે છે અને પ્રેમથી પૂછપરછ કરે



છે. ત્યાંના બધા જ દીદીઓ પણ ખૂબ જ પ્રેમાળ છે. અમને ખૂબ જ સારી રીતે શોપિંગ કરાવી હતી. પપ્પાએ મને દરેક મુશ્કેલીમાં મદદ કરી છે. તે માટે પપ્પાને દિલથી થેન્ક્સ. પપ્પાનું આ ઋણ હું કોઈ પણ ભવમાં ઉતારી શકીશ નહીં.

પપ્પા જો હું તમારા વિશે લખવા બેસું તો શબ્દ ઓછા પડે અને વાત કરું તો દિવસો ઓછા પડે. ભગવાન મારી ઉંમર મારા પપ્પાને આપે બસ...

I love you My Lovely papa

કદાચ મારી સામે ભગવાન અને મારા dedy mahesh papa બંને હોય અને મને એકની પસંદગી કરવાનું કહે તો હું દોડીને મારા મહેશ પપ્પાની જ આંગળી પકડું......

I love you My dear papa

**લિ.**
**તમારી વહાલી દીકરી**
**મનીષા**
**જય રામાપીર**





## મકવાણા રંજન કનુભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૦૯/૦૪/૨૦૦૫

પપ્પા,

મારૂ નામ મકવાણા રંજન કનુભાઈ છે. પપ્પા મારા પરિવારમાં ત્રણ બહેન અને બે ભાઈ છે. પપ્પા મારા પપ્પા વાડીએ પાણી વળતાં હતા અચાનક એટેક આવી ગયો અને તેમનું અવસાન થયું. તા:- ૦૯/૦૪/૨૦૦૫ના રોજ મારા પપ્પાનું અવસાન થયું. ત્યાર પછી મારી મમ્મીએ રોજ પર કામ કરીને અમને લોકોને મોટા કર્યા છે. મને પપ્પાનો પ્રેમ તો નથી મળ્યો પણ મારા સાસુએ મારી મમ્મીને કીધું કે આમાં જોડાવ. આ લગ્નમાં બહુ સારું છે અને મારી મમ્મી એ મારા મામાને કીધું અને તેમને અમને હા પડી અને અમે સવાણી પરિવાર સાથે જોડાયા. પપ્પા હું સવાણી પરિવાર સાથે જોડાઈ ત્યારથી મને બહુ સારું લાગે છે.

પપ્પા, મને મારા પપ્પાનો પ્રેમ નથી મળ્યો તે મને તમારી પાસેથી મળ્યો. હું એટલું જ કહેવા માંગુ છું કે બધાને તમારી જેવા પપ્પા મળે. પપ્પા મારા સસરા નથી, સમાજ ને બસ એટલો જ મેસેજ આપવા માગું છું કે સવાણી પરિવાર સાથે જોડાઈને મને બહું જ સારું લાગે છે બસ પપ્પા આટલું કહીને પેન અટકાવું છું.

લિ.
**રંજન**



## શૈખ સુમૈયા બાનુ મો. આઝમ

જન્મતારીખઃ- ૦૯/૦૮/૧૯૯૬
પિતાની પુણ્યતિથીઃ- ૨૮/૦૨/૨૦૧૦



**My Dear Papa,**

મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૯માં ધોરણમાં ભણતી હતી મારા ઘરમાં ૧ ભાઈ અને ૧ બહેન છે. મારા પપ્પાના ગયા પછી મારા મમ્મીને ઘણી મુશ્કેલીથી ભાઈ બહેનોને આગળ વધાર્યા. મે અને મારા મમ્મીએ પૂંઠાનું કામ કર્યું કેમ કે પપ્પાના ગયા પછી પરિસ્થિતિ એવી થઈ ગઈ કે મને અને મારા મમ્મીને જોબ કરવી પડી. મે પુંઠા પણ વાળતી હતી અને ભણતી પણ હતી. અને મારા પપ્પાને મારા લગ્નની બહુ જ આશા હતી કે મારી દીકરીના લગ્ન મેં ધામધૂમથી કરીશ. પણ તે દિવસ ખૂબ જ ખરાબ દિવસ હતો. મારી તો ૯માં ધોરણની પરીક્ષા ચાલુ હતી. ભણવામાં પણ ધ્યાન રહેતું ન હતું. મારા પપ્પાના ગયા પછી મમ્મી એકદમ ગુમસુમ થઈ ગયેલા અને મારા ભાઈને પણ ભણતરમાંથી ઉઠાવીને એને જોબમાં નાખવો પડ્યો. મે તો મારા લગ્નની આશા છોડી દીધેલી કેમ કે અમારી એવી પરિસ્થિતિ ન હતી કે સારા લગ્ન કરી શકીએ. મારૂ તો લગ્નનું એવું ડ્રીમ હતું કે સારું લહેંગો પહેરું, બ્યુટી પાર્લરમાં રેડી થાઉ પણ જ્યારે મારા મહેશ પપ્પા આટલી સારી રીતે બધી દીકરીઓના લગ્ન કરે છે, મે તો વિચાર્યું પણ ન હતું કે મારા આટલી સારી રીતે લગ્ન થશે. આ બધું મારા મહેશ પપ્પાના કારણથી થાય છે. મારા પપ્પા પણ મને જોઈને ખુશ થતાં હશે કેમ કે મને જેવી રીતે લગ્ન કરવા હતા એનાથી પણ ઘણી સારી રીતે થયા છે. મારા પપ્પાના ગયા પછી તો મે બધી આશા છોડી દીધેલી કેમકે મારા પપ્પાને હું કહું પપ્પા મને આ ખાવું છે એટલે પપ્પા લઈને જ આવે અને એ દિવસ નથી ભૂલી જ્યારે મે પપ્પાને કીધેલું પપ્પા મને શિખંડ ખાવો છે પપ્પા લઈને આવેલા પણ મને ક્યાં ખબર હતી કે એ પપ્પા ના હાથનું લાસ્ટ શિખંડ છે. અને સવારે પપ્પા કામ પર ગયા ત્યારે પણ મને બહાર ફરવા જવું હતું તો મમ્મી ને કીધું કે ફરવા જવું છે. મમ્મી એ કીધું કે પપ્પાને ફોન કરીને પૂછીલે હા કહેશે તો આપણે જઈશું. તો મે પપ્પા સાથે વાત કરી તો પપ્પા એ કીધું કે તને જવું છે તો જા મમ્મીને લઈને પણ એ ખબર ન હતી કે મારા પપ્પા સાથે લાસ્ટ ટાઈમ



વાત કરું છું અને અમે ફરવા ગયેલા અને આવ્યા ત્યારે ખબર પડી કે પપ્પાની ડેથ થઈ ગઈ છે. મારા પપ્પાનું એક્સિડંટ થઈ ગયેલું. આ સાંભળીને મારા પગ નીચેથી જમીન ખસી ગઈ અને લાગતું ન હતું કે પપ્પા અમને બધાને છોડીને ચાલ્યા ગયા. મને બહુ જ આશા હતી કે પપ્પા કામ પર ગયેલા છે. હમણાં આવશે પણ પછી ખબર પડી કે હવે ક્યારેય પણ પપ્પા નહીં આવે એ અમને છોડીને બહુ જ દૂર ચાલ્યા ગયા. મને એમ કે મારા પપ્પા જેવો પ્રેમ હવે કોણ કરશે? હવે મને બધુ લાવીને કોણ આપશે? હું કોને કહું કે પપ્પા મને આ જોઈએ. મમ્મીને એ ટેન્શન હતું કે ઘર કેવી રીતે ચાલશે? છોકરાઓને કેવી રીતે મોટા કરીશ? મારા મમ્મીએ બહુ જ મુશ્કેલીથી અમને બધાને મોટા કર્યા.

"Really I Miss You Dad...I Love You Dad"

પણ મારા મહેશ પપ્પા સૌથી બેસ્ટ પપ્પા છે કેમ કે મારા પપ્પાના ગયા પછી મને એ પ્રેમ મારા મહેશ પપ્પામાં મળ્યો છે. જ્યારે લગ્નનું શોપિંગ કરવા ગયા ત્યારે શાદીના જોડામાં હતી ત્યારે પપ્પાની ઘણી યાદ આવી પણ મારા મહેશ પપ્પા તો છે ને મારા પાસે એમની આટલી બધી દીકરીઓ છે. દર વર્ષે એટલી બધી દીકરીઓનું કન્યાદાન કરવું મારા મહેશપપ્પા બહું જ સ્વીટ છે. હું બહુ જ ખુશ છું કે મારા લગ્નમાં મારા પપ્પા મારી સાથે છે. એ પપ્પા તો મારા દિલમાં છે. પણ મારા મહેશ પપ્પા પણ સાથે છે. મને ફરી મારા પપ્પા મળી ગયા હતા. મારા પપ્પા તો છે પણ મહેશ પપ્પા એ મને 'પપ્પા' કહું એવો હક આપ્યો છે. તેઓ જ્યારથી મળ્યા છે ત્યારથી કોઈપણ બાબતે અમને તકલીફ પડવા દીધી નથી. મહેશ પપ્પા અમારૂ બધી રીતે ધ્યાન રાખે છે.

My sweet dad
I love you my dear papa
I miss you papa.

**Your daughter**
**Sumaiya**



# શેખ નીલોફરબાનું અનવર

જન્મતારીખઃ- ૨૬/૧૦/૧૯૯૬
પિતાની પુણ્યતિથીઃ- ૧૩/૦૩/૨૦૦૪



**સપ્રેમ નમસ્તે,**

હું તમારી દીકરી શેખ નીલોફરબાનું અનવર આજે તમારી સમક્ષ મારા દિલની સંવેદના પ્રગટ કરું છું. મારા મમ્મી પપ્પાની દીકરીની ઝંખનાથી બે ભાઈઓ પછી ઈશ્વરે મને તેમને અર્પણ કરી. મમ્મી-પપ્પાએ ખૂબ જ પ્રેમથી મારો ઉછેર કર્યો. પણ તા. ૧૩/૦૩/૨૦૦૪ના રોજ અમારા પર જાણે આભ તૂટી પડ્યું. ફક્ત હાથમાં ફ્રેકચરને કારણે તેનું ઓપરેશન કરાવવા મારા પપ્પા એડમિટ થયા. મસ્કતી હોસ્પીટલમાં સવારે ઓપરેશન હતું ને રાત્રે જાણે પપ્પાને મગજ પર શું થઈ ગયું? તેની આજ સુધી અમને ખબર નથી. રાત્રે પપ્પા ભાન ભૂલી ગયા. દવાખાનામાં દોડ ધામ અને ધમાલ મચાવી. ભાગદોડમાં પોતે જ બીજા માળ પરથી છલાંગ લગાવી દેતા નીચે પી.એમ. રૂમના છાપરા પર પડ્યા અને હેમરેજ થઈ જતાં કોમામાં સરી પડ્યા. ત્રણ દિવસ પછી તેમનું મૃત્યુ થયું. તે પછી મારી મમ્મીનો કોઈ સહારો ન રહ્યો. મારા પિતાની મૃત્યુ વખતે મારી ઉંમર ૭-૮ વર્ષની હતી. મને તો આટલી પણ સમજ ન હતી કે હવે મારા પપ્પા પાછા નથી આવવાના. એમના શબ ને હું જોયા કરતી હતી. ત્યાર બાદ મારી મમ્મીએ પરિવારની જવાબદારી ઉઠાવી. એક સાથે ૯-૧૦ ઘરનું વાસણ-પોતું જેવુ ઘરકામ કરીને અમારું ગુજરાન ચલાવતી હતી. મારી મમ્મીએ અમારા ખાતર બધા જ શોખ કુરબાન કર્યા છે. બસ, અમને બે ટાઈમ રોટલો મળે તે માટે સખત મહેનત કરી છે. મારી મમ્મી આટલા બધા ઘરનું કામ કરતી હોવાથી તેમની પણ તબિયત ખરાબ રહેતી હતી. તે જોઈને મારા મોટા ભાઈઓએ ધો.-૮નો અભ્યાસ પડતો મૂક્યો અને કામ પર લાગી ગયા. અને કમાવા લાગ્યા. પણ મારી મમ્મી અને ભાઈઓએ મને ધો.- ૧૦ સુધી ભણાવી. મારી મમ્મી એટલી સ્વાભિમાની હતી કે ત્રણ ત્રણ ભાઈઓ હોવા છતાં કોઇની પણ પાસે હાથ નથી ફેલાવ્યો.

અમને સાથ આપનાર મારા માસા સિકંદરભાઈ અને માસી મંજુઅમ્મી એ અમને ઘણો સાથ-સહકાર આપ્યો છે અને મારી અને મારી મમ્મીની સામે

જોતાં જ તેમણે પોતાના નાના દીકરા મો. નઈમ સાથે મારા લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. જે બદલ મારી મમ્મી અને હું ખુશીથી રડી પડ્યાં. આજે હું ખુશ છું કે હું એમના ઘરની વહુ બનીશ અને અમને સાથ-સહકાર આપનાર અમારા પીર સૈયદ ફૈયાઝુદ્દીનના સંપર્કથી હું મહેશ પપ્પાની એક દીકરી બની છું. મહેશ પપ્પાની એહસાનમંદ છું. એમણે મને પોતાની દીકરી બનાવીને આજે મારા પપ્પાની ખોટ પૂરી કરી દીધી.

**“Thanks Mahesh papa”**

**છેલ્લે બસ આટલું જ કહીશ...**

**“મેં દીખતી હું મા જૈસી સબ કહેતે હૈ, સચ કહેતે હૈ,**
**લેકિન હું મેં અપને પાપા કી બેટી...**
**ઔર આજ મેં હું અપને મહેશ પપ્પા કી બેટી...”**

**ખુદા હાફિઝ**

**લિ.**
**તમારી લાડલી દિકા**
**શેખ નીલોફરબાનુ અનવર**



## મકવાણા કાજલ જગદીશકુમાર

જન્મતારીખઃ- ૨૨/૦૭/૧૯૮૮
પિતાની પુણ્યતિથીઃ- ૨૨/૧૧/૨૦૦૩



**આજે જે લખવા જય રહી છું તે માત્ર લેખ નહીં પરંતુ મારી જિંદગી છે. એમ થાય કે ક્યાંથી લખવાનું ચાલુ કરું?**

જય રામાપીર, પપ્પા હવેથી તમે જ મારા પપ્પા છો. મારી પપ્પા સાથેની પહેલી મુલાકાત ઓફિસમાં થઈ હતી. પછીથી જાણે કે તમે મને બે શબ્દ બોલ્યા હતા- દિકા કે જે શબ્દ સાંભળ્યો તેના વર્ષો વીતી ગયાં હતાં. તે શબ્દો પાછા સાંભળવા મળ્યા. મે સપનામાં પણ નહોતું વિચાર્યું કે મને ફરીથી પિતાનો પ્રેમ મળશે. પપ્પા તમે મારી સાથે વાત કરી અને મને કહ્યું કે આજથી હું તારા પપ્પા છું દિકા તારે કોઈ દિવસ ટેન્શન લેવાની જરૂર નથી. પછીથી મારી તો જિંદગી બદલાઈ ગઈ છે.

મારા મમ્મીનું અવસાન તા. ૧૬/૦૮/૧૯૯૭માં થયું હતું ત્યારે હુ ૫ વર્ષની હતી. ત્યારે અમે બે ભાઈ અને બે બહેનો હતા. અમે કાકા-કાકીના ઘરે રહીને મોટા થયા. પછી જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ મારી મોટી બહેનના લગ્ન નક્કી કર્યા. બે ભાઈ અને બે બહેન અને મારા પપ્પા ખુશી થી રહેતા હતા. મારા પપ્પાને કેન્સર હોવાથી તેમનું અવસાન થયું હતું. મારી મોટી બહેનની વિદાય કરી અને તા.-૨૨/૧૧/૨૦૦૩ના દિવસે મારા પપ્પાનું અવસાન થયું. એ સમયે હું ૧૦ વર્ષની હતી. તેના ગયા પછી મારૂ જીવન એકલું થઈ ગયું.

સવારમાં જાગતા જ મહેશ પપ્પાની યાદ આવે. પપ્પા તમે તમારી દરેક દીકરીને એકસમાન રાખો છો, પ્રેમ આપો છો. મહેશ પપ્પા જેવા પપ્પા દરેક દીકરીના જીવનને ખુશી થી ભરી દેનારને જીવનમાં પણ હંમેશાં શુભ જ થાઓ.

**"ફૂલ બનીને આવીશું, હૈયાનું હરખીને રહીશુ,**
**અને તમારા માધુરી સુગંધ બની રહીશું."**

**લી.**
**આપની લાડકી દીકરી**
**કાજલ**



# પાનસુરિયા હર્ષા નાથાભાઈ

જન્મતારીખઃ- ૨૦/૦૫/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૨૧/૦૨/૨૦૧૪



પ્રતિ શ્રી,
**પપ્પાને પત્ર**

**પપ્પાના અવસાન બાદ આ સંબોધનથી પત્ર લખીશ એ હજુ સ્વપ્ન લાગે છે.**
**"લોકથી પરલોક સુધીનો અંતિમ પ્રવાસ તમારો હાથ પકડીને કરું."**

આ શબ્દો મારા એકના નહીં પરંતુ દરેક દીકરીના હોય છે. જેના જીવનમાં પિતાની આંગળી પકડીને પા-પા પગલીથી માંડીને જીવનના દરેક તબક્કે એક આદર્શ અને માર્ગદર્શક તરીકેનું સ્થાન પિતાનું હોય છે. એટલે જ દરેક દીકરી પોતાના પતિમાં પણ પિતાની છબી જ શોધતી હોય છે. પરંતુ,

મૃત્યુ પીડા અને ફરિયાદોની કરચલીઓ પર અનાયાસે ઈસ્ત્રી ફેરવી દે છે. મૃત્યુ ઘણા બધા ટપકા જોડી અધૂરી આકૃતિ પૂરી કરે છે, તો ક્યારેક મૃત્યુ હવામાં કેટલાક છેડા અધ્ધર લટકતા રહેવા દે છે, વાર્તા અધૂરી રાખી દે છે. પિતાનું મૃત્યુ જીવતી દીકરી માટે તો વાર્તા અધૂરી જ રાખી દે છે. જીવતા બાપને અને મૃત્યુ પામેલા બાપને નિહાળતી સંતાનની આંખોના રંગ જુદા જ હોય છે.

હું હંમેશાં વિચારતી કે જિંદગી સરપ્રાઈઝ આપતી રહે તો જ જીવવાની મજા આવે પણ અમુક સરપ્રાઇઝ જીવનમાં એવા મળે છે કે નથી ભૂલી શકાતા કે નથી સ્વીકારી શકાતા. અઢી વર્ષ પહેલા મને મળેલ સરપ્રાઈઝ આવું જ આઘાતજનક હતું કે જે સ્વીકારવું બહુ મુશ્કેલ હતું. એ સરપ્રાઈઝ હતું પપ્પાને અચાનક આવેલ એટેક અને બે જ દિવસમાં અમારી વચ્ચેથી પપ્પાની વિદાય. પછી ક્યારેય એવો વિચાર નથી આવ્યો કે જિંદગી પાસેથી સરપ્રાઈઝ મળે.



આ અચાનક મળેલા દુ:ખદ સરપ્રાઈઝ પછી નિરાધાર બન્યાનો અહેસાસ થયો. સાથે ઉદાસીનો પણ. ૬ મહિના સુધી તો એમ જ હતું કે આ સ્વપ્ન છે. જે હમણાં પૂરું થઈ જશે એ વિચારોમાં વાસ્તવિકતા નહોતી સ્વીકારી શકી. પરંતુ ત્યારે નહોતી ખબર કે મારા નસીબમાં એક નહીં પણ બે પિતાનો પ્રેમ છે. ખરેખર, એ સ્વપ્ન હતું પણ થોડું લાંબું ચાલ્યું અને અઢી વર્ષ બાદ પપ્પા મળ્યા અને નિરાધારને આધાર મળ્યાનો આનંદ...

પપ્પા વિશે સાંભળ્યું તો ઘણું હતું પરંતુ મને પણ આ પિતાનો પ્રેમ મળશે એ નહોતી ખબર. આજે સંપતિ તો ઘણા પાસે છે પણ એક નહીં હજારો દીકરીઓના પિતા બનવાનો મોકો અને હજારો દીકરીઓનો પ્રેમ ઈશ્વર પપ્પા જેવા અમુક નહીં પણ એક ને માત્ર એક ને જ આપે છે.

**લિ.**
**તમારી દીકરી**
**Harsha**



## શિરોયા ભારતી ગૌરવકુમાર



જન્મતારીખઃ- ૨૬/૦૨/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૦૫/૦૩/૨૦૧૬

**મને ક્યાથી શરૂઆત કરું તે સમજાતું નથી. મારી લાગણીને વ્યક્ત કરવા માટે મારી પાસે કોઈ શબ્દ જ નથી. એના પિતાની લાડકી હોય છે.**

કહેવાય છે કે દીકરો જેમ માંને લાડકો હોય તેમ દીકરી એના પિતાની લાડકી હોય છે. બાપ અને દીકરીનો પ્રેમ વ્યક્ત ન થાય તેવી લાગણીઓથી ભરેલો હોય છે. પરંતુ અમને ચારેય ભાઈ બહેનને પિતાનો પ્રેમ મળે તે જાણે કુદરતને મંજૂર ન હતું.

મારૂ નામ ભારતી. અમે બે બહેનો અને બે ભાઈ છે. અમે સુરતના રહેવાસી છીએ. આમ તો બધા શાંતિથી જીવન જીવતા હતા. મારા પપ્પાને મારા લગ્નનો આનંદ હતો. દીકરી ના લગ્નનો આનંદ ક્યાં પપ્પાને ના હોય પપ્પાની તબિયત બગડી અને પપ્પા પંદર દિવસ બીમાર રહ્યા અને પછી તેમનું અવસાન થઈ ગયું.

હવે મારા પપ્પા મારી સાથે નથી. વસ્તુ માંગવી હોય ત્યારે પપ્પાની ખૂબ જ યાદ આવે છે. કોઈ વાર-તહેવાર કે પ્રસંગ હોય ત્યારે ઘર ખાલી લાગે છે.

**જીવન એવું જીવી ગયા કે ભૂલાય નહીં**
**દુખને દેખાડ્યું નહીં સુખને છલકાવ્યું નહીં**
**હસતો રાખી ચેહરો અચાનક લીધી વિદાય**
**પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ**
**એ ખોટ કદી ભૂલાય નહીં**
**પ્રભુ મારા પપ્પાના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.**

દીકરી સાપનો ભારો નહીં પણ દીકરી તુલસીનો ક્યારો છે.

એવામાં એક દિવસ અમને માહિતી મળી કે મહેશભાઇ સવાણી પિતા વગરની દીકરીઓના પિતા બની દીકરીઓનું કન્યાદાન કરે છે. અને લગ્નનો તમામ ખર્ચ પોતાના શિરે લે છે ત્યાર પછી મહેશપપ્પા તમારો સંપર્ક થયો.

કહેવાય છે કે દુખના સમયમાં બધા જ દરવાજા બંધ થઈ જાય છે પણ

ભગવાન એક દરવાજો તો ખુલ્લો રાખે જ છે. મારા પિતાના અવસાન પછી અમારા બધાય દરવાજા બંધ થઈ ગયા પરંતુ ભગવાને એક દરવાજો ખોલી આપ્યો જેમાંથી પપ્પા તમારો પ્રવેશ થયો. અમારા લગ્નની તારીખ આવતા જ તમે અમને ખરીદી કરવી અને અમને મન ગમતી બધી વસ્તુઓ લઈ આપી.

આવો ખ્યાલ તો સપનામય નહતો કે અમને તમારા જેવા પિતાની દીકરીઓ બનવાનું સૌભાગ્ય મળશે. બસ ત્યારથી જ જાણે મારી જિંગદી બદલાઈ ગઈ પિતાના સ્વરૂપ માં તમે મળી આવ્યા અને હવે તો મને બે-બે પિતાનો પ્રેમ એક સાથે મળે છે. એક તમે અને બીજા મારા સસરા રૂપી પિતા બંને પિતાનો પ્રેમ એક સાથે મને મળવા લાગ્યો.

બસ આટલું જ કહીશ પપ્પા તમારા માટેની લાગણીઓ વ્યક્ત કરવા માટે તો પેજ પણ ટૂંકા પડે તેમ છે અને હા ભગવાન ને એટલી જ પ્રાર્થના કરીશ કે પપ્પા તમને લાંબુ આયુષ્ય આપે અને અમારા જેવી અનેક દીકરીઓના તમે પિતા બની અને પિતા વગર ની દીકરીઓને પિતાનો પ્રેમ આપો.

**પત્ર લખવામાં મારી કઈ ભૂલ ચૂક થઈ હોય તો તમારી દીકરીને માફ કરી દેજો.**

**જય રામાપીર પપ્પા**
**તમારી દીકરી**
**ભારતી**





# સોલંકી પુજા ચીમનભાઈ

જન્મતારીખ:-૦૪/૦૩/૧૯૯૬
પિતાની પુણ્યતિથી:- ૧૬/૧૨/૨૦૧૦

**આત્મીય પ્રિય શ્રી મહેશપપ્પા,**
**જય રામાપીર**

મને આ વાત જણાવતા ખૂબ જ ખુશી અને ધન્યતાની લાગણી અનુભવાય છે. કે મને મહેશપપ્પા મળ્યા પછી અમારી જિંદગીમાં નવો સૂર્યોદય થયો છે. દરેક ખુશી, પ્રસંગ અને કાર્યક્રમમાં દીકરીઓને સામેલ કરીને તથા એક બાપની ફરજ થી રોજ સવાર સાંજ એક મેસેજ મોકલીને હાલચાલ જાણી લો છો. કદાચ મારા પપ્પા હોત તો આવું ન કરતાં હોત જેવી ફરજ મહેશપપ્પા પૂરી કરે છે.

મારા ઘરમાં તો દુખનું મોજું વર્ષોથી ફરતું આવે છે. પહેલા મારા નાના કાકાનું મૃત્યુ, જે અમારા માટે ખૂબ આઘાતની લાગણી હતી. ઘરની પરિસ્થિતિ કથળી ગઈ હતી. એની સારવારમાં અને જેવા આઘાતમાંથી બહાર આવ્યા ત્યાં મૃત્યુ મારા પપ્પાને ભેટી પડ્યું હતું. હું મારો નાનો ભાઈ, મમ્મી અને દાદા-દાદી સૌ ભાંગી પડ્યા હતા. અમારી આર્થિક સ્થિતિ તો સાવ વણસતી જતી હતી અને થોડાંક વર્ષોમાં મારા પપ્પાના મૃત્યુના આઘાતમાં મારા દાદા પણ અમને છોડીને જતાં રહ્યા. એમનું અવસાન થયા પછી અમારા ઉપરથી છત્ર જ છીનવાઈ ગયું હતું. કમાણી માટેનો કોઈ સ્ત્રોત ન હતો. ત્યારે મારા મમ્મીએ લોકોના પારકા કામ કરીને અમને ભણાવ્યા. અને અમારો ઉછેર કર્યો. જરૂરીયાતો માંડ માંડ પૂરી થતી હતી એમાં ઈચ્છાઓ સંતોષવાની વાત તો અમે બધા ભૂલી જ ગયા હતા. આવા દુખોની વચ્ચે મમ્મીને મારી અને ભાઈની ઉપાદી સતાવતી હતી. મારા દાદીમા તો અત્યારે દવા પર જ જીવતા. એ પ્રાથમિક જરૂરિયાત હતી. એમાં સમય પસાર થતાં મારા લગ્નની વાત આવી પડી. બધા માટે ચિંતાનો વિષય થઈ ગયો હતો. ક્યાંથી વ્યવસ્થા કરીશું? આ બધી જવાબદારીઓની વચ્ચે અમે તો સાવ નોંધારા થઈને બેઠા હતા. ત્યાં અમને મહેશપપ્પા મળ્યા.

જે બાપ વગરની દીકરીને નવો સૂર્યોદય આપતા હતા.

મારા લગ્નની બધી જવાબદારી તેમણે ઉપાડી લીધી. ખરીદી પણ તેમણે કરાવી અને એ પણ હું હાથ મૂકું એ વસ્તુઓ જ લાવી આપી. કદાચ મારા પપ્પા જીવતા હોત તો પણ એ આવી ફરજ પૂરી ન કરી શક્યા હોત. મને તો લાગે છે કે મારા પપ્પા એ જ ભગવાનના સ્વરૂપમાં મહેશપપ્પાને મારી પાસે મોકલ્યા છે.

મોટા બિઝનેસમેન થઈને પણ તે દિવસમાં એક પળ દીકરીઓ માટે કાઢે છે અને તેમની સાર-સંભાળ લે છે. આજે મને એમ લાગે છે કે મારા માથા પરનું આકાશ મને પાછું મળી ગયું. દુનિયામાં ઘણા બધા પાસે ઘણું બધુ છે પણ જેમનું દિલ દરિયા જેવું છે તે તો મારા મહેશપપ્પા જ છે.

લખવા માટે તો ઘણું બધૂ છે પપ્પા વિશે પણ શબ્દોની અછત વર્તાય છે. હું એના માટે આજે મારા પપ્પાને યાદ નથી કરતી જેટલી તમને યાદ કરું છું. તમારો પ્રેમ ભાવ બધી દીકરીઓ માટે એકસરખો છે. બસ, આ જ વસ્તુ તમને દુનિયાથી અલગ પડે છે. જે કોઈનામાં ફરક નથી કરતાં બસ બધાને એકસરખા જ સમજે છે.

હું તમને બહુ જ યાદ કરું છું પપ્પા. બસ તમે વ્યસ્ત હશો એ સમજીને ફોન નથી કરતી.

**Thank you so much papa**
**I love you...**
**લિ.**
**પૂજા**

# ગોહિલ રીના અમૃતભાઇ

જન્મતારીખ:-

પિતાની મૃત્યુતિથી :- ૧૬/૧૨/૨૦૧૦



**મારા વ્હાલા પપ્પા ,**

જય રામાપીર પપ્પા અને મમ્મી અને સવાણી પરિવારને. જ્યારથી મારા પપ્પાનું અવસાન થયું ત્યારથી હું એકલી પડી ગઈ હતી કારણકે હું મારી કોઈ પણ વાત હોય કે મારે કઈ પણ પ્રોબ્લેમ હોય તો હું મારા પપ્પાને જ પહેલા કહેતી. મારા પપ્પા દરજી કામ કરતાં હતા. અને અમારા ઘરમાં અમે ૪ જણા છે અમે બે બહેનો અને એક નાનો ભાઈ છે. અને મારા મમ્મી છે. તા. ૨૮/૦૭/૨૦૧૩ના રોજ રાતે દેશમાં ગયા હતા. પછી અમારા ઘરના બધાએ બીજા દિવસે સાંજે વાત કરી હતી. પછી તા:૩૧/૭/૨૦૧૩ના રોજ સવારે અમારે ત્યાં ફોન આવ્યો દેશમાં આવી જાવ પછી અમે આખું ઘર અને મારા કાકા-કાકી દેશમાં જવા નીકળ્યા. અમે સાંજે દેશના ઘરે પહોચ્યા ત્યારે ખબર પડી કે મારા પપ્પાનું અવસાન થયું છે. પછી હું ખૂબ રડી પડી અને બેહોશ થઈ ગઈ પછી જ્યારે સવારે મને હોશ આવ્યો ત્યારે મારા પપ્પાને લઈ જવાની તૈયારી થતી હતી. પછી અમે ૧૫ દિવસ દેશમાં રહ્યા. પછી અમે સુરત આવી ગયા અને ૧૫ દિવસ જમવાનું પણ નહોતું ભાવતું અને મારા પપ્પાની યાદ આવતી હતી. પછી તો ઘરમાં એકલું લાગતું હતું. અને એક બાજુ પપ્પાના અવસાન પછી ઘરમાં પૈસાની ખેંચ વર્તાવા લાગી. પછી મારા ભાઈએ તેનું ભણતર છોડી દીધું અને કામ પર લાગી ગયો. પછી ૨ વર્ષ પછી મારી સગાઈ થઈ પછી લગ્ન સમૂહ લગ્નમાં કરવાના હતા. અને અમારે કોઈનો પણ સાથ સહકાર નથી પછી મારા ભાઈના સસરાએ જ પ્રિયદર્શિની સ્કૂલના ટ્રસ્ટી છે શાંતિભાઈ ટી. હિંગુ એ અમને પી.પી. સવાણીનું કહેલું અમે પછી મિતુલ સ્ક્વેરમાંથી ફોર્મ લાવીને ભર્યું પછી અમને કોલ આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થઈ ગયું છે. અને મિટિંગમાં આવવાનું છે. પછી હું અને મારા મમ્મી મીટિંગમાં



આવ્યા ત્યાં કાજલદીદી અને વિશ્વાદીદીએ બધી વિગત સમજાવી પછી તમારી સાથે મુલાકાત થઈ પછી મને એવું લાગ્યું કે મારા પપ્પાની કમી પૂરી થઈ અને મારા પપ્પા મળી ગયા. અને જ્યારે લગ્નની વસ્તુની ખરીદી કરવા ગયા ત્યારે બધી દીદી સાથે મુલાકાત થઈ ત્યારે ખૂબ જ મજા આવી. બધી દીદી ઘરની જેમ જ બોલતા હતા અને ઘરવાળાની જેમ જ વર્તન કરતાં હતા આપણે એકલા જેવુ લાગવા જ ના દે. જ્યારે ખરીદી કરવા ગયા ત્યારે જે વસ્તુ આપણને પસંદ હોય તે વસ્તુની ખરીદી કરાવી અને અહીં જોડાઈને મને પપ્પા અને ખૂબ જ મોટો પરિવાર મળી ગયો. જ્યારે તમે મારા ઘરે આવ્યા ત્યારે તમે જે આશ્વાસન આપ્યું તેથી જે એકલાપણું લાગતું હતું તે પણ દૂર થઈ ગયું. I love you papa.

Wish you all the best papa અને પપ્પા જે કામ કરો છો તે ખૂબ જ સારું છે. અને સમાજમાં પણ બધા આવી રીતે કાર્ય કરે તો સમાજમાં કોઈ પણ દીકરીને કોઈ પણ પ્રકારે તકલીફ ન થાય અને દરેક દીકરીને પિતાની હૂંફ મળે અને અહી જેટલી પણ દીદીના લગ્ન થાય તે બધી દીદીઓએ ભવિષ્યમાં એક-એક દીકરીના લગ્ન કરાવવા જોઈએ. અને સમાજને એક ઉમદા દ્રષ્ટાંત પૂરું પડવું જોઈએ.

જય રામાપીર...થેન્ક યુ પાપા

**લોકો કહે છે હાથોની લકીર અધૂરી હોય તો**

**કિસ્મતમય પપ્પા ન હોય પણ હાથ માં અગર**

પપ્પાનો હાથ હોય તો લકીરની જરૂર નથી પડતી.

I love you my sweet papa

**પપ્પાની લાડકી દિકા**

**રીના**



# ચોવટીયા સેજલ રમેશભાઈ

જન્મતારીખઃ- ૧૭/૦૪/૧૯૯૩



**મારા વહાલા પપ્પા...**
**તમારી દીકાના કોટિ કોટિ પ્રણામ...**

પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા પછી મારી લાઈફ એક જ ઝટકામાં પલટાઈ ગઈ. પહેલા મારા ઘરની પરિસ્થિતિ જોઈને મને એવું લાગતું હતું કે આ બધી દીકરીઓની જેમ હું મારા ઘરના આંગણેથી વિદાય નહીં લઈ શકું. મારાં સપનાં પૂરાં નહીં થાય. મે જેવુ વિચાર્યું છે એ રીતે હું મારા મેરેજ એન્જોય નહીં કરી શકું પણ ભગવાનની કૃપાથી પપ્પા તમે મને મળ્યા. મે ગયા જન્મમાં કેટલાય પુણ્ય કર્યા હસે ત્યારે તમે મને મળ્યા. મેં જે સપનાંઓ જોયાં હતાં તે કદાચ પૂરાં જ ન થાત જો તમે ન હોત તો અને હવે તમે મારી લાઈફ માં આવ્યા પછી જે હું સપનાંમાં પણ નહોતી વિચારી શકતી એવું મને મળી રહ્યું છે. તમારા જેવુ દિલ પપ્પા ભગવાને કદાચ કોઈને નહીં આપ્યું હશે. કે તમે બધાની આટલી હેલ્પ કરો છો. તમે મારા માટે ભગવાન સમાન છો હવે દિલને એટલો સુકુન મળે છે કે હું તમારી દીકરી છું અને હું મારા ઘરના આંગણેથી જ વિદાય લઉ છું એનો મને આનંદ થાય છે. અને હવે કદાચ જીવનમાં ગમે તેટલા દુખો આવે પણ તમે અમારી સાથે છો તો આ બધા દુખો હસતાં હસતાં ટળી જશે. તમારા જેવુ મહાન વ્યક્તિત્વ ધરાવતા મારા ભગવાન સમાન મહેશપપ્પા તમને મારૂ big big thank you. પપ્પા દુનિયાના બધા પિતાઓ જ્યારે તમારા જેવુ વિચારશેને ત્યારે કોઈ દીકરી પિતા માટે ભારે નહીં પડે. અને આપોઆપ સ્ત્રી ભ્રૂણ હત્યા અટકી જશે. આવા વિચાર માટે, વ્યક્તિત્વ માટે હું દિલ થી કહું છું કે આખી દુનિયા તમને સલામ કરશે. પપ્પા તમારા માટે ગમે તેટલાં પુસ્તકો લખાય તો પણ શબ્દ ઓછા જ પડશે.

I love you papa...
**તમારી વહાલસોઈ દિકા**
**સેજલ**



# ગાયકવાડ કરિશ્મા ધનરાજભાઈ

જન્મતારીખ:- ૩૦/૦૮/૧૯૯૭
પિતાની પુણ્યતિથી:- ૦૫/૧૨/૨૦૦૮



**પ્રતિ શ્રી,**

અખૂટ પ્રેમના દયાસાગર મહેશ તાતશ્રી ને કોટિ કોટિ વંદન...

હે તાતશ્રી દીકરીના હજારો કષ્ટની એક જ પરિભાષા દુખને તે દુખની જાણકારી શ્રી અશોકભાઇ ઘડિયાળીએ આપતા જ ભોલે ભંડારીની કૃપા દ્રષ્ટિ વાળા પિતાનો વ્હાલથી ભરેલો હાથ મારા માથે રાખતા જ અમારા દુખના વાદળ વિખરાણાં અને સુખનો સુરજ ઊગ્યો હોય, મંગળ ગીતો ગાવા થનગનતા, સ્નેહીજનોમાં ખુશીની લહેર જોતાં...

હું વિચારું કે લોક હિત કાજે ધાન્યનું વાવેતર કરતાં ખેડૂતને જગતનો તાત કહે છે. પરંતુ ધાન્યનું વાવેતર કરનાર ખેડૂતની ગેરહાજરીથી કરમાતા કુમળા છોડની માવજત કરી હેતના હિલોરે ઝૂલાવતાં તાતશ્રીના પરિવારનો હિસ્સો બની પ્રભુતામાં પગલાં પાડવાનો અણમોલ લ્હાવો તો ભાગ્યશાળી દીકરીઓને જ મળે.

જન્મ દેનાર પિતા થી અધિક પાલક પિતાનું ઋણ તે ઋણ ભગવાન પણ ચૂકવી શકતા નથી ત્યારે પાલક પિતાની હું દીકરી ભૂતકાળને ભૂલી મારા વિસ્તાર થતાં પરિવારમાં તાત શ્રી, માતૃશ્રીના કોલ આપનાર ભાઈ જે મારા ઓરતા પૂરા કરવા રાત- દિવસ એક કરી અમારી વિદાય રંગે-સંગે કરવાની તડામાર તૈયારીમાં મન મૂકીને લાગેલા હોય એવા સવાણી પરિવાર ની હું દીકરી હદય થી પ્રાર્થના કરું છું કે વિઘ્ન હરતા ગણેશ રિદ્ધિ સિદ્ધિ સાથે સવાણી પરિવારમાં વાસ કરે ને મારા તાતશ્રીના માથે દિવ્ય હાથ રાખી શક્તિ પ્રદાન કરતાં રહે. જેથી અમારા તાતશ્રી હજારો દીકરીઓના ઓરતા પૂરા કરી પાલક પિતાની જવાબદારી નિભાવતા વિશ્વના પ્રથમ પિતાના પદે બિરાજમાન થાય એ જ અભિલાષા સાથે આપશ્રીની દીકરી કરિશ્માના કોટિ કોટિ વંદન સાથે જય ભારત....

**તમારી દિકા**
**કરિશ્મા**



## ડાવરા ભાવના ભરતભાઈ

જન્મતારીખ:- ૨૪/૦૭/૧૯૯૧
પિતાની પુણ્યતિથી:- ૦૪/૦૬/૨૦૦૯

# You are the best papa ever

"પપ્પા" એક એવો શબ્દ છે જે દરેક દીકરીના મોઢેથી સાંભળવું ગમે. પપ્પા એટલે દીકરીના જીવનના સૌથી પહેલા સુપર સ્ટાર. પપ્પા એટલે જાદુની એવી છડી કે જે ફરે અને બધી ઈચ્છાઓ પૂરી થઈ જાય. પપ્પા એટલે ઘરની એવી છત જે કદી લીકેજ જ ન થાય. પપ્પા એટલે એવો ધાબળો જેમાં ગમે એટલી ઠંડી હોય એ સમય જાય. મારા પપ્પા પણ એવા જ હતા પરંતુ અમારા કરતાં વધારે ભગવાનને એમની જરૂર હતી. તા. ૪/૬/૨૦૦૯ના દિવસે મારા પપ્પાનું અવસાન થયું.

પપ્પાના અવસાન સમયે મારી ઉંમર ૧૮ વર્ષ હતી. અમે બે બહેનોને બે ભાઈ. મોટી બહેનના લગ્ન પપ્પાની હાજરીમા થઈ ગયા. પપ્પાના અવસાન પછી ઘરમાં અંધકાર છવાઈ ગયો અમારા બધાનો આધારસ્તંભ જાણે તૂટી ગયો. પરંતુ મારા મોટા ભાઈએ ઘરની બધી જ જવાબદારી પોતાના માથે લઈ લીધી અને અમને ભાઈ બહેન અને સૌથી વધારે મારા મમ્મીને સાચવી લીધા.

કહેવાય છે ને કે પપ્પાની પૂર્તિ આ જન્મમાં કોઈ પૂરી ના કરી શકે હું પણ મારા પપ્પાને ખૂબ યાદ કરતી અને સમય સાથે હું પણ સ્વસ્થ થઈ. મમ્મી પણ ઘરના કામમાં વ્યસ્ત થઈ ગયા. ભાઈઓ કમાવા લાગ્યા અને અમારું ઘર શાંતિથી ચાલવા લાગ્યું.

મારી ઉંમર લગ્નની થઈ પણ એવી ઈચ્છા હતી કે મોટાભાઇ પહેલા લગ્ન કરી લે. પરંતુ મોટાભાઈએ એવું ના કર્યું અને મારા લગ્ન કરાવાનું નક્કી કરી લીધું. મારા લગ્ન નક્કી થયા. તેથી ભાઈ અને મમ્મી ચિંતામાં રહેવા લાગ્યા કે હવે કેવી રીતે લગ્ન પ્રસંગ ને પાર પાડવો? અને એ અરસામાં મારા મોટા ભાઇના મિત્ર થકી અમને



મહેશ પપ્પાના કાર્યો વિષેની જાણ થઈ.

મારા મોટા ભાઈના અથાગ પ્રયત્નો અને મહેશ પપ્પાની અમારા ઉપર અસીમ કૃપા થી મારા લગ્નની ચિંતા દૂર થઈ. મહેશ પપ્પાએ મારા લગ્નની બધી જ જવાબદારી પોતાના માથે લઈ લીધી. અને મારા જીવનમાં જે પપ્પાની ખોટ હતી એ પણ પૂરી થઈ. આજે પિતાના અવસાનના આટલા વર્ષો બાદ મને પપ્પા કહેવાનો મોકો મળ્યો છે. હું એ વાતથી ખુશ છું કે હું પણ મહેશ પપ્પાની દીકરી છું. મહેશ પપ્પાએ મને પણ પોતાની દીકરી તરીકે સ્વીકારી છે.

મહેશપપ્પા તમે જે મારા માટે કર્યું છે. તે શબ્દોમાં કહી શકાય તેમ નથી. તમે મારા જીવનમાં સૂર્યની જેમ આવી બધો અંધકાર દૂર કર્યો છે. ભગવાનને એવી જ પ્રાર્થના કરું છું કે તમે હંમેશા ખૂશ રહો. પપ્પા તમે જેમ મારી તકલીફ અને દુખ દૂર કર્યા એમ બીજી દીકરીઓની તકલીફો પણ દૂર કરજો. તમે હંમેશાં ખુશ રહો પપ્પા અને અમે બધી દીકરીઓ પણ ખુશ રહીએ એવા આશીર્વાદ આપો. તમારી છત્રછાયામાથી અમને કદી દૂર ન કરતાં પપ્પા. આજ લાગણી સહ,

**તમારી વહાલી દીકરી**

**ભાવના**



## પરમાર તૃપ્તિ ધીરુભાઈ

જન્મતારીખ:- ૧૬/૦૫/૧૯૯૨
પિતાની પુણ્યતિથી:- ૦૬/૧૦/૨૦૧૪

**Dear papa,**
**જય રામાપીર,**

**પપ્પા મળી ગયા હવે બીજું કઈ જ નથી જોઈતું બસ ભગવાનને એટલું જ કહીશ.**

જય રામાપીર પપ્પા ક્યાંથી શરૂઆત કરું એ કંઈ સમજાતું નથી.? પપ્પા શબ્દ જ એટલો મહત્વ પૂર્ણ, પ્યારું અને વહાલસોયું નામ છે. દરેક દીકરીની લાઈફમાં પપ્પાનું સ્થાન સૌથી ઉપર જ હોય છે અને તે તેમના માટે ગૌરવની લાગણી અનુભવે છે. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પરંતુ પિતા માટે દીકરી હમેશા નાની જ રહે છે.

મારા પિતાનું અવસાન ૬/૧૦/૨૦૧૪ના રોજ થયું હતું. અને અમારા ઘર પર દુ:ખનાં વાદળો તૂટી પડ્યા હતા. મારા પપ્પાના અવસાન પછી અમારી જિંદગી સાવ સૂની થઈ ગઈ હતી. પપ્પાની દરેક પળે યાદ આવતી અને ઘણી વખત એકાંતમાં રડવું પણ આવતું કે ભગવાને અમારી સાથે જ એવું શા માટે કર્યું? પણ ભગવાને મારી પ્રાર્થના સાંભળી અને મારા પપ્પાના સ્વરૂપમાં મહેશપપ્પા મળ્યા અને સાચે જ મહેશપપ્પા એ મને મારા પપ્પા જેટલો જ પ્રેમ આપીને મારા પપ્પાની કમી પૂરી કરી છે.

જો દુનિયામાં સૌથી વધુ પ્રેમ હોય તો તે પિતા અને દીકરી વચ્ચેનો હોય છે. હું પપ્પા વિશે તો ઘણું બધુ લખી શકું પણ બસ મહેશપપ્પા માટે મારા દિલમાં જે ફીલિંગ છે એ તો હું કદાચ પૂરી જિંદગી લખું તો પણ ના લખાય.

**પપ્પા મારી જિંદગીમાં આવવા બદલ થેન્ક યુ....**
**જય રામાપીર....**

**લિ.**
**તમારી લાડકી દીકરી**
**તૃપ્તિ**



# મારૂ અસ્મિતા વલ્લભભાઇ

જન્મતારીખઃ- ૨૦/૦૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૧૫/૧૧/૨૦૦૮



**પ્રિય પપ્પા,**

જીવનમાં કોઈ પણ વ્યક્તિ તેના માતા-પિતાને સૌથી વધારે પ્રેમ કરે છે. પણ એ જ ન હોય તો શું થાય? જેના માતા- પિતા નથી એ વ્યક્તિની વાત સાંભળસો તો એક વાર તમારી આંખમાં આંસુ જરૂર આવશે. મારા જીવનનું પણ કઈક એવું જ છે. તા. 15/11/2005ના રોજ શારીરિક બીમારીના લીધે મારા મમ્મીનું અવસાન થયું. ત્યારે મારી ઉંમર 15 વર્ષની હતી. મમ્મીના અવસાનથી ઘરની બધી જ જવાબદારી મારી પર આવી ગઈ છતાં પણ મેં ઘરની બધી જવાબદારી સારી રીતે નિભાવી. પણ એવી ક્યાં ખબર હતી કે જીવનમાં બીજી ઘણી મુશ્કેલી આવશે. તા. ૧૫/૧૧/૨૦૦૮ના રોજ મારા પિતાનું પણ શારીરિક બીમારીના લીધે અવસાન થયું. પછી શું થયું એ તો હું ક્યારેય નહીં ભૂલી શકું. જીવનમાં કઈ છે જ નહીં પછી ઘણી બધી ચિંતા થવા લાગી. હવે શું થશે? ક્યાં રહેશું? શું કરશું? પિતાના અવસાન પછી હું અને મારા બે ભાઈ ગામ દાદા-દાદી સાથે રહ્યા. પછી હું અને મારા ભાઈ કાકા સાથે સુરત આવ્યા. કાકાને ત્યાં હું સિલાય મશીન પર કામ કરવા લાગી અને મોટા ભાઇ ધંધામાં જોડાઈ ગયા.

કાકા અને કાકી તરફથી ખૂબ જ સારો પ્રેમ મળ્યો. ક્યારેય પણ માતા-પિતાની ખોટ આવવા દીધી નથી. મારી ઉંમર લગ્નલાયક થતાં એક સારા પરિવારના છોકરા સાથે મારી સગાઈ કરાવી આપી પણ લગ્નનો ખર્ચ ઘણો હતો. તેની ચિંતા હતી. ત્યારે હું ભગવાન ગણું કે તેથી ઉપર એવા મહેશપપ્પાના સંપર્કમાં આવ્યા. ત્યાં મારૂ ફોર્મ ભર્યું. અને પાસ થઈ ગયું. બસ ત્યારથી બધી ચિંતા છોડી દીધી. પી.પી. સવાણી ગ્રુપના સમૂહલગ્નની બધી બાબત જાણીને ઘણી ખુશ થઈ ગઈ. જીવન ની બધી ચિંતા હવે નથી. આજે હું ઘણી ખુશ છું કે મહેશપપ્પા જેવી વ્યક્તિ મારી જીવનમાં આવી. તેમનો હું કઈ રીતે આભાર માનું એ સમજાતું નથી. ખરેખર આ દુનિયામાં છે જ. એમની આ મદદ હું જીવનમાં ક્યારેય પણ

ભૂલી નહીં શકું. મહેશપપ્પા વિશે લખવાનું તો ઘણું છે પણ એના માટે શબ્દ નથી. મારા લગ્ન પી.પી. સવાણી ગ્રુપમાં છે. તેથી તેની હું ઘણી આભારી છું. આ ગ્રુપની વ્યવસ્થા, કામ, અને છોકરી પ્રત્યેની લાગણી ખૂબ જ છે. અને આ સમૂહલગ્ન કરવાનું કાર્ય બહુ જ સારું છે. આ કાર્યને લીધે મારી જેવી સમાજની ઘણી છોકરીઓને લાભ થયો છે. આના માટે હું હૃદયપૂર્વક આભાર માનું છું. બસ હવે આટલું જ કહીશ.

***Thank you p.p.savani grup***
***Thanks for my papa***

**તમારી વહાલી દીકરી**
**અસ્મિતા**



## ડોબરિયા રીના મિલનકુમાર

જન્મતારીખ:- ૧૬/૦૬/૧૯૯૬
પિતાની પુણ્યતિથી:- ૦૫/૦૪/૨૦૧૬



મારે એક એવી વાત વર્ણવી છે કે હું ૨ વર્ષની હતી ત્યારે મારા મમ્મી મૃત્યુ પામ્યા હતા. મારે એક મોટો ભાઈ છે તારે અમે અમારા કાકા કાકી સાથે રહેતા હતા.અમે બને ભાઈ બહેનને દુખનો સામનો કરવો પડ્યો હતો.અને મારા પપ્પાએ અમારા માટે ખૂબ દુ:ખ વેઠ્યું હતું પણ મારા પપ્પા અમારી બધી જ ઈચ્છા પૂરી કરતાં હતા.

આજે મારે તમને એક વાત કહેવી છે. મને એક વાત સતાવતી હતી કે બધા ને પપ્પા અને મમ્મી છે પણ મારી પાસે તો બને નથી.તો ભગવાને તેમણે અમારાથી કેમ દૂર કર્યા છે. મને મારા પપ્પા ને મમ્મીની બહુ જ યાદ આવે છે જ્યારે અમારા લગ્નની તારીખ આવી ત્યાં જ મારા પપ્પા મૃત્યુ પામ્યા અને જ્યારે અમે મહેશ પપ્પાની ઓફિસમાં ગયા ત્યારે અમને દિકા કહીને બોલાવી ત્યારે મારી આંખો આંસુથી ભીની થઈ ગઈ. હવે થી હું તારા પપ્પા છું ત્યારે મને પપ્પા કહીને બોલવાનું મન થયું અને મારા જીવનમાં એક ભગવાનનું આગમન થયું.

**I love you papa**
**લિ.**
**તમારી લાડકી દીકરી**
**રીના**





## રાદડિયા મનીષા અંકુરકુમાર

જન્મતારીખ:- ૦૬/૧૨/૧૯૮૯
પિતાની પુણ્યતિથી:- ૦૮/૦૧/૨૦૦૪

**Dear papa,**

પપ્પા તમારી વિશે શું લખું એ સમજાતું નથી અને કયા શબ્દ માં વર્ણન કરું? મારે એક એવી વાત વર્ણવી છે જે માત્ર હું તમને જ કહી શકું કે પપ્પા માટે દીકરી વ્હાલનો દરિયો હોય છે, પુત્ર સમાન હોય છે, કાળજાનો કટકો હોય છે.

મારા પપ્પાનું અવસાન ૮/૧/૨૦૦૪ના રોજ થયું, હું મારા પપ્પાને બહુ જ વહાલી હતી તે હમેશા મારી ખુશીનું ધ્યાન રાખતા હતા.મારી દરેક જરૂરિયાત પૂરી કરતાં હતા હું મારા પપ્પાને બહુ જ પ્રેમ કરું છું તેમનું અવસાન થયા પછી મારી જિંદગી પૂરી થઈ ગઈ એવું લાગતું હતું.અને ભગવાને અચાનક અમારા ઉપર ભાર નાખ્યો એવું લાગતું હતું. પણ મહેશપપ્પા તમારે બધી દીકરી હોવા છતાં પણ બધાને સરખો પ્રેમ આપો છો. કોઈને ભૂલતા નથી. તમારા જેવા પપ્પા તો કોઈ નસીબવાળાને જ મળે. તેથી પપ્પા હું તમારો ખૂબ આભાર માનું છું કે તમે મને પોતાની દીકરી સ્વરૂપે સ્વીકારી. હું પપ્પા વિશે લખું તો ઘણું બધું લખી શકું પણ બસ મહેશપપ્પા માટે મારા દિલની જે ફિલિંગ છે એતો હું કદાચ આખી જિંદગી લખું ને તો પણ ન લખાય. પપ્પા મારી જિંદગીમાં આવવા બદલ થેન્કયુ.

I love you papa & I Miss you papa

પપ્પા તમારા આશીર્વાદ અને તમારો પ્રેમ હમેશા અમને આપતા રહેજો.

બસ આટલું જ ................

**લિ.**
**તમારી વહાલી દીકરી**
**મનીષા**



# ડાંખરા કૈલાસ સંદીપકુમાર

જન્મતારીખઃ- ૧૫/૦૬/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૦૨/૦૬/૧૯૯૮



Dear papa

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે મારા પપ્પા વિશે તમને કંઈક જણાવવાનું છે તો હું વિચારું છું કે પપ્પા વિશે તો કોઈને કાંઈ કહેવાની જરૂર પડે? આ તો સૌ જાણતા જ હોય છે. માં વિશે દુનિયામાં ઘણા લેખો ને સુવિચાઓ હશે પરંતુ એક બાપ વિશે જ્યારે કઈ કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર કે કવિઓ પણ વિચાર કરવા લાગે. કેમ કે પપ્પા વિશે તો લેખ કાગળમાં નહીં, દિલમાં હોય છે અને એ પણ એક દીકરીના દિલમાં... એક દીકરી માટે તેના પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે.

મારા પિતાશ્રીનું અવસાન ૨/૬/૯૮ના રોજ થયું. મારા પપ્પાને કિડનીની બીમારી હતી. ઘણી હોસ્પિટલમાં લઈ ગયા પણ ફેર ના પડ્યો. મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૬ વર્ષ ની હતી અને ૪ બહેનો હતી. મારા કાકા-કાકીએ અમને મોટી કરી. મારા મમ્મી અને અમે દેશમાં ખેતી કરીયે છીએ. અમે બધી બહેનો ૧૦ ભણી પછી મારા કાકાએ બે બહેનના લગ્ન સમૂહમાં કરાવ્યા અને અમારો વારો આવ્યો ત્યારે અમારા એક સંબંધીએ અમને ફોર્મ અપાવ્યા. અને મહેશપપ્પા સાથે વાત કરાવી. મહેશ પપ્પાએ અમને ખરીદી કરાવી અને બધી જ વસ્તુઓ લઈ આપી. પપ્પા એની બધી દિકાને સરખી રાખે છે.

મહેશપપ્પાનો દિવસ દીકરીઓના ગુડ મોર્નિંગથી શરૂ થાય છે અને ગુડ નાઇટથી પૂરો થાય છે. ગમે તેવો કામનો બોજ હોય તો પણ પપ્પા દીકરીઓને મેસેજ કરવાનું ભૂલતા નથી. હંમેશાં અમારી ખુશીઓનો વિચાર કરે છે. કોઈ પણ દીકરીના પપ્પા ગમે તેવી મુશ્કેલી આવે તો પણ રડતાં નથી પરંતુ જ્યારે પોતાની દીકરીને સાસરે વળાવતી વખતે રડવા લાગે છે. અને હંમેશા આશીર્વાદ આપતા મહેશપપ્પા પ્રેમથી દીકરીઓને પપ્પાની કમી પૂરી કરીને વળાવે છે.

**આમ, મે મારા બંને પપ્પાનો સારાંશ ટૂંકમાં વર્ણવ્યો.**

**તમારી લાડકી દીકરી..., કૈલાસ**





## મહેતા ભાવના મનસુખભાઈ

જન્મતારીખ:-૩૧/૧૦/૧૯૮૭
પિતાની પુણ્યતિથી:- ૧૯/૧૧/૨૦૧૦

Dear papa,
**તમે મારા માટે શું છો તે,**
**હું જણાવી નહીં શકું.**

મારા સર્વસ્વ, મારા ગુરુ, મારા મિત્ર, મારા દુખના ભાગીદાર મારા જન્મદાતા મારા પપ્પા હતા.

બધા ગુરુઓ, કવિઓ, બધા સત્સંગ કરવાવાળા બાપુઓ બધા માતા વિશે કહે છે અને માતાનું મહત્વ જણાવે છે. પણ એ ભૂલે છે કે જેટલું માતા પોતાના બાળક માટે જે પણ કરે છે તે નહીં પણ તેના કરતાં પણ વિશેષ પપ્પા પોતાની લાડકી દીકરી માટે કરે છે.

એવું માનવામાં આવે છે કે આદમીની આંખમાં કોઈ દિવસ આંસુ નથી આવતા. પણ જ્યારે પોતાની લાડલી દીકરીની વિદાય થાય છે ત્યારે ગમે તેટલા કઠણ હૃદયનો આદમી પણ રડી પડે છે. એ સમયે તેનાથી વધુ દુ:ખ કોઈને નથી થતું. જ્યારે મારા પપ્પાનું મૃત્યુ થયું ત્યારે મને બહુ આઘાત લાગ્યો અને ઘણું દુ:ખ થયું. હું પૂરે પૂરી તૂટી ગઈ અને મને લાગ્યું કે હવે મારૂ શું થશે? હવે મારૂ ધ્યાન કોણ રાખશે? મારા ત્રણ ભાઈઓ છે. પણ તે કંઈ કામના નથી. તે ખરાબ લાઈને ચડી ગયા છે. હું પોતે ૫ થી ૬ વર્ષથી નોકરી કરું છું અને ઘર ચલાવું છું. મેં તો એવું વિચાર્યું જ ન હતું કે મારા લગ્ન થસે.

એક દિવસ અચાનક મને ખબર પડી કે મહેશપપ્પા પપ્પા વગરની દીકરીના લગ્ન કરાવે છે. અને દીકરીને સગા પપ્પા જેટલો જ પ્રેમ કરે છે. મહેશ પપ્પા જેવા પપ્પા આ દુનિયામાં ક્યાય નહી હોય જે કેટલી બધી પપ્પા વગરની દીકરીઓના લગ્ન કરાવીને તેમણે પપ્પાનો પ્રેમ આપે છે. અને તેમનું કન્યાદાન કરે છે. મહેશપપ્પા જીવનભર પપ્પાની જે ફરજ છે તે નિભાવે છે અને મહેશ પપ્પાને લીધે એવું લાગે છે કે મારી જિંદગીમાં પપ્પાનો અભાવ જ નથી.

**I love you & I Miss you papa**

લિ. તમારી લાડલી દીકરી
**ભાવના મહેતા**



# નારોલા અંકિતા દીપકભાઈ

જન્મતારીખઃ- ૨૮/૦૪/૧૯૯૪

પિતાની પુણ્યતિથીઃ- ૨૭/૦૮/૨૦૦૧



મારા પપ્પાનું નામ દીપકભાઈ ભગવાનભાઇ નારોલા છે. મારા પપ્પાનું મૃત્યુ ૨૭/૦૮/૨૦૦૧ ના રોજ થયું હતું. પપ્પા શબ્દ કેટલો મીઠો છે. હું મારા પપ્પાની લાડકી દીકરી છું. ઘરમાં બધાથી નાની છું. હું મારા પપ્પાનો વિચાર કરું તો મારી આંખમાંથી આંસુ આવી જાય છે. જ્યારે મારા પપ્પાનું મૃત્યુ થયું ત્યારે મને નહોતી ખબર કે મૃત્યુ એટલે શું? કેમ કે હું ૩ ધોરણમાં ભણતી હતી. મારા પપ્પાના મૃત્યુના આગળના જ દિવસે મારા પપ્પાએ મારા મમ્મીને થોડીક જવાબદારી સોંપી અને કીધું કે મને માફ કરજે હું તારો સાથ ન નિભાવી શક્યો. અને છોકરાઓનું ધ્યાન રાખજે. આ બધી વાતો અમે યાદ કરતાં અને મનોમન રડતાં હતા કે મારા પપ્પાને અમે ૨૬/૦૮/૨૦૦૧ના રોજ છેલ્લી વાર સેટિ પર સૂતેલા જોયા હતા. પપ્પા અમે ૩ ભાઈ બહેન છીએ. એમાં હું સૌથી નાની અને લાડકી છું. મને યાદ છે એક વાર મારા પપ્પા ૩ પેન લાવ્યા હતા એમાંથી એક પેન લાઇટવાળી હતી જેમાં લાઇટ થતી હતી. અને એ પેન સંતાડીને મને આપી હતી. એવા તો ઘણા ખરા પળ છે જે હું ક્યારેય નહીં ભૂલી શકું. હું ત્રીજામાં ભણતી ત્યાં સુધી જ મને પપ્પાનો પ્રેમ મળ્યો છે. મારા પપ્પાએ મારૂ એક લાડકું નામ રાખેલું હતું. મારૂ નામ અંકિતા છે પણ પપ્પા મને કાળી કહીને જ બોલાવતા હતા. હું અમારી લાઈફના પપ્પા સાથે વિતાવેલા પળોને યાદ કરું તો મનોમન બહુ જ દુખ થાય છે અને ક્યારેક તો એકલા રડાય પણ જાય છે. મારા પપ્પાના મૃત્યુ પછી મારા મમ્મીએ અમને મોટા કરવામાં ખૂબ જ ભોગ દીધો છે. અને અમને મોટા કર્યા છે. મોટા થયા બાદ પણ જવાબદારીઓ પૂરી થતી નથી. આ સમય પ્રમાણે હું વિચારતી કે મારા મમ્મી મારા લગ્નનો ખર્ચ કેવી રીતે કરશે? એવામાં અમારો સાથ દેવા માટે મિતાલીદીદી આવ્યા એમને અમને મહેશપપ્પા વિશે વાત કરી. મિતાલી દીદીએ કહ્યું મહેશપપ્પા જે

દીકરીના પપ્પા ન હોય એમના પપ્પા બનીને દિલથી દીવો પ્રગટાવે છે. ત્યાર બાદ હું મિતાલી દીદી સાથે મિતુલ ફાર્મમાં પહેલીવાર મે મારા પપ્પાને જોયા છે. ત્યાં પાણીપુરીનો પ્રોગ્રામ હતો ત્યારે મને મહેશ પપ્પાનો સ્વભાવ ખૂબ જ ગમ્યો હું મહેશપપ્પા વિશે જેટલુ લખું એટલુ ઓછું જ છે અને જેટલું વર્ણન કરું એટલું ઓછું જ છે. મારા પપ્પા ઓફ થઈ ગયા એને આજે ૧૬ વર્ષ થયા છે. જ્યારે હું અને મારા મમ્મી મહેશ પપ્પાને મળ્યા ત્યારે મહેશ પપ્પાએ મારા મમ્મીને કીધું કે આજથી તમે આની બધી જ જવાબદારી અને ચિંતા મૂકી દો. એ હવે મારી જવાબદારી છે. આવું સાંભળીને લાગ્યું કે આવા પપ્પાનું સ્થાન કોઈ જ ન લઈ શકે. હું દિલથી કહું છું કે મારા પ્રિય પપ્પા તો મહેશપપ્પા.........

**Thank You Papa**

**લિ.**
**અંકિતા નારોલા**

# ડોબરિયા મોનિકા ધનજીભાઇ

જન્મતારીખઃ- ૨૪/૦૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૨૦/૧૧/૧૯૯૫



## My Lovely Papa

પપ્પા મળી ગયા હવે બીજું કઈ નથી જોતું. બસ ભગવાનને એટલું જ કહીશ.

**જય રામાપીર...,**

પપ્પા ક્યાંથી શરૂઆત કરું તે કઈ સમજાતું નથી? પપ્પા શબ્દ એટલો મહત્વપૂર્ણ, પ્યારો અને વહાલસોયું નામ છે. દરેક દીકરીની લાઈફમાં પપ્પાનું સ્થાન સૌથી ઉપર જ હોય છે. અને તેમના માટે તે ગૌરવની લાગણી અનુભવે છે. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પરંતુ પિતા માટે તેમની દીકરી હંમેશાં નાની જ રહે છે. અમારા પરિવારમાં અમે ત્રણ વ્યક્તિ રહીએ છીએ. હું, મારો ભાઈ અને મારા મમ્મી.

મારા પપ્પાનું મૃત્યુ ૨૦/૧૧/૧૯૯૫ના રોજ થયું હતું. મારા કાકાના લગ્ન હોવાથી કંકોત્રી આપવા જતાં હતા. એક્સિડંટ થવાથી તેમનું અવસાન થયું હતું.

મારા પપ્પાના અવસાન પછી અમારી જિંદગી સાવ સૂની થઈ ગઈ હતી. મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું અઢી વર્ષની હતી. પછી હું પાંચ વર્ષની થઈ ત્યારે મને સ્કૂલે મોકલવામાં આવી. મારા મમ્મી અમને બંને ભાઈ-બહેનને ખેતી કરીને ભણાવતા હતા. હું સ્કૂલે જતી ત્યારે બધાના પપ્પા મૂકવા આવે ત્યારે હું ભગવાનને એમ પૂછતી કે મારા પપ્પાને તમે તમારી પાસે કેમ બોલાવી લીધા. તેમ કહેતી-કહેતી રડી પડતી. ત્યારે મારી ફ્રેન્ડ મને છાની રાખતી ને તે મને એમ કહે કે એક દિવસ તને તારા પપ્પા જરૂર મળશે.

હું જ્યારે ૧૧માં ધોરણનું વેકેશન હતું ત્યારે મારા મમ્મીની તબિયત સારી ન હોવાથી મારે મારો અભ્યાસ છોડી દેવો પડ્યો. પછી તેમનાથી કામ ન થઈ શકતું. ઘરનો બધો ભાર મારા પર આવી ગયો. મારા ભાઈએ અમને સુરત બોલાવી લીધા. તે ઓફિસમાં જતો. હું ઘરે સિલાય કામ કરતી. એમ કરી અમારું ઘર ચલાવતા હતા. મને એ



વાતનું ટેન્શન હતું કે મારા લગ્ન કેવી રીતે કરું? ૨૦૧૫ના લગ્ન મેં લાઈવ જોયા અને મને એમ થયુ કે મારે પણ આમ જ લગ્ન કરવા છે.

પછી સવાણી પરિવારની મુલાકાત કરી. મહેશ પપ્પાને હું મળી. મને મારા પપ્પા જેમ પ્રેમ કરતાં એમ મહેશ પપ્પા પણ તેવો જ પ્રેમ આપે છે. મારા પપ્પા હોત તો પણ મારા લગ્નની ખરીદી આવી નો થાત જેવી કે મહેશ પપ્પાએ કરાવી. પપ્પા વગરનું આ દુનિયામાં રહેવું મને મુશ્કેલ લાગતું હતું. પણ મહેશપપ્પા અમારી લાઈફમાં હોય તો અમને પપ્પાની કમી નથી લગતી. જો દુનિયામાં સૌથી વધુ પ્રેમ હોય તો તે પિતા અને દીકરી વચ્ચેનો હોય છે. પપ્પા તમારા માટે જેટલું લખવામાં આવે એટલુ ઓછું છે. તમે પૂરી દુનિયાના બેસ્ટ પપ્પા છો. તમે બધી દીકરીઓના જીવનમાં ભગવાન સમાન છો અને કાયમ માટે તમારા દિલમાં અમને જગ્યા આપી છે. તેમજ એક પિતાનો હેત આપ્યો છે. તે માટે શું કહેવું તે કઈ સમજાતું નથી.

પપ્પા તરફથી મને ખૂબ જ સાથ સહકાર મળ્યો છે તેના માટે હું મારા હદયથી એક પપ્પા તરીકેની લાગણી અનુભવું છું. તમે મને પપ્પા તરીકે બોલાવવાનો હક આપ્યો છે તે હું જિંદગીમાં નહીં ભૂલું. છેલ્લા ૬ મહિનાથી તમે અમને પપ્પા તરીકેનો પ્રેમ આપો છો તે શબ્દ માં વર્ણવી શક્તિ નથી.

**'ભૂલો ભલે બીજું બધુ માં-બાપને ભુલશો નહીં,**
**અગણિત છે ઉપકાર એના એ કદી વિસરશો નહીં.'**

પિતા વગરની દીકરીઓની ઈચ્છાઓ પૂરી કરવા ભગવાન તમને ખૂબ લાંબી ઉમર અને હિંમત તથા શક્તિ આપે.

My papa love you... Miss you my papa...

હું મારા પપ્પા વિશે લખું તો બહુ બધુ લખી શકું પણ બસ, આ મારા પપ્પા માટે મારા દિલમાં જે ફિલિંગ છે એ તો હું કદાચ પૂરી લાઈફ લખું તો પણ ના લખાય.

લાસ્ટમાં પપ્પા, તમે મારા પપ્પા તરીકે તો વ્હાલા છો જ પણ સાથે સાથે હજારો પરીવાર તમને સો-સો સલામ કરે છે. તમે લાઈફ સમાજ સેવા પાછળ વ્યતીત કરો છો એ ખૂબ જ સારું છે. પપ્પા તમે સમાજ ને ઘણું નવું આપ્યું છે. રીત - રિવાજ સુધારવાની કોશિશ કરી રહ્યા છો. હું સદાય મારા પપ્પા સાથે છું અને રહીશ. દુનિયામાં તમારી ખૂબ જ કિર્તિ વધે અને ખૂબ જ યશ વધે એવી પ્રાર્થના પ્રભુને મારા પપ્પા ....

I Love you my papa

જય રામાપીર

**લિ. તમારી દિકા, મોનિકા**



## રાદડિયા કોકિલા રવજીભાઇ

જન્મતારીખઃ- ૧૫/૦૧/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૦૨/૧૧/૨૦૦૮

**પિતા વગરની છત્રછાયા**
**ત્યાર પછી**
**પિતાવાળી છત્રછાયા**
**વંદનીય પપ્પા,**

સાદર સ્નેહ પ્રણામ સાથે જય રામાપીર મારી જેવી દીકરીઓને વહાલની છાંયડી પૂરી પાડનાર દીકરીઓનો પ્રસંગ સાચવીને નીઃસ્વાર્થ જવાબદારી સ્વીકારનાર સવાર-સાંજ દરરોજ મેસેજ દ્વારા વ્હાલ પહોચાડનાર સગા પિતાની ગરજ સારનાર અનુપમ આપના વ્યક્તિત્વને. નમસ્તે પપ્પા,

જય રામાપીર, મજામાં હશો એવો પૂર્ણ વિશ્વાસ ધરાવતી આપની દીકરીના સાદર પ્રણામ હું પિતૃ મહિમા વિશે કઈંક કહેવા માંગુ છું. આમ તો લાગણી માત્ર અનુભવ છે જેને શબ્દમાં વર્ણવી શકાતી નથી. આમ છતાં પિતા પ્રત્યેની મારી લાગણી વ્યક્ત કરવા નમ્ર પ્રયાસ કરું છું.

સૌ પ્રથમ હું મારા પપ્પા વિશે કહું તો મૂળ ગામઃ- મોટી મારડ, તાઃ- ધોરાજી જીઃ- રાજકોટ. હાલ અમે મારા ભાઈ સાથે સુરતમાં રહીએ છીએ. મારા પિતાનું નામ સ્વ. રવજીભાઇ હરજીભાઇ રાદડિયા છે. મારા પરિવારમાં મમ્મી શાંતાબેન સૌથી નાનો એકભાઈ પંકજ અને નવ બહેન છીએ. જ્યારે મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ચૌદ વર્ષની હતી. મારા પિતાનું અવસાન શ્વાસની બીમારીને કારણે થતું હતું. તે દિવસે તો અમારા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. અમારી આર્થિક પરિસ્થિતિ પહેલેથી જ સાવ ખરાબ હતી. કેમ કે પરિવારમાં અમે નવ બહેન અને એક ભાઈ હતો. અમારે જમીન છે નહીં મારા પપ્પા બીજાને ત્યાં મજૂરી કરી અમારું ગુજરાન ચલાવતા હતા. એવામાં અમારા પર એક અણધારી આફત આવી પડી. પપ્પાનું અવસાન થયું. એ પછી અમારા પરિવારની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ. એ પછી મને અને મારા ભાઈને ઘરની પરિસ્થિતિની ખબર પાડવા મંડી એટલે ભાઈ સુરત આવીને મારી બહેન સાથે રહીને હીરાનું કામ શીખ્યા. ત્યારે તેમનો પગાર માત્ર ૫ હજાર રૂપિયા જ હતો. હું અને મારા મમ્મી ગામડે મજૂરી કામ કરી જેમ-

તેમ કરી અમારું ગુજરાન ચલાવતા હતા. ભાઈ હીરા શીખી ગયો પછી તેણે અમને સુરત બોલાવી લીધા. સુરત આવ્યા ત્યારે પણ ભાઈ નો પગાર માત્ર પાંચ હજાર રૂપિયા જ હતો. તેમાં મકાનનું ભાડું ભરતા અને ઘર ખર્ચ કાઢતા. ત્યાર પછી હું સાડીનું કામ શીખી અને ભાઈને ઘરમાં મદદ કરવાનું શરૂ કર્યું.

પિતા વગરનું ઘર એટલે થડ વગરનું ઝાડ ને થડ વગરનું ઝાડ કદી ઊભું રહેતું નથી. ઝાડની અંદર થડને પીતાનું બિરુદ આપવામાં આવ્યું છે કેમ કે ઝાડની ડાળી,પાંદડા,ફળ,ફૂલ તેમના સંતાનો કહેવાય છે. હવે જો ઝાડનું થડ જ તૂટી પડે તો પાંદડા, ડાળીની હાલત કેવી થાય. તે તો આપણે જાણીએ જ છીએ. ને પિતા ન હોય તો પરિવારની હાલત કેવી થાય તેની મને ખબર છે.

પપ્પા વિશે તો કોઈને કંઈ કહેવાની જરૂર પડે છે. એ તો સૌ જાણતા જ હોય છે. 'માં' વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો છે પરંતુ એક પિતા વિશે કઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ કે લેખકો પણ પાછા પડી જાય છે. કેમ કે પિતા વિશે તો લેખ કાગળમાં નહીં દિલમાં જ હોય છે અને એ પણ એક દીકરીના દિલમાં. એક દીકરી માટે તેના પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે કેમ કે દરેક દીકરી જિંદગી આખીમાં દરેક પરિસ્થિતિમાં રોલ-મોડેલ તરીકે ભૂમિકા ભજવતી જતી હોય છે. અને દીકરીને એ ખ્યાલ હોય છે. પુરુષ પ્રધાન આ સમાજમાં તેના પપ્પા એક જ એવા પુરુષ હશે જે ક્યારેય તેણે ભૂલથી પણ દુખી નહીં કરે.

આ પત્ર લખતા લખતા મને મારા પિતાની યાદ આવી ગઈ અને મારી આંખમાથી આંસુ વહેવા શરૂ થઈ ગયા.

આ વાત તો મારા જીવનમાં પિતા નહોતા તે પહેલાની વાત છે. હવે જ્યારે મારા જીવનમાં પિતાનું આગમન થયું છે એટલે કે જાણે કે મારી જિંદગી જ બદલાઈ ગઈ છે. આ અંગે વિસ્તૃત કહું તો જ્યારે મારી ઉંમર ૨૪ વર્ષની થઈ ત્યારે મારા લગ્નની વાત આવી અને મારા લગ્ન નક્કી થયા. ત્યારે મારા મમ્મી અને ભાઈને એવું હતું કે દીકરીના લગ્નમાં તેને શું આપીશું? કેવી રીતે લગ્ન કરાવીશું? પણ અમે એવી વાત સાંભળી કે એક વ્યક્તિ છે જે પિતા વગરની દીકરીના લગ્ન કરાવીને એ દીકરીને પોતાની દીકરી માને છે. ત્યારે તરત જ મારા ભાઈએ તેની મુલાકાત લીધી. તે વ્યક્તિ બીજું કોઈ ન હતું તે હતા મારા પપ્પા મહેશભાઇ સવાણી.

ત્યારબાદ હું અને મારો ભાઈ તેણે મળવા ગયા. અને મે બધી વાત કરી. ત્યાર પછી અમે મિટિંગમાં બેઠા હતા ત્યારે મારૂ ફોર્મ એક સાઈડ મૂકી દીધું



ત્યારે મને એમ થયું કે મારૂ ફોર્મ નહીં લે ત્યારે મને બહુ જ દુખ થયું પણ પપ્પા એ મારૂ ફોર્મ છેલ્લે હાથમાં લીધું. ત્યારે મને એમ થયું કે અમારી પરિસ્થિતિ નબળી હોવાથી તમે મારૂ ફોર્મ સ્વીકાર્યું ત્યારે મને બહુ જ ખુશી થઈ  પરંતુ મને એક વાતનું ખૂબ દુખ થયું. પપ્પા તમારી દીકરી બોલે ખોટું નહીં લગાડતા. મારા ભાઇનું ફોર્મ ના લીધું ત્યારે હું ખૂબ દુખી થઈ. પણ કઈ વાંધો નહીં પણ પપ્પા કાજલ દીદીએ બધી વાત કરી કે કેમ ના લીધું કઈ વાંધો નહીં પપ્પા. મારે નહોતું કહેવું તો પણ મારાથી કહેવાય ગયું કેમ કે મારી પરિસ્થિતિ અત્યારે પણ ખૂબ જ નબળી છે. એટલે મારાથી કહેવાય ગયું પણ પપ્પા તમે મને એક પપ્પાના રૂપમાં મળી ગયા તેથી હું ખૂબ જ ખુશ છું. તમને મળ્યા પછી તમારી સાથે વાત કરી ત્યારે જીવનની અંદર પિતાનો પ્રેમ કેવો હોય તેની પ્રથમ વખત અનુભૂતિ થઈ. તે પછી મને કદી એવું નથી લાગતું કે મારે પિતા નથી અને હું પપ્પા વગરની છું. જ્યારે પણ મને કોઈ લગ્ન વિશે પૂછે ત્યારે હું ગર્વથી તેમને કહેતી કે મારા પપ્પા મારા લગ્ન કરાવે છે. એક પિતા પોતાની દીકરીને જેટલું આપે એટલું ઓછું છે. પણ મારા પપ્પાએ લગ્નમાં બધુ જ મને આપ્યું છે આવું તો મારા ઘરના સભ્યો પણ મને ન આપી શકત.

પહેલા મારા પપ્પા ન હતા એટલે મને જિંદગીમાં થોડો અફસોસ હતો. હવે મને જરા પણ અફસોસ નથી. આ જગતમાં એવા પણ લોકો છે કે પિતા વગરની દીકરીને પોતાની દીકરી માને છે. એવા જ આ મારા મહેશપપ્પા છે. તેમને હું કોટિ-કોટિ વંદન કરું છું.

જ્યારે હું પહેલીવાર પપ્પાને મળી ત્યારથી મારી જિંદગી બદલાઈ ગઈ છે. ત્યારથી જ મને ખબર પડી કે પપ્પા પોતાની દીકરીને કેટલો પ્રેમ કરે છે. એટલું જ નહીં મારા જેવી દરેક બહેનો કે જે પિતા વગરની છે. તે બધી બહેનોને એકસમાન પ્રેમ કરે છે. કોઇની વચ્ચે ભેદભાવ નહીં કે આ પૈસાવાળી છે કે નહીં, આ પટેલ છે કે બીજી જ્ઞાતિની છે. તેમના માટે બધી દીકરી એક સમાન છે. એક સરખો વહાલ અને પ્રેમ કરે છે.

જ્યારે હું મારા મહેશ પપ્પાને પહેલીવાર મળવા ગઈ હતી ત્યારે તેમણે જે કહ્યું હતું તે શબ્દો આજે પણ મને યાદ છે કે દીકરી હવે તું એવું કદી ન માનતી કે તારે પપ્પા નથી. આજથી હું તારા પપ્પા. જીવનમાં કદી પણ મુશ્કેલી પડે ત્યારે મને યાદ કરજે. હું તારી સાથે જ છું. આ વાક્ય સાંભળીને મને અંદરથી હરખના આંસુ આવી ગયા હતા. ને મારી ખુશીનો આનંદ સમાતો ન હતો. હું ગર્વથી ગદગદ થઈ ઉઠી હતી કે મારી જિંદગીમાં પપ્પાનું આગમન થયું. જેમ સિક્કાની બે બાજુ હોય છે છાપ અને કાંટો તેંમ મારી જિંદગીમાં બે જિંદગી આવી એક પિતા વગરની જિંદગી અને બીજી પિતાવાળી જિંદગી. હવે મારી જિંદગી એક જ બાજુ રહેશે પિતાવાળી જિંદગી.



હું ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા આ પપ્પાને ભગવાન ખૂબ જ લાંબુ આયુષ્ય આપે અને હંમેશાં ખૂબ જ ખુશ અને હેમખેમ રાખે. અને ભગવાન પાસે એવું જ માંગીશ કે હર જન્મમાં હું મારા બેય પપ્પા ની જ દીકરી બનુ, બસ એજ હું બીજું લખીશ તો મારાથી રડી પડાશે.

**"જબ ચલ બસે થે પાપા મેરે,**
**તૂટકે બીખર ગયા પરિવાર મેરા,**
**જૈસે ભી થે આધાર થે વો હમારે,**
**પર ફીર તો ના રહા કોઈ સાથ,**
**ના કોઈ સંગાથ ઔર ના હીં કિસીકા ઈંતજાર,**
**પર મિલ ગયા જીને કા સહારા,**
**મિલ ગયા એક બિન બાપ કી બેટી કો પાપા કા પ્યાર,**
**ઔર ભગવાનને ભેજા હમારે પાસ એક ફરીસ્તા**
**મહેશભાઈ સવાણી કે રૂપમે"**

**પપ્પા,**
**તમારી વ્હાલી દીકરી**
**કોકિલા**



# પોકીયા નયના કાળુભાઇ

જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૮૩

પિતાની પુણ્યતિથીઃ- ૨૨/૦૭/૨૦૦૯



**My Dear papa,**

જય શ્રી સ્વામીનારાયણ સાથે જણાવવાનું કે મારા પપ્પા બહુ જ સારા હતા અને અમને ખૂબ જ સાચવતા હતા અને તેઓ જીવના પણ સારા હતા. અને અમે પરિવારમાં ત્રણ બહેન અને બે ભાઈ છે. અમે પેહલા તો તે સુરત હીરામાં હતા પણ પછી ભાઈઓ અલગ થવાથી ગામડે ખેતીમાં આવી ગયા હતા અને મારા પપ્પાનું જીવન બહુ જ સારું હતું. તે નિખાલસ અને નિર્મળ સ્વભાવના હતા. મારા પપ્પાને બહેન દીકરી મળવા આવે તે બહુ જ ગમતું અને તે ક્યારેય ઉદાસ રહેતા નહીં. પણ તેઓને સતત તાવ આવવાથી કેન્સરનો રોગ થવાથી તેઓ એક વર્ષમાં અમદાવાદના દવાખાનાના ૪૫ જેટલા ધક્કા ખાધા પણ દવાઓ લાગુ ન પડવાથી મારા પપ્પાનું બુધવાર ને અમાસના દિવસે તા. ૨૨/૦૭/૨૦૦૯ ના અવસાન પામ્યા. અમારા નસીબમાં નહીં હોય આ કોને કહેવું? બધુ જ મળે છે પરંતુ પપ્પા એ ના મળે. જ્યારે મારે કોઈ પણ વસ્તુ ની જરૂર પડે તો અમારા પપ્પા લઈ આવતા પરંતુ પપ્પાના ગયા પછી જાતે જ લાવવી પડે છે. પપ્પા હતા ત્યારે કોઈ જાતનું ટેન્શન ન હતું પરંતુ એ અમને છોડીને ગયા પછી બધુ જ ટેન્શન થાય છે. એ છોડીને ન ગયા હોત તો આમારે બહુ જ સારું હોત. મારા પપ્પા ગયા ત્યારથી ઘરમાં ખાલીપો લાગે છે. મારા ઘરની પરિસ્થિતિ થોડી નબળી હતી. મારો ભાઈ,મમ્મી અને હું અમે ત્રણેય થઈને ખેતી કામ કરીને ઘર ચલાવ્યું. પછી મારી અને મારા ભાઈની સગાઈ નક્કી કરી. અને મેરેજના ખર્ચનું બહુ જ ટેન્શન હતું પણ થોડાક દિવસમાં જ અમારા ગામના સુરતમાં રહેતા વિપુલભાઈ પોંકિયાનો ફોન આવ્યો અને પી.પી. સવાણી ગ્રુપની જાણ કરી અને વિપુલભાઈએ અમારું ફોર્મ પણ લાવી દીધું. અને આ ફોર્મ ભરી પી.પી. સવાણી ગ્રુપમાં મોકલી આપ્યું અને ત્યારથી અમને મહેશપપ્પા મળ્યા. મહેશપપ્પા તમારા માટે શું લખવું એ જ ખબર નથી પડતી. લખવા માટે ઘણું બધુ છે પણ શબ્દ ઓછા પડે છે. એમાં પણ શરૂઆત ક્યાંથી કરું? એ જ ખબર નથી પડતી.

જ્યારે લગ્નની ખરીદી કરી ત્યારે શ્રધ્ધાદીદી, અંકિતાદીદી, મિતલ

દીદીએ મને કહયુ કે આજે સાંજે પપ્પાને ફોન કરજો. જ્યારે મે પહેલીવાર પપ્પા સાથે ફોન પર વાત કરી. પપ્પાને મે કહ્યું જય સ્વામીનારાયણ તો તેને પણ જય સ્વામીનારાયણ કીધા પછી મેં કહ્યું કે હું ૧૧૮૪ નામની દિકા બોલું છું. ત્યારે તેમણે કહ્યું કે નયના બોલે છે અને સવાલ કર્યો કે શોપિંગ સરસ રીતે થઈ ગઈ? કેવું હતું? ગમ્યું? જેવા સવાલો પૂછીને મારી સંભાળ લીધી.

હું એમ વિચારું છું કે હું બહુ જ ભાગ્યશાળી છું. પપ્પાને કારણે મને ઘણી બધી દીદીઓ મળી. બધી જ દીકરીઓને એકસમાન લાગણીથી રાખવી અને એમના જીવન ખુશીઓથી ભરી દેવા એ એક એવી વસ્તુ છે કે જે મોટા મોટા લોકો પાસે નથી. પણ મારા પપ્પા પાસે તો એનો ખજાનો છે. જે રીતે એક પિતા પોતાના બધા જ છોકરાઓને એકસરખો વહાલ આપે છે તે રીતે તમે તમારી બધી જ દીકરીઓને એકસરખો પ્રેમ આપો છો. એકસરખી રીતે રાખો છો. તે તમારી સૌથી મોટી ખાસિયત છે. હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું કે પપ્પા રૂપી સુરજ મારી લાઇફમાં આવી ગયો. જે ક્યારેય અસ્ત ન થાય. ભગવાનનો ક્યાં શબ્દમાં આભાર માનવો એ મને નથી સમજાતું કે જેમને મને આવા ભગવાનરૂપિ પપ્પા આપ્યા.

પપ્પા ભગવાને જે તમને આપ્યું તેનો તમે ખૂબ જ સારા કામોમાં ઉપયોગ કર્યો છે. કેટલા બધાની મુશ્કેલીઓ દૂર કરી. લોકો માટે સહાય રૂપી થયા છો.

દુનિયામાં દરેક દીકરી માટે તેના પપ્પા તેના માટે બધુ જ હોય છે. દરેક બાપ ને દીકરીઓ ખૂબ વહાલી લાગતી હોય છે. તમે એ બધુ જ કરી બતાવ્યુ છે જે એક પિતા કરી શકે.

અંતમાં એટલું જ કહીશ કે અમારી બધી જ દીકરીઓના સ્પેશિયલ પાપા - મહેશપપ્પા નું જીવન સદા આરોગ્યમય, સુખ શાંતિ ભર્યું બને.

**જય રામાપીર પપ્પા**
Love you papa
**તમારી વહાલી દીકરી**
**નયના**



# ચૌહાણ માયા રણછોડભાઈ

જન્મતારીખ:- ૧૦/૦૩/૧૯૮૦
પિતાની પુણ્યતિથી:- ૧૧/૦૭/૧૯૯૩



**મારા વ્હાલા પપ્પા,**

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાનને જોયા નથી પરંતુ આમનું એક નામ પપ્પા તમારી સાથેનું છે. " મહેશપપ્પા" ભગવાન આવા જ હોય છે.

પપ્પા તમારા માટે હું શું લખું એ સમજાતું નથી કારણ કે તમારો ની:સ્વાર્થ પ્રેમને લાગણી અભિવ્યક્તિ શબ્દમાં કરતાં મને નથી આવડતું.

આજે તમારી દીકરી તમને સાચા મનથી લાગણીમય પત્ર લખી રહી છે. હું એક મધ્યમ વર્ગ પરિવારમાંથી આવું છું. હું મારા મનની વાત ટૂંકમાં કહેવાની કોશિશ કરું છું. મારા પોતાના અને મારા પરિવારના જીવનમાં મે અનુભવ કર્યો છે તે સત્ય છે. જે આજે પહેલીવાર તમને કહી રહી છું. આજે તમને મારો ભૂતકાળ જણાવતા મારી આંખોમાથી અશ્રુભીની વહી રહી છે. જીવનમાં મે ક્યારેય મારા દુ:ખની વાત કરી નથી.

**" દુખી દુખી થઈ ગઈ હવે મરવાની વાત થાય,**
**આ જીવનની ઘટમાળ માથી હવે છૂટવાનું મન થાય"**

મારા પિતાનું મૃત્યુ તા. ૧૧/૭/૧૯૯૩માં થયું હતું. કમળામાથી કમળી થઈ તેના કારણે મારા પિતા દેવલોક પામ્યા. ત્યારે મારી ઉંમર ૧૩ વર્ષની હતી. ઘરમાં જાણે આકાશ તૂટી પડ્યું. અને અમારું બધુ છીનવાઈ ગયું. પિતા વગરનું ઘર એટલે થડ વગરનું ઝાડ અને થડ વગરનું ઝાડ ક્યારેય ઊભું રહેતું નથી. મારા પપ્પા પ્રમાણિક, લાગણીશીલ, સહનશીલ, સત્યવાદી અને પ્રેમાળ હતા. તેમજ બીજાના દૂખ થી દુખી થનાર તેમજ બીજાને ખુશ કરનાર હતા. હું મારા પપ્પાની ખૂબ જ વહાલી હતી. હું વિકલાંગ હતી એટલે પપ્પા મારી દરેક ઈચ્છા પૂરી કરતાં. પણ પપ્પાના જવાથી મારા ઘર નો માળો વિખરાય ગયો. ઘરમાં દુ:ખનું વાતાવરણ છવાય ગયું. છતાં મમ્મીએ હિમ્મત ન હારી. બીજાના ઘરકામ કરીને મારો અભ્યાસ ચાલુ રખાવ્યો. અને અમારું ગુજરાન ચલાવતા હતા. ઘરમાં હું, મારી નાની બહેન અને બે ભાઈ. ઘરના સગા અને સંબંધીઓએ પણ સહારો ન આપ્યો.

**"જીવનમાં સુખ અને દુ:ખ એક સિક્કાની બે બાજુઓ છે."**

**“યૌવન ચાલી જાય છે પ્રેમ ઓસરી જાય છે.”**

**“મિત્રતા ખરી પડે છે પણ માતા પિતાનો પ્રેમ સદા વધતો ને વધતો રહે છે.”**

પપ્પાના જવાથી ઘરમાં એક ટંકનું ખાવાનું મળતું અને બીજાના ઉતરેલા કપડાં પહેરીને અમારી આજીવિકા ચલાવતા હતા. સમાજમાં પણ ઘણા સારા માણસો હોય છે તેમાથી એક સારી વ્યક્તિ મળી તેને મારા ભાઈને હિરાનું કામ શીખવ્યું. અને અભ્યાસ બંધ કરી દીધો. મમ્મી ૨૦ વ્યક્તિનું ખાવાનું બનાવતી. હું અને મારી નાની બહેન રૂ વેચવાનું, સિલાય કામ, સાડી અને ડ્રેસમાં ટીકી ટાંકવી, બીજાના ઘરમાં કચરા- પોતા કરવા, ગાજ-બટન કરવા, ચાંદલા બનાવવા વગેરે જેવા નાના નાના કામ કરીને મમ્મીને મદદ કરતાં. પણ મમ્મીના જીવનમાં ક્યારેય સુખ આવ્યું જ નહીં. પણ તે એક પંક્તિ હંમેશાં યાદ રાખતા કે

**“ વિપત પડે ના વલખીએ, વલખે વિપત ના જાય,**
**વિપતે ઉધ્યમ કિજીયે, ઉધ્યમ વિપત ખાય.”**

ત્યારે મે મનમાં વિચાર કર્યો કે “આપણે એવું કર્મ કરીએ કે માં-બાપની આંખોમાં આંસુ ન આવે ”

હું વિકલાંગ હતી એટલે મમ્મીએ ઘણા સંઘર્ષો કરીને મારો અભ્યાસ પૂરો કરાવ્યો. આજે હું M.A. B. ed કરીને પ્રાઈવેટ સ્કૂલમાં નોકરી કરું છું ને મારા મમ્મીને મદદ કરું છું. મારા મમ્મીએ વધારે અભ્યાસ કર્યો નથી પણ પપ્પા અને મમ્મીની મને ભણાવીને સરકારી શિક્ષક બનવાની ઈચ્છા હતી. પણ મારૂ સદભાગ્ય કેવું છે કે એક સમયે મને ભગવાને પણ સાથ ન આપ્યો. જ્યારે ૨૦૦૮માં હું M.A. B. ed ડિગ્રી પ્રાપ્ત કરીને તરત જ અઠવાલાઈન્સ વનિતા વિશ્રામમાં ઉચ્ચ માધ્યમિકમાં સરકારી નોકરીનો ઓર્ડર આવ્યો પણ ગાંધીનગરથી આવેલા અધિકારીઓએ ૬ લાખની માંગ કરી. પણ મારી પાસે પૈસા ન હતા. એટલે મને સરકારી નોકરી ન મળી. ને મારી આખરી અને મારા મમ્મી પપ્પાની ઈચ્છા પૂરી ન થઈ. તેનું દુખ હવે મને જીવનભર રહેશે. ઘણી વાર યાદ આવી જાય તો રડી લવ છું. આજ પણ મે મારો આત્મવિશ્વાસ ખોયો નથી. હજુ પણ બધી જ પરીક્ષા આપું છું. કદાચ મારૂ ભાગ્ય ઊઘડી જાય.

**“માં એટલે ધરતી અને પિતા એટલે આકાશ”**

ઘરમાં એક વ્યક્તિ જો ખરાબ આવી જાય તો ઘરનો માળો વિખરાય જાય તેમ જ અમારા ઘર નો માળો વિખરાય ગયો. ભાઈ અને નાની બહેનના લગ્ન થઈ ગયા. મોટો ભાઈ લગ્ન પછી થોડો સમય સાથે રહ્યો અને પછી અલગ થઈ ગયો. કઈ વાંધો નહીં. પણ આપણે તેને દોષ નથી આપતા પણ આપના કર્મને દોષ આપવાનો. કુદરતની કરુણતા કેવી છે કે દુ:ખીને વધારે દુ:ખી કરે છે. અચાનક નાના ભાઈને તા.



૧૫/૦૪/૨૦૦૯માં છાતીમાં દુખાવો થયો. હાર્ટ એટેક આવતાં જ તે ૨૨ વર્ષની ઉમરે મૃત્યુ પામ્યો. ફરી જાણે ઘરમાં અંધકાર છવાઈ ગયો. જાણે આભ તૂટી પડ્યું. ભગવાને ખૂબ જ મારા મમ્મીની કસોટી કરી છે જે હું શબ્દોમાં વ્યક્ત કરી શકું તેમ નથી. ફરી દુ:ખનું વાદળ ફરી વળ્યું. આજે પણ ૫૫ વર્ષની ઉમરે પણ મારી મમ્મી હીરાના કારખાનાંમાં કચરા-પોતાનું કામ કરવા જાય છે. હું અને મારા મમ્મી આજે એકલા જ રહીએ છીએ. કોઈનો સહારો નથી. અમે બંને જ એક બીજાનો સહારો થઈને જીવન ગુજરાન ચલાવીએ છીએ. પણ મમ્મીનું કહેવું છે કે જો હું તારી સાથે નઇ હોવ તો તારું કોણ? અને મમ્મીના કહેવાથી મારે લગ્ન કરવા પડશે. મોટો ભાઈ જુદો રહે છે. તે પોતે કમાય છે પણ કંઈ જ આપતો નથી. આજે વિધવામાં પાસે કોઈ જ સહારો નથી પણ મેં સંકલ્પ કર્યો છે મારા લગ્ન પછી પણ મારે જ મારા મમ્મીનો સહારો બનવાનો છે.

**"જીવનમાં આપણે કોઈને કઈ પણ આપી ન શકિયે તો**
**કોઈ વાંધો નહીં પણ કોઇની બદદુઆ ન લેવી."**

**આવો મારો જીવનમંત્ર છે.**

સમાજના વડીલોની મદદથી ૩૫ વર્ષે મારી સગાઈ થઈ. પૈસા વિના લગ્ન કેવી રીતે કરવા ત્યારે મે આર્ય સમાજમાં લગ્ન કરવાનો વિચાર કર્યો. ત્યારે મને સાંભળવા મળ્યું કે પી.પી.સવાણી માં જેના પિતા ન હોય તેવી દીકરીઓના લગ્ન કરાવી આપે છે. પણ તેને મળવું કઈ રીતે? તેની સાથે અમારો મેળાપ કઈ રીતે થાય? એક વાર હિરાબાગ પપ્પાનો અને બધી દીદીનો ફોટો જોયો. પણ તેમણે મળવા માટે મારી પાસે ફોન કે એડ્રેસ ન હતું અને તમને મળવાની ઘણી ઈચ્છા હતી. અચાનક એકવાર શાળાના પ્રોગ્રામમાં પપ્પા તમે આવ્યા અને તમારી મુલાકાત ત્યાં થઈ. અને તમારી સાથે વાત થઈ ને મે જ મારા લગ્નની વાત કરી કે તમારા સમૂહ ગ્રુપમાં કરવા છે. ત્યારે પપ્પા તમે હા પાડી. પણ મારી પાસે કોઈ ફોન નંબર નથી તો પપ્પા તમે તમારું કાર્ડ મને આપ્યું. ને કહ્યું કે મેં મહિનામાં ફોન કરજો તમને ફોર્મ મળી જશે. મે મહિનામાં જયારે ફોન કર્યો તો ફોર્મ બધા વહેચાય ગયા હતા પણ પપ્પા એ કહ્યું કે વેઈટિંગમાં નામ લખાવી દો. પછી વેઈટિંગમાં નામ હતું. મે પપ્પા સાથે એકવાર whatsup માં વાત કરી. પછી મનમાં વિચાર આવ્યો કે આટલી મોટી ઉદ્યોગપતિને હું ક્યાં સાધારણ વ્યક્તિ. મારૂ કોણ સાંભળે?

મારી આ વાતને એક ઉમ્મીદનું કિરણ મારા જીવનમાં સાઈ બાબાએ મોકલ્યુ. સુખનો સૂરજ ઊગ્યો. મારૂ માનવું છે કે આપણે જો બીજા ઉપર દયા કરીએ તો ભગવાન હંમેશા આપના પર કૃપા કરે છે. તેવી જ રીતે ભગવાને મારા પર કૃપા કરીને

અચાનક મારા પર ફોન આવ્યો કે તમારું પી.પી. સવાણીમાં નામ સિલેક્ટ થઈ ગયું છે. ત્યારે મારા જીવનમાં પહેલીવાર હું આટલી ખુશ થઈ.તેને હું શબ્દોમાં વ્યક્ત કરી શકું તેમ નથી. જાણે કે સ્વર્ગ મારા માટે ધરતી પર હતું. પપ્પાએ મને જે લાગણી, પ્રેમ, સુખની હૂંફ આપી તે મારા પરિવારમાં મારી મમ્મી અને બીજા મારા મહેશપપ્પા પાસેથી મળી છે.

હિમાલય જેવા બહાદુર વ્યક્તિ જે છે તે પપ્પા દેખાવમાં જેવી તેની સાદગી છે એટલું હૈયું વિશાળ છે. તેની નજરમાં નથી કોઈ નાનું કે નથી કોઈ મોટું. બધા પ્રત્યે સમદ્રષ્ટી જ દાખવે છે. ભગવાન આ સૃષ્ટિમાં બધી જ જગ્યાએ નથી પહોંચી વળતાં, એટલે આવા પપ્પા જેવા વ્યક્તિને તેમનો પડછાયો બનાવીને આ ધરતી પર મોકલે છે. જેનાથી અમારા જેવા છત્રછાયા ગુમાવનાર દીકરીઓને છાયા મળી રહે.

**"પિતા એક ઘટાદાર વૃક્ષ છે અને આ દેવી શીતળ**
**છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે."**
**"વાણી, વિચાર અને વર્તનમાં સત્ય હોય**
**તે જ ઈશ્વરની રામકૃપાનો અધિકારી છે."**

પપ્પા તમારી સાથે વધારે મુલાકાત થઈ નથી પણ જાણે એવું લાગે છે આપનો સંબંધ વર્ષો જૂનો છે. એક જ મુલાકાતમાં પપ્પાનું સમગ્ર અસ્તિત્વ, આશા, અપેક્ષા, સ્વાભિમાન, પ્રેમ ભર્યો ગુસ્સો, હિમ્મત, આશીર્વાદ, વિશ્વાસ જોઈ. જ્યારે અમે તમારી ઓફિસમાં પહેલીવાર આવ્યા ત્યારે મારા પપ્પાની જ છબી દેખાઈ.તમે જ્યારે પહેલીવાર "દિકા" કહીને બોલ્યા ત્યારે એવું જ પોતાપણું લાગ્યું કે મને થયું કે અમે એકલા નથી.

"my papa is best in the world... love you papa..."

એક જ મૂલાકાતમાં એક જ કલાકમાં મનમાં વિચાર આવ્યો કે જેવી રીતે એક પિતા પોતાના બધા જ સંતાનોને  એક સરખો વહાલ આપે છે તેમ તમે તમારી બધી દીકરીઓને એક સરખો પ્યાર આપો છો, એક સરખી રીતે રાખો છો, તે તમારી સૌથી મોટી ખાસિયત છે. "પપ્પા" તમારો નિસ્વાર્થ પ્રેમ અને પિતાનું વાત્સલ્ય જોઈ ખરેખર હું અંતર ની લાગણી અનુભવી રહી છું.બીજો આનંદ એ પણ છે કે ૨૩ વર્ષ પછી જાણે ખોવાયેલ પપ્પા પાછા મળી ગયા હોય તેવો હું દિલ થી આનંદ અનુભવું છું. ને મારો ખોવાયેલો આત્મવિશ્વાસ મને પાછો મળ્યો.

**"ભગવાનના રૂપમાં પિતા મળ્યા છે."**

પપ્પા દરરોજ સવાર સાંજ તમારો મેસેજ મને મળે છે. સવારે ઊઠીને હું દરરોજ સારા અને સુંદર વિચારો વાંચી મન પ્રફુલ્લિત થઈ જાય. ને તમારી



લાગણીને હું ધન્યવાદ કરું છું આવું તો અમારા પરિવારમાથી કોઈ નથી કરતું.

ગીતાનો સંદેશ છે કે, ”મનુષ્યનો અધિકાર તેના કર્મ પર છે, તેના ફળ પર નહીં....”

આ પંક્તિ પર હું મારા પપ્પા વિશે એટલું જ કહેવા માંગું છું કે મારા કર્મ સારા હશે કે મને મહેશપપ્પા મળ્યા. તેના આવવાથી મારૂ જીવન બદલાઈ ગયું છે. દીકરીના લાગણીના પુસ્તક વાંચનથી મે પ્રેરણા મળી કે “માણસ જો સત્યપૂર્વક હીમતથી સામનો કરે તો જીવનની કોઈ પણ મુશ્કેલીમાંથી બહાર આવી શકે છે.”

બીજી પ્રેરણા એ છે કે,

**“દાન કરવાથી હાથની શોભા વધે છે,**
**સત્ય બોલવાથી કંઠની શોભા વધે છે,**
**અને સાહિત્ય, શાસ્ત્રો સાંભળવાથી જ,**
**કાનની શોભા વધે છે. સત્ય, શાસ્ત્ર અને**
**કાન જેની પાસે છે તે બીજા દાગીનાઓ**
**પહેરે તો પણ શું? અને ન પહેરે તો પણ શું?”**
**આજે મે પણ એક સંકલ્પ કર્યો છે કે...**
**“ જીવનમાં ધરેલા ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સમય**
**નો સદઉપયોગ કરવો....”**
**મારી મમ્મી પપ્પાને મેસેજ આપવા માંગે છે કે...**

ધન્ય છે તે માતાને, ધન્ય છે વલ્લભદાદાને, ધન્ય મહેશભાઈ અને સવાણી પરિવારને જે સંપતિ ઘણી મેળવે છે મેળવ્યા પછી સત્કાર્ય માટે વપરાય તે સાચી સંપતિ છે. તેનું માત્ર સુરત શહેર જ નહીં પરંતુ દુનિયા આખી સાક્ષી છે.

આવા પરમ આદરણીય અને વંદનીય પપ્પા હમેશા સત્કાર્ય કરતાં રહે એવું હું ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરું છું. તેમજ તેમને મારા પ્રણામ. તમને મારો પત્ર વાંચી કઈ પણ ભૂલચૂક લાગી હોય તો મને નાની દીકરી માનીને માફ કરજો. મે મારા શબ્દમાં ઘણી પંક્તિઓ લખી છે તેમાની આ એક પંક્તિ હું પપ્પા અને સમાજને મેસેજ આપવા માંગુ છું કે....

**“જીવનની સમૃધ્ધિ”**

**“કરુણાની ખેતી કરો,**
**પરોપકારનું પાણી પાઓ,**
**પ્રમાણિકતાનું ખાતર નાખો,**

**કામ અને ક્રોધના કચરાનું નીંદામણ કરો,**
**પ્રેમનો વરસાદ થશે,**
**સુખની કૂંપળો ફૂટશે,**
**સંતોષના દાણા આવશે,**
**અને જીવન સમૃધ્ધ બનશે."**

મને લાગે છે આનાથી આગળ હું મારી લાગણી શબ્દમાં વ્યક્ત નહીં કરી શકું. એ અવ્યક્ત લાગણી કદાચ ક્યારેક તમને મારી આંખથી છલકાતા પ્રેમના આંસુમાં જોવા મળી જાય.પણ તે પ્રેમ હું શબ્દમાં કેવી રીતે વ્યક્ત કરી શકું.

છેલ્લે એટલું જ કહીશ મારા પપ્પાને ભગવાન ખૂબ જ આયુષ્ય આપે અને હમેશા ખૂબ ખુશ રહે.અને અમારા જેવી બીજી દીકરીના પપ્પા બને અને આટલું જ કહીશ કે મારા પપ્પાના કાર્યની સુગંધ દુનિયામાં ખૂણા ખૂણા માં પ્રસરે અને આપનું સમગ્ર પરિવાર દુનિયાના બધા જ ખૂણા માં વખાણ થાય તેવી હું રોજ રામાપીર અને સાઈબાબા ને પ્રાર્થના કરું છું.

પપ્પા તમે જે તમારા પરિવાર ની સભ્ય બનાવી અને જે તમે નિસ્વાર્થ પ્રેમ, લાગણી, સ્નેહથી પપ્પા, મારા આધાર વગરના, અંધકારમય જીવન, સુકાયેલા વૃક્ષ, જેવા જીવનને ફરી સુગંધિત, ચેતનમય જીવન જે તમે બનાવ્યું છે તેનું હું સદા ઋણી રહીશ. પૃથ્વી પર ૭ જન્મ લઈએ તો પણ આ ઋણ ક્યારેય ન ચૂકવી શકું. આ ઉપકાર બદલ તમારો ખૂબ ખૂબ આભાર....

Thank You So Much Papa...
Love You Papa...

**એક પંક્તિ છે કે,**
**"ન ગગન સુધી,**
**ન ધરા સુધી,**
**મારે તો પહોચવું છે,**
**મારા પપ્પાના હદય સુધી."**

**જય રામાપીર...જય ખોડિયારમાં...ૐ સાઈ નાથ**
**તમારી વહાલી દિકા**
**માયા**



# ભોજાણી દર્શના બિપિનકુમાર

જન્મતારીખઃ- ૦૪/૦૫/૧૯૮૬
પિતાની પુણ્યતિથીઃ- ૩૦/૦૮/૨૦૧૧



**માનનીય પપ્પા,**
**My Friend,**
**Philosopher and Guide**

જય રામાપીર,

પત્ર લખવા બેઠી છું તે સાથે હૃદયના દ્વાર પણ ખુલ્લા રાખવાના છે. એમ લાગે છે જાણે આજે હૃદયમાં ધરબી રાખેલ લાગણી ને વાચા મળવાની છે. સમાજનું પક્ષપાતી અને નિષ્ઠુર વલણ પપ્પા મળ્યા પછી જાણે બદલાઈ ગયું.

મેં મારા પિતાની છત્રછાયા આમ તો પાંચ વર્ષથી ગુમાવી દીધી છે. પરંતુ અમે પિતાની છત્રછાયાનું સુખ ક્યારેય પામ્યા નથી. પપ્પાએ એમની જિંદગી દારૂ પીવાના વ્યસનના લીધે અમે ઘણી કઠિન જિંદગી જીવી છે. કુટુંબ અને સમાજ ક્યારેય અમને મદદ કરવા કે પૂછવા સુધ્ધાં આવ્યા નથી. બસ મમ્મી અને બહેને કામ કરીને અમને મોટા કર્યા. અને પછી દસ ભણીને હું પણ એમને મદદરૂપ થવા લાગી. જેમ તેમ કરીને ઘરનું ગાડું ગબડવા લાગ્યું.

પણ લગ્ન એક મોટી જવાબદારી છે. જેમ એક ડૂબતી કિડીને પાનનો સહારો મળી જાય એમ મને પણ પપ્પા સ્વરૂપે તમે મળ્યા ને જે રીતે પોતાના અંગત સ્વજન હોય તેમ બધી જવાબદારી ને ચિંતા તમે તમારી માથે લીધી. આ જોઈને મને પણ કિડીની જેમ નવું જીવનદાન મળ્યું.

પહેલાં જ્યારે હું આસપાસ જોતી તો કોઈ નજરે ના આવતું જે મને મદદ કરે કે જેને અમે પોતાના કહી શકીએ. પણ જે રીતે તમે મારા જેવી બધી દીકરીઓની જવાબદારી હોંશે હોંશે ઉપાડી છે ત્યારથી એમ લાગ્યું કે મારા પોતાના પપ્પા પણ હોત તો એ પણ મારા માટે આટલું ન કરી શક્યા હોત.

મારા પપ્પાના વ્યસનના લીધે અને અત્યંત નબળી પરિસ્થિતિના લીધે અમે જે સમાજના કડવા અનુભવનો સામનો કર્યો છે. તેના ઉપર આજે મહેશ પપ્પાની છત્રછાયામાં જાણે આ કડવા અનુભવ પર પપ્પા નામનો મલમ લાગ્યો અને મનમાં હાશકારો થયો છે.

સમાજમાં બીજાં ઘણાં સારાં કામો મોટા માણસો કરે છે પણ જે કાર્ય મહેશપપ્પા કરે છે એ મને સર્વશ્રેષ્ઠ લાગે છે કેમ કે મારા જેવી અનેક દીકરીઓને ખરા અર્થમાં દીકરી ગણી ફક્ત લગ્ન સુધી જ નહીં પણ આજીવન તેમની કાળજી રાખે છે. તેમનું ધ્યાન રાખે છે.

મહેશપપ્પા મારા જેવી કેટલીય દુભાયેલી દીકરીઓને મદદ કરી ખરા અર્થમાં તેમના પિતા બની તમે અમારા અંતરના આશીર્વાદ મેળવો છો.

મારા જીવનમાં તમારું સ્થાન અમૂલ્ય અને અતુલ્ય રહેશે. મારો આ લગ્ન પ્રસંગ પાર પાડવા ખરેખર હું તમારી આભારી છું.

**I Love My Papa very much**
**Once again thank you very much papa**

**તમારી વહાલી દીકરી**
**દર્શના**



# કળથીયા પારૂલ બેચરભાઈ

જન્મતારીખ:- ૨૫/૦૮/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૨૯/૧૧/૨૦૧૨



હું કળથીયા પારૂલ બેચરભાઈ મહેશ પપ્પાને હદયથી મારી લાગણીઓ વિશે કહેવા માંગુછું અને હદયથી મહેશ પપ્પાનો આભાર વ્યક્ત કરું છું.

મારા પિતાજી મને છોડીને ગયા ત્યારે હું ૨૨ વર્ષની હતી. એ વખતે મારા પર દુ:ખનો કારમો ઘા પડ્યો. હું પપ્પાની લાડકી હતી. બીમારીના કારણે પપ્પાનું મૃત્યુ થયું. પપ્પા હતા ત્યારે તો લાડકોડથી મોટા થયા પણ પછી મમ્મી અને મોટી બહેન ઉપર ઘરની જવાબદારી આવી પડી.

અમારી આર્થિક સ્થિતિ નબળી હતી મારા મમ્મીને મારા લગ્નની ચિંતા હતી. પણ ભગવાનની કૃપા થઈ અને મને મહેશપપ્પા મળી ગયા. તેમણે જ અમારી ચિંતા હરી લીધી. મને પિતાનો પ્રેમ પાછો મળ્યો.

આ પત્ર લખતા લખતા મને મારા પપ્પાની યાદ આવી ગયા અને મારી આંખથી આંસુ વહેવાના શરૂ થઈ ગયા. ઘણું લખવા માંગુ છું પણ શબ્દ નથી.

જ્યારે મારી જિંદગીમાં પપ્પાનું આગમન થયું ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયા. અને હું ગદગદિત થઈ ઊઠી અને જેમ સિક્કાની બે બાજુ હોય છે તેમ મારી જિંદગી પણ પિતા વગરની અને એ પિતાવાળી જિંદગી બની ગઈ છે. હવે મારી જિંદગી એક જ બાજુ રહેશે પિતાવાળી જિંદગી.

હું મારા પપ્પા વિશે લખું એટલું ઓછું છે. કેમ કે પ્રેમ કદી પૂરો થતો નથી. એક પિતા તેની દીકરીને ગમે તેટલો પ્રેમ કરે પણ ઓછો પડે છે.

મહેશપપ્પા મને દીકરી માને છે. તેઓ મને દિકા કહીને બોલાવે છે. મને ગુંડ મોર્નિંગ નો મેસેજ કરીને મારા દિવસની શરૂઆત કરાવે છે. અને ગુડ નાઇટનો મેસેજ કરીને મીઠી નીંદ આપે છે.

**I Love You Papa**

**સૂર્યને જેમ એના કિરણ વગર નથી ચાલતું એમ અમને અમારા પપ્પા વગર નથી**

ચાલતું.

પપ્પા માટે બીજો કોઈ શબ્દ નથી. પરંતુ પપ્પાએ અમારી લાઈફ ટાઈમનું રિલેશન છે. મારી ભગવાનને એક જ પ્રાર્થના છે કે પપ્પા અને વીરા જેવો ભાઈ દરેક દીકરીને મળે.

**"જીવન એવું જીવી ગયા કે કદી એ ભૂલાય નહીં**
**દુખને દેખાડ્યું નહીં સુખને છલકાવ્યું નહીં**
**હસતો રાખી ચેહરો ઓચિંતા લીધી વિદાય**
**જીવનભર મહેનત કરી શૂન્ય માથી સર્જન કર્યું**
**પરિવાર પર ફેલાવી સુવાસ આપની ખોટ કદી વિસરાય નહીં"**

**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.**

**આમ મે મારા બંને પપ્પાનો સારાંશ ટૂંકમાં વર્ણવ્યો.**

Thank you papa.
Love you so much papa.

**લિ.**
**તમારી વહાલી દિકા**
**પારૂલ**



## રાણા જયા ચેતનકુમાર

જન્મતારીખ:- ૩૦/૦૬/૧૯૯૪
પિતાની પુણ્યતિથી:- ૨૪/૧૨/૨૦૦૭



જ્યારે હું અગિયાર વર્ષની હતી ત્યારે મારા પિતાને બીમારી સાથે લડતા જોઈ રહી હતી. અને તેના કારણે મારે અભ્યાસ પણ છોડવો પડ્યો હતો. મારા અભ્યાસ છોડ્યા પછી મારે જરીકામ સાથે જોડાવું પડ્યું અને હું જે કઈ પણ કમાણી કરતી એમાંથી ઘર અને પિતાની દવા માટે રૂપિયા ઘરમાં આપતી હતી. ૨૪/૧૨/૨૦૦૭ના રોજ મારા પિતાનું મૃત્યુ થયું અને મેં મારા પિતાની છત્રછાયા ગુમાવી. મારા પિતાના અવસાન પછી મારા દાદા- દાદી પણ ટેન્શનમા રહેતા હતા અને તેઓ પણ પછી નવ માસમાં મૃત્યુ પામ્યા. ધીમે ધીમે મે મારા પિતા અને દાદા દાદીની યાદમા દિવસો કાપ્યા. બીજાના પિતાને જોઈને મને મારા પિતાની યાદ આવતી હતી. અમુક સમયે હું ભગવાન સાથે વાત કરતી કે તેમણે મારા પિતા અને દાદા-દાદીને કેમ છીનવી લીધા? ત્યારબાદ ધીમે ધીમે થોડો સમય જતો રહ્યો અને જ્યારે મારા મમ્મી, મારી બહેન, અને મારો ભાઈ અમે બધા કાકા-કાકી સાથે રહેવા લાગ્યા. અમારા કાકા-કાકીનો સહારો અમને મળવા લાગ્યો. ત્યારબાદ મારા લતાકાકી એક જરીના વેપારીને ત્યાં કામ કરતાં હતા. તે વેપારીની છોકરી મંજુબેન અને તેમની છોકરી ડીમ્પલએ મારી કાકીના છોકરાને પોતાનો ભાઈ માનતી હતી. તે રક્ષાબંધન પર રાખડી બાંધવા આવતી હતી. અને તેમની સાથે મારા કાકીનો સારો સંબંધ થઈ ગયો. અમુક સમય ગયા પછી તેના લગ્ન "પી.પી.સવાણી ગ્રુપ"મા થયા. હવે ડીમ્પલ બેને મને તમારા "પી.પી. સવાણી ગ્રુપ"મા લગ્ન કરવાની તક આપી. અને તે તમારી ખૂબ વાત કરતી કે "મહેશપપ્પા" ખૂબ સારું કામ કરે છે. તેઓ પિતા વગરની છોકરીઓના તેઓ પિતા બને છે.તેના થકી હવે મને પણ તમારી દીકરી બનવાનો અવસર મળ્યો. હવે તમે મારૂ કન્યાદાન કરી મારી ઈચ્છા પૂર્ણ કરશો.તમે મારા પિતાના સ્થાને ઊભા રહેશો. મને આશા નહોતી કે કોઈ મારૂ કન્યાદાન કરશે.

હું મારા પિતાને ખૂબ યાદ કરતી હતી. મારા પિતાજીની જગ્યાએ મહેશપપ્પા એ મારો હાથ પકડી મને દીકરી માની. મારા પતિ ઘણા સારા છે. મારા પતિ,મારા સાસુ, મને સુખી રાખી શકશે. તમારા કાર્યથી મારા પરિવારવાળા અને મારા મમ્મી

ખૂબ જ ખુશ થઈ ગયા છે. તમે આવા આગળ સારા કામ કરો એવી અમારી શુભકામના છે. મહેશપપ્પા એ મને લગ્નની જરૂરી વસ્તુઓ જેમ કે સાડી, ડ્રેસ, ઘર વપરાશની વસ્તુઓ પણ લઈ આપી. હું એટલી ખુશ થઈ કે આજે મારા પપ્પાની જગ્યા મહેશપપ્પા પૂરી કરી. મહેશપપ્પા એ અમને ઘણી સહાય કરી છે. હું ખૂબ ખુશ છું આ ઉપકાર હું કદી નહીં ભૂલું.

**"સોનાની થાળીમાં ચાંદીનો લોટો,**
**એમની દીકરીના હાથમાં પપ્પાનો ફોટો"**
**શું કરું? કોને કહું?**
**કઈ કહેવાનું મન થાય છે. રસ રમતા મારા પપ્પાને યાદ કરું છું.**

**I love you papa**
**I Miss you papa**

**લિ.**
**રાણા જયા ચેતનકુમાર**



## ધાનાણી નેહા મધુભાઈ

જન્મતારીખઃ- ૦૬/૧૨/૧૯૯૧
પિતાની પુણ્યતિથીઃ- ૦૮/૦૪/૨૦૦૯



**Thanks a lot dear papa for coming in my life.**

'મા' વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો હશે પરંતુ એક પિતા વિશે કઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ કે લેખકો પણ ચુપકીદી લેતા હોય છે. વિચારવા માટે. કેમ કે પિતા વિશે તો લેખ કાગળમાં નહીં દિલમાં જ હોય છે. અને એ પણ એક દીકરીના દિલમાં.

પપ્પા હવે હું તમને મારી લાઈફની થોડી વાતો કહેવા માંગું છું. મને વિશ્વાસ છે કે તમે જરૂરથી વાંચશો.

મારૂ નામ નેહા. અમે બે બહેનો અને એક ભાઈ અમે અમદાવાદના રહેવાસી છીએ. આમ તો અમે શાંતિથી જીવતા હતા. પરંતુ અચાનક પપ્પાની તબિયત બગડી અને મેડિકલ રિપોર્ટ દ્વારા પિતાને ડાયાબિટીસ હોવાનું જાણવા મળ્યું. ધીમે ધીમે પપ્પાની ડાયાબિટીસની માત્રામાં વધારો થયો અને પગમાં સડો થતાં તેમનો એક પગ કપાવો પડ્યો. પરંતુ મારા પપ્પાએ હિમ્મત હાર્યા વગર ઘરના આધાર તરીકે એક પગથી પણ ઘરની સંપૂર્ણ જવાબદારી સંભાળી. અને મારી મોટી બહેનના લગ્ન પણ કરાવ્યા. ત્યારબાદ થોડાક સમય બાદ પપ્પાના અમારી સાથે રહેવાના દિવસો જાણે પૂરા થઈ ગયા હશે. તા. ૭/૪/૨૦૦૯ની રાત પપ્પાની સાથે અમારી છેલ્લી રાત હતી અને તારીખ ૦૮/૦૪/૨૦૦૯ની સવારે પપ્પાએ હંમેશા માટે આંખ મીંચી દીધી હોય તેમ અમને છોડીને ચાલ્યા ગયા. ત્યારથી અમારી જિંદગીમાં જાણે દુખનો અંધકાર છવાઈ ગયો ત્યારે મારો ભાઈ ૯માં ધોરણમાં અભ્યાસ કરતો હતો. તેથી ઘરનો આધાર બનવા હું કોમ્પ્યુટર મશીનમાં નોકરી કરવા લાગી અને મારી મમ્મીએ ભરતકામ ચાલુ કર્યું અને ઘરની આર્થિક સ્થિતિ સંભાળી.

પરંતુ આજે હું ઈશ્વરનો આભાર માનું છું કે તેમણે મારી લાઈફમાં તમારા જેવા પપ્પાને મોકલ્યા.

મહેશપપ્પા.... હું તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે. પપ્પા તમારી લીધે આજે મારા ગુમાવેલા પપ્પાની યાદ સાલતી નથી. પિતાની દરેક ફરજ આપ અદા કરવા જઈ રહ્યા છો.

So world's greatest Mahesh papa Thank you so much. Love you. ભગવાન તમને હંમેશા ખુશ રાખે, લાંબુ આયુષ્ય અને તમારા ધાર્યા બધા કાર્યો સફળ કરે...

**Thanks**
**તમારી દિકા**
**નેહા**



# સોલંકી ક્રિષ્ના મનીષભાઈ

જન્મતારીખઃ- ૨૧/૧૦/૧૯૯૭
પિતાની પુણ્યતિથીઃ- ૨૧/03/૨૦૦3



**પૂજ્ય પિતાશ્રી,**

હું તમને મારી વાત કહેવા જાઉ છું. મારુ નામ ક્રિષ્ના છે. મારી જન્મ તારીખઃ- ૨૧/૧૦/૧૯૯૭ના દિવસે મને કોઈ કચરામાં નાખી ગયું હતું. હું ખૂબ જ નાની હતી. મને ગંદકીના ઉકરડામાં નાખી ગયું તું. હું બહુ જ નાની હતી. મને ગંદકીના ઉકરડામાં નાખી ગયું હતું. જન્મેલી ત્યારે દેવી સ્વરૂપે મને ઉષામાં એમના ઘરે લાવ્યા હતા. હું બહુ જ કમજોર હતી. મને અઠવાડીયા સુધી હોસ્પિટલમાં કાચની પેટીમાં મૂકી હતી. મારુ ધ્યાન ઉષામાં એ રાખ્યું હતું. મારી દેખભાળ કરી. મને ભણવા માટે પણ ઈંગ્લિશ સ્કૂલમાં પણ મોકલી હતી. પણ મને ભણવામાં રંગ ન હતો. એટલે હું ૮મુ ધોરણ ભણી. પપ્પાની કમી લાગતી. રડવું આવતું તો મનને મનાવી લેતી...હિમ્મત કરીને ઉષામાંએ મને મોટી બેનનો દર્જો આપેલો હું ઘરમાં બધાની મોટી બેન હતી. એ પોતાના ઘર જેવો જ મને પોતાને પ્રેમ કરતાં એમની દીકરીના જેમ... બસ, પપ્પા હવે તમે મળી ગયા બીજું કઈ ની જોઈએ. તમે આવ્યા લાઈફમા પછી લાઈફ સ્વર્ગ કરતાં સુંદર બની ગઈ. દુનિયાની હર એક અનાથ બાળકીના તમે પિતા છો. સાચું તમે ભગવાન બનીને આવ્યા છો. પપ્પા મારી બધી ઈચ્છા હવે પૂરી થઈ ગઈ. પપ્પા તમે મળી ગયા તો સાચું કીધું છે કોઈ ભગવાન અલગ-અલગ સ્વરૂપે આવીને મદદ કરે છે. તમે આવ્યા ભગવાન બનીને પપ્પા હવે હંમેશા રહેજો પપ્પા મારી સાથે મને છોડીને ન જતાં પપ્પા... હવે તમે આવ્યા પપ્પા તો હું મારા જીવનની શરૂઆત વગર ચિંતા એ કરી શકું છું. હવે મને મારા ઘરની કોઈ ચિંતા નથી. કેમ કે મને નવી જિંદગી મળે છે તમારા લીધે....

**You are best papa**

તમારી માટે

**કુછ રિશ્તે રબ બનાતા હે...,**
**કુછ રિશ્તે લોગ બનાતે હે...,**
**પર કુછ લોગ બીના રિશ્તે કે રિશ્તે નિભાતે હે...**

**શાયદ પપ્પા વો આપ જૈસે હોતે હે...**

પપ્પા તમારી માટે બીજા કોઈ શબ્દ નથી. એટલો હું તમને પ્રેમ કરું છું. તમને ભગવાન ખૂબ લાંબું આયુષ્ય આપે. દરેક દીકરીના લાઇફમાં તમારા જેવા પપ્પા મળવા જોઈએ. હું બહુ ખુશનસીબ છું મારી જિંદગી સફળ થઈ પપ્પા તમે મળ્યા તો મને પપ્પા મળ્યા. હું તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે. હું એટલું કહીશ કે પપ્પા મારી જેમ બધી દીકરીને આવો જ પ્રેમ મળી રહે.

**પપ્પા અમને આટલો સહકાર આપવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર..**

**જેમ માતાને દીકરા પ્રત્યે પ્રેમ હોય**
**એમ પિતાને દીકરી ઉપર પ્રેમ હોય**

**હું હવે મારી પેનને વિરામ આપું છું પપ્પા**
**તમારી વહાલસોયી દીકરી**
**ક્રિષ્ના**



# કાચા રિશ્વા નવીનભાઈ

જન્મતારીખઃ- ૧૦/૧૧/૧૯૯૬
પિતાની પુણ્યતિથીઃ-૦૨/૦૭/૨૦૦૭



To
My lovely &
Blessing daddy
Mahesh papa.
**જય રામાપીર**
**જય શ્રી કૃષ્ણ**

Dear papa

સૌથી પહેલાં **"ભારત મારી ભૂમિ અમદાવાદ મારૂ સિટી**
**કાચા મારૂ કુટુંબ રિશ્વા મારૂ નામ"**

મારા world best daddyને સૌથી પહેલા મારા પ્રણામ...

Papa,
I never expressed in words as how much
I love you but today.
I want to thank you for the wonderful gifts,
your blessings in making my life meaningful.

Thank you papa જે દીકરીને તેના પોતાના father નથી તેનો હાથ જાલીને તેનું કન્યાદાન કરવા માટે.

મારા પપ્પાની Death 2/7/2007ના રોજ થયું હતું. જ્યારે હું ધોરણ 7 માં અભ્યાસ કરતી હતી. જ્યારે અમારી પાસે કશું જ ન હતું. અને મારે બીજા ભાઈ-બહેન પણ નથી. જ્યારે મારા પપ્પાનું death થયું ત્યાર પછી world best mom એ રાત-દિવસ એક કરીને મને ભણાવી papaનું અવસાન થયા બાદ શરૂઆતના ત્રણ મહિના સૂધી મે અને મારા મમ્મી એ છાશ અને રોટલી ખાધા હતા. પછી મારા મમ્મીએ બીજાના ઘરે રોટલી બનવા જવાનું ચાલુ કર્યું. અને આવી રીતે મને ભણાવીને ગ્રેજયુએટ કરી.



જ્યારે મારા લગ્નની વાત આવી ત્યારે મારા મમ્મીને ખૂબ જ ચિંતા થતી હતી કે કેવી રીતે કરીશ મારી દીકરીના લગ્ન પણ ભગવાને મારી અને મારા

મમ્મીની પ્રાર્થના સાંભળી. અને તમને મોકલ્યા. તમે મારા લગ્નનાં બધાં જ સપનાં પૂરાં કરો છો. મે ખૂબ જ સારા રીતે લગ્નની ખરીદી કરાવી. પાનેતરમાં પણ અમારી ચોઈસનું બધુ અપાવ્યું. જેની હું એક દીકરી તરીકે તમારો આભાર વ્યક્ત કરું છું. તમે એક પપ્પા તરીકેની ફરજ અદા કરી રહ્યા છો પપ્પા...

Thank you papa for everything

Thank you so much

જ્યારે ઘરના કાકા, મોટા પપ્પા કોઈને તેમના સગા ભાઈની દીકરીને પરણાવવાની ફરજ ના લાગી ત્યારે તમે બાપ વગરની મારા જેવી દીકરીનું કન્યાદાન કરો છો.

Papa તમારા માટે છેલ્લે એટલું જ કહીશ...

**" મેરે ખુદા તેરા શુક્રિયા,**
**મેરે ખુદા તેરા કરમ,**
**મેરે મહેશપપ્પા કી મોહબ્બત હો સબસે બડી,**
**યહી દુઆ કર રહે કે મેરે પાપા કા રહે મુજપે રહમ..."**

તમારો જેટલો આભાર વ્યક્ત કરું એટલું ઓછું છે.

For you maheshpapa

I pray - love, & happiness

Thank you so much Papa

Mahesh papa world best daddy ever n ever.

Your lovely daughter

- **Rishva**



# કણકોટિયા સેજલ નાગજીભાઇ

જન્મતારીખઃ- ૨૯/૦૫/૧૯૯૧
પિતાની પુણ્યતિથીઃ- ૦૭/૦૮/૨૦૧૧



Dear papa

ક્યારેક તો હું ભગવાનને કહેતી હતી કે તમે કેમ મારા પપ્પાને લઈ લીધા. મને પપ્પા જોઈએ છે. ત્યાં ભગવાને મારી વાત સાંભળી લીધી.

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે મારા પપ્પા વિશે તમને કઈંક જણાવવાનું છે તો હું વિચારું છું કે પાપા વિશે તો કોઈને કઇ કહેવાની જરૂર પડે? એ તો સૌ જાણતા જ હોય છે. ‘માં’ વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો હશે પરંતુ એક પિતા વિશે કઈંક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ કે લેખકો પણ વિચાર કરવા લાગે. વિચારવા માટે એટલે કે તેમણે ત્યાં વિચારવાની જરૂર પડે છે. કેમ કે પિતા વિશે તો લેખ કાગળમાં નહીં દિલમાં જ હોય છે અને એ પણ એક દીકરીના દિલમાં. એક દીકરી માટે તેના પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે.

હું જ્યારે ૨૦ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું મૃત્યુ થયુ. મારા પપ્પાને કેન્સરની બીમારી થઈ હતી. અમે ત્રણ ભાઈ બહેન છીએ. મારા કરતા બે ભાઈ બહેન નાના છે. જ્યારે મારા પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા ત્યારે ઘર ચલાવવાની જવાબદારી મારા મમ્મી પર આવી ગઈ. અમે વલ્લભીપુર રહીએ છીએ. જ્યારે અમને મહેશ પપ્પા મળ્યા ત્યારે અમને એમ થયું કે ભગવાને અમને મારા પપ્પા પાછા આપ્યા.

મહેશ પપ્પાને ગમે તેટલું કામ હોય તે છતાં અમારી સાથે સમય કાઢીને પણ અમારી સાથે વાત કરે છે.

આજે મને આવા સરસ કાર્યો કરનાર અને પિતાનો પ્રેમ આપનાર મહેશપપ્પા પર ગર્વ છે કે તમે અનેક દીકરીઓના અંધકારમય જીવનમાં રોશની ભરીને સમાજને એક નવી રાહ દેખાડી છે. હું મારા પરિવાર સાથે પ્રાર્થના કરું છું કે તમે જીવનમાં ખુશ રહો અને આવા સરસ કાર્યો સાથે તમારું જીવન પ્રગતિમય રહે.



**I love you my dear papa**

**આપની વહાલી દીકરી - સેજલ**

# કણકોટિયા રવિના નાગજીભાઈ

જન્મતારીખ:- ૨૦/૦૯/૧૯૯૩
પિતાની પુણ્યતિથી:- ૦૭/૦૮/૨૦૧૧



**Dear papa,**

બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ ભગવાને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા.

જય રામાપીર સાથે લેટર લખવાની શરૂઆત કરું છું પપ્પા આ લેટર માં હું શું લખું? કઈ સમજાતું નથી.

હું વલ્લભીપુર રહુ છું. હું ૧૮ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું. મારા પપ્પાને કેન્સર ની બીમારી થઈ. અમે ત્રણ ભાઈ બહેન છીએ. મારા કરતા બે ભાઈ બહેન નાના છે. મારા પપ્પાનું મૃત્યુ થયા પછી અમારી પરિસ્થિતિ બહુ નબળી હતી. એટલે મારા ભાઈને ૧૨ ભણીને ઓફિસે બેસાડવો પડ્યો. પપ્પાનું મૃત્યુ થયું ત્યારે ઘરમાં ઉદાસી છવાઈ ગઈ હતી. જ્યારે અમને ખબર પડી કે પપ્પાને કેન્સર થયું છે ત્યારે અમારા ઘરમાં અંધકાર છવાય ગયો. મારા પપ્પાની હું બહુ જ લાડકી હતી. મારા લગ્નની બહુ હોંશ હતી કે હું મારી દીકરીની વિદાય કરીશ.

પણ ભગવાને મહેશ પપ્પાના રૂપમાં અમને પપ્પા આપ્યા. મને એમ કે ક્યારેય પપ્પા શબ્દ બોલવા નહીં મળે પણ જ્યારે પહેલીવાર મહેશ પપ્પાએ દિકા કહીને બોલાવી ત્યારે બહુ જ ખુશી થઈ. ખરેખર ઘણી છોકરીઓ એવી હશે કે જેને એક પપ્પાનું સુખ નથી મળતું. પણ હું નસીબદાર છું કે મને પિયરમાં બે-બે પપ્પાનું સુખ મળ્યું છે.

**"કહે છે કે પપ્પા એ પ્રેમ નો દરિયો છે**
**પપ્પા તમારા સામે તો આ વિશાળ દરિયો પણ નાનો લાગે છે**
કહે છે કે પપ્પા સામે ભાવનાઓ વ્યક્ત કરવા બે શબ્દો પણ કાફી હોય



છે. પણ આજે આ કાગળ પણ નાનો લાગે છે.

કહે છે કે એક દીકરી પાસે તેના પપ્પા સાથે રહેવા માટે એક પૂરી જિંદગી હોય છે. પણ આજે તો એ જિંદગી પણ નાની લાગે છે.

મને લાગે છે આનાથી આગળ હું મારી લાગણી શબ્દોમાં વ્યક્ત નહીં કરી શકું. એ અવ્યક્ત લાગણી કદાચ ક્યારેક તમને મારી આંખથી છલકાતા પ્રેમના આસુમાં જોવા મળી જાય. પણ તે પ્રેમ હું શબ્દોમાં કેવી રીતે વ્યક્ત કરી શકું?

**લિ.**
**આપની વહાલી દીકરી**
**રવિના**



## કાતરિયા કાજલ બચુભાઈ

જન્મતારીખ:- ૩૦/૦૯/૧૯૯૧
પિતાની પુણ્યતિથિ:- ૨૪/૧૨/૧૯૯૨



**"દીકરી એક પિતાનો કાળજાનો કટકો છે."**

મારા પ્રિય આદરણીય પપ્પા "મહેશપપ્પા"
સૌ પ્રથમ મારા વ્હાલા પપ્પાને જય રામદેવપીર જય અલખધણી

કહેવાય છે કે

**"પિતા એ દીકરી માટે એક અમૂલ્ય ભેટ છે."**

**"પિતા વગરની છત્રછાયા"**

હું એક વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું મૃત્યુ થયું. અમે ટોટલ ત્રણ સભ્યો હતા. બે બહેનો અને મારા મમ્મી. પપ્પાને અમને બંને બહેનોને ભણાવવાની ઘણી હામ હતી. છતાં તે પૂરી ન કરી શક્યા. આથી મારી મમ્મી મજૂરી કરી અમારું ભરણ-પોષણ ચલાવતા. અમને ભણાવતા ત્યાર બાદ અમે વતન છોડીને ધારી રહેવા આવ્યા. ત્યાં ઘણા કામો કરવા લાગ્યા જેમ કે મજૂરી

ત્યારબાદ મારી બહેન મોટી થઈ એટલે તે ઘણું સમજવા લાગી. બબલાની ફેક્ટરીમાં કામ કરવા લાગ્યા ત્યાર બાદ પોતે જાતે મહેનત કરી પોતાનો કરિયાવર કર્યો.

મને ભણાવતી ગઈ. ત્યારબાદ પોતાના લગ્ન કર્યા. ત્યારપછી બધો ઘરનો ભાર મારી ઉપર આવ્યો. હું પાર્લરનું કરવા લાગી. તેમ કરી ઘર ચલાવ્યું. ત્યારબાદ બહેન તેમજ જીજાજી સારો એવો ટેકો આપવા લાગ્યા. થોડા સમય બાદ મારી સગાઈ કરી અને એના ૧૨ દિવસો પછી મારી બહેન ને એટેક આવ્યો. એ પણ અમને છોડીને ચાલી ગઈ.

જાણે ધરતી ફાટી કે આભ એ ન સમજાયું. ત્યારે ભગવાને પણ અમને સાથ ન આપ્યો. મેં અને મારા મમ્મી બંને રડતાં રડતાં દિવસો વિતાવ્યા. ત્યાર બાદ જીવવાની કોઈ જ મજા ન આવતી. એટલે મને જીવન કરતાં મરવું સારું લાગતું હતું. પણ મારી માનું કોણ? એ વિચારી મારા કુટુંબનો દીકરો બની હું સુખ તેમ જ દુખને ટાળી નાખતી હતી.

**"મહેશપપ્પાની છત્રછાયા"**

ભગવાન કરતાં મા-બાપ મોટા હોય છે કારણ કે ભગવાન સુખ અને દુખ બંને આપે છે પણ મહેશપપ્પા ફક્ત સુખ જ આપે છે.

પરમ કૃપાળુ પરમાત્માએ એટલે કે પિતા આપ્યા એ કોણ? મહેશપપ્પા. મિતુલભાઈ જેવા બે ભાઈ આપ્યા. લખીએ તો દુખનો કોઈ પાર જ નથી. હવે

સુખ માણવાનો ટાઈમ મળ્યો છે. તો જિંદગી જીવી લઈએ. જ્યારે મેં મહેશ પપ્પાનું નામ સાંભળતાં જ સ્વર્ગ દેખાવા લાગ્યું. જ્યારે પહેલીવાર પપ્પાને ઓફિસે મળી ત્યારે આંખોમાંથી આંસુ જવા લાગ્યા. કે ખરેખર ભગવાને એક પિતાને છીનવી લીધા પણ એમની જગ્યા લેનાર મહેશપપ્પા આપ્યા.

**" લાખો લડાવ્યા લાડ અમને કોડ સૌ પૂરા કર્યા,**
**એ કોડ ના પૂરનારના કોડ પૂરવા ભૂલશો નહીં"**

જ્યારે ઓફિસે મને પપ્પાએ બોલાવી ત્યારે કેવી સરસ વાત કરી. કે દિકા હવે તમે એકલા નથી. તારી સાથે અમે બધા પણ છીએ. ત્યારે એમ થાય છે કે ખરેખર ઉપરથી ભગવાન બોલ્યા એવા પપ્પાના શબ્દો છે.

પપ્પા અમારી સાથે પંજા લડાવી હિમ્મત આપે ત્યારે એવું લાગે છે કે હવે આપની જિંદગી કંઈક અલગ જ છે. એક પિતાની સ્મૃતિને સિંચવાના સુંદર અવસરે જ્યારે આ પરિવારે સુંદર અનોખો અવસર સર્જ્યો છે ત્યારે

**બનીને અષાઢી વાદળી ચાલને વહાલ વરસાવીએ,**
**લઈને ફૂલ સી હથેળીને મખમલી ટાંકણું,**
**ચાલ ને એકાદ શબ્દશિલ્પ કંડારીએ,**
**કે મોરપીછની કલમ તરબોળી ચાલને,**
**એક શબ્દ ચિત્ર આલેખીએ,**
**બનીને અષાઢી વાદળી ચાલને વ્હાલ વરસાવીએ.**

આ કવિતામાં કલ્પવેલા વહાલના શબ્દો, શિલ્પ કે શબ્દ મિત્ર આપના સૌના મનમાં કોક નો કોક ખૂણો, ક્યાંક ને ક્યાંક, ક્યારેક ને ક્યારેક ચોક્કસ સર્જાયા હશે.

કેમ નો હોય પિતા સંબંધ જ એવો છે. મહેશ પપ્પાએ પણ ઘણી બધી દીકરીઓના પાલક પિતા બની ચૂક્યા છે. અને હજુ બનશે એ વાયદો છે. એમાં મહેશ પપ્પાને પણ ઘણો દીકરીઓનો ફાયદો છે.


I love you papa, I miss you papa, My sweet papa, best papa,

આથી વલ્લભદાદાને પ્રણામ તેમજ બા ને પણ કોટિ કોટિ ધન્યવાદ કે શ્રવણ જેવા અમારા પપ્પા ને જન્મ આપ્યો.

I love you dada, I love you ba.

I love you papa and mom. I love you mitulbhai.

બસ, આટલું લખી પૂર્ણ વિરામ આપું છું. ભૂલચૂક થઈ હોય તો તમારી લાડલી દીકરી કાજલને માફ કરજો.



**જય રામદેવ પીર**
**તમારી લાડલી દીકરી, કાજલ.**



## પદમાણી પ્રિયંકા કાનજીભાઇ

જન્મતારીખ:- ૨૮/૦૭/૧૯૯૧

પિતાની પુણ્યતિથિ:- ૦૧/૦૨/૨૦૧૧

**વહાલા પપ્પા,**

1101 અનાથ દીકરીઓના પિતા બનવાનો સંકલ્પ કરી ચૂકેલા અને પિતા વલ્લભભાઇ સવાણી અને માતા અંજવાળીબેન સવાણીની કૂખે અવતરેલા મહેશભાઇ સવાણી એટલે કે કેટલીય અનાથ દીકરીઓના પિતા બનવાનું બીડું જડપેલા એટલે મહેશપપ્પા.

મહેશપપ્પા આપણે કોને સાથે સરખાવું? નાનપણમાં ઈતિહાસના એ લેકચરમાં દીકરીને દૂધ પીતી કરીને મારી નાખતા એવો રિવાજ અટકાવનાર રાજા રામમોહન રાયને મે તો માત્ર સાંભળ્યા જ છે એને જોયા નથી કે પછી આપણે સ્વામી વિવેકાનંદ સાથે સરખાવું કે જેને જગત આખાને "ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી માંડ્યા રહો"એ વિચારને ધ્યાનમાં લઈને "ઊઠો જાગો અને સ્ત્રીભૃણ હત્યા અટકાવો અને અનાથ દીકરીઓના પિતા બનો."

ખરેખર પપ્પા તમે આ સૂત્રને સાર્થક કર્યું છે. મહેશપપ્પા આપણે જોઈને હજારો બાળાઓ કે દીકરીઓ એકી સાથે દોડીને પપ્પા આવ્યા... પપ્પા આવ્યા.... એવા નાદથી વાતાવરણ ચોતરફ ગૂંજી ઊઠે, આપણને ગળે વળગી પડે ત્યારે હું તો એમ કહું છું કે ખરેખર ઈતિહાસના પાના પર આ એક અમર દ્રશ્ય છે ન તો ક્યારેય આવું દ્રશ્ય જોયું હતું કે ન તો ક્યારેય હવે પછીની સદીમાં જોવા મળશે કે નહીં?

પપ્પા આવું દ્રશ્ય જોવ છું ત્યારે મને આપની પર ખૂબ માન ઉપજે છે મહેશપપ્પા આપ વાત્સલ્ય મૂર્તિ છો. આપ પ્રેરણાબળ પૂરું પાડનાર છો.

મહેશ પપ્પા મેં મારા પિતા ગુમાવ્યા છે એ હકીકત છે પણ આપ જેવા સમાજસેવક અને વડીલ મુરબ્બીએ અમારા જેવી અનાથ દીકરીઓના હાથ પકડીને અમ દીકરીઓને યોગ્ય સ્થાને પહોચાડી છે તો આપની સરખામણી ભગવાન કૃષ્ણ સાથે કરું.

મહાભારતના યુધ્ધમાં અર્જુન અને સાંદીપનિ ઋષિના આશ્રમમાં ગરીબ બ્રાહ્મણ સુદામાના હાથ પકડીને જીવનરૂપી રથમાં બેસાડીને આ ભવ તારવવામાં મદદ કરી હતી એ જ રીતે મહેશપપ્પા આપ અમારા જીવનમાં કૃષ્ણ બનીને આવ્યા છો. કે જે અમારા જેવી કેટલીય દીકરીઓ મહાભારતના અર્જુન અને મિત્ર સુદામાંની જેમ જીવન રૂપી આ જંજાળમાં દ્વિધા અનુભવતી હશે. જેને આપ વાત્સલ્ય પૂરું પાડીને તથા



અમારો હાથ પકડીને અમારા પિતા બનીને અમને આ ભવ તારવવામાં મદદ કરશો.
આ દુનિયામાં  દરેક દીકરી માટે એના પિતા ખાસ હોય છે  મારા પપ્પા ખૂબ વહાલસોયા હતા પણ અચાનક અમને છોડીને જતા રહ્યા. પણ કહેવાય છે ને ઈશ્વરનો દરબાર ખૂબ વિશાળ છે અને ઈશ્વરે બધા માટે કઈક ને કઈક વિચારી જ રાખ્યું હોય છે. મને આપ એટલે કે મહેશપપ્પા મળ્યા. પપ્પા શબ્દ સાંભળતાં જ સલામતી લગતી હોય છે મારા પપ્પા ઈશ્વરના દરબારમાં ચાલ્યા ગયા પછી મને હંમેશાં સલામતીનો પ્રશ્ન સતાવતો. પણ ઈશ્વરે મુજ પામર જીવ પર દયા કરીને મને ફરી પિતાનો પ્રેમ આપ્યો, જે બદલ હું એટલું તો જરૂર વિચાર કરીશ કે ઈશ્વર એટલો દયાળુ કે કરુણા સાગર છે કે એને દરેક જીવ માત્રની ચિંતા છે.

મહેશપપ્પા હું દરરોજ આપની અંદર મારા પપ્પાના દર્શન કરું છું. ઈશ્વર તો મેં જોયો નથી પણ આપના પ્રેમ, વાત્સલ્ય અને આપના થી પ્રભાવિત થઈને ઈશ્વરના દર્શન પણ થઈ ગયા. ઈશ્વર સાક્ષાત કેવો હશે એની તો ખબર નથી. પણ આપની સાથે તથા સમગ્ર સવાણી પરિવાર સાથે જોડાઈને ઈશ્વરનો સાક્ષાતકાર અનુભવ થાય છે આ વાત તો નક્કી જ છે.

મહેશ પપ્પા આપમાને કેવી રીતે મળ્યા તેની વાત કરું તો મારી સૌથી મોટી બહેન એટલે કે કિરણ બહેન ખીમાણી તેમણે મને આપની તથા આપના સવાણી પરિવારની તમામ હકીકત સંભળાવી અને હું સુરત રૂબરૂ આપને મળવા આવી ત્યારે મને ખ્યાલ થયો કે મોટી બહેને કીધું એનાથી પણ વધુ આપ મહાન છો. મહેશપપ્પા આજે હું આપણે પિતા વિશે કઈક કહેવા માંગું છું ....

આજે હું જે લખી રહી છું એ એક લેખ નથી પણ દુનિયાની તમામ દીકરીઓની જિંદગી છે.

મનમાં પ્રશ્ન થાય કે પિતા એટલે કોણ? પિતા એટલે સમગ્ર દીકરીઓના ગુરુ, આત્મા, સખા તેમજ સુખ દુખનાં ભાગીદાર આજે દુનિયામાં હજારોથી પણ વધુ લેખકો અને કવિઓ થઈ ગયા. અને ભવિષ્યમાં થશે. બધાએ માતા વિષે લખ્યું તેમજ માતાના જ ગુણગાન ગાયાં પણ ક્યાય પિતા વિશે તો લખતું જ નથી પિતાને ક્યાંય યાદ કરવામાં આવતા જ નથી માતા ને જ્યારે મુશ્કેલીઓ આવે ત્યારે પરિવારના તમામ સભ્યો સામે ચોધાર આંસુએ રડી પડતી હોય છે પણ પિતાની મુશ્કેલીઓનું શું? પિતા પર જ્યારે મુશ્કેલી આવે છે ત્યારે શાંત અને એકલવાયા પિતા પોતાના બેડના ઓશિકામાં માથું રાખીને રડી લેતાં મે જોયા છે. ક્યારેક છાનામાના એ પિતાના ઓશિકાના કવરને સ્પર્શ કરશો તો ભીનાં જોવા મળશે. માતા ભૂમિ છે તો પપ્પા આકાશ છે, ઘરનો મોભ છે એ આકાશ અને ભૂમિ વગર આ સૃષ્ટિની કલ્પના જ ન થઈ શકે. પરિવાર પર જ્યારે આર્થિક મુશ્કેલીઓ આવે છે ત્યારે આપણે ખબર પણ ન હોય અને પિતા બહારથી જ એ વ્યવસ્થા કરી ચૂકેલા હોય છે અને પરિસ્થિતિનો સામનો કરતાં હોય છે.

દીકરી જ્યારે કારકિર્દી ક્ષેત્રે પ્રગતિ કરે છે અથવા કોઈ રેન્ક મેળવે છે ત્યારે માતા વધુ વ્હાલી લાગે છે કેમ કે માતા આશીર્વાદ આપે, આપના વખાણ કરે તથા આપણને ખૂબ વહાલ કરે, પણ છાનામાના બજારમાં જઈને પેંડાના બોક્સ લાવીને આનંદ વ્યક્ત કરનારાએ પિતા તો કોઈના ધ્યાનમાં આવતા જ નથી.

ઘરના સભ્યોમાથી કોઈ સભ્ય બીમાર પડે અને હોસ્પિટલમાં દાખલ થવાનું હોય ત્યારે હોસ્પિટલની લોબીમાં આમ તેમ અસ્વસ્થ રીતે આંટા મારતા પિતા તો દેખાતા જ નથી. મોડી રાત સુધી બહાર ગયેલા દીકરાની તો કોઈને ફિકર હોતી જ નથી પણ મોડી રાત સુધી પથારીમાં દીકરાની ફિકર કરનારા પિતા જ હોય છે. દીકરીની સુખાકારી માટે બીજા સામે હાથ ફેલાવતા પિતા તથા દીકરીને પરણાવવા માટે ઠેક ઠેકાણે મુરતિયા જોવા ઉબરા ઘસતા એ પિતાને મેં જોયા છે. આવા પિતા કેટલા મહાન હોય છે આવા વહાલા પિતા વિશે શું લખું ? અરે વહાલાઓ!!!! પિતા વિશે લખવાનું હોય જ નહી પણ પિતાને તો મહેસૂસ કરવાના હોય, એને પામવાના હોય............

મને કોઇની આંગળી પકડવાનું કહે તો હું મારા પિતાની જ આંગળી પકડું. નાનપણમાં તેડીને બજારનાં દર્શન કરાવ્યાં, દુનિયા દેખાડનારા તથા સારા નરસાનું ભાન કરાવનાર એ પિતા જ હોય છે.

બસ, વધારે તો શું લખું? my father is best father. આ મારી વેદના નથી. એક પિતા શું હોય એની ઓળખાણ છે. જે મેં મારા શબ્દોમાં વ્યક્ત કરી છે. જો આપણે ગમે તો જરૂર બધાને શેર કરજો........

Thanks a lot  Mahesh papa...

મારા પિતાના સ્વરૂપમાં આપ મળ્યા છો. thank you લખીને આખું પત્ર ભરી દેવ એવું મન થાય છે આપના વિશે...

**જય રામાપીર**
**આપની વહાલી દીકરી**
**પ્રિયંકા**



# સોલંકી ભૂમિકા મનસુખભાઈ

જન્મતારીખઃ- ૦૫/૦૬/૧૯૯૬

પિતાની પુણ્યતિથીઃ- -----



**Dear papa, બાપા સીતારામ,**
**જય માતાજી, જય રામાપીર,**

કહેવાય છે કે દુનિયામાં મમ્મીને દીકરો અને પપ્પાને હંમેશાં દીકરી વ્હાલી હોય છે. એવી એક સંબંધની લાગણી છે પણ મારા પપ્પા હું જ્યારે ત્રણ વર્ષની હતી ત્યારે અમને છોડીને ચાલ્યા ગયા છે. મને આજ સુધી એક બાપ શું કહેવાય એ ખબર જ ન હતી. જો કે મારી ફેમિલીમાં હું સૌથી નાની છું અને મને ક્યારેય એક પપ્પાની ખોટ ન આવે એટલો બધો મને મારી ફેમિલીમાંથી પ્રેમ મળ્યો છે. દરેક વખતે મારા ગુસ્સાને, મારી ભૂલને માફ કરીને હંમેશા મને સિચ્યુએશનમાં રહેતા શીખવાડયું છે. મારા ફેમિલી વિશે જો કહેવા જાઉ તો એક બુકના પાના પણ ઓછા પડે.

પણ વાત જ્યારે મહેશપપ્પા વિશે સાંભળ્યુ ત્યારની છે. મને વિશ્વાસ જ ન હતો કે મારા લગ્ન આટલી ધામધૂમથી થશે. હા, સપનાં જરૂર હતાં. મેં મારા પપ્પા રૂપે મારા બાપા સીતારામને માનતી હતી પણ કહેવાય છે ભગવાન ક્યારેય ખુદ આવી શકતો નથી. એટલે તેમણે પોતાના રૂપે મારી લાઈફમાં પપ્પાને મોકલ્યા. મારી મમ્મીને મારી ચિંતા થતી હતી કે તે મારો છેલ્લો પ્રસંગ કેવી રીતે પાર પાડશે. કારણ કે મમ્મીને થોડું દેવું હતું પણ જ્યારે ફર્સ્ટ મિટિંગમાં પપ્પાએ કહ્યું કે આજથી આ દીકરી મારી છે એની બધી જ ચિંતા અહીંયાં મૂકી દો. અને અમને બધી જ દીકરીઓને કહ્યું કે આજથી માયુસીવાળી જિંદગી છોડી બસ હંમેશા ખુશ રહેવાનું. બસ, ત્યારથી મારી મમ્મી અને મારી બંનેની ચિંતા અને દુખ બધુ જ ગાયબ. આનાથી વધારે મારી પાસે શબ્દો નથી પણ હા, ઘરમાં સૌથી નાની અને લાડકી હોવાને નાતે બે લાઈન ગીતની લખું છું.

**" ચંદા ને પૂછા તારોં સે, તારો ને પૂછા હજારોં સે,**
**સબસે પ્યારા કૌન હે, આ....આ....આ...આ...**
**પપ્પા, મેરે પપ્પા  પપ્પા લવ યુ પાપા"**



**From**
**Your loving daughter Bhumika**

# પટેલ ભૂમિકા પ્રવીણભાઈ

જન્મતારીખ:-૦૮/૧૨/૧૯૮૭

પિતાની પુણ્યતિથિ:- ૧૪/૧૨/૨૦૧૫



**જય રામાપીર,**

મારો જન્મ અમદાવાદમા થયો હતો. અમે બે બહેનો અને એક ભાઈ છીએ. બહેન મોટી છે અને ત્યાર પછી મારાથી નાનો ભાઈ છે. માતા સાથે અમે અમદાવાદમાં રહીએ છીએ. બહેનના લગ્ન થઈ ગયા પછી પિતાને મારા લગ્નની ચિંતા હતી અને સુરતથી મારી સગાઈનું માંગું આવ્યું. મમ્મી પપ્પા અને બહેન ત્રણેય સુરત છોકરો જોવા માટે રવાના થયા. અને ત્યાં નવજીવન હોટેલ પાસે ઉતરવાનું આવ્યું અને ઉતરતા જ પપ્પાને મગજ પર અસર થઈ જતાં ત્યાંથી દવાખાને લઈ ગયા. ત્યાંથી ડોક્ટરે આયુષ હોસ્પિટલમાં લઈ જવાની સલાહ આપી ત્યાં મારા મોટા કાકા રહે છે. તેમણે અમારી સાથે આવી મારા પપ્પાને હોસ્પિટલમાં એડમિટ કર્યા. ત્યાં MRI કરાવવા સલાહ આપી. થોડીવારમાં પપ્પા કોમામાં જતાં રહ્યા અને ડોક્ટરે ૨૪ કલાકની મુદત આપી. ૨૪ કલાકની મુદત આપતા મારા ભાઈને અમદાવાદથી બોલાવ્યો. પરીક્ષા હોવાથી પપ્પાનું મોઢું જોઈને ભાઈને પાછો મોકલી દીધો. ત્યાર પછી ૪૮ કલાકમાં કશો ફેર પડ્યો નહીં. ડોકટરનું કહેવું હતું તેમને હાઈ બી.પી. થવાથી લિવર અને કિડની કામ કરતી બંધ થઈ ગઈ છે. મારા પપ્પાને ડાયાબિટીસ હતું એટલે ડાયાલીસીસની સલાહ આપી અને ખર્ચા પહોંચી ન વળતાં કાકાએ તમામ ખર્ચો કરવાની તૈયારી બતાવી અને ડાયાલીસીસ કરાવ્યુ. અમારી પાસે તો કઈ હતું જ નહીં પણ મારા કાકાએ દવાખાનાની તમામ જવાબદારી ઉઠાવી. તેમણે કહ્યું કે મારા ભાઈને સારું થતું હોય તો મારૂ ઘર વેચવા તૈયાર છું. પણ ઈશ્વર આગળ અમારું કશું ચાલ્યું નહીં. ભગવાનને અમારું સુખી જીવન જોઈને ઈર્ષ્યા આવી અને પપ્પાની છત્રછાયા ગુમાવી. અમને રાત-દિવસની ચિંતા વધી ગઈ કારણ કે કાકા એ દવાખાનાનો દોઢ લાખનો ખર્ચો કર્યો. અમને એવું લાગ્યું કે અમે કાકાના ઋણી થઈ ગયા. ભાઈ ભણતો હતો પિતાની કમાણીમાં ઘર ચાલતું હતું બચતમાં કશું હતું નહીં એટલે મેં સગાઈનું માંડી વાળ્યું કે ભાઈને મજૂરી કરીને ભણાવીશ પણ ભાઈ સમજુ હતો. તેને પોતાની ભણવાની ઈચ્છા પર પૂર્ણવિરામ મૂકી ૮૦૦૦ રૂ.ની નોકરી ચાલુ કરી ઘરનું ગુજરાન ચલાવવા માંડ્યુ. અને મે પણ સિલાય કામ કરીને મમ્મીની મદદ



કરી. જ્યાં પપ્પાએ સગાઈ જોઈ હતી ત્યાં ૬ મહિના રાહ જોયા પછી કહેવડાવ્યું કે સગાઈ કરવી છે એટલે મારી સગાઈનું નક્કી કર્યું અને જે પહોચે તે કરિયાવર કરવાનું નક્કી કર્યું. પણ મારા સસરાએ તમામ કરિયાવરની ના પાડી અને કહ્યું કે અમે દીકરીને પહેરેલે કપડે લઈ જવાની પણ તૈયારી બતાવી. ત્યારે સુરતમાં રહેતા મારા કાકા એ અમને કહ્યું સવાણી ગ્રુપ પિતા વગરની દીકરીના લગ્ન કરી આપે છે. તો અમે તેનું ફોર્મ લઈને એમાં અમારું ફોર્મ ભર્યું. અને મારા પિતા જેવા મહેશપપ્પા મળ્યા. હવે પપ્પાને યાદ કરું એટલે મહેશપપ્પા જ દેખાય છે. અને પિતાની જેમ સાચવે છે. મને જ્યારે મારા પપ્પાની યાદ આવે ત્યારે જે કેસેટ આપી છે તે બે વખત જોઈ આનંદ અનુભવું છું. ભાઈ અને મમ્મીની ચિંતા ઓછી થઈ ગઈ છે. મારા પપ્પા મને ડોલી કહીને બોલાવતા હતા. અને મહેશપપ્પા દિકા કહીને બોલાવે ત્યારે ખૂબ ખુશી થાય છે.

પ્રભુ પાસે એવી માંગણી કરું છું કે જેવા મને મહેશપપ્પા મળ્યા એવા જેને માં-બાપ ન હોય મહેશ પપ્પાનો તેવી દિકા ઉપર હાથ રહે. સંવેદના એવી અનુભૂતિ છે જે પારકાના દર્દ ને પોતાનું બનાવી દે છે. પીડા બીજાને થાય પણ પ્રાણ પોતાના તરફડે છે. વ્યક્તિગત રીતે જોઈએ તો જીવનની ખેંચતાણ સામે ઝઝૂમવા અને સફળતા મેળવવા માટે પણ સહાનુભૂતિ હોવી જરૂરી છે. જો અત્યંત વિસ્તૃત સ્તરે જોઈએ છે. સંપૂર્ણ માનવતાને પણ હિંસાને રોકવા માટે સહાનુભૂતિની અતિ આવશ્યકતા રહેલી છે.

**કિસ કદર શુક્રિયા અદા કરું,**
**ઉસ ખુદા કા, અલ્ફાજ નહીં મિલતે,**
**જિંદગી ઈતની ખૂબસૂરત ના હોતી,**
**જો આપ જૈસે પાપા ના મિલતે,**

Thanks papa
Love you so much
From
**Bhumika**





# શેખ શબનમબાનુ

જન્મતારીખઃ- ૨૬/૦૮/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૦૮/૨૦૧૫

**અસ્સલામું અલયકુમ...,**
**My dear papa...,**

આપકે લિયે ક્યાં કહું? આપકે જૈસે ઇન્સાન મેરી લાઇફ મેં મૈંને કભી નહીં દેખે. પાપા આપ જૈસે લડકિયોં કો પ્યાર દેતે હૈ વો લડકીયા બહોત ખુશનશીબ હે. મેરે પાપા કો લોહી કી વોમિટ બાર બાર હોતી થી. ઉન્હેં હર મહિને એડમિટ કરના પડતા. હમારે ઘર મેં હમારા કોઈ બડા ભાઈ નહીં થા. સીર્ફ હમ તીન બહેને ઔર એક સબસે છોટા ભાઈ થા. ઔર પાપા કી હાલાત બહોત ખરાબ થી. પહેલે મેરે પાપા જબ ઠીક થે તબ હમારી લાઇફ બહોત અચ્છી થી. મેરે પાપા હમારી હર ખ્વાહિશ કો પૂરી કરતે થે. ફીર પાપા કી હાલત ખરાબ હોને કે બાદ ઘર કી હાલત બહોત ખરાબ હો ગઈ. હમારે દિન બહોત ખરાબ ગુઝરતે. ઓર પાપા કી બીમારી કે લિયે મૈંને સ્કૂલ ભી છોડ દી. ઓર મમ્મી, મેં ઓર મેરી છોટી બહન હમ લોગ બહાર કામ કરને ગયે. ઔર હમારા ગુઝારા કિયા. ઔર ફીર હમારા રમઝાન મહિના શુરુ હુઆ. ઔર રાત કો અચાનક પપ્પા કો એટેક આયા. ઔર ઉનકી હાલાત બહોત ખરાબ થી. સભી ડોક્ટર ને મના કિયા કી અબ પાપા નહીં રહેંગે. તબ હમને બહોત દુઆએ કી પાપા કે લિયે. ઔર હમારે પાસ ઈલાજ કે લિયે પૈસે નહીં થે. હમને બહોત લોગો કી મદદ લી. કિસી કે પાસ કરઝા કિયા. ઔર કિસી ને હમારી મદદ કી. ઔર પાપા બચ ગયે. ઔર ફીર એટેક કે ઠીક એક મહિને બાદ મેરે પાપા ઘરસે બહાર નીકલે ઔર વહીં હી ગીર ગયે. ઉન્હે હોસ્પિટલ લે જાતે રાસ્તે મે હી વો ગુજર ગયે. ઔર વો દિન હમારી જિંદગી કા સબસે ખરાબ દિન થા. પાપા કે જાને કે બાદ હમારી પરિસ્થિતી બહોત ખરાબ હો ગયી. હમ કભી ઘર સે બહાર નહીં નીકલતે થે પર પાપા કે જાને કે બાદ મમ્મી, મે ઔર મેરી છોટી બહેન હમ સબ કામ કરને જાતે હૈ. ઔર હમારે ઘર કા ગુજારા કરતે હૈ. મેરે પાપા કે

જાને કે બાદ હમારી જિંદગી વિરાન હો ગયી. ઔર મેરી મમ્મી કો મેરી શાદી કી બહોત ફિક્ર થી. વો સોચતી થી મેરી શાદી કૈસે કરેંગે? જો પૈસે થે વો સબ પાપા કી દવાઈ મેં ખર્ચ હો ગયે. ઔર ફીર એક દિન હમારે પીર કાઝી સૈયદ ફૈયાઝુદ્દીન પી.પી. સવાણી મેં નિકાહ કરવાને ગયે. ઔર ઉન્હોને આકર કે હમેં બતાયા કી અલ્લાહ તઆલા કા એક નેક ફરિશ્તા યાને કી મહેશપપ્પા યતીમ લડકિયોં કી શાદી કરવાતે હૈ. ઔર ફીર મે ઔર મમ્મી ઉનસે મિલે. મહેશ પાપા સે મિલને કે બાદ મુઝે બહોત અચ્છા લગા. ઔર જબ ઉન્હોને પહેલી બાર મુજે દિકા કહા તબ ઐસા લગા કી  મેરે પાપા ને મુજે બુલાયા. મહેશ પાપા આપ જૈસા કોઈ નહીં. આપ હમારે જૈસે કિતની લડકિયો કી શાદી કરવાતે હો ઔર ઉનહે સગે પાપા સે જ્યાદા પ્યાર દેતે હો. મહેશ પાપા મુજે આપ કી યે આદત બહોત અચ્છી લગી. પાપા આપ મેરે લિયે આસમાન જૈસે હૈ. જીસકે નીચે આપકી દિકા આરામ સે ઔર કોઈ ભી ડર બગેર રહેતી હૈ. મહેશ પાપા સે મેરી દૂસરી મુલાકાત ઈદ કે દિન હુઈ. પહેલે તો પાપાને મુજે કોલ કિયા ઔર મુઝે ઈદ મુબારક બોલે. ફીર મેં ઉનકે લિયે શિર ખુરમાં લેકે ગઈ. ઔર પાપા ને મુજે ઇદ્દી ભી દી. ઔર મૈંને ઈદ કે દિન પાપા કો દિખા. ઉનકી આંખો મે જો હમારે લિયે પ્યાર હૈ ઔર ઉન્મે મુજે મેરે પાપા દિખાય દીયે. મે ઘર આકર બહોત રોઈ.

મહેશ પાપા આપને મેરી જિંદગી મેં મેરે પાપા કી કમી પૂરી કી. ઉસકે લિયે મે બહોત ખુશ હું. ઔર મે અલ્લાહ તઆલા સે આપકે લિયે યહી દુઆ કરુંગી કી મેરે પાપા હંમેશાં ખુશ રહે. ઔર આપકે દિલ મેં સે બેટિયો કે લિયે કભી પ્યાર ખત્મ ના હો. ઔર પાપા મેરી જિંદગી કી હર ખુશી આપને પૂરી કી. ઔર મહેશપાપા આપણે મેરી શાદી કી પૂરી જિમ્મેદારી લી. તબ લગા મેરે સબ સપને પૂરે કરને મહેશ પાપા આપ આયે. આજ મુજે ઐસા લગતા હૈ કી મેરે પાપા મેરે સાથ હૈ. ઔર મે બહોત ખુશ હું કી મુજે આપ જૈસે પાપા મિલે. આપ મેરી લાઈફ મે મેરે પાપા બનકે આયે અલ્લાહ તઆલા આપકો લંબી ઉમ્ર, હિમ્મત ઔર શક્તિ દે કી આપ હમારે જૈસે કઈ લડકિયો કી શાદી કરવાએ. મૈંને કભી સપને મે ભી નહીં સોચા થા કી ઈતને અચ્છે ઇન્સાન મેરે પાપા બનેંગે. મેરી જિંદગી કે સબસે અચ્છે ઇન્સાન મહેશ પાપા આપ હો. આપ કો મે મેરે લાઈફ કે હર ઇન્સાન સે જ્યાદા ઈજ્જત દેતી હું. મહેશ પાપા ને કભી જતી ભેદ ભી નહીં કિયા. જબ ભી વો મુજે કોલ કરતે પહેલે સલામ કરતે. યે બાત મુજે મહેશ પાપા કી બહોત અચ્છી લગી. ઔર મુજે વહા બહોત સારી દીદી ભી મિલી. કાજલ દી, વિશ્વા દી, શ્રધ્ધા દી ઉન સબને ભી હમે બહેન માના. ઔર મૈંને ભી વહા પર મુઝે મેરી પૂરી ફેમિલી મિલ ગયી. ઔર મે આપ લોગો કે સાથ બહોત ખુશ હું. કહેતે હે ના...



**“ પાપા કી મોજૂદગી સૂરજ જૈસી હે,**
**સૂરજ ગરમ જરૂર હોતા હે,**
**લેકિન ન હો તો અંધેરા છા જાતા હે”**

ઔર મુઝે ઉસ અંધેરે સે મહેશ પાપા વાપસ ઉજાલે મે લે આયે. મેરી જિંદગી મેં ભી પાપા કે જાને કે બાદ અંધેરા છા ગયા થા લેકિન મહેશ પાપા મુઝે ઉજાલે મેં લે આયે.

Rose is red,
Sky is blue,
Oh my papa
I love you
I really love you my sweet papa...
My papa is best in the world.
Miss you so much my loving papa...
મેરી જમીન આસમાન મેરે પાપા,
મે હું જહાઁ હે વહા મેરે પાપા...મહેશ પાપા...

Your loving dika
**Shabnam**



## રાઠોડ ગુંજન જગદીશભાઇ

જન્મતારીખઃ- ૧૨/૧૨/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૧૫/૦૮/૨૦૦૩



**મારા પ્રિય પપ્પા,**

હું રાઠોડ ગુંજન. મારો જન્મ સાવરકુંડલામાં થયો છે. અમે ભાવનગર જીલ્લાના તળાજા શહેર માં વસવાટ ધરાવીએ છીએ. હાલમાં પણ ત્યાં જ રહીએ છીએ. અમારા પરિવારમાં અમે અત્યારે કુલ ૬ વ્યક્તિ છીએ. તેમાં અમારા વડીલ તરીકે સૌથી મોટા દાદીમા છે. પછી મમ્મી, ફઈબા અને અમે ત્રણ ભાઈ-બહેન છીએ. મારા કાકાના લગ્ન ૬ વર્ષ પહેલાં થઈ ગયાં છે. તેથી તે અલગ રહે છે. મારા દાદાના મૃત્યુને ૧૬ વર્ષ થઈ ગયા છે. એ પછી મારા દાદીમા અમારી સાથે રહે છે.

હું ૬ વર્ષની હતી લગભગ પહેલું ધોરણ ભણતી હતી. મારા પપ્પાનું અવસાન એક બીમારીના કારણે થયું હતું. બ્લડ કેન્સર હતું. તેની બીમારી સતત ૬ મહિના ચાલી હતી. મુંબઈ ની દવા શરૂ હતી. મારા પપ્પાને દવા લેવા અને બીમારીના ઈલાજ માટે મુંબઈ જવું પડતું હતું. તે અવર જવર અને સતત બીમારીથી કંટાળી ગયા હતા. તેમનાથી ન ચલાતું, ન ખવાતું, તેના વ્યસન પણ ઘણા બધા હતા, જેના લીધે તેની બીમારી ઘટવાને બદલે વધતી જતી હતી. તેની બીમારીની હાલતમાં ત્રણ મહિના સુધી કોઈ સુધારો વર્તાતો ન હતો. છેવટે મારા પપ્પાએ દવા લેવાની જ બંધ કરી દીધી. જેનું તેને ઘણું નુકસાન ભોગવવું પડ્યું હતું. છેવટે તેમનામા કઈ શક્તિ રહી ન હતી. તેની અવસ્થા નાની ઉમરે ખાટલાવશ થઈ ગઈ હતી. ન તે ચાલી છાકટા, ન કઈ ખાય શકતા, ન ઊંઘી શકતા, ન બોલી શકતા. તેમની આવી હાલત હોવા છતાં મારા મમ્મી તેમણે છોડીને પિયર જતાં રહેલા. મારા પપ્પા તેમણે બોલાવતા. પણ તે ન આવ્યા. તે મારા નાના ભાઈ બહેનને લઈને ચાલ્યા ગયા હતા. આવા સમયે મારાં દાદીમાં એ તેમની સેવા ચાકરી કરી, તેમણે સમયસર ખાવા આપવું, તેમણે સમયસર નાહવા ધોવાનું, તેમના શરીરની સાફ-સફાઈ જેવાં દૈનિક કાર્યો મારા દાદીમા કરતાં. આમ ત્રણ મહિના સુધી તેમણે સેવા સતત ચાલુ રાખી. અને કાકા તેમની દવા લેવા મુંબઈ જતાં હતા. પણ તે દવા પિતા જ નહીં. તેની બીમારી વધતી ગઈ.

આટલા મહિના પછી તેનો એક છેલ્લો દિવસ હતો ત્યારે તે સવારે ઊઠ્યા.

રોજની જેમ તેની સેવા કરી. પછી લગભગ ૧૦ વાગ્યા પછી તેને મારા દાદી પાસે નાળિયેરનું પાણી પીવા માટે માંગ્યું. તે કંઈ જ ખાતા કે પિતા નહીં પણ આ નાળિયેરનું પાણી એક ચમચી ભરીને મારા દાદીમાં એ તેમને પાયું. અને તરત જ એને પોતાની આંખો બંધ કરી દીધી. અને ચારે બાજુ શાંતિ છવાઈ ગઈ હતી. ત્યારે પપ્પા દેવ થઈ ગયા હતા. તેની આ અવસ્થા સમયે હું તેના ખાટલા નજીક ઊભી હતી. એ સમયનું દુઃખ અને લાગણીને વ્યક્ત કરવી અશક્ય છે.

મારા પપ્પા ગયા પછીની તકલીફ ઘણી બધી હતી. તેના ગયા પછી પણ મારા મમ્મી અમારી સાથે નહોતા રહેતા. મારા દાદીમા સાથે હું રહેતી હતી. મારા ભણતરનો તેમજ ઘર ખર્ચ બધો બાના પેન્શનમાંથી નીકળી જતો અને થોડો ઘણો ખર્ચ ફઈબાની પ્રાઈવેટ નોકરી હતી તેમાથી નીકળી જતો. આવી રીતે હું ૧ થી ૮ ધોરણ ભણી પછી મારા મમ્મીને તેના પિયરમાં આંગણવાડી ખાતામાં નોકરી મળી ગયેલી હતી. તેથી તેને અમારા ઘરમાં બધા કાકાના લગ્ન પછી બોલાવતા થઈ ગયા હતા. આથી મમ્મી દર મહિને તળાજા આવતી રહેતી. ૮ ધોરણ પછીનો અમારા ત્રણેય ભાઈ બહેનનો ભણતરનો ખર્ચ મારા મમ્મી આપતા. ઘર ખર્ચ બા અને ફઈ કાઢતા. આવી રીતે અમારા ઘરની પરિસ્થિતિ ચાલતી હતી.

અમારા ઘર પરિવારમાં મારા પપ્પાના ગયા પછી મારા દાદી, કાકા, ચાર ફઈબા અને મમ્મી તેમજ હું અને મારાથી નાના બે ભાઈ બહેન આટલા જણ હતા. મારા કાકાના લગ્ન પછી બે ફઇના લગ્ન થઈ ગયા. પછી બે ફઈ બાકી છે અને એક વર્ષ પહેલાં એમના પણ લગ્ન થઈ ગયા.

**હાલમાં અમારા પરિવારમાં અમે ૬ વ્યક્તિ છીએ.**

હું ૧૧ માં ધોરણમાં હતી ત્યારે મારી સગાઈની વાત ચાલતી હતી અને છ મહિના પૂરા થયા પછી સગાઈ થઈ ગઈ. મારે ભણવાનું શરૂ હતું એ સમયે મારા ઘરમાં બધાને ટેન્શન હતું કે હવે લગ્ન કઈ રીતે કરવા? ત્યારે મારા સસરાએ તેમના મોટા ભાઇના સગા સાળા જગદીશભાઇ મકવાણાએ કહ્યું કે પી.પી.સવાણી ગ્રુપવાળા તેમજ મહેશભાઇ પપ્પા ન હોય એ છોકરીઓને લગ્ન વિના ખર્ચે કરાવી આપે છે. બધો ખર્ચો તે ઉપાડે છે આવી રીતે અમારે મહેશ પપ્પાનો સંપર્ક થયો હતો મારા લગ્ન કરવા માટે પણ ત્યાં જ નક્કી થયું. એ પછી મારા ઘરમાં બધાનું ટેન્શન ઓછું થયું અને ખર્ચનું પણ ઓછું થયું.

હું ૧૧-૧૨માં ભણતી ત્યારે પણ ન્યૂઝ પેપર તેમજ ટી.વી.માં જોયું હતું કે રાણપરડા વાળા વ્યક્તિ સુરતમાં રહીને દીકરીઓના લગ્ન કરાવે છે આ રીતે તેનો સંપર્ક થઈ ગયો હતો.

જ્યારે અમારા લગ્ન બાબતે ફોર્મ ભરાઈ ગયાં, બધાંનાં નામ લિસ્ટમાં આવી ગયા તેમાં લગભગ ૨૧૬ છોકરીઓ પસંદ કરાઇ એ પછી અમારી પહેલી મિટિંગ મહેશપપ્પા સાથે હતી તે મિટિંગ માં હું મારી મમ્મી અને સસરા ગયા હતા ત્યાં ઓફિસમાં અમે ગયા અમે લગભગ ૭ છોકરીઓ હતી તે બધાને દિકાનું સંબોધન આપતા હતા અને બધા સાથે પોતાની દીકરી માનીને જ વાત કરતાં હતા. ત્યાના સ્ટાફના લોકો પણ બધા સાથે ઈજ્જતથી વાત કરતાં હતા. મહેશ પપ્પાનું વર્તન ખૂબ જ પ્રેમાળ, સહાયક ભર્યું અને અભિમાન રહિત હતું. તે આટલા મોટા વ્યક્તિ અને મોટું નામ ધરાવતા હોવા છતાં બધા સાથે એક સામાન્ય માણસની જેમ જ રહે છે ન તો તે કોઈ અભિમાન કરે ન તેના મનમાં ઘમંડ છે આવું વર્તન પ્રેરણાદાયી હોય શકે છે અથવા તેમની મોટી ખૂબી છે જે કોઈ પણ નામદાર વ્યક્તિની પ્રેરણા બની શકે છે.

મારા મત પ્રમાણે મહેશપપ્પા શિવરૂપી છે જેમ શિવનું બીજું નામ મહેશ પણ છે તેમ આ વ્યક્તિ શિવ રૂપી અને મારા માટે ઈશ્વરીય રૂપ છે મહેશપપ્પાના આવ્યા પછી અમારી જિંદગીમાં ઘણો બોજ, ખર્ચો ઓછો થઈ ગયો. એમની મદદ અને હુંફથી અમને નવી તાકાત મળી અને જીવન જીવવાની નવી દિશા મળી. મારા માટે હું વિચારું તો સગા પપ્પા એક દીકરી માટે જેટલું ન કરી શકે તેટલું મહેશપપ્પા પોતાની અઢળક દીકરીઓ માટે કરે છે. અત્યાર સુધીમાં તેમણે બીજી દીકરીઓ માટે ખૂબ જ ખર્ચો અને ખૂબ જ દયા કર્યા છે મારી જિંદગીમાં મહેશપપ્પા આવ્યા પછી ખૂબ જ ટેન્શન ફ્રી રહેવા લાગી છું અને જેમ એક દીકરી પર પિતાનો હાથ હોય તેમ મહેશપપ્પા અમારા પર તેના આશીર્વાદ વરસાવે છે. મહેશપપ્પા મારા માટે પ્રેરણા રૂપ છે. હું માનું કે આવતા જન્મમાં મહેશપપ્પા મારા પપ્પા બને આ જન્મમાં તો હું એનું ઋણ ચૂકવી ન શકું. તે અમારા પપ્પા બને અને રહે એવી ઈચ્છા હું રાખું.

**આઈ લવ યુ પપ્પા.....**<br>
**જય રામાપીર**<br>
**તમારી વહાલી દિકા**<br>
**ગુંજન**





## રાણા અમિતા નવીનચંદ્ર

જન્મતારીખઃ- ૧૪/૧૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથીઃ- ૧૨/૦૮/૨૦૧૨

**પ્રિય પપ્પા,**

**સૂર્યને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું.**

તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વહાલ ને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો જ નાનો છે. ખરેખર તો પપ્પાએ જ શબ્દ બહુ મોટો શબ્દ છે કારણ કે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. દીકરી ગમે એટલી મોટી થઈ જાય તો પણ પપ્પા માટે તે નાની જ હોય છે.

મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. તેઓ મારી દરેક ઈચ્છા પૂર્ણ કરતાં હતા. હું મારા પપ્પાની વહાલી અને લાડકી દીકરી હતી. પરંતુ ઈશ્વરને શાની ખોટ પડી તે અમારે ખજાનેથી અમારું રત્ન લઈ ગયા અને હું મારા પપ્પાની છત્રછાયા ગુમાવી બેઠી. મારા પપ્પાનું મૃત્યુ ૧૫/૧૧/૨૦૧૧ના રોજ થયું હતું. સાંજે ૭:૦૦ વાગે એ દિવસે હું ખૂબ જ રડી હતી. સમાજના લોકો મને ખૂબ દયા અને લાચારીની નજરથી મને જોતાં હતા. પરંતુ હું ભગવાનને રોજ પ્રાર્થના કરતી હતી કે મારા પપ્પાને તમારે મારી પાસે મોકલવા જ પડશે. એ દિવસોમાં જાણે અમારી ઉપર આભ તૂટી પડ્યું હતું. મને વિશ્વાસ હતો કે ભગવાન મારા પપ્પાને કોઈ પણ સ્વરૂપે મારી પાસે મોકલશે જ. હું છઠ્ઠા ધોરણમાં ભણતી હતી ત્યારે ૧૦ વર્ષની હતી અને મારા પપ્પા છ - સાત વર્ષથી બીમાર હતા. મારા પપ્પાને ટી.બી. અને કેન્સર ની બીમારી હતી. અમે ઘણી બધી ટ્રીટમેંટ કરાવી, બધી સારવાર પણ કરાવી હતી. તે ક્ષણે તો અમારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું અને ઘર સુખ માંથી દુઃખમાં સરી પડ્યું. તે સમયે મારા મોટા ભાઈ ૧૪ વર્ષના હતા. ત્યારથી જ મારી મમ્મીએ તેને નોકરી કરવા મૂકી દીધા હતા. હું પોતે પણ ભણી નહીં. અને મારી મમ્મીએ મારી નાની બહેનને ભણાવી હતી. અને મારા મમ્મી બીજા લોકોના ઘરમાં કામ કરીને અમારા પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જિંદગીમાં આપણે બીજું કઈ ન મળે તો ચાલે પણ માતા-પિતા વિનાની જિંદગી અધૂરી છે. ખરેખર ઘણી દીકરીઓ એવી છે કે તેને તેના પિતાનું સુખ નથી મળતું. પણ હું એક એવી નસીબદાર દીકરી છું કે મને મારા મહેશ પપ્પાનું સુખ મળી ગયું. એક

દિવસે હું સવારે મહેશ પપ્પાની ઓફિસે ગઈ અને મે તેમણે કહ્યું તમે બધી દીકરીને તમારી દીકરી સમજો છો તેવી રીતે. હું પણ તમારી દીકરી છું મહેશ પપ્પાએ કહ્યું હા બેટા તું પણ મારી દીકરી છે. મહેશ પપ્પાએ મારી બધી વેદના સ્વીકારી અને મારા માથા ઉપર હાથ ફેરવીને કહ્યું કે દિકા આજથી હું તારો પિતા છું. અને તું મારી દીકરી છે. મહેશ પપ્પાના આ શબ્દ સાંભળીને મારી આંખોમાંથી હર્ષના આંસુ સરી પડ્યા. કારણ કે આ આંસુ તો ખુશીના હતા. મને કોઈએ પણ મારા માથે હાથ મૂકીને આવું કહ્યુ ન હતું. મને એટલો બધો આનંદ થયો કે કોઈકે તો મને દીકરી બોલીને સંબોધી. મને એમ થયુ કે હું કોઈ સપનું તો નથી જોઈ રહી પણ ના આ કોઈ સપનું નથી. આ તો ભગવાને આપેલો ચમત્કાર છે. મને ભગવાનના રૂપમાં મહેશપપ્પા મળ્યા હતા હું આટલા વર્ષથી મારા મહેશ પપ્પાના પ્રેમ વગર તડપતી હતી. તેઓ મને અત્યારે પાછા મળ્યા. પણ ભગવાને મને મારા પપ્પા પાછા આપી દીધા. હવે મને આનંદ થઈ રહ્યો છે કે મારાં અધૂરાં સપનાં સાકાર થઈ રહ્યાં છે. મહેશપપ્પા મારી જિંદગીમાં આવ્યા ત્યારથી મને લાગે છે કે મારી બધી મુશ્કેલી દૂર થઈ જશે. હું ભગવાનનો આભાર માનું છું કે ભગવાનના રૂપમાં ભગવાને મહેશ પપ્પાને મારી જિંદગીમાં મોકલી આપ્યા હે. મહેશ પપ્પાને મારી ખૂબ ફિકર રહે છે.

હું મહેશ પપ્પાને રોજ મેસેજ કરું છું મહેશપપ્પા પણ મને રોજ રોજ મેસેજ મોકલે છે. હું મહેશ પપ્પાનો જીવનભરનો આભાર માનીશ.

રૂમાલ તો ફક્ત આંસુ લૂછે છે
પણ મહેશપપ્પાનો પ્રેમ તો આંસુનું કારણ પૂછે છે
દુનિયામાં તમે એક વ્યક્તિ છો
પણ મારા માટે તો તમે એક દુનિયા છો.

**લિ.**
**તમારી વહાલી દિકા**
**અમિતા રાણા**



## સાંગાણી હિના શાંતિભાઈ

જન્મતારીખ:- ૨૧/૦૬/૧૯૯૩

પિતાની પુણ્યતિથી:- ૨૮/૧૨/૨૦૦૫



Dear Mahesh papa,

મારા પરિવારમાં મમ્મી અને નાનો ભાઈ છે. મારા પપ્પાનું હાર્ટ એટેકના કારણે મૃત્યુ થયું હતું. ત્યારે અમે સુરત રહેતા. પપ્પાના મૃત્યુનો આઘાત પરિવારને ખૂબ લાગ્યો. મમ્મી તો ભાંગી પડી અને હિંમત જ હારી ગઈ. અને તેને ગામડે જવાનો નિર્ણય લીધો. મમ્મીએ ખૂબ મહેનત કરીને મને અને ભાઈને ભણાવ્યા. પપ્પાની કમી હંમેશાં રહી. સમયને જતાં ક્યાં વાર લાગે છે? સમય ની સાથે અમે મોટા થઈ ગયા. મારી લગ્નની ઉંમર થઈ એટલે મમ્મીને ચિંતા રહેતી. કેમ કરીશું એકલા. કુટુંબીઓ સાથે હોય પણ નિ:સ્વાર્થભાવ બહુ ઓછામાં જોવા મળે, પણ તમે મારા પપ્પાની ચિંતા દૂર કરવા મદદ કરી એ માટે thank you...

પહેલીવાર પપ્પાને મળવા ઓફિસ પર ગઈ. પપ્પાએ કહ્યું ‘બોલ દિકા’ શબ્દ સાંભળતા જ એક ક્ષણ તો એમ થયું જાણે વર્ષો પછી મારા પપ્પાએ મને પૂછયું હોય એવી લાગણી થઈ અને મારી આંખ ભીની થઈ ગઈ. ઘણાં વર્ષો પછી પપ્પા મળ્યા તેથી ખૂબ ખુશ હતી.

પપ્પા જીવનમાં આવ્યા પછી એક નવો વળાંક આવ્યો. ખૂબ ખુશી થઈ કે લાઇફમાં હવે હું પણ પપ્પા શબ્દ બોલી શકીશ. એક એવી વ્યક્તિ કે જેને હું પપ્પા કહીશ અને એ મારા પપ્પાની જેમ લાડ લડાવશે. સમાજમાં લોકો મળ્યા છે મદદ કરવાવાળા પણ નિ:સ્વાર્થભાવે મદદ કરવાવાળા બહુ ઓછા ને એમાના એક મહેશપપ્પા. પપ્પા તમારી પાસેથી ઘણું શીખવા મળે છે.

***સમાજમાં જે લોકોને મદદ ની જરૂર છે તેની મદદ કરવી.***

***જવાબદારી લીધા પછી અંત સુધી નિભાવવી.***

***હંમેશાં નકારાત્મક વિચારવું.***

***સમય ને મહત્વ આપવું.***

***નિ:સ્વાર્થભાવે મદદ કરવી.***



પપ્પા હું પણ મારાથી બનતી મદદ કરીશ. સમાજને પપ્પા જ્યારે શિખામણ આપે ત્યારે એમ લાગે જાણે મારા પપ્પા જ મને શીખવતા હોય કારણ કે લાગણીના સંબંધ હોય ને એ લોહીના સંબંધ કરતાં ઘણા ઊંચા હોય છે. પપ્પાએ લાગણીઓની એવી જાળ ગૂંથી છે અને એમાં આટલી બધી "પપ્પાની કાબરો"ને સાથે ગૂંથી લાગણીનો જ એક અમૂલ્ય પરિવાર બનાવ્યો છે. ધન્ય છે એ ઘડી પપ્પા જ્યારે તમને આવું સરસ કામ કરવાનો વિચાર આવ્યો હતો. પપ્પાની કેટલી બધી દિકાઓ અને બધાની એક wish સરખી કે આવતા જન્મમાં તમારા જેવા પપ્પા મળે. આ જોઈને મને વિચાર આવ્યો પપ્પા, કે તમે તો ભગવાનને પણ confuse કરી દીધા કે આટલી બધી દીકરીઓને પપ્પા એક જ. કોની wish પૂરી કરું? હાહાહા

મારા પપ્પાના અવસાન પછી હું પપ્પા શબ્દ બોલવા તરસતી અને મહેશપપ્પાના મળવાથી એ તરસ છિપાણી. તમે કરેલી મદદ બદલ થેન્ક યુ શબ્દ બહુ નાનો છે પપ્પા... હંમેશાં ભગવાનને પ્રાર્થના કરું કે એ તમને happy અને healthy રાખે. જેથી તમે સમાજ માટે પ્રેરણારૂપી કામ કરતાં રહો. અને મારા જેવી દીકરીને પપ્પા મળે. અને હા પપ્પા, મને તમારી દિકા બનાવવા માટે world's biggest thank you with lots of love...

**જય રામાપીર**

**તમારી દિકા**

**હિના**





# રાખોલીયા હિના કાળુભાઈ

જન્મતારીખઃ- ૦૮/૧૦/૧૯૯૦
પિતાની પુણ્યતિથિઃ- ૧૫/૦૮/૨૦૦૪

**To. Dear papa ,**

**બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ**
**ભગવાનને જોયા નથી પરંતુ આમાંનું એક**
**નામ પપ્પા તમારી સાથેનું છે મહેશ કે**
**ભગવાન આવા જ હોય છે.**

'પપ્પા' શબ્દ બહુ નાનો છે પણ જો જોવા જઈએ તો એક દીકરી માટે જીવનનું અમૂલ્ય ઘરેણું છે. પણ મે જ્યારે મારા પપ્પાના દુખદમ્ય સમાચાર સાંભળ્યા ત્યારે મારા હૃદયની ધરતી ધ્રુજી જાય તેવો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો. અમારા પરિવારનું શિર છત્ર છીનવાઈ ગયું.અમારા પંખીનો મળો વિખાઈ ગયો.અમારા સંસારરૂપી નૌકાનું સુકાન છિનવાઈ ગયું.

અમને એમ હતું કે અમારા પપ્પાની ખોટ પુરાશે? મનની મુંજવણનો નિચોડ કોણ કાઢશે? વાત્સલ્ય કોણ આપશે? હવે અમારી સંભાળ કોણ લેશે?

**" પપ્પા હતા અમારા મનના મોતી,**
**ગગન માથી લાવો કોઈ ગોતી,**
**આંખલડી અમારી હીબકે રોતી,**
**પપ્પાને મળવાની વાટલડી જોતી."**

ખરેખર મારી આ પ્રાથના પરમ પરમાત્માએ સાંભળી અને આ અમારા પપ્પાની મૂર્તિ સમાન મહેશપપ્પા તમે મને મળ્યા. મને જ્યારે મારા પપ્પા સાથે વિતાવેલી દરેક પળ યાદ આવે છે હજુ એક જ વાર તમારી સાથે મુલાકાત થઈ પરંતુ ત્યારે તમારી



નમ્રતા, વિનમ્રતા, વિવેકતા અને શીતળતા જેવા ગુણો એવા હતા કે અમને લાગતું ભલે અમારી પાસે કશું જ નથી પણ ભગવાને અમને એમના રૂપે બધું જ આપ્યું છે.

મેં ભગવાનને નથી જોયા પણ પપ્પા જોયા છે પણ એવું કહેવાય છે કે મા ઈશ્વરની મૂર્તિ છે પણ પપ્પા તેની ઓળખ કરાવનાર છે.

મારા પપ્પાના સ્વર્ગવાસ પછી મારૂ જીવન કશું જ નથી. એવું હું માનીને જગત હારી ગઈ હતી પણ કહેવાય છે ને કે અંધારા પછી અંજવાળું હોય છે. મહેશપપ્પાની ઓળખ એના આશીર્વાદથી જાણે એક નવો સૂરજ મારા જીવનમાં ઊગ્યો હોય તેવું લાગે છે.

Dear papa લગભગ પોણો કલાક સુધી હું તમારી ઓફિસમાં તમારી પાસે બેસીને તમારા જે વ્હાલભર્યા શબ્દો લઈને હું ઘરે જવા નીકળી ત્યારે જે મારા મુખ પર પ્રસન્નતા હતી તે કોઈક જોવે તો જાણે એવું લાગે કે સૂરજની સવાર ની પહેલી કિરણ છે. ત્યારથી જ હું મારા જીવનને હળવું ફૂલ જેવું સમજી.

I found my real papa in my life.

પપ્પા પરોપકાર માત્ર ધનથી જ થાય એવું નથી, પણ હદયની વિશાળતાથી થાય છે.

પરોપકાર કરવાથી માનવ જન્મ સફળ થાય છે.

પરોપકાર કરવાથી આ લોક અને પરલોક બંને સુધરે છે.

પરોપકારી માં નમ્રતા, વિવેકતાના ગુણોનો વિકાસ થાય છે.

પપ્પા તમને મળ્યા પછી મને લાગે છે કે પરોપકાર કરવા માટે ધન હોવું એ જરૂરી નથી.

સત્ય જ્યારે બોયના વસ્ત્ર પહેરીને પ્રગટ થાય છે ત્યારે એ સત્યને સ્વીકારવાનું આસાન થઈ જાય છે. સો જેટલા મસ્ત દ્રષ્ટાંતોના માધ્યમે મારા સામે પ્રગટ થનાર સ્વપ્ન એટલે જ my papa.

**ક્ષમા એ આખા સંસારનું અસ્તિત્વ છે.**

**તમારી વહાલી દિકા**

**હિના**

**વહાલા પપ્પા .....**

**પૂજ્ય પપ્પા.....**





## પરમાર હીરલ કિશોરભાઇ

જન્મતારીખઃ- ૦૪/૦૨/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૦૭/૨૦૧૪

આદરણીય પપ્પા શ્રી,

આંખો ભીની હદય નબળું અને મન
યાદોમાં જાય છે.
વિદાયની માંગલિક ઘડીમાં બસ પિતાને જ આ
વેદના સમજાય છે.
આંગણે રમતી ઢબૂડી આજે
મન મૂકીને કેમ જાય છે.
સમાજના રિવાજોથી મજબૂર આવા જ
વિચારોથી પિતા રડી જાય છે.
દુનિયાદારીના સમજદાર માણસ
સમાજના નિયમો સમજી જાય છે.
કન્યાદાન કરનાર હર પિતા પુણ્ય સામે
સન્માન પણ કમાય છે.
માંના દિલની વેદના તો બસ એક
સ્ત્રી ને જ સમજાય છે.
વિદાયની ભાવભરી ઘડીમાં એની તો
એક સખી દૂર થઈ જાય છે.
પોતાની છાયા આજે કોઈના ઘરે
લક્ષ્મી બનીને જાય છે.



કન્યાદાન અને વિદાયના સંસ્કારો લઈ

માતા પિતાને પુણ્ય આપી જાય છે.

છતાંયે ન જાણે કેમ સમાજમાં ઘણા સ્તરે

લક્ષ્મી માટે 'બોજ' શબ્દ વપરાય છે.

પરિસ્થિતિ ગુસ્સો પરે તેવી હોય ત્યારે

શાંતિ કેમ રાખવી તે પપ્પા શીખવા છે.

કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે

તેમાથી બહાર કેમ નીકળવું તે પપ્પા શીખવે છે.

બુઢ્ઢા ડગુમગુ થઈ જવાય ત્યારે ધૈર્ય અને શાંતિથી

પ્રતિક્રિયા કેમ કરવી તે પપ્પા શીખવે છે.

મારી લાઈફ માં પપ્પા આવવાથી જાણે એ દુનિયાના ઘણા બધા સુખ ચેન મને મળી ગયા એવો આનંદ થાય છે. જાણે જીવનમાં પપ્પા મળી ગયા એટલે બીજું કંઈ નથી જોઈતું. મારા પિતાના અવસાન પછી હું ખૂબ માયૂસ રહેતી હતી. અમે ત્રણ બહેન, મોટી બહેન સાસરે, પછી હું અને છેલ્લે નાની બહેન. પપ્પા ત્રણેય બહેનોમાં થોડા વધારે લાડ મને લડાવતા હતા પણ જ્યારે તેમનું અવસાન થયું ત્યારે મને લાગ્યું કે અમારી જિંદગીમાં અંધકાર છવાય ગયો. પણ ભગવાનના ઘરે દેર હોય છે. અંધેર નહીં. તેવું ચોક્કસ થયું અને આજે મને મહેશપપ્પા મળી ગયા.

મહેશ પપ્પા આપશ્રી વિશે હું શું બોલું મને કઈ સમજાતું નથી. કેવી રીતે તમને ધન્યવાદ કરું. મારા ગુરુ, મારા સખા, મારા સુખ-દુખના ભાગીદાર. ઈશ્વરે નીમેલા મારા પાલન હાર પિતા તમને પ્રણામ.

બધા જ માતા વિશે વખાણ કરતાં હતા પણ પિતાના ગુણગાન ભાગ્યે જ સાંભળવા મળે છે. વ્હાલા મહેશપપ્પા તમે મારી જિંદગીની મુસીબત, દુખ, જવાબદારી, પોતાના શિરે લઈ મને આપની ઋણી બનાવી છે. આ ઋણ હું કઈ રીતે ચૂકવીશ એ તો મને ખબર નથી પણ ભગવાનને હું એટલી પ્રાર્થના કરીશ કે આપશ્રીને સહી-સલામત-સાજા અને હરઘડી ખુશહાલ રાખે. આપે મારા જેવી ઘણી જ પિતા વગરની બહેનોને પોતાની લાડકવાયી દીકરી માની એ માટે આપનો ખૂબ ખૂબ આભાર. મારા વતી અને મારા પરિવાર વતી આપણે ધન્યવાદ કરીયે છીએ.

**લિ. આપની વહાલસોયી લાડકવાઈ દીકરી**

**હીરલ પરમાર**



# રાદડીયા કિરણ હિંમતભાઈ

જન્મતારીખઃ- ૨૦/૦૪/૧૯૮૯
પિતાની પુણ્યતિથીઃ- ૧૫/૧૨/૨૦૧૫



**My dear papa,**

આજે તમારી દીકરી તમને સાચા મનથી લાગણીમય પત્ર લખી રહી છે....તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વ્હાલને શબ્દમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો નાનો છે. ખરેખર તો પાપા શબ્દ જ બહુ મોટો છે. જેને નિભાવવો કે સમજવો બહુ જ મુશ્કેલ છે.કારણ કે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. હંમેશાં હિમાલય સમાન અડીખમ રહીને પોતાની દીકરીને દરેક મુશ્કેલીમાંથી બહાર કાઢે છે.

મારા પપ્પાનું અવસાન એટેકના કારણે થયું હતું. મારા ઘરમાં અમે ત્રણ બહેનો અને બે ભાઈ,મારા મમ્મીને દાદીમા છે. મારા પપ્પાનું અવસાન તા:૧૫/૧૨/૨૦૧૫માં થયું હતું. હું મારા પપ્પાથી વધારે દૂર નથી રહી કારણ કે તા:- ૨૯/૬/૨૦૧૬ મારા મહેશપપ્પા મને મિટિંગમાં મળી ગયા. તે દિવસ જાણે મારો સોનાનો ઊગી ગયો હોય તેવું લાગ્યું. હું બહુ જ ખુશ થઈ ગઈ કે કોઈ દીકરી તેના પપ્પા વગરની ઝાઝો સમય દૂર ન રહી શકે. એટલે તો મને મારા મહેશપપ્પા? મહિનામાં તો પાછા મળી ગયા.

તમને એક વાતની નવાઈ લાગશે કે જે દીકરીના પપ્પા હોય છે એમને પણ મહેશ પપ્પાને પપ્પા કહેવાનું મન થાય છે.

મારા પપ્પા મને સવારે મેસેજ કરીને અમારી સંભાળ લે છે. jay ramapeer અને good morning dika એમ અમને રોજ સવારે યાદ કરે છે.અને સાંજે good night dika, jay ramapeer dika, love you dika, have a sweet dream, એમ મેસેજ કરીને અમને સાંજે પણ પપ્પાની કાબરો યાદ કરે છે. મહેશપપ્પા......

હું મારા મહેશપપ્પા વિષે લખું એટલું ઓછું છે. આટલી બધી દીકરીઓનો પ્રેમ જેના ભાગ્યમાં હોય એને જ મળે. હજી ઘણું બધુ લખવું છે. પણ આભ જેટલા



કાગળો ઓછા પડે, અને દરિયા જેટલી સહી ઓછી પડે, મારા પપ્પા વર્લ્ડના બેસ્ટ પપ્પા છે....

*"Chand ki aan ho aap,*
*Sitaro ki aan ho aap,*
*Phoolon ki aan ho aap, arman ho aap,*
*Kudrat ki pahechan ho aap,*
*Par sab se pahele mere papa,*
*Meri jaan ho aap."*

I love you papa
God bless you
I am proud of you papa & I love you papa
Jay ramapeer papa

**તમારી વહાલી દીકરી**
**કિરણ**





## આહીર સોનલ ભગવનભાઇ

જન્મતારીખઃ- ૨૬/૦૫/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૦૪/૨૦૦૧

**Dear papa**
**જય રામાપીર,**

**પપ્પા, તમે મારા જીવનમાં આવ્યા ત્યારથી જ મારૂ જીવન ખૂબ જ ખુશ ખુશાલ બની ગયું છે.**

જય રામાપીર દુનિયામાં વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોય તો હું માનું છું કે તે દીકરી અને પિતાનો છે.મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતાં હતા અને હું તેમની ખૂબ જ લાડકી હતી અને તેઓ મારી દરેક ઈચ્છા પૂર્ણ કરતાં હતા અને મને જોઈતી દરેક વસ્તુ મને લાવી આપતા. પરંતુ ઈશ્વરને મારા પપ્પાનો મારા પ્રત્યેનું વાત્સલ્ય મંજૂર નહીં હોય અને મારા પપ્પાનું તા:૨૫/૪/૨૦૦૧ના દિવસે હાર્ટ એટેકના કારણે અવસાન થયું. એ દિવસે હું ખૂબ જ રડી હતી.

મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું નાની હતી મને એટલી કઈ ખબર નથી પડતી અને મેં મારા પપ્પાને ખૂબ જ યાદ કરતી અને ખૂબ જ રડતી હતી ત્યારે મારી મમ્મીએ મને લાગણીથી સાચવી હતી. અને મારા પપ્પાની ગેરહાજરીમાં ઘરની બધી જ જવાબદારી પણ મારા મમ્મી પર આવી ગઈ.અને મારા ભણતરની જવાબદારી પણ મારા મમ્મી પર આવી ગઈ. છતાંય મારી હિંમત ન હારી અને અચાનક મારી મમ્મીની તબિયત બગડવા લાગી અને અમે મારા મમ્મીને દવાખાનામાં લઈ ગયા. ત્યારે ખબર પડી કે મારા મમ્મીને ટી.બી. છે. અને પછી થોડા દિવસ અમારી સાથે હતા. અને પછી તા. ૨૯/૧૨/૨૦૧૧ના દિવસે સવારે ૭ વાગે મારા મમ્મીનું અવસાન થયું. ત્યારે મને ખબર ન પડતી હતી કે શું કરવું? મારા મમ્મી મને ખૂબ જ પ્રેમ કરતા હતા. હું પણ મારા મમ્મીને ખૂબ જ પ્રેમ કરતી હતી. મને મારા મમ્મીની રોજ યાદ આવે છે. અને મે ખૂબ જ રડતી હતી.

મારા પપ્પાના જવા પછી મારા મમ્મીએ મને ખૂબ જ લાડથી રાખેલી. મારા પપ્પાની કમી ક્યારેય પણ નથી લાગી પણ જ્યારે મારા મમ્મીનું અવસાન થયું



ત્યારે મેં ખૂબ જ એકલી થઈ ગઈ. પપ્પા પણ નહીં અને મમ્મી પણ નહીં તો ક્યારે એવું લાગે કે મેં એવું શું કરેલું કે મેં મારા પપ્પા, મમ્મી ને ગુમાવી દીધા. અને હાલમાં તો મેં મારાં ભાઈ ભાભી સાથે રહું છું.

અને એક દિવસ મારી માસીના જમાઈ કિરણભાઈ સવાણીએ અમને તમારા વિષે માહિતી આપી. ત્યારે મને અને મારા કુટુંબને જાણ થઈ કે તમે મારા જેવી ઘણી દીકરીને કન્યાદાન આપો છો. અને આર્થિક પરિસ્થિતિમાં પણ મદદ કરો છો. આ જાણીને મને ખૂબ આનંદ થયો અને જ્યારથી મહેશપપ્પા મળ્યા છે ત્યારથી મને નથી લાગતું કે મારા પપ્પા નથી. Thank you papa.

આજે મારે તમને એક વાત કહેવી છે. એક વાત મને સતાવતી હતી કે બધાને પપ્પા છે પણ મારી પાસેથી પપ્પા મમ્મી ભગવાને કેમ લઈ લીધા. જ્યારે કોઈ છોકરી કે ફ્રેન્ડ એના પપ્પાની વાતો કરે કે પછી તે આજે આ શીખ્યું. મારા પપ્પા મારા માટે આ વસ્તુ લાવ્યા કે પછી મે આ વસ્તુ મંગાવી ત્યારે પપ્પાની ખૂબ જ યાદ આવતી અને દુ:ખ થતું પરંતુ જ્યારે મે મહેશપપ્પાની ઓફિસે ગઈ તો પપ્પા એ મને દિકા કહીને બોલાવી ત્યારે મને લાગ્યું કે મારા પપ્પા છે. જ્યારે પપ્પાએ એવું કહ્યું કે હવેથી હું તારા પપ્પા છું તારે મને પપ્પા કહીને બોલાવાનું.

હું જ્યારે મહેશપપ્પાને મળી ત્યારે તેમણે મિટિંગમાં મારા ભાભીને કીધું કે આજથી આ દીકરી મારી છે ને એની બધી જવાબદારી આજથી મારી છે. ત્યારે મને લાગ્યું કે હું ભાગ્યશાળી છું કે મારા લગ્ન આટલી ધૂમધામથી થશે. આ બધું મહેશ પપ્પાના કારણે જ થશે. ભગવાને મહેશપપ્પા આપીને પિતાની ખોટ પૂરી કરી હતી.

હું  મહેશ પપ્પાની ખૂબ ખૂબ આભારી છું. પત્ર લખવામાં મારી કાઇ ભૂલચૂક થઈ હોય તો તમારી દીકરીને માફ કરી દેજો. પપ્પા, જય રામાપીર......

*Thank you so much papa...,*
*Miss you so much papa...,*
*Love you so much papa.*

**લિ.**
**તમારી વહાલી દિકા**
**સોનલ આહીર**
**જય રામાપીર**





# ચૌધરી અંબિકા વિનોદભાઇ

જન્મતારીખઃ- ૦૮/૦૨/૧૯૯૩

પિતાની પુણ્યતિથિઃ-૧૬/૦૨/૨૦૦૮

## Dear papa

મહેશપપ્પા, તમે અમારા ઉપર તમારો હાથ મૂક્યો એના થકી પહેલા તો તમને અમારા સાદર પ્રણામ. પહેલા તો તમારા વિશે કઈ લખાય એમ તો છે જ નહીં. પણ મારા મનની વાત આ પત્ર રૂપી કાગળમાં જણાવું છું. પહેલા હું મારી જિંદગીની અત્યાર સુધીની સફરથી શરૂઆત કરું છું.

**મારો પરિચય:**

મારૂ નામ ચૌધરી અંબિકા કુમારી છે. મારા પપ્પાનું નામ વિનોદભાઇ છે. મારી માતા નું નામ વિનાબેન છે. મારા બે ભાઈ બહેન છે. એક મારી મોટી બહેનનું નામ અંબાબહેન છે.નાના ભાઈ નું નામ વિઠ્ઠલભાઈ છે. અમારું અત્યારે ચાર સભ્યનું નાનું કુટુંબ છે. મારી મોટી બહેનની સગાઈ થઈ ગઈ છે અને તે તેના સાસરિયાંમાં રહે છે. મારો નાનો ભાઈ અત્યારે નાની એવી જોબ કરે છે. તેને અત્યારે ત્રણથી ચાર મહિના થયા છે. મારી મમ્મી ઘર કામ કરે છે. અને મજૂરી કામ કરી ઘર ચલાવે છે. હું પણ તેને ઘર કામ કરી મદદરૂપ થાવ છું હું અત્યારે ઘરે જ રહું છું.

મારા વિશે જણાવું તો હું જ્યારે દશમાં ધોરણમાં ભણતી હતી ત્યારે મારા પપ્પાનું બીમારીના કારણે અવસાન થયું અમારા ઘરની એક જ એવી વ્યક્તિ જે ઘરનું ગુજરાન ચલાવતા હતા. એવા મારા પપ્પા અમર વચ્ચે ન રહ્યા એના કારણે અમારા કુટુંબમાં બધા આઘાતમય બની ગયા. જે સમયે મારા પપ્પાનું અવસાન થયું એ સમયે મારી બોર્ડની પરીક્ષા હતી. મારે તો પરીક્ષાની તૈયારી પણ ન થઈ શકી. જેનાથી મારા બોર્ડમાં સારા એવા માર્કસ ન મળ્યા. તેના પછી મેં આગળ પોતાની મહેનત પર ભણવાનું ચાલુ રાખી બર્મા ધોરણની પરીક્ષા પાસ કરી.

પિતાના અવસાન પછી ભાઈને ભણાવવાની અને ઘરની જવાબદારી અમારા બે પર મમ્મી અને મારા પર આવી પડી. જે મમ્મી મજૂરી કામ કરી



ઘરની જવાબદારી ચલાવવાનું ચાલુ રાખ્યું. ત્યારપછી ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી અમે બે ભાઈ બહેને અભ્યાસ છોડી દેવો પડયો. તો પણ મારી મમ્મીએ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂરો કરાવ્યોએ અમારા માટે ગર્વની વાત છે.

જ્યાં સુધી મારા પપ્પા અમારા વચે હયાત હતા ત્યાં સુધી અમને કોઈ પણ વાતની અગવડ તો એમને પડવા દીધી નહોતી. અમને શું જોઈએ છે અમને પૈસા વાપરવા જોઈએ આ બધી વસ્તુનીએ વધારે ધ્યાન આપતા. અમારાં કપડાં, સ્કૂલની ચીજ વસ્તુઓ અમને ફરવા લઈ જવું. આ વિશે તો કહેવું જ પડતું. જ્યારે હું બીજાના પપ્પાને જોતી ત્યારે મને એમ લાગતું કે મારા નસીબમાં પપ્પાનો પ્રેમ હશે જ નહીં.

ત્યારબાદ મારી મુલાકાત ચૌધરી અશ્વિનકુમાર સાથે થઈ. એમ તો અમે પહેલાં સારા એવા ફ્રેન્ડ જ હતા. એક દિવસ એમણે મને જણાવ્યુ કે તેઓ મને પસંદ કરે છે. અને તેમણે મને મારો જવાબ આપવા કહ્યું. મેં ખૂબ વિચાર્યું અને પછી મેં હકારાત્મક જવાબ આપ્યો. એ છોકરો સારો પણ હતો અને નાની મોટી જોબ પણ કરતો હતો. મેં વિચાર્યું એ મારા ગામનો જ હોવાથી એમના જોડે લગ્ન કરીશ તો મારા મમ્મીનું ધ્યાન પણ રાખીશ અને ગામમાં જ હોવાથી મને ઘરે આવવા જવાનું પણ સરળ રહેશે. આ વાતની જાણ મેં મારા મમ્મીને કરી. એમને મને કહ્યું તને જો ઠીક લાગતું હોય તો મને કઈ વાંધો નથી. એને પણ મને કહ્યું કે તેના ઘરના વ્યક્તિઓ મને પસંદ કરે છે. પણ હવે ખરી મુશ્કેલીની વાત હતી અમારાં બંનેના લગ્ન.

અમારા ઘરના સભ્યોએ મળીને અમારા લગ્ન મંદિરમાં ગોઠવવાનું નક્કી કર્યુ હતું. એક દિવસની વાત છે. અમે બધા આ વાતની જ ચર્ચા કરતાં હતા ત્યાં અશ્વિનના પપ્પાના શેઠજી આવ્યા. અશ્વિનના પપ્પા સુરત હીરાના કામમાં છે. અશ્વિનના પપ્પાના શેઠજી ભાનુભાઈએ અમને જણાવ્યુ કે સુરતમાં પી.પી.સવાણી કરીને એક સંસ્થા છે. જે વહાલી દીકરીઓના લગ્ન ખૂબ સારી રીતે કરાવી આપે છે. તેઓ દીકરીઓને પોતાની દીકરીઓ ગણી લગ્ન કરે છે.

ત્યાર પછી આ વાતની જાણ મે અશ્વિનને કરી. તેઓ આ વાતની ખબર લેવા સુરત એમની ઓફિસ પર ગયા અને આ વાત સાચી પુરવાર થઈ. પછી અમે બધા ડૉક્યુમેન્ટ તૈયાર કરી ફોર્મ જમા કરવી દીધા. અને અમારા એમાં સિલેકશન થઈ ગયું. જેથી હું એટલી બધી ખુશ છું કે મારી ખુશી ની કોઈ સીમા નથી હું અંબિકા પી.પી. સવાણી સંસ્થાની ખૂબ ખૂબ આભાર માનું છું અને મારા પપ્પા સમાન એવા મહેશભાઈનો ખૂબ ખૂબ આભાર માનું છું.

## Thank you papa



હું તો બસ એટલું જ ભગવાનને પ્રાર્થના કરું છું કે જેવી અમને જિંદગી આપી છે એવી બીજાને ન આપતા. મને જેવા ભાઈ બહેન મળ્યા છે એવા જ

બધાને મળે અને મહેશ પપ્પાની કૃપા દેશની દીકરીઓને મળે. મહેશભાઇ પપ્પા

તમે જે દીકરીઓનું લગ્નનું કામ કરી રહ્યા છો તેની સરખામણી તો કોઈ સાથે કરી શકાય જ નહીં અને દેશની દીકરીઓ આ કામ કોઈ કામ સાથે સાથ સરખામણી કરવાનું પણ વિચારશે નહીં.

જ્યારે અમે પહેલીવાર મિટિંગમાં બોલાવવામાં આવ્યા ત્યારે અમે મહેશભાઇ પપ્પાને મળ્યા. અમે એમને જય રામાપીર કહીને પગે લાગેલા. એ સમયે એમણે માથા પર હાથ મૂકીને વહાલથી જય રામાપીર કહેલું અને એમને મારા મમ્મીને કહ્યું કે આજથી આ અમારી દીકરીઓ છે. તમારે કોઈ ચિંતા કરવાની નથી આમની બધી જ જવાબદારી મારી છે. એ સમયે પપ્પાના આ શબ્દો મને ખૂબ જ ગમ્યા અને મારી ખુશીનો તો પાર ન રહ્યો.

ત્યાર પછી મારી પાસે રોજ સવાર સાંજ પપ્પાના મેસેજ આવે છે.પપ્પા એમની દીકરીઓને યાદ કરવાનું ક્યારેય ભૂલ્યા નથી અને હું જ્યારે પપ્પાના સંપર્કમાં આવી છું ત્યારથી હું પણ તેમણે યાદ કરવાનું ભૂલી નથી કારણકે જે દીકરીઓના પપ્પા નથી તેનું દુખ અમારા સિવાય બીજા તો કોને ખબર હોય.

પપ્પા જ્યારથી તમારી સાથે મારી પહેલી મુલાકાત થઈ ત્યારે મને ખૂબ જ ખુશી થઈ.પપ્પા તમને મળ્યા પછી મારુ જીવન ખૂબ સુખમય અને સરળ બની ગયું. અને હું ખૂબ જ ખુશ રહું છું કે મને તમારા જેવા પપ્પા મળ્યા. તમારો પ્યાર મને અને મારી જેવી બધી દીકરીઓને મળે એવી હું ભગવાનને પ્રાથના કરું છું.

તમારી આ દીકરીથી કોઈ ભૂલ થઈ જાય તો નાની દીકરી સમજીને માફ કરી દેજો. મારા અને મારા ભાઈ બહેન અને મારા મમ્મી તરફથી પી.પી.સવાણી સંસ્થા, પી.પી.સવાણી સંસ્થાના સભ્યો તથા ભાઈ-બહેનોને મારા ખૂબ ખૂબ **ધન્યવાદ........**

**જય રામાપીર**
**લિ. તમારી વહાલી દીકરી**
**અંબિકા**



## ભટ્ટી જલ્પા લાલજીભાઈ

જન્મતારીખઃ- ૨૯/૧૨/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૧૦/૨૦૦૧



**પ્રિય પિતાશ્રી,**

મારું નામ ભટ્ટી જલ્પા લાલજીભાઈ છે. મને જણાવતા ખૂબ જ દુખ થાય છે કે મારા માતા પિતા હાલમાં હયાત નથી. મારા જીવનની સૌથી દુ:ખદ ઘટના એ છે કે મે મારા પિતાજીને ક્યારેય જોયા જ નથી. એ સુખ મને પ્રાપ્ત થયું જ નથી. મમ્મી અવસાન પામ્યા એને ૬ વર્ષ થયાં છે. મમ્મી હયાત હતાં એ સમયે પણ મને એમનો પ્રેમ પ્રાપ્ત થયો નથી. મારા જન્મ પહેલાં જ એમને માનસિક રોગ હતો.

મારા પિતાનું અવસાન ટી.બી.થી થયું હતું. અને મમ્મી વાયની બીમારીના લીધે મૃત્યુ પામ્યા હતા. જન્મથી જ પપ્પા ન હોવાને લીધે હું અને મમ્મી મામાને ત્યાં જ રહેતા હતા. મારા શિક્ષણની શરૂઆત અને શિક્ષણ પૂરું પણ ત્યાં જ કર્યું હતું. અમુક ઘરના સંજોગોને કારણે ધોરણ 8 પછી હું ભણી શકી નહીં. ભણવાનું છોડી દીધા પછી હું સિલાઈ કામ કરીને તેમણે આર્થિક રીતે મદદ કરતી હતી. એના થોડા સમય પછી સુરત નજીક વાપી વિસ્તારમાંથી મને જોવા આવ્યા. પછી મને અને મારા વડીલોને પસંદ આવ્યું. એના થોડા જ સમય પછી સગાઈ નક્કી થઈ ગઈ. આજે મારી સગાઈને બે વર્ષ પૂરાં થઈ ગયાં છે.

મારી સગાઈ નક્કી થયાને થોડા સમય બાદ જ હું માસીને ત્યાં અમદાવાદ રહેવા આવી. મારું નસીબ અને ભગવાનનો સાથને લીધે મને માસીનો સારો સહકાર મળ્યો. એમને ડગલેને પગલે દરેક ઉતાર ચડાવમાં મારો સાથ આપ્યો.

મારી સગાઈ નક્કી થયાને થોડા સમય બાદ જ હું માસીને ત્યાં અમદાવાદ રહેવા આવી. મારું નસીબ અને ભગવાનના સાથને લીધે મને મા સમાન માસીનો સારો સહકાર મળ્યો. એમને ડગલે ને પગલે દરેક ઉતાર ચડાવમાં મારો સાથ આપ્યો.

મારા મા સમાન માસી વેકરીયા ગામમાં સામાજિક પ્રસંગે હાજરી આપવા

ગયા હતા. ત્યાં એમની મુલાકાત એક સંબંધી સાથે થઈ. એમનું નામ ઉકાભાઈ કોરાટ છે. તેમને"મહેશભાઇ સવાણી" વિશે ઘણી બધી વાતો જણાવી કે તે માતા પિતા વગરના બાળકોના લગ્ન કરાવે છે અને તે પોતે પિતાની ભૂમિકા ભજવે છે. આ વાતથી અમે પ્રભાવિત થયા.

"મહેશભાઇ સવાણી" એમના વિષે મેં ઘણું બધું સાંભળ્યું હતું. મને તેમણે મળવાની ઘણી જિજ્ઞાસા હતી. પણ મારી પાસે તેમનો કોઈ સંપર્ક નહોતો.

જ્યારે હું પ્રાઈમરી શાળામાં ભણતી હતી ત્યારે એમને મને આર્થિક રીતે ઘણી મદદ કરી હતી. બાળપણથી જ પિતા સમાન મહેશભાઇ સવાણીએ મારો સંપર્ક રાખ્યો હતો પરંતુ મળવાનો અવસર મને આ શુભ પ્રસંગે મળ્યો. એ મારા માટે ઘણા જ નસીબની વાત છે.

આજે મને પિતાના રૂપમાં ભગવાન મળી ગયા હોય તેવી લાગણી અનુભવાય છે. જ્યારે હું કોઈ પિતા અને એક દીકરીને જોતી ત્યારે મને ઘણું દુખ થતું. પણ જયારે હું પ્રથમવાર મહેશ પપ્પાને મળી ત્યારે એમને મને દિકા કહ્યું અને મને એવું જ લાગ્યું કે મને જાણે મારા પપ્પાએ જ બોલાવી હોય. મને એ જ લાગણીના સ્વરે બોલાવી અને મારી આંખમાંથી તો આંસુ સરી પડ્યા.

લિ.
તમારી વહાલી દિકા
જલ્પા



## જાધવ જલ્પા મહેશરાવ

જન્મતારીખઃ- ૧૩/૦૯/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૦૬/૧૧/૨૦૦૭



**જય રામાપીર પપ્પા,**
**તમારી વહાલી દીકરીના પ્રણામ!!**

મહેશપપ્પા જ્યારે પ્રથમ મિટિંગ મિતુલ ઓફિસ પર રાખી ત્યારે તમારી સાથે મુલાકાત થઈ. દસ દસ દીકરીઓ સાથે બેસીને તમે એટલી સરસ વાતો કરી. લગ્ન સમયના બધા જ પ્રસંગો કહ્યા અને પછી અમને, અમારું બધું જ ટેન્શન તમને સોંપી દેવા કહ્યું. બહુ જ સારું લાગ્યું. આ સાંભળીને આટલી બધી વાતચીત દરમ્યાન લાગ્યું જ નહીં કે અમે આટલી મોટી વ્યક્તિ સમક્ષ બેઠા છીએ. એકદમ સામાની વ્યક્તિ થઈને અમારી સાથે વાતો કરી. મનની મૂંઝવણો દૂર કરી.

આમ તો લગ્નની ચિંતા દરેક મા બાપને દીકરીના જન્મથી જ હોય છે. મારા પપ્પાને પણ મારા લગ્નની ચિંતા હતી. પણ જ્યારે તેઓ બીમાર હતા ત્યારે તે કહેતા તારા લગ્ન માટે તારા LICના પૈસા છે તો ચિંતા ન કરતી. ત્યારે હું બહુ નાની હતી. ધોરણ ૪માં ભણતી હતી. ૨૦૦૭માં વધુ બીમાર થયા ત્યારે સરકારી દવાખાનામાં હતા. દિવાળીનો સમય હતો.વાઘ બારસના દિવસે તેમનું અવસાન થયું. ત્યારબાદ મમ્મીએ મા અને બાપ બંને બનીને અમને બંને ભાઈ બહેનને સાચવ્યા.

સંયુક્ત કુટુંબમાં રહેતા હતા એટલે પૈસાની તંગી તો નહીં પડી. દાદી સાથે મમ્મી કામ કરવા લાગતા અને ધીમે ધીમે તે સમય પણ વીતી ગયો. ૧૨ પાસ થયું પછી લગ્નની વાતો થવા લાગી.

૧૯ વર્ષે લગ્ન નક્કી કર્યા પછી મહેશપપ્પા સમૂહ લગ્ન કરાવે છે. તેમ જાણતા તેમાં ફોર્મ ભર્યું. પહેલા તો ફોર્મ જ ન મળ્યું. તો પણ એક મહિના પછી મિતુલ ઓફિસથી ફોન આવ્યો. ફોર્મ મળ્યું અને સિલેક્ટ પણ થયું. બહુ જ આનંદ થયો.



મહેશપપ્પા તમારા વિશે આટલું બધુ જાણ્યું, સમજયું અને જોયું. તમારા જેવા વ્યક્તિ પહેલીવાર જોયા. આટલા બધા દીદીઓના અને હવે અમારા જેવા

બાપ વગરના દીદીઓને પપ્પા કહેવાનો મોકો આપ્યો.

અમારા લગ્ન કરાવવા દિવસ રાત તમે એમાં બિઝી જ હોય છે. અમારી દરેક જરૂરિયાત વિશે વિચારો છો. ખરીદીથી લઈ વિદાઇ સુધીની જે દરેક ચિંતા સગા પિતા કરે તેનાથી વિશેષ તમે કરો છો. બહુ જ આનંદ થયો અને અમને પણ તમારા જેવા મહેશપપ્પા મળ્યા. તમારા સાથે વાત કરવાનો મોકો મળ્યો. હું મને ખૂબ નસીબદાર માનીશ.

મહેશપપ્પા તમે કહો છો ને કે લોહીના સંબંધ કરતાં ભાવનાના સંબંધો વધારે ગહેરા હોય છે. તો અમે પણ તમારા આ કાર્યમાં તમારા સુખ અને દુ:ખના સહભાગી બનશું.

**Thank you so much papa...**
**તમારી આજ્ઞાંકિત**
**દિકા જલ્પા**



# માંગુકિયા રીંકલ જયસુખકુમાર

જન્મતારીખઃ- ૦૧/૦૪/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૩૦/૧૨/૧૯૯૮



**Dear papa,**

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે મારા પપ્પા વિશે તમને કંઈક જણાવવાનું છે તો હું વિચારું છું કે પપ્પા વિશે તો કોઈને કંઈ કહેવાની જરૂર પડે? એ તો સૌ જાણતા જ હોય છે. 'મા'વિશે તો દુનિયામાં ઘણા લેખો અને સુવિચારો છે પરંતુ એક પિતા વિશે કંઈક કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ કે લેખકો પણ વિચાર કરવા લાગે, વિચારવા માટે, એટલે કે તેમણે ત્યાં વિચારવાની જરૂર પડે છે કેમ કે પપ્પા વિશે તો લેખ કાગળમાં નહીં, દિલમાં હોય છે અને એ પણ એક દીકરીના દિલમાં...એક દીકરી માટે તેના પિતા દુનિયાના બેસ્ટ પપ્પા છે.

હું જ્યારે ૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પા મૃત્યુ પામ્યા. તે ક્ષણે તો મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું અને મારૂ ઘર સુખમાંથી દુખમાં સરી પડ્યું.

પણ મારા જીવન વિશે લખવા બેસું તો ઘણું બધુ છે. મને નથી ખબર કે પિતાના પ્રેમ વિશે કેમ કે હું ૫ વર્ષની હતી ત્યારે મારા પિતાનું અવસાન તા. ૨/૬/૧૯૯૮ના રોજ થયું હતું. ત્યાર પછી હું મારા કાકા-કાકી સાથે મોટી થઈ હતી. મારા મમ્મી અને બહેનો બધા દેશમાં ખેતીકામ કરવા લાગ્યા. આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે અમને ચારેય બહેનોને ૧૦ ધોરણ સુધી જ મારા મમ્મી ભણાવી શક્યા. પછી ખેતી-મજૂરી કરીને અમારું ગુજરાન ચલાવવા લાગ્યા. મારાથી મોટી બે બહેનોના મેરેજ પણ સમૂહ લગ્નમાં કરાવ્યા.

પછી અમારા લગ્નની તારીખ નક્કી થયા બાદ પછીની પહેલી મુલાકાતમાં મહેશ પપ્પા ના સંપર્કમાં આવ્યા. મેં કહ્યું મારે પપ્પા નથી. ત્યારે મહેશ પપ્પાએ કહ્યું આજથી હું તારા પપ્પા અને તું મારી દીકરી અને આજથી તું મને પપ્પા કહીને બોલાવજે. મને તમારી દીકરી પ્રત્યેની લાગણી અને તમારું જીવન ચરિત્ર જોઈને મને ખૂબ જ આનંદ થયો.

મને હવે એવું લાગ્યું કે મારા જીવનમાં પપ્પાની જે કમી હતી એ આજે પૂરી થઈ,

અને તમારા રૂપમાં મને મારા પપ્પા મળી ગયા. આજે હું ખૂબ જ ખુશ છું. મને મારા પપ્પા વિનાનું જીવન અધૂરું લાગતું હતું. એ આજે પૂરું થયું. અને જે જીવનમાં પપ્પાના હોવાની ખામી લાગતી હતી એ આજ પૂરી થઈ ગઈ.

લગ્નની ખરીદી માટે અમે ગયા તો એ એક સ્વપ્ન જેવું જ લાગ્યું કે જે રીતે એક બાપ તેની દીકરી માટે જે લગ્નની તૈયારી કરે અને દીકરીને લગ્ન માટેની તમામ વસ્તુઓની અભિલાષા પૂરી કરે તે રીતે મહેશપપ્પા એ મારી તમામ અભિલાષા પૂરી કરી છે. એ મને ખરેખર એક સ્વ્વપ્ન સમાન લાગે છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તમે પણ તમારા જીવનમાં હંમેશા ખુશ રહો અને અમારા જેવી ઘણી બધી દિકાઓના પપ્પા બની એમનું અઘરું જીવન તમે હર્ષ ઉલ્લાસ સાથે આનંદમય બનાવ્યું છે. એ વાતથી હું ખૂબ જ ખુશ છું અને ખૂબ જ ગમે છે.

**Thank you papa**
**લિ.**
**તમારી દીકરી**
**રીંકલ**



## વાસાણી નીલમ બાબુભાઇ

જન્મતારીખઃ- ૦૫/૦૩/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૦૭/૨૦૦૯



Dear papa,
My papa is best in the world.
Lovely papa
મળ્યા છે જે મિત્રો જીવનમાં
કેમ જાણે એ ભુલાયા નથી
પડ્યા હતા જે જખમો હૃદય પર
કેમ જાણે એ રૂઝાયા નથી
લાગી હતી જે તરસ ભર વરસાદમાં
કેમ જાણે એ છિપાઇ નથી.
પડી છે જે ખોટ જીવનમાં
તમારા જવાથી કેમ જાણે એ પુરાય નથી.
સાચવતી હતી જે યાદી જીવનમાં
કેમ જાણે એ સચવાય નથી.
તેમ છતાં એ વહેતું હતું જે
પ્રેમભર્યું ઝરણું હૃદયમાં
કેમ જાણે એ સુકાયું નથી.

પપ્પા તમારા માટે હું શું લખું એ સમજાતું નથી. મારા મનમાં એટલું બધુ છે તો શરૂઆત ક્યાથી કરું? હું જ્યારે ૧૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન કેન્સરના લીધે થયું હતું. જ્યારે મારા પપ્પાને કેન્સર થયું ત્યારે તેમણે આ વાત બધાથી છુપાવી હતી. પછી મારી ફેમિલીને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે ઓપરેશન કરાવવાનું કહ્યું. મારા પપ્પાને દાઢનું કેન્સર હતું. પછી તેમણે ઓપરેશન કરાવવા માટે હા પડી. પપ્પા ઓપરેશન કરાવવા માગતા ન હતા. પણ બધા એમ કહેતા કે તે પૈસા માટે નથી કરાવતા. એટલા માટે મારા પપ્પાએ હા પાડી હતી. પપ્પાને ઓપરેશન માટે ભાવનગર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, ત્યારે અમારી પાસે ૫૦૦ રૂ. પણ ન હતા. ત્યારે ભાઈએ હિમ્મત હાર્યા વગર વ્યાજે પૈસા લાવીને પપ્પાનું ઓપરેશન કરાવ્યું. તા. ૧૯/૭/૨૦૦૯માં મારા પપ્પાનું મૃત્યુ થયું. ત્યાર પછી અમારા પર આભ તૂટી પડ્યું હોય તેમ લાગતું હતું.

પછી મારા મમ્મી એકલા જ ખેતી કરવા લાગ્યા. અને ભાઈ સુરત ધંધા માટે આવતા રહ્યા. ત્યારે મારો ભાઈ ૧૮ વર્ષનો હતો. અને મારી નાની બહેન ૧૧ વર્ષની હતી. પછી મમ્મી એ મને ભણાવવા ખૂબ જ મહેનત કરી. તેઓ પોતે જ દવા છાંટતા અને તેઓ પાણી પણ વાળતાં ત્યારે અમને કોઈએ પણ સાથ આપ્યો ન હતો. ત્યાર બાદ મારા મમ્મી એ મને ભણાવવા માટે અમરેલી હોસ્ટેલમાં મોકલી હતી ત્યારે મારા મમ્મીનું અને ભાઈનું સપનું હતું કે તે અમારું નામ રોશન કરે. એટલા માટે મેં B.B.A રાખ્યું. મેં B.B.A ૨૦૧૫માં પૂરું કર્યું અને મને જોબ પણ સારી મળી ગઈ.

અમે બે વર્ષ પહેલા સુરત આવ્યા ત્યારે ભાભી અને બહેન રેણ્યા કટિંગ કરતાં અને હું જોબ કરવા લાગી. ત્યાર બાદ મારી એંગેજ કરવામાં આવી પરંતુ પછી ભાઈને મેરેજનું ટેન્શન આવ્યું. ત્યારે મમતા માસી મારી બાજુમાં રહે છે તેમણે મમ્મીને કહ્યું કે તમે મહેશભાઇ લગ્ન કરે છે તેમાં કરો. તે બધી દીકરીના મેરેજ કરે છે. તો આ તો તેમની ભાણકી છે. પછી મમતા માસીને ભાઈને ઓફિસનું એડ્રેસ આપ્યું અને ભાઈ ઓફિસ પર આવ્યા. સંખ્યા ફૂલ થઈ ગઈ હોવાથી પણ પપ્પાએ મારૂ ફોર્મ એકસેપ્ટ કર્યું.

અમને મિટિંગમાં બોલાવવામાં આવ્યા ત્યારે મે પહેલીવાર પપ્પાને જોયા હતા. અને એને કહ્યું કે કેમ છે? બધી દિકાને ત્યારે મારી આંખમાં ખુશીના આંસુ આવી ગયા. ત્યારે મને મારા પપ્પાની યાદ આવી ગઈ. અને હું મહેશ પપ્પાને જોઉ છું ત્યારે તેમાં મને મારા પપ્પાની જ છબી દેખાય છે.

પપ્પા, તમે મારા માટે ભગવાન સમાન જ છો. જ્યારે તમે મેરેજ શોપિંગ કરાવવા માટે દીદીઓને મોકલી હતી તેમણે પણ અમને એમ જ કહ્યું હતું કે પપ્પાએ કહ્યું છે કે તમને જેવુ ગમે તેવું જ સિલેક્ટ કરવાનું છે. મેં મને ગમતી જ વસ્તુ સિલેક્ટ કરી છે હું બહુ જ ખુશ છું.

હું ભગવાનને પ્રાર્થના કરું છું કે મારા પપ્પા આવાં સારાં સારાં કામો કરતાં રહે અને એના જીવનમાં બહુ જ ખુશ રહે.

**I love you papa**

**વિધિ સાથે વેર ન થાય**
**જીવન આખું ઝેર ન થાય**
**કિસ્મત તો ઘાયલ કાગળ જેવી છે,**
**તેમાં ક્યારેય ફેર ન થાય.**

**Thank you very much papa I love you so much papa, mom and my sweet brother.**

**જય રામાપીર**

**લિ. તમારી લાડકવાયી દીકરી, નીલમ**



## ઢોલરિયા ડિમ્પલ દીપકકુમાર

જન્મતારીખઃ- ૧૮/૦૨/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૧૨/૨૦૧૧



**Dear papa**
**મંજિલ દૂર અને સફર ઘણી બધી છે,**
**નાનકડી આ જિંદગીમાં ફિકર ઘણી બધી છે,**
**આ દુનિયા તો ક્યારની મારી નાખત,**
**પણ 'પિતા' ના પ્રેમની અસર ઘણી બધી છે.**

કહેવાય છે કે પિતા પરમાત્માનું બીજું રૂપ છે. તેવી જ રીતે મારા પપ્પા પણ મારા માટે સાક્ષાત પરમાત્મા જ હતા. પપ્પા અમને બંને બહેનોને ખૂબ લાડ કરતા. પપ્પા કોઈ દિવસ અમારો બર્થ ડે ભૂલતા નહીં. નાની તો નાની ગિફ્ટ આપતા મને તો પપ્પા પેન જ ગિફ્ટ આપતા કેમ કે મને પેન ખૂબ પસંદ એટલે પપ્પાએ મને મારા બધા બર્થડે માં પેન જ ગિફ્ટ આપેલી. પપ્પાની એવી ઈચ્છા હતી કે ભાઈને આગળ ભણાવીને એંજિનિયર બનાવવો છે. પણ ઘરની પરિસ્થિતિ નબળી હતી એટલે પપ્પાની આ ઈચ્છા પૂરી કરવા મેં કોલેજ પૂરી કરી પપ્પા પાસે નોકરી કરવાની રજૂઆત કરી. પપ્પાએ હા પાડી અને હું નોકરી કરવા લાગી ગઈ. ભાઈને સાયન્સમાં એડમિશન કરાવી પપ્પા તેને રાજકોટ ભણવા મૂકી આવ્યા. બધુ બરાબર ચાલતું હતું. ભાઈને ભણવા મૂક્યો ત્યારથી પપ્પા પણ ખુશ હતા અને ત્યારથી ૬ મહિના પાછી અચાનક અમારી જિંદગીમાં એક વાવાઝોડું આવ્યું કે જેને અમારી જિંદગીઓમાં અંધકાર રેલાવી દીધો.

પપ્પા એક એક્સિડંટમાં અમને છોડીને એટલા દૂર ચાલ્યા ગયા કે જ્યાંથી પાછા ન ફરી શકાય. મારા આખા પરિવાર પર જાણે દુખનું મોજું ફરી વળ્યું. હું ઘરની મોટી દીકરી હોવાથી ઘરની બાહી જવાબદારીઓ મારા માથે આવી ગઈ. ભાઈ નાનો હતો. તેને ભણાવવાનો હતો. એટલે મારી પરિસ્થિતિ ખૂબ વિકટ બની ગઈ હતી. કોઈનો સહારો ન હતો. પણ ભગવાને મને અને મારા મમ્મીને હિમ્મત આપી મમ્મી લોજિંગનું કામ કરતાં અને હું નોકરી કરતી. પપ્પાના ગયા પછી રોજ મારા મનમાં અનેક સવાલો ઊભા થતા. ભગવાને મારા પપ્પાને એમની પાસે બોલાવી લીધા. શું કામ આવું કર્યું ભગવાને? ભગવાનને આવું કરતાં જરાય વિચાર ન આવ્યો? જેને કોઈનો સહારો નથી તેની સાથે આવું કરાય? અને મારા આ બધા સવાલોના જવાબરૂપે ભગવાને મને મહેશપપ્પા આપ્યા.

સૌ પ્રથમ મે પપ્પાને ટી.વી. પર આવતા સમૂહલગ્નમાં જોયા

એમને જોઈને મેં મનમાં નક્કી કર્યું કે હું પપ્પાને મળવા જરૂર જઈશ. ઘણીવાર પપ્પાને મળવાનું નક્કી કર્યું હોય પણ ત્યાં જવાની મારી હિમ્મત નહોતી થતી. મનમાં ડર લાગતો હતો. આટલા મોટા વ્યક્તિને હું કેમ મળું? પપ્પા પાસે જઈને હું શું વાત કરું? જેવા અનેક સવાલો થતા. હું એવા વિચારોમાં ગૂંચવાયેલી હતી. એવામાં થોડા ટાઈમમાં મારી સગાઈ થઈ અને મને પપ્પા સાથે વાત કરવાનો મોકો મળી ગયો. હું કઈ પણ વિચાર્યા વગર પપ્પાની ઓફિસે પહોચી ગઈ. ત્યાં મને પુછવામાં આવ્યું કોને મળવાનું છે? શું કામ છે? મેં કહ્યું પપ્પાને મળવાનું છે. મારે એમની સાથે વાત કરવી છે. એટલામાં કાજલદીદી આવ્યા અને એ મને પપ્પાની ઓફિસ સુધી લઈ ગયા. મેં ઓફિસનો દરવાજો ખોલ્યો અને અંદર પ્રવેશી ત્યાં જ પપ્પા બોલ્યા, “આવ આવ દિકા”, “બોલને દિકા શું થયું?” પપ્પાના આ વાક્યો સાંભળતાં જ જાણે એવું લાગ્યું કે અમે એક બીજાને પહેલેથી ઓળખીએ છીએ. હું પપ્પાના આ વાક્યનો એટલો જવાબ આપી શકી... પપ્પા મારે તમારા આશીર્વાદની જરૂર છે. પપ્પા મારે તમને ઘણા સમયથી મળવું હતું. પણ મારી હિમ્મત નહોતી થતી. આટલું હું ભારે હૈયે માંડ માંડ બોલી શકી અને મારી આંખમાં આંસુ આવી ગયા. ને પપ્પા મારા માથા પર હાથ મૂકીને બોલ્યા, આજથી તું મારી દીકરી છે અને હું તારા પપ્પા છું. ખુશ દિકા? આટલું સાંભળતા જ મારા બધા ટેન્શન દૂર થઈ ગયા. જેમ એક પાંગળાને લાકડીનો સહારો મળે તેમ જાણે મને પપ્પા મળી ગયાં. આટલા મોટા વ્યક્તિ હોવા છતાં પપ્પાનો સ્વભાવ સાવ સરળ છે. એક સગી દીકરીની જેમ પપ્પા મને પ્રેમથી રાખે છે. આજ મને કોઈ એમ પૂછે

**વો કૌન સી જગહ હે જહાઁ હર ગલતી હર જુલ્મ ઔર હર ગુનાહ માફ હો જાતાં હે?**
**મૈંને મુસ્કુરાકર કહાં “ મેરે પાપા કા દિલ”**

ખરેખર પપ્પાનો એમની બધી દીકરીઓ માટેનો પ્રેમ ખૂબ જ નિખાલસ અને લાગણીસભર છે. પપ્પાને મળ્યા પછી મે જાણ્યું કે આજે પણ આ દુનિયામાં માનવતા જીવિત છે. પપ્પા માટે હું લખ્યા જ કરું તો લખતા લખતા શબ્દો ખૂટી જાય પણ પપ્પા હવે શું લખું તમારા માટે? તમે જ્યારથી મારી લાઇફમાં આવ્યા ત્યારથી મારી લાઇફમાં ખૂબ જ ખુશી છવાઈ ગઈ છે. મારા ચેહરા પર ઉદાસી આવી જ નથી. હું પહેલાની જેમ ખુશ છું પપ્પા. પપ્પા હવે હું એક શાયરિ દ્વારા અહી મારી પેનને વિરામ આપું છું.

**એક હસ્તી જો જાન હે મેરી,**
**મેરે પાપા જો પહેચાન હે મેરી.**

Someday I will find my prince but my daddy will always be my king. Papa I love you papa

**From Dimple**



# વાગડિયા મીરાં પ્રવીણકુમાર

જન્મતારીખઃ- ૧૭/૧૨/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૨૪/૦૬/૨૦૧૨



**માય સ્વીટ પાપા**
**જય રામાપીર**

***તમારા વિશે તો હું શું લખું પાપા એ મને સમજાતું નથી. મનમાં તો ઘણી વાતો છે પરંતુ સમજ નથી પડતી કે ક્યાંથી શરૂઆત કરું?***

હું સલડીની વતની છું. અમારા પરિવારમાં મારા મમ્મી પપ્પા અને પાંચ બહેન અને એક ભાઈ. હું મારા પપ્પાને ખૂબ જ વહાલી હતી અને મારો ભાઈ નાનો હતો ત્યારથી જ અમારા મમ્મીને હૃદયના વાલ્વની બીમારી છે. ત્યારે અમારી પરિસ્થિતિ સધ્ધર ન હતી એટલા માટે અમે ઓપરેશન કરાવી ન શક્યા. ને દવા ચાલુ રાખતા અને મારાં મમ્મી કામ ન થતું એટલા માટે મારી મોટી બહેનને ૮ ધોરણ સુધી અભ્યાસ કરાવ્યો અને મારા પપ્પા ખેતી કામ કરતાં અને બહેનો પણ અને થોડા સમય પછી મારી મોટી બહેનનાં લગ્ન કર્યાં. અને પાંચ વર્ષ પછી બીજી બે બહેનનાં લગ્ન કર્યાં અને થોડા સમય પછી મારાથી મોટી બહેનની સગાઈ કરી. પછી એક વર્ષ પછી મારા પપ્પાને દાંતનું કેન્સર થયું અમે આ વાત સાંભળીને ગભરાઈ ગયા હતા. પરંતુ મારા મામા અને જીજાજીએ સાથ આપ્યો અને મારા પપ્પાને ઓપરેશન માટે રાજકોટ ભરત સોરઠિયા હોસ્પિટલમાં દાખલ કર્યા. ઓપરેશન સફળ થયું અને બે-ત્રણ મહિના સારું લાગતું હતું અને ત્યારે બીજી વાર હોઠમાં ચાંદી પડીને ફરી કેન્સરનો રિપોર્ટ આવ્યો ત્યારબાદ ખૂબ દવાનો તેમજ આયુર્વેદિક દવાનો ઈલાજ કર્યો પણ સારું ન થયું. તેમણે ૧૦ મહિના ખૂબ જ દુઃખ સહન કર્યું ત્યારે અમારાથી પણ નો જોવાતું એનું દુઃખ અને પીડા.

મારા પપ્પાનું અવસાન અષાઢ સુદ પાંચમને દિવસે સવારે આઠ વાગ્યે દિવ્ય તન છોડીને અક્ષરધામમાં પ્રભુના પ્યારા બની ગયા. અને બહેનના લગ્ન કરવાની પણ અમારી પરિસ્થિતિ ખૂબ જ નાજુક હતી. તો અમે મારા મામા અને જીજાજીના કહેવાથી સુરત આવ્યા અને થોડો સમય પછી મારા બહેનના લગ્ન કરવાના હતા અને અમને ખબર ન હતી કે પી. પી. સવાણીમાં લગ્ન થાય છે તો અમે પી. પી. સવાણીમાં લગ્ન ફોર્મ ભરી આપત. પણ અમને ખબર ન હતી એટલામાં અમે બાપા સીતારામ ગ્રુપમાં લગ્ન



નું ફોર્મ ભર્યું.

પછી થોડા સમય બાદ મારી સગાઈ થઈ ત્યાર બાદ મારા મમ્મીએ લક્ષ્ય ચેનલ પર સંવેદના એક દીકરીનીએ લગ્ન જોયા અને મારા મમ્મી એમ કહેતા કે આપણે તારા લગ્ન આમાં કરવા છે. જ્યારે ફોર્મ બહાર પડ્યા ત્યારે અમને ખબર ન હતી અને પી. પી. સવાણી હોસ્પિટલ ગયા ફોર્મ માટે ત્યારે એમને એમ કીધેલું કે ફોર્મ પૂરાં થઈ ગયા છે. તો તમે મિતુલ સ્કવેર રાહુલ રાજની પાસે છે ત્યાં જાવ. ત્યારે હું, મારા મમ્મી અને મારી બહેન અને જીજાજી અમે ઓફિસ પર ફોર્મ ભરવા માટે ગયા. અને કાજલદીદી એ અમને વાત કરી કે આ વર્ષના ફોર્મ પૂરા થઈ ગયા છે. અને અમે તો સાવ નિરાશ થઈ ગયા. ત્યારે કાજલદીદીએ એવું કીધું કે વેઈટિંગમાં નામ લખવાનું છે તો અમે હા પાડી અને તેમણે નામ લખી લીધું. અને બે મહિના પછી તેમનો ફોન આવ્યો કે ઓફિસેથી ફોર્મ લઈ જાવ ત્યારે અમે ફોર્મ લેવા માટે ગયા અને ત્યારે મે પપ્પાને જોયા ન હતા. અને બીજે દિવસે ફોર્મ દેવા માટે ગયા ત્યારે પપ્પા સાથે મુલાકાત થઈ અને તેમણે મારી સાથે જ પ્રેમ અને વાત્સલ્યભર્યા ભાવથી વાત કરી અને માથે હાથ મૂકીને જ્યારે દિકા કહ્યું ત્યારે મારા પેટમાં તો જાણે ફાળ પડી ગઈ. કેમ કે કેટલા વર્ષોથી મારા કાન ફક્ત આ એક શબ્દ સાંભળવા માટે તરસતા હતા જે સ્નેહ હું મારા પપ્પા પાસેથી ઈચ્છતી હતી. તે ફક્ત થોડા જ સમયમાં મને મહેશપપ્પા પાસેથી મળ્યો. મહેશપપ્પા જેવા તો દુનિયામાં કોઈ ન હોય અને હું ભગવાનને આજે એ જ પ્રાર્થના કરું છું કે મને આવતા જન્મમાં પણ તમારા જેવા પપ્પા મળે. પપ્પા મળ્યા પછી ક્યારેય મને એમ નથી થયું કે મારે પપ્પા નથી.

મારી ઈચ્છા છે કે મને જેવા પપ્પા મળ્યા છે એવા દુનિયાની બધી જ પિતા વગરની દીકરીઓને મળે અને પપ્પાને પણ એટલી ખુશી મળે કે તેના જીવનમાં ક્યાંય દુ:ખની જગ્યા જ ન રહે.

***" આવી છે વૃક્ષોના પાનમાં પાનખર***
***પછી તેમાં વસંત ખીલે કે ના ખીલે***
***લખવી છે ગઝલ અને શાયરી***
***પછી તેની પંક્તિ મળે કે ના મળે.***
***જીવી લેવી છે તારી સાથે પપ્પા આ જિંદગી***
***પછી જનમોજનમ પપ્પા તમે મળો કે ના મળો."***

પપ્પા બસ આટલું જ કહીશ. હવે શબ્દો નથી પણ દિલથી કહું છું પપ્પા આઈ લવ યુ એન્ડ આઈ મિસ યુ.

**તમારી લાડકી દિકા**
**મીરાં**



## ચૌહાણ કોમલ સાગરકુમાર

જન્મતારીખઃ- ૦૨/૦૬/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૦૧/૦૨/૨૦૧૩



### Dear papa

**જય રામાપીર**

હું જ્યારે પપ્પાને પહેલીવાર મળી ત્યારે તેમના માટે દીકરીઓ માટે આટલો પ્રેમ જોઈ મારી આંખોમાંથી આંસુ આવી ગયા. આજે મને ભગવાન ના રૂપમાં મારા પપ્પા મળી ગયા.

મારા પિતા પાંચ-છ મહિનાથી સખત બીમાર હતા અને પછી તેનું અવસાન થયું. તેમણે ઘણા દવાખાને દવા પણ લીધી હતી અને દવાખાને દાખલ પણ કર્યા હતા. પછી તેમણે ઘણું સારું હતું. એક તરફ મારી મોટી બહેનના લગ્નના માંડવા ને બીજી તરફ આગલે દિવસે પપ્પાની તબિયત વધારે ખરાબ થઈ હતી. તેમણે દવાખાને પણ લઈ ગયા. પણ દવાખાને પહોંચતાં પહેલાં જ તેમણે શ્વાસ લેવાનું છોડી દીધું. અમે ચાર બહેનો છીએ. અમને ઘરે કોઈને ખબર હતી નહીં. એટલું જ કીધેલું કે તે દવાખાને દવાખાને દાખલ થયા છે. અને તેમણે ઘણું સારું છે. પણ પછી મોટી બહેનને માંડવાને દિવસે તેના લગ્ન કરી સાસરે વળાવી દીધી અને બીજે દિવસે ઘરે બધાને ખબર પડી કે મારા પપ્પા આ દુનિયામાં નથી. ત્યારે ઘરમાં જાણે કે દુઃખના ડુંગર તૂટી પડ્યા હોય તેવું હતું. આખા ઘરમાં અંધકાર છવાઈ ગયો હતો ત્યારે હું ૧૫ વર્ષની હતી. મારા મમ્મીની માથે બે બહેનોને ભણાવવાનો ખર્ચ વધી જતો એટલે મમ્મી ખેતરમાં કામ કરવા જતાં અને હું પણ ઘરે સિલાઈ મશીન ચલાવતી હતી અને તેમાં અમે ગુજરાન ચલાવતા અને બે બહેનોને ભણાવતા. ત્યારે અમારી આર્થિક પરિસ્થિતિ ખરાબ હતી પણ પિતાના અવસાન પછી ખબર પડી કે પિતા વગરની જિંદગી શું કહેવાય?

પહેલાં મારે એક વાત કહેવી છે. બધાની પાસે પપ્પા છે. અને ભગવાને મારી પાસેથી મારા પપ્પા કેમ લઈ લીધા? મને મારા પપ્પાની બહુ યાદ આવે ત્યારે હું એકલી રડી લેતી હતી પણ ત્યારે મારા માથા પર હાથ મૂકીને મને કોણ છાનાં રાખે? પણ જ્યારે હું મહેશપપ્પા ની ઓફિસે પહેલીવાર પપ્પાને મળી ત્યારે પપ્પાએ દિકા કહીને મારા માથા પર હાથ મૂક્યો.

ત્યારે મને થયું કે મને પપ્પા પાછા મળી ગયા. મારી આંખોમાં આંસુ આવી ગયા. જ્યારે પપ્પા એ કહ્યું કે દિકા હવેથી તારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ત્યારે મારી

જિંદગીમાં જાણે ભગવાનના સ્વરૂપમાં મારા પપ્પા મળી ગયા.

**રંગ છે મહેંદીનો, ઉમંગ છે ઉરનો**
**સૂર છે શરણાઈનો, ઢોલ છે બોલનો**
**પણ પ્રેમ તો મારા પપ્પાનો...**

હું જ્યારે પપ્પાને મળી ત્યારે પપ્પા એ કહ્યું કે આજથી આ દીકરી મારી છે. તમારે ચિંતા કરવાની જરૂર નથી. ત્યારે મને થયું કે મારા જન્મદાતા પિતા પણ આટલું કરી ન શક્યા હોત. જેટલું મહેશ પપ્પાએ કર્યું છે. અને કરી રહ્યા છે. હું તો ભાગ્યશાળી છું મારા પિતાના અવસાન પછી મને એમ ન હતું કે મારા લગ્ન આટલા ધામધૂમથી થશે. જેટલા મહેશપપ્પા કરવાના છે. ગયા જન્મમાં મેં જરૂર કોઈ સારા પુણ્ય કર્યા હશે જેના કારણે ઈશ્વરે આજે મને મહેશપપ્પા આપ્યા. આજે ઈશ્વરે મારા જીવનમાં મહેશપપ્પા જેવા પિતા અને મિતુલભાઈ જેવા ભાઈ આપીને મારી જિંદગીમાં એક પિતા અને એક ભાઈની કમી પૂરી કરી દીધી.

સૂર્ય ને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું.

આજે હું ઈશ્વરનો આભાર માનું છું કે તેને મારી લાઇફમાં મહેશ પપ્પાને મોકલ્યા. મહેશપપ્પા વિશે તો શું કહું કે શું લખું જેટલું લખું એટલું ઓછું જ છે. એક પપ્પા જે દીકરી વિશે કઈ પણ કરે તે કહેવાનું ના હોય તે બસ સમજવાનું હોય કે બસ આને બાપ દીકરીનો પ્રેમ કહેવાય. પપ્પા વિશે આ કાગળ કે પેનથી લખી શકાય તેમ નથી. એ તો મારું મન જાણે છે કે મહેશપપ્પા મારા માટે શું છે?

**થેન્ક યુ મહેશપપ્પા,**
**ચાંદ કી આન હો આપ**
**સિતારો કી શાન હો આપ,**
**ફૂલો કા અરમાન હો આપ**
**ખુશ્બુ કી પહેચાન હો આપ,**
**પર સબસે પહેલે મેરે પાપા**
**મેરી જાન હો આપ**

**Thank you so much papa**
**My papa is best in the world.**
**I love you papa & I miss you**

**તમારી લાડકી દિકા**
**કોમલ**



## નાકરાણી પૂનમ આકાશકુમાર

જન્મતારીખઃ- ૩૦/૦૮/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૪/૦૨/૨૦૧૧



**જય રામાપીર,**

**I love you papa**

**Dear papa**

હું મૂળગામ તરવડા, તા. અમરેલી, જી. અમરેલીની વતની છું. મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ૧૫ વર્ષની હતી. મારા પિતાનું અવસાન એટેક આવતાં થયું હતું મારા પિતાનો એક પગ અપંગ હતો છતાં તે ખેતી કામ કરતા હતા. જયારે તેમનું અવસાન થયું ત્યારે એમ લાગ્યું હતું કે અમારા પર જાણે આકાશ તૂટી પડ્યું હતું. પિતા વગરની જિંદગી શું કહેવાય એ અમને પિતાના અવસાન પછી ખબર પડી.

મારા પિતાના અવસાન બાદ મારી સગાઇ નક્કી કરી અને સારું ઘર મળ્યું અને એ પરિવારમાં જેની હું શોધ કરતી હતી તેવા પિતા સમાન સસરા મળ્યા. જે ને હું મારા પિતાની છાયા જોઉ છું. મારા ઘરમાં બધાને જ મારા લગ્નની ચિંતા રહેતી હતી. તેટલામાં અમને પિતાની છત્રછાયા મળી એટલે કે અમને વાત મળી કે દીકરીના પિતા ન હોય તેમનાં લગ્ન કરાવી આપે છે અને એ નામ છે મહેશભાઈ સવાણી જે પિતા વગરની દીકરીને લગ્ન કરી આપે છે તેમના પપ્પા બની તેમની બધી જ જવાબદારી લે છે.

**હામ છે, હૈયા માં**
**હિમંત આપી છે પપ્પાએ,**
**ઉત્સાહ છે, આનંદ માં તો,**
**ઉજળું કરવાની શક્તિ આપી છે, પપ્પાએ**

Love you so much papa

પપ્પા બધા લોકો એવું માંને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ ભગવાને મને કુદરતના નિયમોની વિરુધ્ધ જઈને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશ પપ્પામાં જ મારા પપ્પાને મહેસૂસ કરું છું. પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા પછી તમે મારા પપ્પાના પ્રેમની ખોટ પૂરી કરી છે.

Thanks a lot dear papa

હું પપ્પાને ઓફિસ મળવા ગઈ અને મારી સાથે સારી રીતે વાત કરી અને બધી જ દીકરીઓને દિકા કહી સંબોધે છે. જે મને બહુ જ ગમે છે. અને મારા જેવી ઘણી જ છોકરીઓના લગ્ન તેમણે કરાવ્યાં છે.

મહેશ પપ્પાનો દિવસ દીકરીઓના ગુડ મોર્નિંગથી શરૂ થાય છે અને ગુડનાઈટથી પૂરો થાય છે ગમે તેવો કામનો બોજ હોય તો પણ પપ્પા દીકરીઓને મેસેજ કરવાનું ભૂલતા નથી. હંમેશાં અમારી ખૂશીઓનો વિચાર કરે છે કોઈ પણ દીકરીના પપ્પા ગમે તેવી મુશ્કેલી આવે તો પણ રડતા નથી. પરંતુ જયારે પોતાની દીકરીને સાસરે વળાવતી વખતે રડવા લાગે છે અને હંમેશાં આશીર્વાદ આપતાં મહેશપપ્પા પ્રેમથી દીકરીઓને પપ્પાની કમી પૂરી કરીને વળાવે છે.

આમ, પપ્પાને પણ ભુલાવી દેનારા મારા મહેશપપ્પાને દિલથી આભારની લાગણી વ્યક્ત કરું છું. અને હું ભગવાનને પ્રાર્થના કરીને કહું છું કે મને મારા પપ્પા પાછા આપ્યા છે અને સાથે મને એક ભાઈ પણ આપ્યો છે અને હવે મારી ભગવાનને પ્રાર્થના છે કે પપ્પા અને વીરા જેવો ભાઈ દરેક દીકરીને મળે

Love you papa...
I miss you so much...
Forever...

**લિ. તમારી લાડકી દિકા**
**પૂનમ**
**જય રામાપીર**



# ધડુક કૃપાલી ચંદ્રેશકુમાર

જન્મતારીખઃ- ૧૧/૦૫/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૦૯/૨૦૦૧



My papa is best in the world ...
Love you papa...

આજે તમારી દીકરી તમને સાચા મનથી લાગણીમય letter લખી રહી છે. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વહાલને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો જ નાનો છે. ખરેખર તો પપ્પા શબ્દ જ ખૂબ મોટો છે જેને નિભાવવો કે સમજવો બહુ જ મુશ્કેલ છે કારણ કે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. જે હંમેશા હિમાલય સમાન અડીખમ રહીને પોતાની દીકરીને દરેક મુશ્કેલી માથી બહાર નિકાળે છે.

મારા પપ્પા અવસાન પામ્યા ત્યારે મારી ઉંમર માત્ર ૫ વર્ષની હતી. જ્યારે હું ૫ વર્ષની હતી ત્યારથી મોટી થઈ ત્યાં સુધી મને પપ્પા કોને કહેવાય તેની ખબર જ ન હતી જ્યારે મહેશપપ્પા લાઈફમાં આવ્યા ત્યારે મને ખબર પડી કે પપ્પા છે શું? હું ૭માં ધોરણમાં ભણતી હતી ત્યારે હું સુરત આવી હતી. મારા ફઈને એક છોકરો અને ત્રણ છોકરી હોવા છતાં તેમણે મને રાખી. મારા ફઈએ મને તેની પોતાની દીકરી હોય તેમ જ ૮ વર્ષ સારી રીતે રાખી છે. મને કોઈ પણ દિવસ મારા પપ્પાની કમી મહેસૂસ થવા દીધી નથી.

આમ મારા પપ્પાને પણ ભુલાવી દેનારા મહેશપપ્પા તરફ હું દિલથી આભારની લાગણી વ્યક્ત કરું છું. મારા શબ્દોની ભૂલચૂકને પપ્પા માફ કરજો. પણ દિલથી કહું છું...

**God bless you papa...,**
**I am proud of you papa...,**
**I love you papa...,**
Thank you so much papa...,
I miss you papa...,

**તમારી દિકા**
**કૃપાલી**





## અમરેલીયા નિરાલી ચંદ્રકાંતભાઈ

જન્મતારીખ:-૨૯/૦૭/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:-૧૮/૦૬/૨૦૧૧

Dear papa

જ્યારે મહેશ પપ્પાના મુખેથી દિકા શબ્દ સાંભળું છું ત્યારે દુનિયાની બધી ખુશીઓ મળી જાય છે અને બધી તકલીફો દૂર થઈ જાય છે.

હું ૧૭ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. તે વખતે મારા પરિવારનું જીવન અંધકારમય થઈ ગયું અને મારો પરિવાર હજારો તકલીફોથી ઘેરાય ગયો. મારા મામા ની સહાયથી મારી કોલેજ પૂરી થઈ ગઈ પણ મારી નાની બહેનનું ભણવાનું૧૨માં ધોરણથી જ અટકી ગયું. ભાઈ તો એટલો નાનો હતો કે એને એ પણ નહોતી ખબર કે પપ્પા હંમેશા માટે છોડીને ગયા છે.

જ્યારે પપ્પા હતા ત્યારે જિંદગી ખૂબ જ આસાન લાગતી હતી, પણ પપ્પાના ગયા પછી ખબર પડી કે જિંદગી કેટલી અઘરી છે? પપ્પાના ગયા પછી જે લોકો કહેતા હતા કે રડો નહીં અમે છીએ એ લોકો બે મહિના પછી ક્યાંય દેખાયા પણ નહીં. મમ્મી ઘરકામ કરીને અમારું ગુજરાન ચલાવતી હતી. મેં પણ ૧૨૦૦ પગાર પર શિક્ષકની જોબ શરૂ કરી. એવામાં જોતાં સગાઈ થઈ ગઈ ત્યારે એવું સાંભળવામાં આવ્યું કે મહેશભાઇ સવાણી પપ્પા વગરની દીકરીઓના મેરેજ કરાવે છે. અમે સંબંધીની મદદથી ફોર્મ ભર્યું.

મને આજે પણ યાદ છે મારી પપ્પા સાથેની પહેલી મુલાકાત. પપ્પાની વાતોથી મારી મમ્મીના ચહેરા પર મેં પહેલીવાર ચિંતા વગરની સ્માઈલ જોઈ. ખરેખર હું શિવજીનો દિલથી આભાર માનું છું કે મને મહેશપપ્પા જેવા પપ્પા આપ્યા. જ્યારે હું કોઈ છોકરીને તેના પપ્પા સાથે જોતી ત્યારે વિચાર આવતો કે મારા પપ્પા હોત તો હું પણ આવી રીતે રહેત.
પપ્પાના મળ્યા પછી હું ખૂબ જ ખુશ છું.

જ્યારે પપ્પા દિકા કહીને બોલાવે છે ત્યારે જે ખુશી થાય છે. તે તો એક એવી જ વ્યક્તિ સમજી શકે જેને પોતાના પિતાને ગુમાવ્યા હોય. ફરી પાછા તેને પોતાના પપ્પાની છત મળી હોય.

લગ્નની તારીખ નક્કી થઈ, ખરીદીઓ શરૂ થઈ. અમને અમારી દીદીઓ શ્રધ્ધાદીદી, મિત્તલદીદી, હિનાદીદી, કાજલદીદીએ ખૂબ જ મદદ કરી મને સ્વપ્નમાં પણ વિચાર ન હતો કે આવી સરસ રીતે મારા લગ્નની તૈયારીઓ થશે.

બસ, અંતમાં એટલું જ ભગવાન રામાપીર મારા મહેશ પપ્પાને લાંબુ અને healthy આયુષ્ય આપે. પપ્પા તરફથી મળેલા પ્રેમને શબ્દોમાં વર્ણવી શકવા possible નથી.

**Love you so much papa**
**તમારી વહાલી દીકરી**
**નિરાલી**

# શેખ તોહિદા ઇનુસભાઈ

જન્મતારીખ:-૧૯/૧૦/૧૯૯૪
પિતાની પુણ્યતિથિ:- ૨૫/૦૭/૨૦૧૪



**ડીયર પપ્પા ,**

જય રામાપીર

એક દિવસ અચાનક હું કોલેજમાં હતી ત્યારે ફોન આવ્યો કે પપ્પાને હાર્ટએટેક આવવાને કારણે અવસાન થયું છે. અચાનક જાણે કે મારા માથે આભ તૂટી પડ્યું. પપ્પાના અવસાન પછી ઘરની પરિસ્થિતિ ખરાબ થઇ ગઈ. મારા મોટા ભાઈનું ભણતર ઓછું હોવાથી તેને નોકરી મળતી ન હતી એવામાં ઘરની જવાબદારી મારા માથા પર આવી ગઈ. મારી નોકરીમાંથી ઘર તો ચાલી જતું હતું પણ કશું બચતું ન હતું. મમ્મીને હંમેશાં ચિંતા રહેતી કે મારા મેરેજની બધી વ્યવસ્થા કેવી રીતે થશે.

આજના કળિયુગના જમાનામાં જ્યાં બધા પોતાના સ્વાર્થ અને મતલબ સિવાય કોઈની પણ પરવાહ કરતા નથી. એવા અંધકારમય યુગમાં મહેશ પપ્પા અંજવાળું બનીને આવ્યા. અને મારા પરિવારની બધી મુશ્કેલીઓ નિ:સ્વાર્થ પણે દૂર કરી દીધી. આ સમયમાં જયારે આસપાસના લોકો મુસ્લિમને નીચી નજરે જોવે છે તેવા સમયમાં મહેશ પપ્પા કોઈ પણ જાતના ધર્મના ભેદભાવ વગર પોતાની બધી દીકરીઓને સમાન નજરે રાખીને અમૃતમય છાંયડો અર્પણ કર્યો છે.

હું પી.પી સવાણી ગ્રુપની, સ્ટાફની બધી મારી વહાલી દીદીઓ અને મારા વહાલા ભાઈઓને આદર સાથે આભાર વ્યક્ત કરું છું. તેમણે મને મારા પરિવારના સભ્યની જેમ મારા જીવનના સૌથી મોટા પ્રસંગમાં મારી સહેલી, બહેન બનીને મારી મદદ કરી.

હું જ્યાં પણ રહું, મહેશ પપ્પા અને પી. પી. સવાણી ગ્રુપની ઉન્નતી માટે પ્રાર્થના કરતી રહીશ, અને મહેશ પપ્પા આમ જ બધી દિકાઓને આશીર્વાદ આપતા રહે.

I have been very blessed by being one of your children
Thank you papa

**લિ. તમારી વહાલી દિકા, તોહિદા શેખ**



## નાયકા અમિતા અશોકભાઇ

જન્મતારીખઃ-૧૭/૦૮/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૧૬/૦૯/૨૦૧૫



Dear papa

બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી. પરંતુ ભગવાને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા.

જય રામાપીર સાથે લેટર લખવાની શરૂઆત કરું છું પપ્પા આ લેટર માં હું શું લખું? કઈ સમજાતું નથી. કે તમારા માટે શું લખું મન માં એટલું બધુ છે કે શરૂઆત ક્યાથી કરું?

મારા પપ્પાનું અવસાન ૧૭/૦૯/૨૦૧૫ના રોજ એટેક આવવાથી થયેલ ત્યારે અમારા ઘરમાં અંધકાર છવાઈ ગયો હતો અને ચોતરફ ઉદાસી છવાઈ ગઈ હતી. અમે ત્રણ બહેન એક ભાઈ અને મમ્મી એમ પાંચ વ્યક્તિનું ફેમિલી છે. જ્યારે પપ્પા છોડીને ચાલ્યા ગયા ત્યારે ઘર ચલાવવાની જવાબદારી મારા મમ્મી પર આવી ગઈ. હું એમ્બ્રોડરીના મશીનમાં કામ કરવા લાગી. દરેક પળે મને પપ્પાની યાદ આવતી કારણ કે હું મારા પપ્પાની બહુ લાડકી હતી. મહેશપપ્પા અમારા સંબંધીના કારણે અમારા સંપર્કમાં આવ્યા અને જ્યારે હું મહેશપપ્પા સાથે વાત કરું છું ત્યારે મને એવું લાગે છે કે મને મારા ખોવાઇ ગયેલા પપ્પા પાછા મળી ગયા.

બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી. પરંતુ ભગવાને કુદરતના આ નિયમની વિરુદ્ધ જઈને મહેશ પપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશ પપ્પામાં મારા પપ્પાને મહેસૂસ કરું છું. પપ્પા તમે મારી જિંદગીમાં આવીને મને ખૂબ જ ખુશીઓ આપી છે. તેથી હું દિલથી આભારી છું. પપ્પા તમારો આભાર માનવા માટે આભાર શબ્દ ઘણો નાનો કહેવાય. પપ્પા હું તમને જ્યારે યાદ કરું છું જોઉ છું ત્યારે મારી આંખમાંથી એક દીકરીના પ્રેમના આંસુ છલકાય છે. પપ્પા બસ હવે આટલું જ કહીશ....

I Love you so much papa.

જય રામાપીર

**તમારી દિકા, અમિતા**



# કોરી મનીષા શંભૂભાઈ

જન્મતારીખઃ- ૧૪/૦૪/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૨૮/૦૧/૨૦૦૪



હું જ્યારે ૧૨ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન ૧૮/૧/૨૦૦૪માં બીમારીના કારણે થયું હતું. ત્યારે અમે ત્રણેય ભાઈ બહેન બહુ નાના હતા. પપ્પાના અવસાન બાદ મોટી બહેને તેમનું ભણતર છોડી દીધું. પપ્પાના અવસાન બાદ જાણે ઘરમાં એકદમ અંધકાર છવાય ગયો હતો. અમારા ઘરમાં બે ટાઈમ જમવાનું પણ મળી રહેતું ન હતું. એવી પરિસ્થિતિ થઈ ગઈ હતી. એવા સમયમાં અમારા પડોશીઓએ, આજુબાજુની સોસાયટીવાળાઓએ અમને અનાજ એક બે માહિનાનું ભરાવી દીધું હતું. પપ્પાના અવસાન બાદ મમ્મીએ ઘરના કામ ચાલુ કરીને અમારું ઘર ચલાવ્યું. મમ્મીની સાથે મારી મોટી બહેન પણ જતી. એ પછી થોડા સમયમાં મોટી બહેને એક કંપનીમાં નોકરી ચાલુ કરીને ઘર ચલાવ્યું. પોતે ભણતર છોડીને મને ભણાવી કારણ કે મારા પપ્પાનું સપનું હતું કે હું ભણું. મને ભણાવવા માટે મારી મોટી બહેન, મારી સ્કૂલના સર, ટીચરો, મારા મમ્મી જ્યાં કામ કરતાં હતા એ બધાએ મને ખૂબ સાથ આપ્યો એ બધાનો ખૂબ આભાર માનું છું કે જેમને મને મારા પપ્પાનું સપનું પૂરું કરવા માટે મને મદદ કરી. પપ્પા તમારી બહુ જ યાદ આવે છે એક દિવસ એવો નથી કે જ્યારે મને તમારી યાદ નથી આવતી.

I Miss you papa

મને ભણાવીને પછી મારી મોટી બહેનના લગ્ન થયા ત્યારે હું કોલેજના પહેલા વર્ષમાં ભણતી હતી. બહેનના લગ્ન પછી બધી જવાબદારી મારી ઉપર આવી ગઈ કારણ કે હવે મમ્મીની અને ભાઈની તબિયત સારી ન હોય એટલે બધી જ જવાબદારી મારી ઉપર આવી ગઈ. હવે મારૂ ભણતર એક વર્ષથી પૂરું થઈ ગયું છે. ત્યાર બાદ પછી હવે હું કંપનીમાં નોકરી કરું છું અને મારી હવે સગાઈ થઈ તેને ૬ મહિના થયા છે. ઘરમાં મમ્મી અને મોટી બહેનને ચિંતા હતી કે હવે મારા લગ્ન કેવી રીતે થશે?

ત્યારે મારી સાસરિવાળાએ તમારા વિશે જણાવ્યુ કે જેમને પપ્પા નથી હોતા એવી દીકરીઓના લગ્ન મહેશભાઈ સવાણી કરાવી આપે છે. જે



કોઈ દીકરીઓને તેમના પપ્પાની નથી તેની કમી મહેસૂસ નથી થવા દેતા. હવે મારી સાથે બે પપ્પાનો સાથ છે. હવે મારા લગ્નની તૈયારી પપ્પાએ ચાલુ કરાવી દીધી. બધી જોઈતી વસ્તુઓ પપ્પાએ બધી દીકરીઓને અપાવી દીધી છે. આ બધામાં સૌથી મોટી વાત એ કે મને મારા પપ્પા મળી ગયા. પપ્પા હું તમને રોજ યાદ કરું છું. પપ્પા તમે ગ્રેટ છો કારણ કે આ દુનિયામાં જે સૌથી મોટું દાન છે તે છે કન્યાદાન જે તમે કરો છો એ પણ એક નહીં પરંતુ અત્યાર સુધી ૭૦૦થી વધારે દીકરીઓના કન્યાદાન કરાવ્યા છે. પપ્પા હું બહુ ગર્વ અનુભવું છું કે હવે હું તમારી દીકરી છું અને તમે મારા પપ્પા છો. પપ્પા તમે મને થોડા દિવસોમાં ઘણું બધુ આપ્યું છે. ઘણી બધી દીદીઓ મળી છે. તમારો સાથ મળ્યો છે. જે હું મારા પપ્પાના અવસાન બાદ જે છૂટી ગયો હતો એ સાથ હવે મને મળી ગયો છે.

તમારો આભાર માનું એટલો ઓછો છે પપ્પા એના માટે thanks શબ્દ પણ ઓછો પડે. પપ્પા વિષે લખીએ એટલું ઓછું છે. પપ્પા તમારા વિશે લખવામાં મારાથી કોઈ ભૂલ ચૂક થઈ હોય તો સોરી પપ્પા. જેટલું હતું મારા મનમાં એ આ કાગળ પર લખ્યું છે. જે વાત મેં કોઈને નથી કરી એ બધી મારા મનની વાતો પણ કરી છે.

**પપ્પા** I miss you....
Thank you papa
તમારી દીકરી
**મનીષા**





## પટેલ કિન્નરી ચંદ્રસિંગભાઈ

જન્મતારીખઃ- ૦૪/૦૯/૧૯૯૮
પિતાની પુણ્યતિથીઃ- ૨૦/૦૧/૨૦૧૪

My papa is the best in the world... love you papa...

**જય રામાપીર**

આજે હુ મારા દિલની વાત કહું છું. હું જ્યારે ધોરણ ૧૦માં અભ્યાસ કરતી હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું. મારા પપ્પાને ખેંચ આવવા લાગી. એના કારણે અવસાન થયું. પપ્પાના જવાથી જાણે અમારા પર આફત આવી પડી. પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૧૬ વર્ષની હતી અને મારી દીદી ૧૮ વર્ષની હતી. પપ્પા વગરનું ઘર સૂનું થઈ ગયું. પપ્પા બોલવાના શબ્દો જ જતાં રહ્યા. પપ્પાના જવાથી બધા કુટુંબના લોકોને એવું લાગતું કે મારી મમ્મી અને અમે અવસાન પામ્યા. તેથી કુટુંબના કોઈનો સહારો ન હતો. મામા ન હોવાથી અમે એકલા પડી ગયા. મારા ઘરમાં બીજું કોઈ ન હોવાથી અમે મમ્મી, હું, અને મારી દીદી અમે ત્રણ જ રહેતા હતા. મારી દીદી હોસ્ટેલમાં રહીને ભણતી હતી. એટલે એનો ખર્ચ વધારે હતો છતાં પણ મારી મમ્મીએ અમને ભણાવી હતી. અને મમ્મીને અમને નોકરી કરાવવાની ઈચ્છા હતી.

મમ્મી મજૂરી કરીને અમને સાચવતા હતા. મને લાગ્યું કે મમ્મી એકલા કેટલું કામ કરશે એમ થતું હતું. ત્યાર પછી મેં ૧૧મુ ધોરણ પૂરું કર્યું પછી ભણવાનું છોડી દીધું. અને હું કાપડની દુકાનમા કામ કરવા જતી. મમ્મીએ ના પાડી છતાં પણ હું કામ કરતી અને ઘર ખર્ચમાં મમ્મી ને મદદ કરતી હતી. અને મારી દીદીને અમે ભણાવી નર્સિંગ કોર્ષ કરાવ્યો. એમને નર્સ તરીકે નોકરી મળી ગઈ.

મારા મમ્મીને દીદીની તો ચિંતા ઓછી થઈ ગઈ પણ એમને મારી ચિંતા હતી. અને મારું માંગુ આવ્યું તો મમ્મીએ હા પાડી દીધી. મમ્મીને લાગતું કે કેટલા વખત આમ કામ કરશે? ત્યાર પછી મારી દીદીની અને મારી સગાઈ તો થઈ ગઈ પરંતુ મેરેજ થઈ શકે તેવી અમારી પરિસ્થિતિ ન હતી. તેથી સાદાઈમાં મેરેજ કરવાના હતા.



મારા જેની સાથે મેરેજ થવાના હતા એમના કોઈ ઓળખીતા લક્ષ્મણભાઈએ અમને કહ્યું કે મહેશભાઇ સવાણીએ જે પપ્પા વગરની દીકરીને દત્તક લઈને તેમના કરિયાવરથી માંડીને કન્યાદાન સુધીનું ઉત્તમ કાર્ય કરે છે. આજીવન પિતા વગરની દીકરીઓની જવાબદારી પોતાની દીકરી માનીને લે છે. અને સુખ દુ:ખમાં સાથ આપે છે.

આ સાંભળતા જ એમ લાગ્યું કે જાણે અમારા પર કોઈ ચમત્કાર થયો. અમને અમારા પપ્પા મળી ગયા. અમને ફરીવાર પપ્પા કહેવાનો હક મળ્યો. તે વખતે મને અને મારા પરિવાર માં ખુશીનો પાર જ ન રહ્યો. ત્યાર પછી અમે એમાં ફોર્મ ભર્યા. અને અમને ઓફિસમાં મિટિંગ માં બોલાવ્યા હતા.

ઓફિસમાં ગયા પછી અમારી પપ્પા સાથે મુલાકાત થઈ. પપ્પાએ અમને બધી જ દીદીને પ્રેમથી દિકા કહ્યું. આ સાંભળીને મનમાં ખુશી થઈ ગઈ. કે આજે મને મારા પપ્પા મળી ગયા. પપ્પા કહેવાનો હક મળ્યો. પપ્પાએ મમ્મીને કહ્યું કે હવેથી તમારે ચિંતા કરવાની જરૂર નથી. આજથી આ મારી દિકા છે.

આ સાંભળીને લાગ્યું કે અમારા માટે ભગવાન પોતે પપ્પા બનીને આવ્યા. પપ્પા, તમારામાં અમને ભગવાનના દર્શન થયા છે. પપ્પાએ અમને સગા પપ્પા કરતાં પણ પ્રેમ વધારે આપ્યો છે. આ પરિવારમાં જોડાયા પછી મારી મમ્મીની ચિંતા ઓછી થઈ ગઈ. આખી જિંદગી સુખ અને દુ:ખમાં સાથ આપે એવા પપ્પા મળી ગયા. હું બહુ જ ખુશ છું.

કહેવાય છે કે લોહીના સંબંધ કરતાં પણ લાગણીના સંબંધ ઉચો હોય છે. એવો જ સંબંધ પપ્પા અને દિકાઓનો છે.

પપ્પા તમે મળ્યા કે મને પ્રેમ મળ્યો, વ્હાલ મળ્યું, સુખ મળ્યું. મારો ખોવાયેલો એક આત્મવિશ્વાસ મળ્યો. આખી જિંદગી સારી રીતે જીવવાની તક મળી. જીવનમાં ક્યારેય એવું નહીં થાય કે અમારા પપ્પા નથી. એક પપ્પાના પ્રેમની કમી હતી એ પણ આજે મળી ગઈ. અને પપ્પાનો પ્રેમ મળ્યો, પપ્પા મળી ગયા. તેથી હું અને મારો પરિવાર ખૂબ જ ખુશ છું. હવે મને કઇ જ દુખ નથી. પપ્પા તમે દુનિયાના બેસ્ટ પપ્પા છો જે બધાને સુખ આપે છે. અને જિંદગી સારી રીતે બધા જીવે એવી જિંદગી આપે છે.

My Papa Best in the World.
I Love You Papa.

ભગવાનને મારી એક જ પ્રાથના છે કે દરેક કાર્યમાં તમને ખૂબ જ સફળતા મળે. તમારું જીવન અને તમારું આખું પરિવાર સુખમય બની રહે. તમે તન, મન, ધનથી ખુશ રહો. તમે મારા જેવી પિતા વગરની દીકરીઓના મેરેજ કરાવી અને તેમના પિતા બનીને રહો અને તેમની પિતાની ખોટ પૂરી કરો એમાં તમને ખૂબ સફળતા મળે એવી



ભગવાનને હું પ્રાથના કરું છું.

પપ્પા તમારા માટે તો કહેવું ઘણું છે પણ વર્ણન નથી કરી શક્તી. બસ મારા હદયથી શુભેચ્છા છે કે તમે ખુશ રહો લેટર લખતા શબ્દમાં ભૂલ થઈ હોય તો દિલથી માફ કરજો.

હજારો અરમાન થે જિંદગી કે,
જો શાયદ કભી પૂરે ના હો શકે,
લેકિન papa આપ ક્યાં મિલે,
સબ પૂરે હો ગયે....... જય રામાપીર...

I am proud of you my papa.
Thank you so much papa.
I love you papa

**આપની લાડકી દિકા**
**વહાલી કિનનરી**



# પટેલ દીપિકા બાબુભાઈ

જન્મતારીખઃ- ૧૪/૦૧/૧૯૮૭
પિતાની પુણ્યતિથીઃ- ૦૪/૦૨/૨૦૧૪



મારા પરિવારમાં મારા મમ્મી, ચાર બહેન અને બે ભાઈ છે. મારા પપ્પાનો સ્વર્ગવાસ કેન્સરની બીમારીના કારણે થયો. તેઓ ૨ વર્ષ સુધી સતત બીમાર રહ્યા એ સમયે મારા ઘરમાં પપ્પા સિવાય બીજું કોઈ કમાવાવાળું નહોતું અને પપ્પાની બીમારીના કારણે ઘરમાં આવક આવતી બંધ થઈ ગઈ અને એ સમયે અમારા ઘરનું ગુજરાન ચલાવવું બહુ જ મુશ્કેલ હતું.પપ્પાને ફ્રૂટ ખવડાવવા માટે અમારા ઘરમાં પૈસા પણ ન હતા. ત્યારે મારા મમ્મી ઘરના વાસણ વેચીને જે પૈસા આવે તેના પપ્પા માટે ફ્રૂટ લઈ આવતાં. માંરા પપ્પા બીમારી અને પૈસાના અભાવના કારણે ખૂબ જ ટેન્શનમાં રહેતા હતા અને બીમારીના દર્દના કારણે પપ્પા આખી રાત સૂઈ પણ ન શકતા અને આખી રાત રડ્યા કરતા. એવા સમયે પણ મારા કાકાને એ લોકો પપ્પાની તબિયત વિશે પૂછવા પણ અમારા ઘરે ન આવતા. પપ્પા ને અમારા ભાઈ બહેનની ચિંતા બહુ સતાવતી હતી. એટલા માટે કાકાને અમારા ભાઈ બહેનની ભલામણ કરવા ફોન કરતા પણ કાકા ને એમ કે પૈસા જોતા હશે એટલે એ ફોન રિસીવ ન કરતા. જેથી પપ્પા રડતા અને અમને કહેતા કે બેટા હું છું તો પણ તારા કાકા નથી આવતા. હું આ દુનિયામાં નહિ હોવ ત્યારે તમારા લોકોનું શું થશે.

પરંતુ કહેવાય છે કે જેનું કોઈ નથી હોતું એનો ઉપરવાળો હોઈ છે. એમ મહેશ પપ્પા અમારી લાઈફમાં ફરિશ્તા બનીને આવ્યા અને એક દિવસ મારા ઘરે આવ્યા અને મારા પપ્પાને મળ્યા એ દિવસે મારા પપ્પા બહુ જ રડ્યા હતા. કેમ કે પપ્પા ના સગા ભાઈ અમારા ઘરે નહોતા આવતા અને એટલા મોટા વ્યક્તિ અમારા ઘરે આવ્યા. અને પપ્પા રડતા હતા તો ત્યારે મહેશ પપ્પાએ મારા પપ્પાને એમ કહ્યું કે ભાઈ તમે જરાય ટેન્શન ન લેતા આજથી તમારી ચારેય દીકરી અને દીકરાની જવાબદારી મારી. ત્યાર પછી મારા પપ્પાના દિલ પર બોજો હતો એ દૂર થયો. મારા પપ્પા બીમારીના કારણે શાંતિથી જીવી તો

ન શક્યા પરંતુ મારા મહેશ પપ્પાને કારણે મારા પપ્પા કોઈ પણ જાતની ચિંતા વગર સ્વર્ગ સિધાવ્યા. એક દિવસ મારા પપ્પા અમારી સાથે જમ્યા પછી સૂતા અને મમ્મી સવારે પપ્પાને જગાડવા માટે ગયા પણ મારા પપ્પા ઊઠ્યા જ નહિ એ હંમેશને માટે સૂઈ ગયા હતા.

મારા પપ્પાના સ્વર્ગવાસ પછી અમારા ઘર ઉપર જાણે આભ તૂટી પડ્યું અને ભગવાને અમારી બધી જ ખુશી છીનવી લીધી. એ સમયે ઘરમાં પપ્પાની લાંબી બીમારીના કારણે બધા જ પૈસા ખર્ચ થઇ ગયા હતા અને ભાઈ હજુ નાનો હતો Study કરતો હતો. પરંતુ મારા પપ્પાના સ્વર્ગવાસ પછીના બીજા જ દિવસે મહેશ પપ્પાએ મારા પપ્પાના સ્વર્ગવાસ પછીની બધી જ વિધિ કરવા માટે ૨૫૦૦૦/- મોકલ્યા અને મને ફોન કર્યો કે દિકા વધારે પૈસાની જરૂર હોઈ તો મને કહેજે હું મોકલીશ. પપ્પાના એ સપોર્ટથી અમારી તૂટી ગયેલી ઇમારતને એની નીવ મળી ગઈ હોઈ એવું લાગતું હતું. મહેશ પપ્પાના કારણે અમે મારા પપ્પાના સ્વર્ગવાસ પછીની વિધિ સારી રીતે કરી શક્યા. મહેશ પપ્પા અમારી લાઈફમાં આવ્યા પછી અમારી જિંદગી જ બદલાઈ ગઈ કેમ કે મહેશ પપ્પાએ અમને બહુ જ સપોર્ટ કર્યો છે.

મહેશ પપ્પા સાથે મારી મુલાકાત મારા પપ્પાના સ્વર્ગવાસ પહેલા થઇ હતી મારા પપ્પા બીમાર હતા ત્યારે અમારે પૈસાની બહુ જ જરૂર હતી એ માટે હું જોબ માટે સુરત આવી ત્યારે ફ્રેન્ડના ભાઈએ મારી મુલાકાત મહેશપપ્પા સાથે કરાવી કે આ દીકરીને આમ પ્રોબ્લેમ છે અને જોબ શોધે છે ત્યારે મહેશ પપ્પા એ એમ કહ્યું કે એ દીકરીને મારી પાસે લઈ આવો અને હું મહેશ પપ્પાને મળવા એમની ઓફીસે ગઈ ત્યારે મને એમ થતું હતું કે આટલા મોટા વ્યક્તિ ને હું કેવી રીતે મળીશ પરંતુ એ ટાઈમે ત્યાં પિતા વિનાની બહુ બધી દીકરીઓને પપ્પાએ મેરેજ માટે ઘરેણાની પસંદગી કરવા માટે બોલાવી હતી અને એ બધી દીદી માટેનો પપ્પાનો પ્રેમ જોઇને મને મનમાં એમ થયું કે આ વ્યક્તિ તો બહુ મહાન છે. અને પછી હું મહેશ પપ્પાને મળી અને પપ્પાને બધી વાત કરી તો પપ્પાએ મને કહ્યું કે આજથી તું મારી દીકરી છો તું કાંઈ ટેન્શન ન લેતી હું તને ગમે ત્યાં જોબ અપાવી દઈશ. પછી મહેશ પપ્પાએ મને તેમની P. P. Savani International સ્કૂલમાં જોબ અપાવી. હું બહુ જ ખુશ હતી કે Godએ મને બે-બે પપ્પાનો પ્રેમ મળ્યો પરંતુ કુદરતને એ મંજુર નહિ હોઈ એટલે Godએ મારા પપ્પાને એમની પાસે બોલાવી લીધા પરંતુ હું કુદરતનો આભાર માનું છું કે મારા એક પપ્પાને એમની પાસે બોલાવી લીધા પરંતુ મહેશ પપ્પાના સ્વરૂપે મને મારા પપ્પા પાછા આપી દીધા.

મારા મહેશ પપ્પા વિશે હું વાત કરું એટલી ઓછી છે કેમ કે મારી મહેશ પપ્પા પ્રત્યેની લાગણી અને પપ્પા પ્રત્યેનો પ્રેમ શબ્દોમાં વર્ણન કરવા બેસુ તો આ કાગળ અને મારી આ જિંદગી બહુ નાની પડે કેમ કે મારા પપ્પાના સ્વર્ગવાસ પછી મને એવું લાગતું હતું કે પપ્પા વિના હું કેવી રીતે જીવીશ? કેમ કે હું પપ્પાની લાડકી દીકરી હતી



પરંતુ મારા મહેશ પપ્પાની એમના દિકા પ્રત્યેની લાગણી અને પ્રેમ મને ક્યારેય મારા પપ્પાની યાદ નથી આવવા દીધી. મહેશ પપ્પાએ મને પપ્પાનો પ્રેમ આપ્યો અને ભાવના બા અને મિતુલભાઇ જેવા ભાઈનો પ્રેમ મળ્યો જેથી મને મારું ફેમિલી મળી ગયું. મહેશ પપ્પા મળ્યા પછી મને ક્યારેય એવું નથી લાગ્યું કે અમારી ફેમિલીમાં કોઈ અમારી સાથે નથી કેમ કે મારા મહેશ પપ્પાના Good Morningના Messageથી મારી સવાર થાય અને પપ્પાના Good Nightના Messagથી જ મારી રાત પડે. મને કોઈ પણ જાતનું ટેન્શન હોઈ ને તો હું મારા મહેશ પપ્પા સાથે વાત કરી લેતી એટલે મારું બધું જ ટેન્શન દૂર થાય જાય છે. મારા મહેશ પપ્પા મારા જેવી પપ્પા વિનાની બહુ બધી દીદીઓને પપ્પાનો પ્રેમ આપી સાસરે વળાવે છે અને એટલો કરિયાવર આપે છે અને ધામધૂમથી લગ્ન કરે છે. જો અમારા પપ્પા હોત તો એ પણ આવી રીતે ન કરી શકત અને એટલો કરિયાવર ન આપી શક્યા હોત. મહેશ પપ્પા એમની દીકરીઓની કોઈ પણ ઈચ્છા કે જરૂરિયાત હોય અને પપ્પાને વાત કરે એટલે એ જ મિનિટે પપ્પા અમારી બધી જ ઈચ્છા પૂરી કરી છે. મારા મહેશ પપ્પા દુનિયાના સૌથી Best Papa છે. હું Godને પ્રાથના કરું છું કે આવતા જન્મમાં પણ મને પપ્પા સ્વરૂપે મારા મહેશ પપ્પા મળે.

હું સમાજને એટલો Message આપવા માંગું છું કે આ યુગમાં પણ બધાને દીકરી બોજ સમાન લાગે છે, એટલે તેઓ દીકરીને જન્મ પહેલા જ મારી નાખે છે. એક દીકરી પણ બધાને બોજ સમાન લાગે છે. જયારે મારા મહેશ પપ્પા એક નહિ પણ ૧૦૦૦ પિતા વિનાની દીકરીઓના પિતા છે. એ એટલી બધી દીકરીઓના પિતા હોવાનો ગર્વ અનુભવે છે. આ દુનિયાના બધા જ પપ્પા મારા મહેશ પપ્પા જેવા બની જાય તો આ દુનિયામાંથી સ્ત્રીભ્રૂણ હત્યાનો પ્રશ્ન હંમેશાં ને માટે દૂર થઈ જાય અને આ દુનિયામાં કોઈ દીકરી પપ્પાના પ્રેમથી વંચિત નહિ રહે.

"Me Sari Zindgi Papa Ke Naam Karti Hu,
Me Papa Ki Khushi Or Salamati Ki Dua Karti Hu,
Jinho Ne Ki Jindgi Hum Jesi "Dikao" Pe Nisar,
Me Ese Mere Great "Mahesh Papa" Ko Salam Karti Hu''

Love You Papa
Papa Ki Pari
**Dipika Patel**





## દેવગણિયા જિજ્ઞાસા રમેશભાઈ

જન્મતારીખઃ-૦૨/૦૧/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૨૨/૧૧/૨૦૦૪

**સ્નેહનો અમને મળ્યો છે છલકતો દરિયો,**
**હાલમાં કેવો ભળ્યો છે મલકતો દરિયો,**

હું વિચારું છું કે પપ્પા વિશે તો કઈ કહેવાની જરૂર પડે? એ તો સૌ જાણતા જ હોય છે. કોઈ કદાચ લખી પણ ના શકે. પપ્પા વિશે લેખ કાગળ માં નહીં હૃદયમાં હોય છે એ પણ એક દીકરીના હૃદયમાં. કેમ કે પિતા દુનિયામાં સર્વશ્રેષ્ઠ હોય છે. પોતાની લાડકી માટે જ્યારે પિતાની સ્મૃતિ થાય છે ને ત્યારે એમ થાય છે કે

***બનીને અષાઢી વાદળી ચાલને વહાલ વરસાવીએ,***
***લઈને ફૂલ સી હથેળી ને મખમલી ટાંકણું,***
***ચાલ ને એકાદ શબ્દશિલ્પ કંડારીએ,***
***કે મોરપીછની કલમ તરબોળી ચાલને,***
***એક શબ્દ ચિત્ર આલેખીએ,***
***બનીને અષાઢી વાદળી ચાલને વહાલ વરસાવીએ.***

પપ્પા એટલે અઢી અક્ષરની વાત છે. પણ હૃદયમાં તો હરખ ઉભરાય છે. ખરેખર પિતા એ શબ્દ બહુ મોટો શબ્દ છે. એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા જ અને પપ્પા માટે તેની દીકરી એ ઢીંગલી. પિતા રમકડાંની કાલીઘેલી દુનિયામાં રહેલી ઢીંગલીને આ દુન્વઈ તત્વોથી બચાવે છે. આત્મ-સન્માનને ઊભા થતાં, ચાલતા અને વિજયી થતાં શીખવે છે. પોતાના તમામ અનુભવનો નિચોડ પોતાના પ્રેમમાં ઘોળી અને બાળકને પીવડાવે છે. જે ઉંમરના દરેક તબક્કે પૂરક બને છે. આગળ વધવા માટે જગતને નિહાળવાની સકારાત્મક દ્રષ્ટિ અને સમજવા માટેની દ્રષ્ટિ એટલે પિતા. પરિવારના માટે



ધબકતા હૃદયને ઈશ્વરે જેમાં છુપાવીને રાખ્યું છે ને એ પવિત્ર દેહ એટલે પિતા. પિતા સંબંધ જ પરિવાર માટે એક આવરણ છે. પિતા એક ઘટાદાર વૃક્ષ છે જેની શીતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે.

સંસાર રથના બે મહત્વનાં ચક્રો માતા ને પિતા છે. સંસાર રથની ધૂરા માતા ના હાથમાં હોય છે. તો રથનું ચાલકબળ પિતા હોય છે. પિતા હંમેશાં સંતાન માટે ત્રીજી આંખથી જુએ છે. મારા પરિવારમાં હું, નાનો ભાઈ અને નાની બહેન પણ સૌથી વધુ વહાલ પપ્પા મને જ કરતાં. જ્યારે કોઈ કહેતું કે તું આટલું હેત ના કરીશ. તે કાલે સાસરે જતી રહેશે ને ત્યારે ખબર પડશે.! પણ પપ્પા તરત જ કહેતા એ મારું હૃદય છે હૃદય ક્યારેય દૂર થાય? એ ભલે ગમે ત્યાં જાય રહેશે મારી નજીક. મારી પરી હંમેશાં મારા માટે મારા દિલમાં રહેશે. મને યાદ છે પપ્પા એ મારો પક્ષ કરતાં બાને પણ કહેલું તમે ગમે તે કહો પણ એક વાત સોનાના પતરા પર લખી રાખવા જેવી છે. પરીએ આ ઘરનું અજવાળું છે. ચાંદની છે. એના સ્પર્શ નો જાદુ જોયો છે? હું કાંકરાને સ્પર્શ કરું ને તો એ કેવળ કાંકરા જ રહે છે પરંતુ મારી દીકરી પરી સ્પર્શ કરે ને તો એ તરત જ નિર્જીવ કાંકરા પણ જીવતા પાંચિકા બની જાય છે.

કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે, આંખો બંધ કરીને દીકરીનું નામ અગર એક વાર પણ લઈ આંખ બંધ કરું ને માત્ર કલ્પનાથી જ મન ને ખૂબ શાંતિ થઈ જાય છે. એમના એક અવાજ થી જ મારું દરેક દુ:ખ દૂર થઈ જાય છે. અને સમગ્ર ચિત્તને એક અદભુત આનંદની અનુભૂતિ થાય છે. મારી પરી ટમી એટલે સાચે જ પરી પણ પપ્પાના ગયા પછી આ શબ્દ હવે સાંભળવા નહોતા મળતા. માત્ર ૧૨ વર્ષની ઉંમરે જ પપ્પાના વહાલની સંધ્યા રાત્રિમાં ફેરવાઈ ગઈ. મને ટમી પરી આવા શબ્દો કહેવાવાળા ઘણા હતા પણ અવાજ હવે એટલો વહાલનો નહોતો સાંભળ્યો. મારા દરેક જન્મ દિવસે મને આખા વર્ષમાં થયેલા સવાલ જવાબોના પત્ર ભેટ રૂપે ત્યારે મળતા. આજે મારી પાસે એમના ૬-૭ પત્રો છે. જે મારા જીવનનું ભાથું છે. બસ

**"સમુદ્રના માર્ગમાં પથ્થરોની પથારી ન હોય તો લહેરો ગુંજતી નથી"**

બસ, આ જ રીતે મારા પપ્પાના ગયા પછી ઘરની જવાબદારી મમ્મી પર આવી પણ તે ખૂબ જ બીમાર હતા. મોટા સંતાન તરીકે આ જવાબદારી મારા પર આવી. માત્ર સાતમા ધોરણ માં જ હું ભરત કામ કરતી હતી. સખત મહેનત કરી ઘર પણ ચલાવવાનું અને અભ્યાસ. સાથે સાથે વ્યવહારો જીવનના. ભાઈને માત્ર ૮ ધોરણ જ ભણાવ્યો. ત્યારે મારા મમ્મીની તબીયત વધારે ખરાબ થવાથી અધવચ્ચે જ અભ્યાસ છોડાવ્યો. સમય જતાં બંને બહેનોને ભાઈએ પણ ૧૨ પાસ કરાવ્યુ. નાની બહેનને મે કોલેજ કરાવવાનું વિચાર્યું. હવે તો ભાઈ પણ મારી સાથે જ હતો. અચાનક એક દિવસ કોલેજ માથી ફોન



આવ્યો. પી.પી. સવાણી ગ્રુપમાંથી મહેશભાઇ સવાણી દ્વારા મારી બહેનની ફી ભરાશે આ જાણીને મને અને મમ્મીને પણ થોડી રાહત થઈ. કેમ કે ઘરના દરેક સભ્યો કમાતા હોવા છતાં માંડ માંડ ઘર ચાલતું હતું. ત્યાર બાદ અમે એમની ઓફિસ પર મળવા ગયા હતા.

જ્યારે પ્રથમ વાર મહેશ પપ્પાને મળી ત્યારે એમણે લાડથી પરી મારી પરી આ શબ્દથી બોલાવી. સાચે જ આટલા વર્ષે ૧૦ વર્ષ બાદ મને આ નામ વહાલથી સાંભળી મારૂ હદય ગદગદ થઈ ગયું. મિતાલીદીદીએ મને જણાવ્યુ કે આપની બધી બહેનોના એ પપ્પા છે. આજથી એને પપ્પા કહીને બોલાવજે.

એ પણ સમય હતો. જ્યારે દુખો હતાં મુજ પર સવાર આજે એ સમય છે હું ખુદ છું દુખો પર સવાર. કેમ કે હવે પપ્પા અમારી સાથે છે. પપ્પાએ મને એક જ પ્રશ્ન કર્યો. બેટા વૃંદાવન આવવું છે? હા ભણી અને વૃંદાવન દીદીમાના આશ્રમમાં અમને સ્વ માટે, વાત્સલ્ય, વ્યક્તિત્વ વિકાસ શિબિરનો લાભ આપ્યો. ખૂબ મજા કરી. ખૂબ ગમ્યું. આજે હું તેમના કારણે જ કદાચ ગુજરાતની બહાર વૃંદાવનની ભૂમિ પર જયાવી. દીકરીના પરફ્યુમ ખરીદવાનો સમય આવે છે ત્યારે પપ્પાના પરસેવાની મહેક આપોઆપ એમાં ઉમેરાય જાય છે. પપ્પા નામ નો આ શબ્દ ધારણ કરનાર પિતાએ ભલે મને હાથ પકડીને પાપા પગલી પાડતાં ન શીખવ્યું હોય, પણ તેની દીકરીની જિંદગીમાં વિપરીત પરિસ્થિતિને પણ હતાશ થયા વિના હસ્તે મુખે આસાનીથી પાર કરી શકે તે માટે રોજ રોજ હું તમારી સાથે છું એવું પૂરકબળ પૂરું પાડે છે.

કહેવાય છે કે સુખ અને લોહીના સગપણ કરતાં વેદનાનું સગપણ વધારે ટકતું હોય છે. જે આજે મે સાચે જ અનુભવ્યું. મારી લાગણી અને વ્હાલને શબ્દમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો જ નાનો છે. ખરેખર એક દીકરી માટે પિતા જ તેની રસરસતી પ્રેમાળ દુનિયા હોય છે. જે હિમાલય સમાન અડીખમ રહીને પોતાની દીકાને દરેક મુશ્કેલીમાંથી બહાર કાઢે છે. જ્યારે એ નથી ને ત્યારે જાણે એવું લાગે છે કે જીવન એ જીવન નહીં માત્ર દિવસોની ઝેરોક્ષ છે. મને યાદ છે જ્યારે મારૂ ધાર્યું ન થતું મને ન ગમતું થતું ત્યારે હરહંમેશ મારા પિતાએ સાથ આપ્યો હતો. અને કહેલું

**જિંદગીના દરેક ડગલાં ને પગલાં પર સમજોતા ન કરાય,**
**શોખ જીવનનો હોય તો મરી મરીને ન જીવાય,**
**જ્યારે ખબર જ હોય કે જિંદગી છે જલેબીના ગૂંચળા જેવી**
**તો કેમ એને ચાસણીમાં ડુબાડીને તેની મજા ન લેવાય.**

આ જિંદગી એક પ્રવાહ છે. અને જિંદગીના પ્રવાહમાં કેટલાક લોકો તરે છે. કેટલાક લોકો તણાઇ છે પણ બહુ લોકો પોતે તરી અને બીજાને પણ તારે છે.



જિંદગીમાં જે માગીએ છીએ તે બધું જ નથી મળતું અને જે મળે છે તેમાંથી બધુ માંગેલું પણ નથી હોતું. સાચે જે જેવી રીતે એક પિતા પોતાના બધા જ સંતાનોને એક સરખું વ્હાલ આપે છે તે જ રીતે મહેશપપ્પા અમને એક સરખી રીતે રાખે છે અને એ જ એમની ખાસિયત છે. કોઈ કહે છે મને રમકડાં ગમે, કોઈ કહે મને મમ્મી ગમે,

કોઈ કહે મને પપ્પા ગમે, પણ હું કહું છું મને સાંજ ગમે કારણ કે સાંજ હંમેશા પપ્પાની યાદ અપાવે છે.

"સબંધ ભવોભવના", "લાગણીના વાવેતર", " સંવેદના એક દીકરીની" આવા સ્નેહભર્યા સંબંધ રૂપી નામ તો લગ્નને આપવામાં આવે છે. સંબંધ સામાન્યત: ઋણાનુબંધ હોય છે. ઋણ નો અનુબંધ એટલે સંબંધ જે પપ્પા અને દીકરી માટે ખાસ હોય છે. પિતા વિહોણી દીકરીઓના લગ્ન ધામધૂમથી થયેલા મેં જોયા. મને ખૂબ જ ગમ્યું સાથે અચરજ પણ થયું કેમ કે એક દીકરીના લગ્ન કરવા હોય તો પણ પિતાને જવાબદારી લાગે છે, જ્યારે આજે સવાણી પરિવાર ના આંગણે ૧૫૧ દીકરીના લગ્ન એક સાથે થતાં જોયા અને એનો ભાર કે જવાબદારી રૂપી ભાર કોઈને લાગ્યું હોય એવું મને ન લાગ્યું. કંકોત્રી, મહેંદીની રસમ, રાસ-ગરબા, કન્યાદાન થી લઈને છેલ્લે દીકાને વળાવ્યાનો અવસર. મને ગર્વ છે કે આવા વડીલના આશિષ છે મારા પર. મારી જેવી કેટલીય દીકરીઓને પિતાનો પ્રેમ આપનાર, દીકરીઓના પ્રસંગને નિ:સ્વાર્થ ભાવે જવાબદારી સ્વીકારનાર અને સમાજના અનેક એવા કેટલાય કાર્યો કરનાર, સગા બનીને ગરજ સારનાર, એવા પિતા અને તેમના વ્યક્તિત્વને મારા કોટિ કોટિ પ્રણામ...

**લિ.**<br>**આપની લાડકી**<br>**પરી**



# પી.પી.સવાણી ગ્રુપ

### વિવાહ પાંચ ફેરાના-૨૦૧૩

પિતાની છત્રછાયા ગુમાવનાર **૨૨ દીકરી**ઓના લગ્ન પ્રસંગ નિમિત્તે દીકરીની ખુશી માટે જમાઈના માતા-પિતાને પાંચમો ફેરો ફેરવવાનો અને સમાજમાં દીકરી-વહુ વચ્ચેનો તફાવત દૂર કરવાનો પ્રસંગ એટલે "**વિવાહ પાંચ ફેરાના**"

### સંબંધ ભવોભવના-૨૦૧૩

નાત-જાતના ભેદભાવ વિના પિતાની છત્રછાયા ગુમાવનાર **૫૩ દીકરી**ઓના એક માંડવે કરીયાવર સાથે પ્રથમ વખત વિવાહ સાથે નિકાહ કરી પોતાની સગી દીકરીઓ સમજી ભવોભવના બંધને બાંધી સાસરે વળાવતો પ્રસંગ એટલે '**સંબંધ ભવોભવના**'

### લાગણીના વાવેતર-૨૦૧૪

લાગણીનાં તાંતણે જોડાઈને પિતાની છત્રછાંયા ગુમાવનાર **૧૧૧ દીકરીઓ**નાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર લગ્ન કરાવીને પિતાની જવાબદારી નિભાવતો એક અનોખો લગ્ન સમારોહ એટલે **લાગણીના વાવેતર...**



### સંવેદના એક દીકરીની-૨૦૧૫

દીકરીઓની સંવેદનાને મહેસુસ કરી તેમના માથે પાલક પિતા તરીકે હાથ મુકી **૧૫૧ પિતાની છત્રછાયા ગુમાવનાર** દીકરીઓના ભવ્ય લગ્ન કરાવી દરેક દીકરીઓની અંતરની સંવેદનાઓ પુરી કરાવતો પ્રસંગ એટલે **સંવેદના એક દીકરીની....**

### वतन के रखवाले — શહાદત ને સલામ...

દેશના વીરશહીદ જવાનોનાં બાળકોનાં અભ્યાસ તેમજ તેમની દીકરીઓની અભ્યાસ તથા લગ્નની સંપુર્ણ જવાબદારી પી.પી.સવાણી પરીવાર નિભાવશે.



### દીકરીનું જીઆણું

દરેક સમાજની પિતાની છત્રછાયા ગુમાવેલ દીકરીના લગ્નપછીના પ્રથમ બાળકના જન્મથી લઈ તે પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તેના આરોગ્યની તમામ જવાબદારી એટલે "**દીકરીનું જીઆણું**".



### વયોત્સવ-લાગણીનો સ્પર્શ

દરેક સમાજના પિતાની છત્રછાયા ગુમાવનાર સુરતમાં અભ્યાસ કરતા દીકરાઓને ધો.૧૦ સુધી, અને દીકરીઓને ગ્રેજ્યુએશન સુધી ૬૨૦૦થી વધુ બાળકોના અભ્યાસની વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૧ સુધીની જવાબદારી સ્વીકારી.

'બાપુજી'ના જન્મદિવસ નિમિત્તે



### જનની-વાત્સલ્યનો સ્પર્શ

દરેક સમાજના પતિનો સહારો ગુમાવનાર સુરતમા રહેતા ૮૦૦૦ થી વધુ વિધવા પરિવારોની સામાન્ય બીમારીથી લઈ દરેક મોટી સર્જરી સુધીની આરોગ્યની જવાબદારી સ્વીકારી.

'બા'ના જન્મદિવસ નિમિત્તે



# પી.પી.સવાણી ગ્રુપ

ચાલો...આપણે સૌ સાથે મળીને
આપણા પરિવારને
સુરક્ષિત બનાવીએ

સંવેદના
એક સુરક્ષિત પરિવાર

પી.પી.સવાણી ગ્રુપ આયોજીત
## 'સંવેદના'
એક સુરક્ષિત પરિવાર



કાર્યાલયઃ ગ્રાઉન્ડ ફ્લોર, 'માનસી બિલ્ડીંગ' C/o, પી.પી.સવાણી હોસ્પિટલ, કાપોદ્રા પોલિસ સ્ટેશનની સામે, વરાછા, સુરત.

સંપર્કઃ +૯૧ ૯૯૭૮૬૧૧૯૯૦/૯૧

### જનની ધામ

સમાજમાંથી તરછોડાયેલી એચઆઈવી ગ્રસ્ત દીકરીઓને દત્તક લઈ પિતાની છત્રછાયા સાથે તમામ જવાબદારીઓ સ્વીકારી તેમના જીવનમાં એક નવો પ્રાણવાયુ પૂરતું ધામ એટલે **'જનનીધામ'**



### શ્રી પ્રેમલક્ષ્મી મંદિર

ઉંમરની ઢળતી સાંજે પહોંચેલા કરચલીવાળા ચહેરાપર હાસ્ય અને નવા પ્રાણ પૂરતી દેશની પ્રથમ દાદા-દાદીની શાળા એટલે **'પ્રેમલક્ષ્મી મંદિર'**



પૂ.સ્વ.શ્રી પોપટભાઈ પ્રેમજીભાઈ સવાણીના પુણ્યતિથિ નિમિત્તે

### દેહદાન

માનવ મૃત્યુ પછી પણ આપણે અન્ય જીવનના કામ અર્થે આવી શકીએ તેવા આશયથી ૨૫૧ દેહદાન કરવાનો સૌરાષ્ટ્રના -રાણપરડા ગામે- સવાણી પરીવારનો વિક્રમ સર્જક સંકલ્પ એટલે **'દેહદાન'**.



પૂ.સ્વ.શ્રી પોપટભાઈ પ્રેમજીભાઈ સવાણીના પુણ્યતિથિ નિમિત્તે

### વડીલ વંદના

૨૦ હજારથી વધુ દાદા-દાદીઓને ઉષ્માભેર આવકારી તેમના ઋણને સ્વીકારી વડીલોને તેમના બાળપણની યાદ તાજી કરાવી, વડીલોની વંદના કરી તેમના જીવનમાં નવો પ્રાણ પુરવાનો એક અનોખો પ્રસંગ એટલે **'વડીલ વંદના'**.



'બાપુજી'ના જન્મદિવસ નિમિત્તે

# એક દીકરી

## ચાંદ-તારા શરમાઇ

હજારો ચાંદ શરમાઇ જાય..,
લાખો તારા છૂપાઇ જાય..,
સુરજના તેજ ઝંખવાઇ જાય..,
કવિની કલ્પના થંભી જાય..,
અપ્સરા ના ગર્વ ગળી જાય..,
પપ્પા પપ્પાનો ટહુકો કરતી.
એક દીકરી આંગણે વાટ જોતી હોય..,
તો ગમ ના દરિયા પણ ડુબી જાય..,
સ્વર્ગ ના સુખ પણ ઝાંખા પડી જાય..,
ભગવાન...
માંગુ એક વરદાન..,
દે તો એક દીકરી દેજે
સ્વર્ગ જોતુ નથી મારે
દીકરી એ જ મારું સ્વર્ગ

▪ મહેશ સવાણી

